ભોજન સંબંધિત અનેક પ્રકારની માહિતીઓ દ્વારા
અભક્ષ્ય પદાર્થોનો ત્યાગ કરાવતું પુસ્તક

શ્રાવકજન

તો તેને રે કહીયે રે

ભાગ-૨

: લેખક :
પ.પૂ.પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબના શિષ્યરત્ન
પંન્યાસ મેઘદર્શનવિજયજી મ. સાહેબ

ભોજન સંબંધિત અનેક પ્રકારની માહિતીઓ દ્વારા
અભક્ષ્ય પદાર્થોનો ત્યાગ કરાવતું પુસ્તક

શ્રાવક જન તો તેને રે કહીએ

ભાગ-૨

લેખક

પૂ.પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબના શિષ્યરત્ન
પૂજ્ય પંન્યાસ શ્રી મેઘદર્શનવિજયજી મ.સા.

પ્રકાશક

અખિલ ભારતીય સંસ્કૃતિરક્ષક દળ

પ્રાપ્તિ સ્થાન

(૧)
કમલ પ્રકાશન ટ્રસ્ટ
૨૭૭૭, નિશા પોળ
ઝવેરી વાડ, રીલીફ રોડ,
અમદાવાદ - ૧
ફોન નં. ૨૫૩૫૫૮૨૩

(૨)
વર્ધમાન સંસ્કાર ધામ
ભવાનીકૃપા બિલ્ડીંગ, ૧લે માળે
ગીરગામ ચર્ચ સામે, ઓપેરા હાઉસ,
મુંબઈ - ૪
ફોન : ૨૩૬૭૦૯૭૪

(૩)
ચન્દ્રશેખરવિજયજી [illegible] વિદ્યાપીઠ
સી-૪, ઝલક કોમ્પ્લેક્ષ,
ભઠ્ઠા, પાલડી, અમદાવાદ-૧
ફોન : ૯૪૨૬૦૫૦૫૩૦

(૪)
. કે. [illegible] તિ ભવન
ગોપીપુરા [illegible]ન રોડ,
સુભાષ ચોક,
સુરત
ફોન ૨૫૯૯૩૩૭

મૂલ્ય : રૂા. ૪૦/-

ક્યાં શું વાંચશો ?

૧.	ભોજનવિવેક	૧
૨.	આપણું પેટ કબ્રસ્તાન નથી	૭
૩.	લપસણીયું પગથીયું : દારુ	૧૩
૪.	વધુ ક્રૂર કોણ ?	૨૪
૫.	દુઃખઘાત કે પાપઘાત ?	૩૮
૬.	નરકનું પ્રવેશદ્વાર	૪૭
૭.	જૈનશાસ્ત્રો બોલે છે	૫૪
૮.	અજૈનોએ પણ રાત્રે ન ખવાય	૬૦
૯.	રાત્રિભોજન : ડોકટરો - લેખકોની દૃષ્ટિએ	૬૬
૧૦.	રાત્રે તો ન જ ખવાય	૬૮
૧૧.	જૈનોની વિશિષ્ટ ઓળખાણ	૭૩
૧૨.	જેણે ખાધું અથાણું, તેનું બગડયું ભવભાણું	૮૧
૧૩.	સંયોગમાં જીવોત્પત્તિ (વિદળ)	૮૫
૧૪.	**EXPIRED DATE** (ચલિતરસ)	૯૩
૧૫.	સામાયિક કરીએ સમતા ધરી	૧૦૨

આ પુસ્તકમાં યોગશાસ્ત્ર, આહારશુદ્ધિ પ્રકાશ, રીસર્ચ ઑફ ડાઈનીંગ ટેબલ વગેરે અનેક પુસ્તકોનો આધાર લેવામાં આવ્યો છે, તે બદલ તે પુસ્તકોના લેખકોનો ઋણી છું.

સમગ્ર પુસ્તકમાં વીતરાગભગવંતની આજ્ઞા વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો મિચ્છા મિ દુક્કડમ.

મુદ્રક : નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ, દૂધેશ્વર, અમદાવાદ. ફોન ૨૫૬૨૪૯૯૯

(૧) ભોજન વિવેક

શરદપૂર્ણિમાની રાત્રિનો એ સમય હતો. ચન્દ્ર સોળે કળાએ આજે ખીલ્યો હતો. અનેક લોકો શરદપૂર્ણિમાની રાત્રિના ચંદ્રની રેલાતી ચાંદનીની મજા માણવામાં મસ્ત હતા.

ગામ બહાર રહેલા તળાવના પાણી ઉપર છલોછલ લીલ બાઝેલી હતી. પણ અચાનક લીલનું એક નાનકડું પડ સહેજ ખસ્યું.

તળાવમાં રહેલા કાચબાએ લીલ ખસવાથી પડેલા છિદ્રમાંથી શરદપૂર્ણિમાના ખીલી ઊઠેલા ચન્દ્રનાં દર્શન કર્યાં. તેના આનંદનો પાર ન રહ્યો ! જિંદગીમાં પહેલી જ વાર જોવા મળેલું આ મનોહર દશ્ય પોતે એકલો જ માણ્યા કરે તેવો સ્વાર્થી તે નહોતો. તેના હૃદયમાં પોતાના પરિવારજનો પ્રત્યે અપાર વાત્સલ્ય હતું. મનમાં ભાવના જાગી. લાવ, હું મારા સ્વજનોને પણ આ સુંદર દશ્ય બતાડું !

અને તે કાચબો તળાવમાં પોતાના સ્વજનોને બોલાવવા ગયો. સ્વજનોને સુંદર દશ્ય બતાડવા સાથે લઈને કાચબો ફરી તે સ્થાને આવ્યો. પણ આશ્ચર્ય ! શરદપૂર્ણિમાનો ચંદ્ર જ દેખાતો નથી, કારણ કે પેલું છિદ્ર પાછું પુરાઈ ગયું હતું.

સ્વજનોને લઈને કાચબો આમતેમ ઘણી જગ્યાએ ભટક્યો... પણ હવે પેલું છિદ્ર જ ન હોવાથી શરદપૂર્ણિમાનો ચન્દ્ર તેને શી રીતે દેખાય ?

ઘણી મહેનત તેણે કરી.. પણ મળી તેને માત્ર હતાશા ને નિરાશા. હવે ફરી ક્યારે તેને આ દશ્ય જોવા મળે ? જ્યારે તળાવની લીલમાં છિદ્ર પડે ત્યારે કદાચ તે ત્યાં ન હોય ! કદાચ તે ત્યાં હોય તો ત્યારે શરદપૂર્ણિમા ન હોય !

શરદપૂર્ણિમાના ચંદ્રની હાજરી, તળાવની લીલમાં છિદ્ર અને તે વખતે તે કાચબાનું પણ ત્યાં હાજર થઈ જવું, આ ત્રણે ય ઘટના સાથે બનવી હવે જેમ મુશ્કેલ લાગે છે તેમ આપણને વારંવાર માનવજીવન મળવું પણ મુશ્કેલ છે.

મહાપુણ્યનો ઉદય થયો ત્યારે આપણને માનવજીવન પ્રાપ્ત થયું. દુર્લભ આ માનવજીવન મળી ગયું એટલા માત્રથી સંતોષ ન મનાય; જો આ મળેલા માનવજીવનના સૌંદર્યને આપણે સ્પર્શી ન શકવાના હોઈએ !

માનવજીવન સૌંદર્યસભર ત્યારે બને કે જ્યારે તન અને મન, બંને પવિત્ર રહે. કો'કે કહ્યું છે કે માનવ તેના નાક, કાન, આંખ, હાથ કે પગથી ન ઓળખાય. પણ તેની સાચી પરખ થાય તેની જીભ દ્વારા.

· માણસની ઓળખાણ તે ખાટલે ચડી બોલતો હોય ત્યારે થાય અને પાટલે બેસી ભોજન કરતો હોય ત્યારે થાય. ભાષણ અને ભોજન માનવજીવનની ઓળખાણ માટેનાં બે મહત્ત્વનાં પાસાં છે. માનવજીવનનું સૌંદર્ય સોળે કળાએ ખીલી ઊઠ્યું છે કે મળેલું માનવજીવન અભડાઈ ચૂક્યું છે તે જણાવવાનું કામ કરે છે જીભ !

મનની પવિત્રતા પ્રદર્શિત કરે છે વાણી. જ્યારે નિયંત્રિત ભોજન પેદા કરે છે તનની પવિત્રતા. આમ તન - મનની પવિત્રતાનો મોટો આધાર વાણી અને ભોજન ઉપર હોવાથી, વાણી અને ભોજનના કારણ રૂપ જીભનો જીવનના સૌંદર્યને પેદા કરવામાં મોટો હિસ્સો છે.

પાંચે ઈન્દ્રિયોમાંથી જીભ સિવાય બાકીની દરેક ઈન્દ્રિયો બે - બે હોવા છતાં તે દરેકે કાર્ય તો એક જ કરવાનું હોય છે.

આંખ બે છે, કામ છે એક માત્ર જોવાનું, કાન બે છે, કામ છે એક માત્ર સાંભળવાનું. નાકનાં નસકોરાં બે છે, કામ છે એક માત્ર સૂંઘવાનું.

જ્યારે જીભ એક જ હોવા છતાં, તેણે કામ બે કરવાનાં છે :

(૧) ભોજનનું અને (૨) ભાષણનું !

જીભનાં આ બંને કાર્યોમાં ય સૌથી મહત્ત્વનું કાર્ય છે ભોજનનું. જો ભોજનની બાબતમાં જીભને નિયંત્રિત કરી દેવામાં આવે તો ઘણી મોટી જીત આત્માની થયા વિના ન રહે. કારણ કે જીભ ઉપરની જીતમાં બાકીની ઈન્દ્રિયો અને મન ઉપર પણ જીત મળ્યા વિના રહેતી નથી. તેથી તો કહેવાયું છે કે, जितं केन ? रसो हि येन ।

ભાઈ ! જીત્યો કોણ ? જેણે રસને જીત્યો તે. જેણે ભોજનની બાબતમાં જીભ ઉપર જીત મેળવી, તેણે આખી દુનિયામાં વિજય મેળવી લીધો !

શ્રાવકજન તો તેને રે કહીએ ભાગ .૧ માં શ્રાવકે સવારથી બપોરે જમવા સુધીમાં શું શું કાળજી રાખવી જોઈએ? તેની વિસ્તારથી વિચારણા કરી છે આ પુસ્તકમાં આપણે. હવે જીવનને સૌંદર્યથી મઘમઘાયમાન કરવા માટે જીભ દ્વારા લેવાતા ભોજન અંગે વિચારણા કરવી છે, કારણ કે જીભને કેવી વાનગી અપાય, અને કેવી વાનગી ન અપાય તેની સમજણ બહુ ઓછા પાસે હોય છે. મોટા ભાગે માનવ, ‘બાવો બેઠો જપે, જે આવે તે ખપે’ ન્યાયે જીભને ગમે તે ચીજો આપ્યા કરે છે. પરિણામે આ ભવમાં આરોગ્ય પામી શકતો નથી કે પરલોકે સદ્‌ગતિ મેળવી શકતો નથી. જીવનનું બધું જ સૌંદર્ય તે ગુમાવી બેસે છે.

માટે જ શાસ્ત્રકારોએ શ્રાવકજીવન પામ્યા પછી આ જીભને કેવા પ્રકારનું ભોજન આપવું ? કેવા પ્રકારનું ભોજન કદી ન આપવું ? તેનું સ્પષ્ટપણે માર્ગદર્શન આપ્યું છે.

મુખ્ય વાત તો એ છે કે આપણે ખાવા માટે જીવવાનું નથી પણ જીવવા માટે ખાવાનું છે. ભોજન કર્યા સિવાય પણ જો લાંબો સમય જીવી શકાતું હોત તો ભોજન કરવાની જ કોઈ જરૂર નહોતી. પણ ભોજન કર્યા વિના જીવવું શક્ય નથી માટે જ ભોજન કરવાની જરૂર ઊભી થઈ છે.

પેટમાં ખાડો પડે છે, માટે તેને પૂરવો તો પડે જ. પણ ભાઈ ! ખાડો શેનાથી પૂરાય ? હીરા - માણેકથી કે ધૂળ - ઢેફાંથી ? પેટમાં પડેલો ખાડો પૂરવા બરફી - પેંડા કે મલાઈ - કોફતા જ જોઈએ કે સાદું ભોજન પણ ચાલે !

એક સુંદર મજાની ફેક્ટરીના કમ્પાઉન્ડમાં પુષ્કળ કચરો પડ્યો હતો. અહીં આટલી બધી અસ્વચ્છતા કેમ ? પૂછતાં જાણવા મળ્યું કે આ કચરો એ કચરો નથી પણ આ ફેક્ટરી માટે રો - મટેરીયલ (કાચો માલ) છે. આ કચરો મશીનોમાં જઈ, તેમાં રહેલા કાગળો અને પૂંઠામાંથી નવાં બોક્ષ તૈયાર થઈ બહાર આવશે !

જુઓ ને કેવી કમાલ ! ફેક્ટરીના મશીનમાં ગંદો માલ નાખો તો ચાર - છ કલાક પછી સુંદર બોક્ષ તૈયાર થઈ બહાર નીકળે. અને આ શરીર રૂપી ફેક્ટરી ! બરફી - પેંડા કે મલાઈ - કોફતા રૂપ સારામાં સારો માલ આપો તો ય આઠ - દસ કલાક પછી ગંદામાં ગંદો માલ બહાર કાઢે, કે જેને કોઈ ન તો અડવા તૈયાર થાય ન તો સૂંઘવા તૈયાર થાય !

ભલા ભાઈ ! સારું કે સાદું; ગમે તે ભોજન આપો તો ય છેલ્લે જો તેની હાલત વિષ્ઠા જ થવાની હોય તો પછી આ લોક અને પરલોકને બગાડનારા અભક્ષ્ય ભોજન આપવાની જરૂર ખરી ?

એક છોકરો વિચિત્ર સ્વભાવનો હતો. તેને સારા રમકડાં આપો તો તોડી નાંખે. સારાં કપડાં પહેરાવો તો થોડીવારમાં બગાડી નાખે. સારી વસ્તુ આપો તો તરત ટુકડા કરી નાખે. સારાં ચિત્રો આપો તો ફાડી નાખે. તેની રોજની આવી વિચિત્ર વર્તણૂંક જોઈને માતા - પિતાએ નક્કી કરી દીધું કે તેને કેવાં રમકડાં, કેવાં કપડાં, કેવી વસ્તુઓ અને કેવાં ચિત્રો આપવાં !

આપણી જીભ પણ આ વિચિત્ર છોકરા જેવી ખૂબ વિચિત્ર છે. તેને ગુલાબજાંબુ આપો કે રસગુલ્લાં આપો, રોટલી આપો કે રોટલો આપો, ભક્ષ્ય ચીજ આપો કે અભક્ષ્ય ચીજ આપો, ક્ષણવારમાં તે ચીજોનું સ્વરૂપ વિકૃત કર્યા વિના તે નથી રહેતી. જો હકીકત આ જ હોય તો તેને કઈ ચીજ અપાય ? અને કઈ ચીજો ન અપાય તેનો વિવેક પેલાં માતા - પિતાની જેમ આપણે પણ જ્ઞાની પુરુષો પાસેથી શીખી લેવા જેવો છે.

'જેવું અન્ન તેવું મન' અને 'જેવો આહાર તેવો ઓડકાર' કહેવત આપણને ઘણું

ઘણું કહી જાય છે. જો પેટમાં ગમે તેવું ભોજન ચાલ્યું ગયું તો જીવન બરબાદ થયા વિના નહિ રહે. મળેલા મહામૂલા શ્રાવક જીવનને આપણે આબાદ બનાવવાનું છે, બરબાદ નહિ. આ જીવનમાં આપણે આત્મામાં પરમાત્માના દર્શન કરવાનાં છે.

અમદાવાદના એક યજમાને પોતાના ઘરે ભોજન કરવા પધારવા સંત સરયૂદાસજી તથા બીજા પણ અનેક સંતોને વિનંતી કરી.

નક્કી કરેલા દિને ઘીથી લથપથ લાપસીનાં ભોજન તૈયાર કરાવ્યાં. એક પછી એક, બધા સંતો આવવા લાગ્યા. પોતપોતાના નિયત સ્થળે ભોજન માટે ગોઠવવા લાગ્યા. યજમાનના આનંદનો સુમાર નહોતો. મારાં અહોભાગ્ય કે આજે સંતો - મહંતોનાં મારા આંગણે પગલાં થઈ રહ્યાં છે ! ભાવવિભોર બનીને તે સંતોનું સ્વાગત કરી રહ્યો છે.

પણ... સરયૂદાસજી હજુ આવ્યા નથી. રાહ તો ઘણી જોઈ, પણ છેવટે સરયૂદાસજીનું આસન ખાલી રાખી બધાને જમવા બેસાડ્યા. ભોજન પીરસવાનું શરૂ થયું. યજમાનશ્રી ભાવવિભોર બનીને બધાને લાપસી પીરસી રહ્યા છે.

જ્યાં જમવાનું બધાએ શરૂ કર્યુ, ત્યાં જ સંત સરયૂદાસજી પધાર્યા. બધાનું ધ્યાન તે તરફ ગયું. સંત સરયૂદાસની રાહ જોઈ નહોતી, ઔચિત્ય ચુકાઈ ગયેલું, તેનો વસવસો દરેકના મોં પર દેખાતો હતો. યજમાને પણ સંતને આવકારવા સાથે, થઈ ગયેલી ભૂલની ક્ષમા માંગી લીધી.

સંત સરયૂદાસજી પોતાના સ્થાને બિરાજ્યા. યજમાન ભાવવિભોર બનીને તેમને લાપસી પીરસવા આવ્યા; પણ આ શું ?

યજમાન જેમ જેમ વિનંતિ કરે છે, તેમ તેમ સંત ના પાડી રહ્યા છે. યજમાનની આંખમાંથી આંસુ સરી પડ્યાં. વારંવાર સંત પાસે ભૂલની માફી માંગી રહ્યા છે. પણ સંત કહે છે કે મને દુઃખ થયું જ નથી. માફી માંગવાની જરૂર જ નથી. મને લાપસી નહિ, રોટલા જોઈએ. ઘરમાં રોટલા તો હશે ને ?

મહાતપસ્વી, જ્ઞાની સંતને ઘીથી લથપથ લાપસીના બદલે રોટલા પીરસવાનું યજમાનના ગળે શી રીતે ઊતરે ? તેઓ તો વારંવાર લાપસી લેવા માટે સંતને હૃદયથી વિનંતી કરવા લાગ્યા.

પણ સંતે યજમાનને કહ્યું, ચિંતા ન કરો... તમારા ઘરે અરીસો હોય તો જરા લાવો ને ? સાથે બે રોટલા પણ લાવજો. યજમાન તરત જ રોટલા તથા અરીસો લઈ આવ્યા, પણ યજમાનના તથા હાજર રહેલા સંતોના મનમાં સવાલ પેદા થયો કે આ સંત જમવાના સમયે અરીસો કેમ મંગાવતા હશે ?

જ્યારે સરયૂદાસજી લાપસીની વારંવાર ના પાડતા હતા, ત્યારે લાપસી જમી રહેલા સંતોનાં મુખ શરમથી વીલાં પડી ગયેલાં. તેમાં ય જ્યારે અરીસો આવ્યો ત્યારે કાંઈ ન સમજાતાં, તે સંતો જમવાનું બંધ કરીને, સરયૂદાસજીની આજુબાજુ વીંટળાઈ વળ્યા. બધાના મુખ ઉપર કુતૂહલ વરતાતું હતું કે સરયૂદાસજી આ અરીસાનું શું કરશે ? તેમણે રોટલા કેમ મંગાવ્યા ?

સંત સરયૂદાસજીએ યજમાનને કહ્યું કે તમે મને ઘીથી લથપથ લાપસી જમાડવા ઇચ્છો છો ને ? લાવો લાપસી. એમ કહીને થોડી લાપસી લઈ અરીસા ઉપર ઘસી. અરીસો ઘીથી લથપથ થઈ ગયો. યજમાનને કહે છે કે જુઓ, આ અરીસામાં તમારું મોઢું દેખાય છે ? ઘીની ચીકાશ છવાઈ જવાના કારણે યજમાનને અરીસામાં પોતાનું મોઢું ન દેખાયું.

પછી સંતે તે અરીસા ઉપર ઘી વિનાના કોરા રોટલા ઘસ્યા. રોટલા બધું ઘી ચૂસી ગયા. અરીસો એકદમ કોરોકટ થઈ ગયો. સંતે તે અરીસો યજમાનને આપી કહ્યું, 'જુઓ, હવે તમારું મોઢું આમાં દેખાય છે ?'

કોરાકટ થઈ ગયેલા અરીસામાં સ્પષ્ટપણે મુખ દેખાવા લાગ્યું. યજમાને કહ્યું કે, 'હા ગુરુદેવ ! મારું મોઢું અરીસામાં બરોબર દેખાય છે.'

યજમાનને કે અન્ય સંતોને કોઈને ય સમજાતું નથી કે આ સંત સરયૂદાસજી શું કહેવા માંગે છે ? તેઓ અત્યારે જમવાના બદલે આ બધું શું કામ કરી રહ્યા છે !

બધાની મુંઝવણને ટાળવા હવે સરયૂદાસજી ઘટસ્ફોટ કરી રહ્યા છે. તેમણે કહ્યું, ''જુઓ ! પહેલાં અરીસો આપણું મોઢું બતાડતો હતો. પણ ઘીથી લથપથ લાપસી તેની ઉપર ઘસી. તે ચીકણો બન્યો. મોઢું બતાડતો બંધ થયો. તેના ઉપર રોટલા ઘસ્યા. તે કોરોકટ બન્યો. મોઢું બતાડવા લાગ્યો. બરોબર ને ?

આ અરીસા જેવો છે આપણો આત્મા. તેમાં પરમાત્માનાં દર્શન કરવાનાં છે. જો આપણે ઘી વગેરેથી લથપથ ભોજન ખાઈએ તો તેની ચીકાશ આત્માને ચોંટે છે. પરિણામે પરમાત્માનાં દર્શન થઈ શકતાં નથી. જે કોરા રોટલાનું ભોજન કરે, તેનો આત્મા ચોખ્ખો બને, પવિત્ર બને. તે આત્મામાં પરમાત્માના દર્શન કરી શકે. હવે તમને સમજાઈ ગયું હશે કે મેં લાપસીની કેમ ના પાડી અને સૂકા રોટલા કેમ મંગાવ્યા ?''

જેને પરમાત્માનાં દર્શન કરવાં હોય, જેને અંદર પરમાત્માને પ્રગટ કરવા હોય તેનામાં ભોજન વિષે વિવેક હોવો જ જોઈએ.

આપણું પેટ કાંઈ મ્યુનિસિપલ ગટર નથી કે તેમાં ગમે તે નંખાય ! દુનિયામાં એવી કઈ ચીજ છે કે જે મ્યુનિસિપલ ગટરમાં નંખાતી ન હોય ! શું આપણું પેટ

મ્યુનિસિપલ ગટર છે કે તેમાં આપણે આડેધડ ગમે તે ચીજ નાખ્યા કરીએ !

ના, માનવજીવન મેળવ્યા પછી, તેમાં ય શ્રાવક પણું પામ્યા પછી તેને સૌંદર્યથી મઘમઘાયમાન કરવા, પેટમાં ગમે તે ચીજ ન નંખાય. જીભને ગમે તે ભોજન ન અપાય. તેથી તો શાસ્ત્રકાર પરમર્ષિઓએ ભોજન બાબતમાં ભક્ષ્ય - અભક્ષ્યનો વિવેક બતાડ્યો છે.

જુદા જુદા બાવીસ પદાર્થો એવા છે કે જે જીવનસૌંદર્ય પર ડાઘ લગાડવાનું કામ કરે છે. તે ૨૨ પદાર્થો શાસ્ત્રોમાં બાવીસ અભક્ષ્ય તરીકે પ્રચલિત છે. જેમાંની એક પણ ચીજ કદી ય મુખમાં ન નંખાય, તે બાવીસમાંની કોઈપણ ચીજ લેવાથી આ લોકમાં પણ ક્યારેક આરોગ્ય છીનવાઈ જાય છે, કે મોત આવે છે, તો પરલોકમાં દુર્ગતિનું રીઝર્વેશન થાય છે. કેટલાક તો આત્માને સીધા જ નરકગતિના મહેમાન બનાવી દે છે. તેવું ન થવા દેવા માટે આ ૨૨ અભક્ષ્યોને બરાબર સમજી, તેનો ત્યાગ કરવાનો પ્રયત્ન કરીએ.

૨૨. અભક્ષ્યો

પાંચ ઉંબર ફળો :

(૧) વડ

(૨) પીંપળો

(૩) પ્લક્ષ

(૪) ઉદુંબર

(૫) કાલુંબર

ચાર મહાવિગઈઓ :

(૬) મધ

(૭) મદિરા

(૮) માંસ

(૯) માખણ

(૧૦) હિમ

(૧૧) કરા

(૧૨) ઝેર

(૧૩) મોટી

(૧૪) રાત્રિ ભોજન

(૧૫) બહુબીજ

(૧૬) અનંતકાય

(૧૭) બોળ અથાણું

(૧૮) વિદળ

(૧૯) રીંગણા

(૨૦) અજાણયા ફળ

(૨૧) તુચ્છ ફળ

(૨૨) ચલિતરસ

(૨) આપણું પેટ કબ્રસ્તાન નથી :

ખ્યાતનામ તત્ત્વચિંતક બર્નાર્ડ શૉના માનમાં એક વાર એક પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું. પાર્ટીમાં ભોજન તરીકે માંસની બનાવેલી જુદી જુદી વસ્તુઓ હતી. ભોજનની ડીશ ગોઠવવા છતાં બર્નાર્ડ શૉએ ભોજન શરૂ ન કર્યું, તેથી બધા વિચારમાં પડી ગયા.

તેમાંની એક વ્યક્તિએ બર્નાર્ડ શૉને નમ્રતાથી ભોજન શરૂ ન કરવાનું કારણ પૂછ્યું, ત્યારે બર્નાર્ડ શૉએ જવાબ આપ્યો, ``**My Stomach is not a graveyard to bury there.**" મારું પેટ મડદાને દાટવા માટેનું કબ્રસ્તાન નથી. જો તમે પેટને કબ્રસ્તાન બનાવશો તો પરમાત્માને પ્રાર્થના શી રીતે કરશો ? તો પછી જીવનના સૌંદર્યને માણી પણ શી રીતે શકશો ?

બર્નાર્ડ શૉની ટકોર કેટલી બધી માર્મિક છે ! ટૂંકમાં પણ તેમણે કેટલી બધી મહત્ત્વની વાત કરી દીધી કે, જીવનના સૌંદર્યને માણવું હોય તો પોતાના પેટને કદી પણ જીવોનું કબ્રસ્તાન બનાવી શકાય નહિ. ખાવા - પીવામાં આપણે એટલી કાળજી લેવી જ જોઈએ કે જેથી આપણા પેટમાં અસંખ્યાતા જીવો પહોંચી ન જાય. અનેક જીવોની કબર ઉપર આપણે ભોજનની મિજબાની માણીએ તે શું જરાય ઉચિત ગણાય ખરું ?

તેથી જ જિનશાસનમાં બાવીસ જાતના પદાર્થોને આરોગવાની સખ્ત મનાઈ કરવામાં આવી છે. આ બાવીસ પદાર્થોમાંથી કેટલાક પદાર્થો ખાવાથી અનંતા જીવોનો કચ્ચરઘાણ બોલાય છે તો કેટલાક પદાર્થો ખાવાથી અસંખ્યાતા ત્રસજીવોનો ખુરદો બોલાય છે. કેટલાક પદાર્થો એવા પણ છે કે, જે ખાવાથી આપણો સ્વભાવ ક્રૂર, નિષ્ઠૂર, તામસી કે વિકારી બને છે, જેનાથી આપણે જીવનના સૌંદર્યને કાયમ માટે ગુમાવી બેસીએ છીએ.

આ અભક્ષ્ય પદાર્થોનું સેવન કરવાથી આપણા આત્માનું હિત ઘવાય છે. હિંસકતા પેદા થાય છે, કોમળ પરિણામ નાશ પામે છે. કામ - ક્રોધાદિ પેદા કરે છે. અનેક જાતના રોગો શરીરને ઘેરી લે છે. મરણ સમયે અસમાધિ પેદા કરે છે. પરિણામે પરલોકમાં દુર્ગતિ મળે છે. અશાતાવેદનીય કર્મ જોરદાર બંધાય છે, જેનાથી દુઃખોનો દાવાનળ ઘેરી વળે છે. જીવનમાં જડતા પેદા કરે છે. બીજાનું હિત કરવાની ભાવના પેદા થવા દેતા નથી.

આવાં અનેક નુકસાનો હોવાથી આ અભક્ષ્ય પદાર્થોનું કદી પણ સેવન કરવું જોઈએ નહિ. વળી આ અભક્ષ્ય પદાર્થોનો ત્યાગ કરવો સહેલો છે, કારણ કે તે પદાર્થો શરીરને જરા પણ ઉપયોગી નથી. તેના વિના પણ જીવનનો સારી રીતે નિર્વાહ થઈ શકે છે. અરે ! તેનો ત્યાગ કરવાથી બુદ્ધિ નિર્મળ થાય છે. કોમળતાનો પરિણામ પેદા થાય છે. શરીરમાં રોગો થતા અટકે છે. અંત સમયે સમાધિ મળે છે. પરંપરાએ ઠેઠ - મોક્ષ સુધી પહોંચી શકાય છે. અનંતજ્ઞાનીઓના વચનનું પાલન થાય છે. આવા અનેક લાભો આ લોક અને પરલોક સંબંધી થતા હોવાથી કયો સમજુ માણસ આ બાવીસે ય અભક્ષ્યનો ત્યાગ કર્યા વિના રહે ? માટે બાવીસેય અભક્ષ્યનો આજથી જ ત્યાગ કરવાનો સંકલ્પ કરી લેવો જોઈએ.

પાંચ ઉંબર ફળો: પાંચ ઉંબર ફળોમાં (૧) વડ (૨) પીંપળો (૩) પ્લક્ષ જાતિનો પીપળો (૪) ઉંદુબર, ઉંબરો કે મુલર અને (૫) કાલુંબર કે કાળો ઉંબરો. આ પાંચે વૃક્ષોના ટેટાઓ = ફળોનો સમાવેશ થાય છે. આ પાંચે વૃક્ષોના ટેટાઓ ખવાય નહિ. કારણકે આ પાંચેમાં મચ્છરના આકારના અતિસૂક્ષ્મ ઘણા ત્રસ જીવો હોય છે. રાઈના દાણાથી ય ઝીણાં ઝીણાં ઘણાં બીજો હોય છે. તેથી આ ફળો ખાવાથી શક્તિ પેદા થતી નથી. જીવનનિર્વાહ માટે તે જરાય ઉપયોગી નથી. તે ન ખાવાથી કાંઈ મોત આવી જતું નથી. તે ખાવાથી ભૂખ પણ શમતી નથી. અરે ! આ ફળો ખાવાથી તો ક્યારેક રોગો પેદા થાય છે.

લૌકિક શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે, “ઉદુંબરફળમાં અગણિત જીવો રહ્યા છે. તેમાંનો કોઈ જીવ જો ઉદુંબર ફળ ખાનારના ચિત્તમાં પ્રવેશ કરી જાય તો ખાનાર વ્યક્તિનું અકાળે મરણ નીપજે છે.”

આવા મોતને લાવનારા અને ભૂખને કદી નહિ દૂર કરનારાં ઉદુંબરફળોને કયો ડાહ્યો માણસ ખાવાને ઈચ્છે ? ભયંકર દુકાળમાં પણ દયાના પરિણામવાળા જીવો અન્ન ન મળે તો ય આવાં ફળો ખાવાને ઈચ્છતા નથી. તો જ્યારે પેટ ભરવાને ભોજન મળી રહે છે, ત્યારે અત્યંત નિરૂપયોગી આવાં ફળ ખાવાનો શું ત્યાગ ન કરી દેવો જોઈએ ?

ચાર મહાવિગઈઓ : વિગઈ એટલે વિકૃતિ. તન અને મનના વિકારો પેદા કરે તે વિગઈ. વિગઈ એટલે વિગતિ એટલે દુર્ગતિ. દુર્ગતિમાં લઈ જવાનું નક્કી કરે, અરે ! ન જવાની ઈચ્છા હોય તો ય બળાત્કારે ઘસડીને જે દુર્ગતિમાં ખેંચી જાય તેનું નામ વિગઈ.

હજાર વર્ષનું સુંદર સંયમજીવન પાળનાર કંડરિક મુનિને આ વિગઈના સેવને પતનની ખીણમાં ક્યાં ગરકાવ નહોતા કર્યા ? પતન પામેલા તે ભયંકર રૌદ્રધ્યાનમાં

મૃત્યુ પામી સાતમી નરકે ચાલ્યા ગયા હતા !

વિકારોને પેદા કરનાર અને દુર્ગતિમાં લઈ જનાર વિગઈનો ત્યાગ કરવો જોઈએ. તેમાં ય વિગઈનો ય જે બાપ કહેવાય, તેવી ચાર મહાવિગઈઓનો તો દરેક માનવે અવશ્ય ત્યાગ કરવો જ જોઈએ.

મધ, માખણ, માંસ અને મદિરા, આ ચાર મહાવિગઈઓ છે. તે ખાવાથી પુષ્કળ વિકારો પેદા થાય છે. માનવ અતિકામી બને છે. વળી આ ચારે મહાવિગઈમાં તે તે વસ્તુઓના રંગ જેવા અસંખ્ય બેઈન્દ્રિયાદિ ત્રસ જીવો નિરંતર ઉત્પન્ન થયા કરે છે. મહાવિગઈ ખાનાર તે જીવોનો એકીસાથે વિનાશ નોતરે છે. વળી આ ચારે મહાવિગઈઓ વિકારો દ્વારા જેમ મનને બગાડે છે, તેમ રોગો પેદા કરવા દ્વારા તનને (શરીરને) બગાડે છે. આ રીતે તન - મનને ખલાસ કરીને તે છેવટે માનવના જીવનની બરબાદી નોતરે છે. માનવજીવનનું સૌંદર્ય આ મહાવિગઈનું સેવન કરનારો પામી શકતો નથી.

(૬) મધ : અજૈન શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે સાત ગામોને અગ્નિથી બાળીને ખાખ કરી દેતાં જેટલું પાપ લાગે તેટલું પાપ મધના એક ટીપાને ચાટતાં લાગે છે.

આવા અનેક માનવોના સંહાર કરનારા સાત ગામને બાળવાનું પાપ લગાડવા કયો સમજુ માણસ ઇચ્છે ? તેથી મધનો સદા માટે ત્યાગ કરવો જોઈએ.

મધમાં અસંખ્યાતા બેઈન્દ્રિયાદિ જીવો ઉત્પન્ન થાય છે. તે બધાની હિંસાનું ભયંકર પાપ લાગે છે.

મધ કુંતા, ભમરી અને મધમાખી, આ ત્રણ વડે પેદા કરેલું ત્રણ પ્રકારનું હોય છે. આ ત્રણમાંથી એકે પ્રકારનું મધ ન ખવાય. મધ એ કુંતા, માખી કે ભમરીની લાળ રૂપ છે. એક ફૂલની અંદરથી માખીઓ રસ પીને બીજે ઠેકાણે તેની ઊલટી કરે, તેનું નામ મધ ! કયો માણસ બીજાની ઊલટી ખાવા તૈયાર થાય ?

ભલે ને રમેશે સારામાં સારાં ગુલાબજાંબુ કે મલાઈ - કોફતા ખાધા હોય ! પણ જો રમેશ ખાધેલા તે ગુલાબજાંબુ કે મલાઈ - કોફતાની ઊલટી કરે તો કોઈ ડાહ્યો માણસ તે ઊલટી ખાવા તૈયાર થાય ખરો ? હા ! પશુની વાત ન્યારી છે. આપણે કાંઈ પશુ થોડા છીએ કે મધમાખી વગેરેની ઊલટી ખાવા તૈયાર થઈએ ?

ઘેર નાસ્તો કરવા બેઠા હો, ડાઈનીંગ ટેબલ ઉપર ચાનો કપ ગોઠવાયો હોય, હાથમાં છાપું લઈને વાંચતા હોય અને જ્યાં ચા પીવા હાથમાં કપ લઈ, તેમાં નજર કરતાં જો ચામાં માખી પડેલી દેખાય તો કેવી ચીતરી ચડે ! તેમાં ય જો ઘણીબધી માખી પડી હોય તો ?

આ મધ વળી શું છે ? આવી અનેક માખીઓના ક્લેવરો, તેનાં ઈંડાંના રસ અને માખીનાં બચ્ચાંના ક્લેવરોની અશુચિનો ભંડાર કે બીજું કાંઈ ?

માખીઓ, ફૂલોમાંથી રસ ચૂસી, તેની વોમીટ કરવા દ્વારા મધપૂડાને તૈયાર કરે છે. હિંસક લોકો મધપૂડા લેવા જંગલમાં જાય છે. સૌ પ્રથમ આગ સળગાવી તેનો પુષ્કળ ધૂમાડો કરી, મધપૂડામાં રહેલી મધમાખીઓને ભયંકર ત્રાસ ઉપજાવે છે. ત્રાસથી પીડાયેલી મધમાખીઓ પોતાના ઘર રૂપ મધપૂડાને છોડી, પ્રાણ બચાવવા જીવ લઈને નાસી છૂટે છે. પણ બધી મધમાખીઓ કાંઈ ઊડવાને, નાસી છૂટવાને સમર્થ નથી હોતી. ઘણી મધમાખીઓ, નાનાં બચ્ચાંઓ, તેનાં ઈંડાંઓ ધૂમાડામાં ગુંગળાઈને મરણ પામે છે.

આવી મરેલી અનેક મધમાખીઓ, તેનાં બચ્ચાંઓ તથા તેનાં ઈંડાઓવાળા મધપૂડાને લાવી, તેને નીચોવીને, તેમાંથી મધ કાઢવામાં આવે છે. મધમાં મધમાખીઓ અને તેનાં બચ્ચાંઓના શરીરની તથા ઈંડાઓની પુષ્કળ અશુચિ (ગંદકી) ભળેલી હોય છે. આવું મધ શી રીતે મોઢામાં નંખાય !

વળી, મરતી મધમાખીઓએ કેટલા નિસાસા નાખ્યા હોય તથા અથાગ મહેનત કરીને જે મધમાખીઓએ પોતાના માટે મધ તૈયાર કર્યું હોય તે મધને એકી ધડાકે આંચકી લેવાય ત્યારે તેમને કેટલું બધું દુઃખ થતું હશે ! તેના કેવા ગરમ ગરમ નિસાસા નીકળતા હશે ? તેની આ ગરમ હાય કે નિસાસા શું મધ ખાનારાના જીવનની શાંતિ અને આબાદીને ભરખી ન જાય ?

તુલસીદાસ તો કહે છે કે -

તુલસી હાય ગરીબકી, કભી ન ખાલી જાય,
મુએ ઢોર કે ચામ સે, લોહા ભસમ હો જાય !

ગરીબની આંતરડી કકળાવીએ તો તે કદી ખાલી જતી નથી. ભયંકર નુકસાન કરીને જ રહે છે. જુઓ તો ખરા ! મુંગા ઢોરના ચામડાની ધમણ બનાવીએ તો તે ધમણથી પેદા થયેલા અગ્નિથી લોખંડ બળી જાય છે. ના, આ લોખંડ અગ્નિથી બળ્યું નથી, પણ પેલા મુંગા ઢોરની જે હાય છે, જે નિસાસા છે, તે હાય કે નિસાસા જ લોખંડને ભસ્મ કરી રહ્યા છે.

મુંગા ઢોરના નિસાસા પણ પરચો બતાડી શકતા હોય તો મુંગી મધમાખીના નિસાસા કેમ અસર ન કરે ? મધ મેળવતાં મુંગી મધમાખીના નિસાસા તો લેવા જ પડે છે. તે વિના મધ મળી શી રીતે શકે ? માટે જીવનને બરબાદ કે પાયમાલ ન કરવું હોય તો ભૂલેચૂકે ય મધનો પડછાયો ય લેશો મા !

એમ કહેવાય છે કે આ વિશ્વમાં એક કિંપાક નામનાં ફળ આવે છે. દેખાવમાં ખૂબ જ આકર્ષક, સુગંધીદાર. દૂરથી જ ખાવાનું મન થઈ જાય તેવાં. રંગ પણ તેનો મનોહર, અત્યંત સ્વાદિષ્ટ. પણ જ્યાં આ મનમોહક ફળને માનવ આરોગે, ત્યાં મૃત્યુને પણ સાથે જ આમંત્રણ આપી દે. થોડાક સમયમાં તે કાયમ માટે પોઢી જાય. મોત જ લાવનાર હોય તો, તેવા ફળને ખાવાની આપણે ઇચ્છા ન જ કરીએ ને ?

તેમ આ મધ પણ દેખાવમાં સુંદર લાગે છે. સ્વાદમાં અત્યંત મીઠાશ ભરપૂર જણાય છે. જોઈએ તો ખાવા લલચાઈ જવાય તેવું છે. વળી કેટલીક દવાઓ મધ સાથે લેવાની ભલામણ ક્યારેક ડોક્ટરો કે વૈદ્યો કરે છે ત્યારે મધ લેવાનું મન કદાચ થઈ જાય, તો ય તે મધ ખાતાંની સાથે દુર્ગતિ નક્કી થવાની શક્યતા હોય, અસંખ્યાતા બેઈન્દ્રિયાદિ જીવોનો ખુરદો બોલાઈ જતો હોય, ભયંકર દુઃખો આપે તેવું અશાતાવેદનીય કર્મ બંધાતું હોય તો આપણે તે મધ લેવાની ઈચ્છા પણ શી રીતે કરી શકીએ ?

કોઈ દવા વગેરે મધ સાથે લેવાની સૂચના ડોક્ટર કે વૈદ્ય કરતા હોય તો તે દવા મધને બદલે પાકી ચાસણી, મુરબ્બાનો રસ, ઘી, સાકર વગેરેની સાથે પણ લઈ શકાય છે. તેમ કરવાથી તે દવા રોગને દૂર કરી શકે છે. અને અસંખ્ય જીવોને અભયદાન પણ અપાય છે. આત્માનું કલ્યાણ સાધી શકાય છે. માટે દવા નિમિત્તે પણ મધ મોઢામાં ન જાય તેની કાળજી રાખવી. નાનાં બાળકોને પણ મધ ચટાડવાની ભૂલ કદી ન કરવી.

આ દુનિયાનો સનાતન નિયમ છે કે દુઃખ આપો તો દુઃખ મળે ને સુખ આપો તો સુખ મળે. જે જોઈએ તે બીજાને આપો. આપણને સુખ જોઈએ છે તો આપણે બીજાને સુખ આપવું. જો આપણને દુઃખ સ્વપ્નમાંય ગમતું નથી, તો બીજા જીવને દુઃખ આપવાની સ્વપ્નમાં ય ઇચ્છા ન કરવી જોઈએ. મધ ખાવું એટલે મધમાખીઓને ભયંકર દુઃખ આપવામાં નિમિત્ત બનવું. ભલે આપણે જાતે મધમાખીઓને મારતા ન હોઈએ, મધપૂડામાંથી મધ લેવા જતાં ન હોઈએ, પણ આપણે મધ ખાઈએ તો જ હિંસક લોકો મધમાખીઓને પીડા આપીને મધ લેવા જાય ને ? જો મધ ખાવાનું જ બધા છોડી દે તો મધમાખીઓ ઘણા દુઃખમાંથી મુક્ત ન થઈ જાય ?

ભલે આ દુનિયાના તમામ માનવો મધ ખાવાનો ત્યાગ કરવાના ન હોય, પણ જો આપણે મધ છોડી દઈશું તો એટલું ય મધ ઓછું લાવવું પડશે ને ! અને તેથી થોડી મધમાખીઓનો ત્રાસ તો ઓછો થશે ને ! એ રીતે આપણે કેટલીક મધમાખીઓના સુખમાં કારણ બનીશું તો આપણને ય ભાવિમાં સુખ મળશે.

જેમ પોતે દુઃખી ન બનાય અને બીજાને દુઃખી ન કરાય, તેમ પોતે પાપી ન

બનાય અને બીજાને પણ પાપી ન બનાવાય. આપણે ભલે જાતે મધમાખીઓની હિંસા ન કરતાં હોઈએ પણ મધનો જો ઉપયોગ કરીએ તો તેનાથી મધ લાવનારા હિંસક લોકોને ઉત્તજન તો મળે જ છે. તેઓ બેવડા ઉલ્લાસથી વધુ ને વધુ મધ લાવવાના. તે માટે વધુ ને વધુ મધમાખીઓને ત્રાસ આપવાના. અને આમ તેમને વધુ ને વધુ હિંસક - પાપી બનાવનારા પણ મધનો ઉપયોગ કરનારા જ બન્યા ને ? માટે પણ મધનો ઉપયોગ કાયમ માટે બંધ કરી દેવો જોઈએ.

કલિકાલ સર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય મહારાજાએ પોતાના યોગશાસ્ત્રના ત્રીજા પ્રકાશના છત્રીસમાં શ્લોકમાં જણાવ્યું છે કે, "અનેક જાતિના સમૂહબદ્ધ જીવોના નાશથી નીપજેલું, દુગંછનીય અને માખીઓના મુખની લાળ - થૂંકથી બનેલા મધનો સ્વાદ કયો ડાહ્યો માણસ કરે ?

જો આપણે આપણી જાતને ડાહ્યા, સમજુ કે શાણા માનતા હોઈએ તો આજે જ કાયમ માટે મધને તિલાંજલી આપવાનો સંકલ્પ કરી લેવો જોઈએ.

જૈન શાસનના કર્મ વિજ્ઞાનને સચોટ રીતે સમજવા તથા તેના દ્વારા જીવનને શાંતિ-સમાધિ અને પ્રસન્નતા ભરપૂર બનાવવા

પૂ. પં. શ્રી મેઘદર્શનવિજયજી મ. સાહેબ લિખિત

કર્મનું કમ્પ્યુટર

ભાગ - ૧, ૨, ૩

આજે જ વસાવો અને અનેકોને ભેટ આપો

(૩) લપસણીનું પગથીયું : દારુ

(૭) દારુ = (મદિરા) : ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી મોરારજીભાઈ દેસાઈ જયારે વડાપ્રધાન બન્યા ત્યારે તેમને સન્માનવા રશીયામાં એક સમારંભ યોજવામાં આવ્યો હતો.

આમંત્રિત સજ્જનો મોરારજીભાઈ દેસાઈને સન્માનવા આવી ગયા હતા. દરેકના ટેબલ ઉપર વોડકાની (રશિયન દારુ) પ્યાલી ગોઠવવાના બદલે આજે કપ - રકાબીમાં ચા મૂકાઈ હતી. તે ચાને જોઈને અનેક રશીયન સજ્જનોનું મુખ મચકોડાઈ જતું હતું કારણકે સામાન્ય રીતે તેમના સમારંભોમાં વોડકા અવશ્ય ગોઠવાતું હતું.

બધાનો મિજાજ ઓળખી જનાર યજમાને જાહેરાત કરી કે, "આપણા માનવંતા મહેમાન મોરારજીભાઈ કદી પણ કોઈ પ્રકારના શરાબનું સેવન કરતા નથી. આપણા સૌની પ્રથમ ફરજ છે કે આપણા માનવંતા મહેમાનને જે વસ્તુ પ્રત્યે અણગમો હોય તે ચીજ આપણાથી ન લેવાય. તેથી આપ સર્વના ટેબલ ઉપર વોડકાના બદલે ચા મૂકવામાં આવી છે."

બધાને પોતાના મનમાં પેદા થયેલા અનેક પ્રશ્નોનું સમાધાન યજમાનના ખુલાસાથી થઈ ગયું. પણ ત્યાં તો મોરારજીભાઈ ઊભા થયા. તેમણે કહ્યું, "માફ કરજો મિત્રો ! જેમ હું દારુ નથી પીતો તેમ કદી ય ચા પણ નથી પીતો ! આરોગ્યકારી પ્રતિજ્ઞાઓમાં જ જીવનની સલામતી છે, એમ હું સમજું છું."

અને આશ્ચર્ય ! યજમાનશ્રીએ ઊભા થઈને જાહેરાત કરી કે, "મારા માનવંતા મિત્રોને હું વિનંતી કરુ છું કે જો આપણા સન્માનનીય મહેમાન મોરારજીભાઈ ચા પણ પીતા ન હોય તો બધા પોતાની ચાના કપ - રકાબી પણ સાઈડમાં મૂકે. ટૂંક સમયમાં જ સરબત આપના ટેબલ ઉપર ગોઠવાઈ જશે !

મોરારજીભાઈ દેસાઈ ભારતના વડાપ્રધાનપદ સુધી પહોંચ્યા તો ય ક્યારેય દારુ કે માંસને હાથ પણ અડાડતા નહોતા. આ દારુ ને માંસ, બંને મહાવિગઈ છે. કદીય તેનો પડછાયો પણ ન લેવાય.

દારુએ કોના જીવનને પાયમાલ નથી કર્યું તે સવાલ છે ! જે દારુ પીતા હોય, તેના ઘરમાં જરાક ડોકીયું કરી તો જુઓ : કેટલાય મા - બાપો પોતાના દારુડીયા દીકરા માટે રડતા હશે ને બોલતા હશે કે આને તો મારી ઈક્કોતેર પેઢીને કલંક લગાડ્યું !

કેટલીક પત્નીઓ પોતાના પતિની આ દારુની લતને કારણે રોજ ઉના ઉના

નિસાસા નાખતી હશે. અને કેટલાક બાળકો પોતાના પિતાની આ બૂરી આદતથી હેરાન થતાં હશે. દારુડીયા પિતાની બેફામ મારપીટથી કંટાળી આપઘાત કરવાના વિચારો કરતાં હશે. અનેક સમજૂ માણસો આ દારુડીયા માણસને દારુની લતના ફંદામાંથી છૂટવા સમજાવતા હશે. દુનિયાનો કોઈ સજ્જન અને સમજુ માણસ દારુને સારો કહેવા તૈયાર નહિ હોય ! અરે ! દારુ પીનારો પણ પોતાની સ્વસ્થ અવસ્થામાં દારુ પીવા બદલ કદાચ પસ્તાતો જોવા મળશે, જો તેનો અંતરાત્મા જાગ્રત હશે તો.

દારુ માત્ર દારુ પીનારનું જ નહિ, તેના સમગ્ર કુટુંબ - પરિવારનું જીવન પાયમાલ કરી દે છે. જીવનના બાકીના પ્રાપ્ત થયેલા સુખોને ય સળગાવી દે છે. શારીરિક, માનસિક, ભૌતિક, કૌટુંબિક, સામાજિક અને આધ્યાત્મિક તમામે તમામ પ્રકારના જીવનને સર્વ રીતે ખેદાન - મેદાન કરનારા આ દારુ રૂપી શેતાનથી હજારો યોજન દૂર રહેવામાં જ ડહાપણ છે. માટે તો જૈન શાસ્ત્રકાર પરમર્ષિઓએ તેનો મહાવિગઈ તરીકે ૨૨ અભક્ષ્યમાં સમાવેશ કર્યો છે.

દારુ, મધ, સુરા, કાદંબરી, વ્હીસ્કી, શરાબ, દ્રાક્ષાસવ, વાઈન, લઠ્ઠો, બીયર, શેમ્પોઈન, બ્રાન્ડી વગેરે જુદા જુદા પ્રકારની મદિરા છે. આમાંની એક પણ મદિરાનો ઉપયોગ ન થઈ શકે. કારણ કે આ બધામાં તે તે પ્રકારના સૂક્ષ્મ ત્રસ જીવો નિરંતર ઉત્પન્ન થાય છે ને મરે છે. વળી મહુડાં, દ્રાક્ષ, ગોળ, લોટ વગેરેને ખૂબ સડાવીને જ્યારે દારુ બનાવાય છે, ત્યારે તેના સડામાં પણ અગણિત જીવો પેદા થાય છે. એને ઉકાળતાં મહાહિંસા થાય છે. અને એમાં દુર્ગંધ સાથે નવા ઘણા બધા ત્રસ જીવો પણ ઉત્પન્ન થાય છે, જે દારુ પીવાથી મરણને શરણ થાય છે.

દારુ પીવાથી અનેક જીવોનો સંહાર જ થાય છે, એમ નહિ, બીજા પણ અનેક નુકશાનો થાય છે. દરુ પીનારની બુદ્ધિ ભ્રષ્ટ થાય છે. આત્માનું ભાન ભૂલાઈ જાય છે. ડાહ્યો માણસ પણ દારુ પીધા પછી પોતાની ગુપ્ત વાતો જાહેર કરી દે છે. શરીરની શક્તિ - કાંતિ - તેજ - લાવણ્ય - સૌંદર્ય વગેરે ઉપર માઠી અસર થાય છે. શરીરમાં બળતરા પેદા થાય છે. દારુડીયો માણસ મગજ ઉપરનો કંટ્રોલ ગુમાવી બેસે છે. પરિણામે ન કરવાનાં કાર્યો તેના દ્વારા થઈ જાય છે. પાછળથી પસ્તાવા સિવાય તેની પાસે કાંઈ બાકી રહેતું નથી.

બે મિત્રો હતા. તેમાંના એક મિત્રના લગ્ન લેવાયા. સુંદર પત્ની તેને પ્રાપ્ત થઈ. માતા અને પિતાનો તે પરમભક્ત હતો. હવે ઘરમાં સમજુ પત્ની આવી. તેને સુંદર મજાનું સુખમય કુટુંબ પ્રાપ્ત થયું.

પણ તેનો મિત્ર ઈર્ષ્યાથી સળગી ગયો. તેનાથી પોતાના મિત્રનું સુખમય જીવન

જોઈ શકાતું નથી. ગમે તે રીતે મિત્રના જીવનને બરબાદ કરવાની ઈચ્છા પેદા થઈ. તે રસ્તો શોધવા લાગ્યો.

કોઈકે પૂછ્યું છે કે, "તમારી શું ઇચ્છા છે ? તે બોલો. શું તમે કોઈને બરબાદ કરવા ઈચ્છો છો ? શું તમે કોઈના કુટુંબમાં કજીયો ઘુસાડવા માંગો છો ? શું તમે કોઈને ક્રૂર કે હિંસક બનાવવા ઈચ્છો છો ? શું તમારી ઈચ્છા કોઈને જેલના મહેમાન બનાવવાની કે ખૂની તરીકે ફાંસીએ પહોંચાડવાની છે ? તો તમારે કાંઈ બીજું કરવાની જરૂર નથી. માત્ર તેને દારુની લતે ચઢાવી દો. દારુ તેને બરબાદ કરશે. દારુ તેના કુટુંબમાં કજીયો ઘુસાડશે. દારુ તેના સુખમય સંસારને સળગાવશે. દારૂ તેની પાસે ચોરી ય કરાવશે ને પરસ્ત્રીગમને ય કરાવશે. દારુ તેને જેલમાં ય પહોંચાડશે ને ખૂન કરાવડાવી ફાંસીની સજા ય કરાવશે. કુટુંબને કલંક, લગાડાવશે ને પરલોકમાં નરક વગેરે દુર્ગતિમાં ય મોકલશે. દારુ નામનો શેતાન માનવના સુખ રૂપી ગળાને ટૂંપો દીધા વિના નહિ રહે!"

પેલા માણસે પોતાના મિત્રના સુખને સળગાવી નાંખવા માટે તેને દારૂડીયો બનાવવાનો વિચાર કર્યો. પણ આ કામ પણ ક્યાં સહેલું હતું ? સુંદર સંસ્કારી મિત્ર દારુ મુખને લગાડે તે વાતમાં કોઈ તથ્ય નહોતું. તેણે એક તરકીબ શોધી કાઢી.

એક વાર તે માણસે પોતાના મિત્રને કહ્યું, "દોસ્ત ! મને તારા સુખની ચિંતા થાય છે. આ કાળમાં કદીય સાસુ - વહુને જામે નહિ. સાસુ તેનું નામ, જે વહુની ભૂલો ડગલેને પગલે ન કાઢે તો શાંતિથી રહી ન શકે. વહુ તેનું નામ જે સાસુની વાત કદી ય સહન ન કરે ! પરિણામે તારા ઘરે રોજ ઝગડા - રગડા થવાના, તેના કરતાં જો તારે શાંતિ અને સમાધિથી રહેવું હોય તો તારા માતા - પિતાને લાકડીએ લાકડીએ ઝુડી નાખ, પછી તું અને તારી પત્ની શાંતિથી જીવન જીવી શકશો.

મિત્ર કહે, 'અરરર ! તું આ શું બોલ્યો ? તને કાંઈ ભાન છે કે નહિ ? મારા માતા - પિતા મારે મન ભગવાન તુલ્ય છે. તેમના આશીર્વાદથી તો હું સુખી છું. તેમની આંતરડી કકળાવવાનો હું સ્વપ્ને ય વિચાર ન કરી શકું. ફરીવાર મને આવી વાત નહિ કરતો."

ત્યારે પેલો મિત્ર કહે છે, "સારું ! કાંઈ વાંધો નહિ. તારા માતા - પિતા પ્રત્યે તને આટલું બધું માન છે, તે જાણી મને આનંદ થયો, મારી ઈચ્છા તો માત્ર તને અત્યંત સુખી જોવાની છે. જો તું તારા માતા - પિતાને સદા અત્યંત આનંદિત જોવા ઈચ્છતો હોય તો તારી પત્ની જ્યાં સુધી છે, ત્યાં સુધી તે કદી શક્ય બનનાર નથી. તેથી છરીના ઘા કરીને તારી પત્નીને મારી નાંખ ! પછી તારા માતા - પિતાને કોઈ હેરાન નહિ કરી શકે !

મિત્રે તેની વાત અટકાવીને કહ્યું, ખબરદાર ! ફરી આવી વાત કરી છે તો, આજે તારું ઠેકાણે નથી કે શું ? પોતાના નામ પાછળ લખાતું પોતાના પિતાનું નામ કાયમ માટે ભૂંસીને જેને મારુ નામ લખવાનું શરૂ કર્યું, પોતાના સમગ્ર પરિવાર કરતાં ય સાવ અજાણ્યા મારા પરિવારને વિશેષ સાચવવાનું શરૂ કર્યું, તેવું મહાબલિદાન આપનાર મારી પત્ની ઉપર હું કદી ય હાથ ઊંચકી શકું એમ નથી !

ત્યારે પેલો ઈર્ષ્યાળુ કહે છે, "મિત્ર ! મારી એકેય વાત તું નહિ માને ! જો આ બે વાત ન માની તો કાંઈ નહિ, પણ હવે એક છેલ્લી વાત. આ વાત તો ચોક્કસ માનજે. નહિ તો આપણી મૈત્રીનો શો અર્થ ?

મિત્ર ! 'બોલ, જે હોય તે કહે. તું મારો મિત્ર છે. ઉપરની બે વાત સિવાયની અન્ય જે વાત હોય તે કહે. હું ચોક્કસ માનીશ."

અને પેલા ઈર્ષ્યાળુએ પોતાના મનની મૂળ વાત રજૂ કરી દીધી. "મિત્ર ! બીજું કાંઈ નહિ ! દારુનો પેગ લે. મારી આટલી વાત તો તારે માનવી જ પડશે.

અને મિત્રના અતિ આગ્રહે તે ઝુકી ગયો. તેને થયું કે, "મિત્રની બધી વાતમાં ના શી રીતે પડાય ! બધામાં ના - ના જ કરીએ તો તેમાં મૈત્રી ન સચવાય. એક પેગ પીવામાં શું મોટું નુકસાન થઈ જવાનું ?"

પણ એને ક્યાં ખબર હતી કે દરેક દારુડીયો સૌ પ્રથમ માત્ર એક જ પેગ પીતો હોય છે. પછી એક પેગ તેને બીજો પેગ પીવડાવે છે. બીજો પેગ તેને ત્રીજો પેગ પીવડાવે છે. પરિણામે ટૂંક સમયમાં તેને દારુની પૂરેપૂરી લત વળગે છે. તે છેવટે મહાદારુડિયો બન્યા વિના રહેતો નથી.

માણસ સૌ પ્રથમ કોઈ કુટેવ પાડે છે. પડી ગયેલી તે કુટેવ પછી તે માણસને અનેક આપત્તિઓમાં પાડે છે. માટે કોઈપણ પ્રકારની કુટેવ ન પડી જાય તેની પળે પળે સાવધાની રાખવી જોઈએ. જેની કુટેવ પડવાની થોડીક પણ શક્યતા હોય તેનાથી હજારો યોજન દૂર જ રહેવું જોઈએ.

અને મૈત્રી સાચવવાના નામે, આ મિત્રે દારુ ઢીંચ્યો. નશો બરોબર ચઢ્યો. આંખો લાલઘૂમ થઈ. પગ લથડીયા ખાવા લાગ્યા. દારુની અસર બરોબર વર્તાવા લાગી.

લથડતા પગે આવતા, લાલઘુમ આંખોવાળા પોતાના દીકરાને જોઈ મા ડઘાઈ ગઈ ! તેણે પૂછ્યું, "અરે ઓ દીકરા ! આ શું ? દારુ પીને તો નથી આવ્યો ને ?" આ શબ્દો સાંભળતાં તેના પિતા ય દોડી આવ્યા. સુસંસ્કારી પોતાના દીકરાને પહેલી વાર દારુ પીધેલી હાલતમાં જોઈને, ખાનદાન કૂળના પિતાથી પણ પોતાના દીકરાને

કહ્યા વિના ન રહેવાયું, "અરે ઓ બેટા ! તેં આ શું કર્યું ? મારી ઈક્કોતેર પેઢીની આબરૂને કલંક લગાડ્યું."

પણ માતા પિતાના આ શબ્દો દારુના નશામાં ચકચૂર થયેલા દીકરાથી સહન ન થયા. "મને કેમ બોલો છો ? જોઈ લઈશ તમને ?" એમ બોલતા તે દીકરાએ દારુના નશામાં ભાન ભૂલીને સામે પડેલી લાકડી ઊઠાવી. દારુએ તેની બુદ્ધિ આજે બરોબર ભ્રષ્ટ કરી હતી. માતા - પિતાની આંતરડી કકળાવવાનો સ્વપ્નમાં ય વિચાર ન કરી શકનાર દીકરાએ પોતે ઉઠાવેલી તે લાકડીથી માતા - પિતાને ઢોર માર મારવો શરૂ કર્યો.

પ્રોઢ વયના માતા - પિતા તેની લાકડીઓના કેટલા પ્રહાર ખમી શકે ? થોડીક વારમાં તેઓ ઢગલો થઈને નીચે પડ્યા. પણ લાકડીનો અવાજ સાંભળી, અંદર રસોડામાં છરીથી શાક સમારતી તેની પત્ની હાથમાં છરી લઈને જ દોડતી બહાર આવી.

સાસુ - સસરા ઉપર પ્રહાર કરતાં, દારુના નશામાં ભાન ભૂલેલા, લાલઘુમ આંખોવાળા પતિને જોઈને તેણે પતિને કહ્યું, 'અરે ! આ શું કરો છો ? કાંઈ ભાન છે ? ત્યાં તો દારુના નશાએ પોતાનું કામ આગળ ચલાવ્યું. 'લે તું ય વચ્ચે આવી. લે લેતી જા" બોલતાં તેણે પત્નીના હાથમાંથી છરી લઈ લીધી અને તે છરીના ઉપરા ઉપરી ઘા કરીને પોતાની પત્નીને જ લોહીલુહાણ કરી પરલોકની સફરે મોકલી આપી.

પેલા ઈર્ષ્યાળુ મિત્રની પહેલી બંને ઈચ્છા પૂરી થઈ ગઈ હતી. પોતાના માતા - પિતાને દુઃખી કરવાની કે પત્નીને જરા પણ ત્રાસ આપવાની કલ્પના ન કરી શકનાર મિત્રે આજે માતા - પિતાને લાકડીઓનો મૂઢ માર મારીને અને પત્નીને છરીના ઉપરા ઉપરી જીવલેણ ઘા કરીને પરલોક પહોંચાડી દીધા હતા.

આ કાર્ય તેની પાસે દારુ સિવાય કોણે કરાવ્યું ? જો તેણે દારુ ન પીધો હોત તો આ કાર્ય કદી પણ તે કરી શકત ખરો ? દારુના આવા ખતરનાક પરિણામો જાણીને તેનો પડછાયો પણ નહિ લેવાનું નક્કી કરવું જોઈએ.

મુંબઈની એક હોટલમાં એક કપલે પ્રવેશ કર્યો. અંદર ટેબલ ઉપર ગોઠવાયા બાદ વ્હીસ્કીના પૅગ શરૂ થયા. સાથે એક નાનું બાળક પણ હતું. એક પૅગ તૈયાર કરી, નાના બાળકને પીવા આપ્યો.

બાળક : ના મમ્મી ! મારે આ નથી પીવું.

મમ્મી : કેમ ના પાડે છે ? આ તો પીવું પડે બેટા !

બાળક : ના મમ્મી ! મને ખૂબ તુરો લાગે છે. મને નથી ભાવતો મમ્મી !

મમ્મી : બેટા ! તું ના પાડે તો કેમ ચાલે ? જો આ પીતાં નહી શીખીશ તો મોડર્ન ક્યારે બનીશ?

આજે જાણે કે સામુદાયિક આપઘાત કરવાની - કરાવવાની હરીફાઈ જામી છે. મોડર્ન થવાના નામે મમ્મી પોતે જાતે જ બાળકોને દારુડિયાં બનાવી રહી છે ! સમજાતું નથી કે માણસ હાથે કરીને શા માટે પોતાના જીવનને બરબાદ કરવા દોટ મૂકતો હશે ?

મમ્મી બાળકને દારુ પીતાં બનાવે છે, તો પતિને કંપની આપવા જતાં પત્ની દારુ પીતાં શીખે છે. પતિ પીવા માટે બારમાં જતો હોય ત્યારે સાથે પત્ની પીવા માટે નહિ, પણ માત્ર પતિને કંપની આપવા માટે જતી હોય છે. અને આમ અવારનવાર જતાં જતાં પોતાના પતિને પીતા જુએ છે. અને એમ કરતાં કરતાં એક દિવસ પત્ની પણ દારુ પીતી થઈ જાય છે. અને છેલ્લે મોડર્ન થવાના નામે પોતાનાં સંતાનોને પણ દારુડિયાં બનાવી દે છે ! આજે તો જાણે કે કહેવાતા સુધરેલા અને સભ્ય સમાજમાં ય ગાડરિયા પ્રવાહની જેમ હાથે કરીને દારુના દૈત્યને બાથ ભીડવાનો કે દુઃખના ઊંડા કૂવામાં ઝંપલાવવાનો ભયાનક પ્રયોગ શરૂ થયો છે. સમજાતું નથી કે આનું પરિણામ શું આવશે ?

મોટા શહેરોની અનેક ઓફિસોમાં ખુલ્લેઆમ દારુ પીવાનું હવે શરૂ થયેલ છે. આ દારુ જાણે કે સ્વાગત માટેનું પીણું બનવા લાગ્યું છે. દારુ પીવામાં - પીવડાવવામાં માણસ સ્ટેટસ સમજવા લાગ્યો છે. એવી કેટલીક ઓફિસમાં સાહજિક રીતે દારુની ઑફર કરાય છે. તેવા સમયે વેદિયો કે રૂઢિચુસ્તનું લેબલ મળે તો તે પ્રસન્નતાપૂર્વક સ્વીકારવાની તૈયારી સાથે ખચકાટ કર્યા વિના ઘસીને ચોખ્ખી ના પાડી દેવાની હિંમત કરવી ખૂબ જરૂરી છે. તેવા સમયે જો શરમ રાખી તો જિંદગી હારી જવાનું બનશે.

ક્યારેક મિત્રો તરફથી ઑફર થાય, ક્યારેક તેવી કોઈ પાર્ટીમાં જવાનું થાય, ક્યારેક કોઈના કહેવાથી સહેજ ટેસ્ટ કરવાનું મન થાય, તો ય ભૂલેચૂકે આ દારુના શેતાનને સ્પર્શ કરવા જેવો નથી. જો આજે સ્પર્શ કર્યો તો કાલે તે શેતાન ગળચી દબાવ્યા વિના નહિ રહેવાનો, એ નક્કી વાત છે.

એક યુવાને પોતે દારૂડિયો શી રીતે બન્યો ? તેની દાસ્તાન રજૂ કરી હતી ! તે સાંભળીને ભલભલા ધ્રૂજી ગયેલા. માત્ર મિત્રનું માન રાખવા કે ટેસ્ટ કરવા માટે મોઢે માંડેલો એક પૅગ જીવનને કાયમ માટે દારુનું ગુલામ બનાવી દે છે તે જાણ્યા પછી દારુનો નાનકડો પૅગ પણ લેવાની ઈચ્છા ન કરાય ! આ રહી તે યુવાનની દાસ્તાન તેના શબ્દોમાં.

દર રવિવારે હું મારા સ્કૂલના મિત્રો સાથે બહાર ફરવા જતો હતો. એક દિવસ ફરીને પાછા ફરતાં મારા મિત્રો મને બારમાં લઈ ગયા. જિંદગીમાં પહેલીવાર આજે બારમાં પ્રવેશ કર્યો હોવાથી શરમાતો હતો. કોઈ અહીં મને જોઈ તો નહિ જાય ને ?

તેનો ભય પણ અંદર સતાવતો હતો, તો સાથે મનમાં કુતૂહલ પણ હતું કે બારમાં શું હોય ? મિત્રો મને અહીં કેમ લાવ્યા ? હવે અહીં તેઓ શું કરશે ? વગેરે...

ત્યાં તો થોડીવારમાં વેઈટર શરાબની બૉટલો અને ગ્લાસ લઈને હાજર થયો. હું તો આ જોઈને ચોંકી જ ગયો. મારી કોઈ કલ્પના જ નહોતી કે અહીં દારુ આવશે ? દોડીને બહાર નીકળી જવાનું મન થયું. પણ મિત્રોની કંપની છોડી, આ રીતે અધવચ્ચે બહાર જવામાં મને અસભ્યતા જણાઈ. તેથી ના છૂટકે ત્યાં બેસી રહ્યો.

મારા મિત્રો તો અત્યંત સાહજિકતાથી એક પછી એક બૉટલ ખોલી પૅગ તૈયાર કરવા લાગ્યા. તેમના માટે આ બધું તદ્દન સ્વાભાવિક હતું. મારા માટે બધું જ નવું હતું. અસહ્ય હતું. પણ ત્યાંથી છટકવું પણ મારા માટે મુશ્કેલ હતું.

તેમણે એક પેગ મારા માટે પણ તૈયાર કર્યો. અને પછી મને પીવા માટે અત્યંત આગ્રહ કર્યો. મારા માટે આ કસોટીની કપરી પળ આવી. મેં મજબૂતાઈથી ના પાડી. પણ મારી 'ના' ની તેમની ઉપર ખાસ કોઈ અસર ન થઈ. તેઓ મને પ્રેમથી સમજાવવા લાગ્યા.

"દોસ્ત ! એક જ પેગ લઈ લે. ગભરાઈશ નહિ. કાંઈ નહિ થાય. ડરે છે કેમ ? અરે ! અહીં બીજું કોઈ નથી. કોઈને ખબર પણ નહીં પડે. વધારે નહિ માત્ર એક જ પૅગ, જો તારી સામે અમે બે - ત્રણ પૅગ પીએ છીએ. જો કાંઈ થયું ? તારે તો એક જ પીવાનો. બસ, અમારું કહ્યું આટલું નહિ માને ?" વગેરે....

તેમના અતિશય આગ્રહે મને ઝુકાવી દીધો. મને અંદર કુતૂહલ તો હતું જ કે દારુનો ટેસ્ટ કેવો હશે ! તેમાં ય આજે અત્યંત આગ્રહ થયો. વળી ના લઉં તો મારી છાપ મિત્રોમાં કેવી પડશે ? તેવો આછો ભય પણ હતો. તેથી મેં જિંદગીમાં પહેલી વાર દારુનો એક પૅગ પીધો.

પેટમાં દારુ પહોંચતાં જ તેની માદક અસર વર્તાવા લાગી. મેં કોઈક અવર્ણનીય આનંદ અનુભવ્યો. હું જાણે કે આકાશમાં ઊડવા લાગ્યો. કોઈ દિવસ નહિ અનુભવેલી મસ્તી તે દિવસે હું માણતો હોઉં એવું મને લાગ્યું. ના, ખરેખર તે આહ્લાદક આનંદ નહોતો કે મનમોહક મસ્તી નહોતી. મારી તે બધી ભ્રમણા હતી. પણ દારુના કેફમાં મને તે ભ્રમણા રૂપ ન જણાઈ.

અને ખલાસ ! દારુના નશામાં ભાન ભૂલેલો હું ઘરે આવ્યા પછી પણ પાછો તે દારુ પીવાનાં સ્વપ્ના જોવા લાગ્યો ! દારુની ના ના પાડનારો હું હવે દારુ પીવા તલસવા લાગ્યો ! મને ખ્યાલ ન આવ્યો કે હોટલમાં પહેલો પૅગ નહોતો પીધો પણ એક લપસણીયા પગથિયા ઉપર પગ મૂકેલો ! આજે જ્યારે દારુના કારણે હું બધી રીતે

બરબાદ ને પાયમાલ થયો છું ત્યારે સમજાય છે કે મેં પહેલો પૅગ પીવાની ભયંકર ભૂલ કરી હતી.

હું તો આ દુનિયાના તમામ લોકોને હાથ જોડીને કહેવા માંગું છું કે જો તમે કદી પણ દારુ ચાખ્યો ન હોય તો કોઈનીય શરમ રાખ્યા વિના, કોઈના ય આગ્રહને વશ થયા વિના અને સ્ટેટસ કે હાઈ સોસાયટીના વિચારો લાવ્યા વિના મહેરબાની કરીને તેનો એકાદ પૅગ પણ પીતા નહિ. તે એક પૅગ લપસણીયું પગથીયું છે. તમને લપસાવીને મોતના કૂવામાં પાડ્યા વિના નહિ રહે. તમારા પરિવારને ખેદાનમેદાન કર્યા વિના નહિ રહે.

મારી જ અજબ વાત સાંભળો : લપસણીયા પગથીયા ઉપર મારાથી પગ મૂકાઈ ગયો હતો. હવે ફરી ફરી તે કૃત્રિમ આનંદ માણવા દારુ પીવાની ઈચ્છા થયા કરતી હતી.

ક્યારે ફરી રવિવાર આવે ને ક્યારે પેલા મિત્રો સાથે ફરી બારમાં પહોંચું ! પૅગ ઉપર પૅગ દારુના પીને મનગમતી લિજ્જત માણું ! આવાં સ્વપ્નાંઓ જોતાં જોતાં અંતે રવિવાર આવ્યો.

મિત્રોનો અત્યંત આગ્રહ હોવા છતાં ગયા રવિવારે જે વારંવાર ના પાડતો હતો, તે જ હું પહેલો પૅગ પીધા બાદ નાલાયક બની ગયો હતો. બીજા રવિવારે સામેથી બધા મિત્રોને ફોન કરીને મારા તરફથી પાર્ટી આપવા પેલા બારમાં લઈ ગયો !

અને આગ્રહ કરી કરીને મેં તેમને દારુ પાયો અને મેં પણ ઉપરાઉપરી અનેક પૅગ પીધા. પીવામાં હું ગાંડો બની ગયો હતો ! અને બસ ! ત્યારથી મારું દારુ પીવાનું શરૂ થઈ ગયું. આજ સુધીમાં કેટલા પૅગ પીધા તેનો હિસાબ મારી પાસે નથી પણ મારી જિંદગી પાયમાલ થઈ ગઈ, તે નક્કર હકીકત છે.

મારું કૌટુંબિક જીવન બરબાદ થઈ ગયું. સમાજમાં મારી હવે કોઈ આબરૂ રહી નથી.

મારી સામે આંગળી ચીંધનારા અને અવિશ્વાસની નજરે જોનારા ઘણા છે ! શરીર તો ખખડી ગયું છે ! મોતની રાહ જોતો દિવસો ગણી રહ્યો છું. પત્ની તથા પુત્રોની જિંદગી પણ મારી દારુની લતે બરબાદ કરી છે.

ધર્મને મેં જ જીવનમાંથી ફેંકી દીધો છે. ગુરુભગવંતોના સત્સંગનું કે પરમાત્માની પાવન કૃપા પામવાનું સદ્ભાગ્ય મારી જાતે જ મેં ઝૂંટવાવી દીધું છે ! હાય ! શું કરું ! કોને કહું ? મળેલું દુર્લભ માનવજીવન હું બધી રીતે બરબાદ કરી ચૂક્યો છું !''

સાંભળી આ યુવાનની કરુણ કથની ? જો આવી કરુણાજનક હાલતમાં મૂકાવું ન

હોય તો કદીય દારુની સામે નજર પણ કરવા જેવી નથી.

સાંભળવા પ્રમાણે પેટની અંદરની ચામડી ખૂબ જ મુલાયમ છે. તેની ઉપર રેસાઓ છે. દારુ જેવો પેટમાં જાય કે તરત જ તે રેસાઓ દારુને ચૂસવાનું કામ કરે છે. થોડીક વારમાં જ રેસાઓ દ્વારા ચુસાયેલો આ દારુ (આલ્કોહોલ) ઠેઠ લોહીમાં ભળી જાય છે ! વધેલો દારુ જો નાના આંતરડામાં જાય તો ત્યાં પણ રેસાઓ દ્વારા લોહીમાં ભળવાની ક્રિયા ચાલુ રહે છે.

જે આલ્કોહોલ ચામડાના ચંપલ ઉપર નાખવામાં આવે તો ચંપલ પણ કહોવાઈ જાય, તે જલદ આલ્કોહોલ પેટમાં - આંતરડાંમાં ગયા બાદ અને લોહીમાં ભળ્યા બાદ કયું નુકસાન ન કરે ?

દારુ પીવાય છે ત્યારે પેટમાં ઈન્સ્યુલીન ઝરવા માંડે છે. તેથી હોજરીમાં ચાંદાં પડે છે. અને જ્ઞાનતંતુઓ ઉપર ભયંકર આડ - અસર પેદા થાય છે, જેના કારણે પીધેલી હાલતમાં મગજ કંટ્રોલમાં રહેતું નથી. ઘણા ડ્રાઈવરો પીધેલી હાલતમાં એક્સિડેન્ટ કરી બેસે છે. કોઈ પીધેલી હાલતમાં ખૂન કે બળાત્કાર કરવાનું દુઃસાહસ પણ કરી બેસે છે !

દારુના કારણે બી. પી., હાઈપરટેન્શન, એટેક, એનીમિયા વગેરે રોગો ઉત્પન્ન થાય છે. બ્લડમાં રક્તકણ અને શ્વેતકણની સંખ્યા ઘટે છે. તેથી રોગ - પ્રતિકારક શક્તિમાં ધરખમ ઘટાડો થાય છે. પરિણામે અનેક રોગો થવાની શક્યતા પેદા થાય છે. હોજરીની ક્ષમતા ખલાસ થવા લાગે છે. પરિણામે પાચનતંત્ર નબળું પડે છે. ખાધેલું ન પચવાના કારણે નિર્બળતા પેદા થાય છે. પેટના અનેક રોગોનો ભોગ બનવું પડે છે. આ આલ્કોહોલ શરીરમાં જતાં નપુંસકતા પેદા થવાની શક્યતા ઊભી થાય છે.

દારુ શરીરના અવયવો જેવા કે લીવર, પેટ, આંતરડાં અન્નનળી, સ્તન વગેરેનું કેન્સર કરે છે. દારુથી શરીર જડ થઈ જવાથી ક્યારેક આંખોની પાંપણ વગેરે સ્થિર થઈ જતાં મોટી તકલીફ ઊભી થાય છે. ક્યારેક આંખની રેટીના (જીવકોશિકાઓ) મૃત્યુ પામતાં દારુ પીનારો માણસ આંધળો બની જાય છે. દારુના કારણે શરીર ઢીલું પડવું, માથું દુઃખવું, ઉલ્ટીઓ થવી, પેટમાં કારમી પીડા પેદા થવી, શ્વાસ લેવામાં તકલીફ થવી, ગભરામણ થવી વગેરે આપત્તિઓ સામેથી આવીને ઊભી રહે છે. ક્યારેક તો નસો ખેંચાતાં માણસ ત્યાં જ મૃત્યુ પામી જાય છે !

શ્રીકૃષ્ણની સોનાની દ્વારિકા નગરી બળીને સાફ થઈ, તેનું કારણ તપાસશો તો, દારુ સિવાય અન્ય કાંઈ નહિ મળે. દારુ પીને કુમારોએ દ્વૈપાયન ઋષિને ગુસ્સે કર્યા. પરિણામે તેમણે નિયાણું કર્યું. દેવ બનીને આખી દ્વારિકા નગરી બાળીને ખતમ કરી દીધી.

દારુનાં આવાં અનેકવિધ નુકસાનો જાણીને તેનાથી પાછા હટવામાં જ સહુ કોઈનું કલ્યાણ છે. જો દારુની ટેવ પડી ગઈ હોય તો કોઈ ગુરુ ભગવંત પાસેથી યોગ્ય માર્ગદર્શન મેળવી કાયમ માટે તેને તિલાંજલિ આપી દેવી. આજ પછી કદી ય મોઢે દારુ નહિ માંડવાનો નિયમ લઈ લેવો અને પછી તેનું પ્રાણાન્તે પણ પાલન કરવું.

જેઓ દારુ પીતા જ નથી તેઓ ધન્યવાદને પાત્ર છે. પણ તેમણે ય ભાવિમાં કદી ય આ લપસણીયા પગથિયા ઉપર પગ મૂકવો નથી તેવું નક્કી કરવું પડશે. યાદ રાખજો કે ક્યારેક કોઈ પાર્ટીમાં જવાનો પ્રસંગ આવશે. ક્યાંક બીઝનેસ અર્થે દારૂની ઑફર થશે. ક્યાંક મિત્રો દારુ પીવાનું આહ્‌વાન કરશે. ક્યાંક સ્ટેટસનો સવાલ ઊભો થશે. પણ તે વખતે મજબૂત રહેવું. ઘસીને ચોખ્ખી ના પાડી દેવી. શરમમાં જરા ય ન રહેવું. નહિ તો મોટો ધરતીકંપ તમારા જીવનમાં પેદા થશે. જેમાં માત્ર તમારી જ સમગ્ર જિંદગી નહિ, તમારા કુટુંબીજનોની જિંદગી ય હોમાઈ જશે એ ભૂલતા નહિ.

દારુ પીવાની ટેવ જેને પડે છે, તે વ્યક્તિને દારૂ ન મળે તો ચેન પડતું નથી. દારુ રોજ મેળવવામાં તેની આવકનો ઘણો મોટો ભાગ ખર્ચાઈ જાય છે. પરિણામે તેના કુટુંબના સભ્યોની તમામ અપેક્ષાઓ તે સંતોષી શકતો નથી. અરે ! ક્યારેક તો ઘરમાં ખાવાના ય સાંસા પડે છે. ખાધા વિના ચાલે પણ દારુ વિના ન ચાલે, તેવી તેની હાલત હોય છે. તેથી તે પોતાના પૈસા દારુ પાછળ નાખે છે, પણ પરિવારના અન્ય સભ્યોને તો ભૂખ્યા સૂઈ રહેવાના દહાડા જોવા પડે છે. પૂરતું પોષણ ન મળતાં ઘરના સભ્યોને અનેક રોગો ઘેરી વળે છે. પરિણામે દવા વગેરે લાવવા પૈસાની વધુ તંગી પડે છે. તે તંગી દૂર કરવા પત્ની વગેરેના દાગીના કે બાપ - દાદાની સ્થાવર મિલકત - જાગીર વેચવાના દિવસો આવે છે. ક્યારેક તો ઘર છોડીને રોડ ઉપર આવી જવું પડે છે. ધીરધાર કરવાવાળા વેપારીઓ પાસેથી ઉછીના પૈસા વધુ વ્યાજે લાવવા પડે છે. જિંદગીભર માથે દેવું રહે છે. પૈસાની તંગીના કારણે બાળકોનું પણ વ્યવસ્થિત ઘડતર કરી શકાતું નથી. છોકરી વગેરેના લગ્નના પ્રશ્નો પણ પેદા થાય છે. ઘરના સભ્યોની જરૂરિયાતો ન સંતોષાતાં કજીયા થાય છે. જીવનની શાંતિ હણાઈ જાય છે. જીવન - સૌંદર્ય લૂંટાઈ જાય છે. ધનની તંગીથી અને ઘરના સભ્યોની અપેક્ષા પૂરી ન થવાથી કંટાળેલો માણસ ક્યાં તો ચોરી વગેરે કરવાનાં દૂષણોમાં સપડાય છે તો ક્યારેક આપઘાતનું પગલું પણ ભરી બેસે છે ! દારુનાં આ બધાં દૂષણો જાણીને તેનો સદા માટે ત્યાગ કરી દેવો જોઈએ.

સ્પિરીટ, આલ્કોહોલ, ટીંકચર, આસવ, તાડી, નીરો વગેરેમાં પણ મદિરા જેવું ઉન્માદક નશાવાળું તત્ત્વ હોવાથી દારુની જેમ જ આ બધાં દ્રવ્યોનો પણ ત્યાગ કરવો

જોઈએ. વળી કેટલીક દવાઓમાં પણ આલ્કોહોલ વગેરે કેફી દ્રવ્યો આવતાં હોય છે. તેવી દવાઓનો પણ ખરેખર તો ત્યાગ કરવો જોઈએ.

કલિકાલ સર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યજી યોગશાસ્ત્ર નામના ગ્રંથમાં જણાવે છે કે :

દુર્ભાગ્ય જોર મારતું હોય તો વિદ્વાન પુરુષની પત્ની પણ તેનાથી જેમ દૂર ચાલી જાય તેમ દારુ પીવામાં આવે તો સજ્જન માણસની ય બુદ્ધિ તેનાથી દૂર ચાલી જાય છે. મદિરાપાનથી પરાધીન થયેલ મત્ત માણસ પોતાની માતા સાથે પોતાની પત્નીની જેમ નિંદનીય વર્તન કરે છે તો પોતાની પત્ની સાથે માતાની જેમ વર્તે છે ! મદિરાપાનના કારણે બુદ્ધિથી ભ્રષ્ટ થયેલો માનવ પોતે નોકર હોવા છતાં માલિકની જેમ વર્તન કરે છે તો ક્યારેક પોતે માલિક હોવા છતાં ય જાણે કે નોકર ન હોય, તેમ વર્તે છે ! દારુ પીવાના કારણે લથડીયાં ખાતો તે માનવ ક્યારેક ગટરમાં પડે છે. ત્યાં તેના ખૂલી ગયેલા મોઢામાં કૂતરાઓ છિદ્ર સમજી મૂતરે છે. સુંદર ચિત્રો ઉપર મેશ ચોપડવાથી જેમ તેમની સુંદરતા નાશ પામે છે, તેમ દારુ પીનારો ભૂતથી પીડાયેલાની જેમ નાચે છે, શોકવાળાની જેમ રડ્યા કરે છે, અને દાહજ્વરથી પીડાયેલાની જેમ જમીન ઉપર આળોટ્યા કરે છે. દારુ શરીરને ઢીલું પાડે છે. ઈન્દ્રિયોને નિર્બળ બનાવે છે અને અત્યંત મૂર્છા પમાડે છે. જેમ અગ્નિના કણથી ઘાસની ગંજીઓ નાશ પામે છે તેમ દારુનું પાન કરવાથી વિવેક, સંયમ, જ્ઞાન, સત્ય, શૌચ, દયા અને ક્ષમા વગેરે ગુણોનો નાશ થાય છે. દારુ અનેક દોષો તથા અનેક આપત્તિઓનું સ્થાન છે. માટે કદી ય કોઈએ દારુ પીવો જોઈએ નહિ.

ઉપરોક્ત દોષોના કારણે કલિકાલ સર્વજ્ઞના ઉપદેશથી પરમાર્હત્ મહારાજા કુમારપાળે દારુ સહિત સાતે વ્યસનોને પોતાનાં રાજ્યોમાંથી કાયમ માટે દેશવટો આપ્યો હતો. જેનાથી તેની સમગ્ર પ્રજા સુખ - સંપત્તિયુક્ત બની હતી. બધી તકલીફો તેમનાથી દૂર હતી.

જ્યારે આજે ખૂન, બળાત્કાર વગેરે ગુનાઓ પુષ્કળ પ્રમાણમાં દેખાય છે, તેનું મૂળ તપાસીશું તો કદાચ દારુ સિવાય અન્ય કાંઈ નહિ હોય !

સાપ કે રાજા પ્રાણીઓનું જેટલું અહિત કરી શકે છે કે જેટલું દુઃખ પ્રાણીઓને પહોંચાડી શકે છે, તેનાથી અનેકગણું વધારે અહિત કે દુઃખ ગુણીજનો દ્વારા જેની વારંવાર નિંદા કરાઈ છે, તે દારુ કરે છે. માટે સમજુ માણસથી દારુનું કદી સેવન કરી શકાય નહિ.

(૪) વધુ ક્રૂર કોણ ?

(૮) માંસ : આપણું પેટ એ કાંઈ કાગળની કોથળી, શણની થેલી કે લાકડાની પેટી નથી કે તેમાં ગમે તે વસ્તુ ગમે તે રીતે નાંખી શકાય. પેટ એ આપણા જીવંત શરીરનો એક અત્યંત મહત્ત્વનો નાજુક ભાગ છે. તેમાં જે કોઈ વસ્તુ નાંખવામાં આવે છે તેની જબરદસ્ત અસર શરીરના તમામ અવયવો તથા મન ઉપર થયા વિના રહેતી નથી. અરે ! તેની અસર આપણા આત્મા ઉપર પણ થાય છે. માટે પેટમાં કોઈપણ પદાર્થ પધરાવતાં પહેલાં ખૂબ જ ગંભીરતાથી તેની વિચારણા કરવી જોઈએ. તેના લાભાલાભને નજરમાં અવશ્ય રાખવા જોઈએ.

માંસ મહાવિગઈ છે. તેને આરોગવાનો તો સ્વપ્રમાં ય વિચાર કોઈને ય ન આવવો જોઈએ. જીવોનો સંહાર કર્યા વિના આ માંસ કદી ય મેળવી શકાતું નથી. માંસ ખાનારા માનવ ક્રૂર-નિષ્ઠુર, દયાહીન બન્યા વિના નહિ રહે.

અનંતા ભવોમાં ક્રૂરતા-નિષ્ઠુરતાના કુસંસ્કારો મજબૂત કરીને આવ્યા છીએ. હવે જો આ માનવભવમાં આ ક્રૂરતા-હિંસકતા-નિષ્ઠુરતાના કુસંસ્કારોને ખતમ કરવાનો પ્રયત્ન નહિ કરાય તો પછી તે ખતમ કરાશે ક્યારે ? ક્યાં ?

વર્તમાનકાળે માનવ અને પશુઓની ક્રૂરતાની સરખામણી કરીએ તો આ બેમાં વધુ ક્રૂર કોણ સાબિત થાય ? સાચું કહો : પશુઓએ વધારે માનવસંહાર કર્યો ? કે માનવોએ વધુ પશુસંહાર કર્યો ?

ઠેર ઠેર ઊભાં થયેલાં કતલખાનાંઓ અને વિલાસનાં સાધનો કહે છે કે પશુઓની ક્રૂરતા કરતાં માનવની ક્રૂરતા હજારો યોજન આગળ વધી છે.

આ ક્રૂરતા પેદા કરાવવામાં સૌથી વધારે કારણભૂત કોઈ હોય તો તે છે માંસનું ભોજન ! માંસની ઈચ્છા પેદા થયા પછી, તે મેળવવા માનવ ગમે તે પશુની કતલ કરવા સુધીનો નિર્દય બન્યા વિના રહી શકતો નથી.

માંસ રંધાયા વિનાનું કાચું હોય, રંધાતું હોય કે રંધાઈ ગયેલું હોય, તે ત્રણેય અવસ્થામાં તે અભક્ષ્ય છે. કારણ કે તે ત્રણેય અવસ્થામાં અનંતા નિગોદીયા જીવો તેમાં ઉત્પન્ન થાય છે ને નાશ પામે છે, તેમ ભગવાને કેવળજ્ઞાનમાં જોઈને કહ્યું છે.

વળી માંસ તામસી છે. તે ખાનારાને લડાયક, ઉશ્કેરાટવાળા ક્રૂર ભાવો જાગ્યા વિના રહેતા નથી. તે ખાનારાના જીવનમાં સમતા પેદા થઈ શકતી નથી. શાંતિ અને સમાધિ તો તેનાથી લાખો યોજન દૂર રહે છે. માંસભોજન માનવમાં પુષ્કળ કામવાસના

પણ પેદા કરે છે; જે તેની સભ્યતાને જોખમમાં મૂક્યા વિના પ્રાયઃ રહેતી નથી.

આ વિશ્વમાં જે કોઈ પશુ-પંખી-પ્રાણીઓ છે, તે સૌમાં સૌથી વડીલ તરીકે કે બુદ્ધિમાન તરીકે કોઈ ગણાતો હોય તો તે માનવ છે. આમ માનવ જો દુનિયાનો સર્વ જીવોનો મોટો ભાઈ હોય તો તેનાથી માંસ ખવાય જ શી રીતે ? મોટા ભાઈનું કર્તવ્ય શું ? નાના ભાઈઓની રક્ષા કરવાનું કે નાના ભાઈઓને હોઈયાં કરી જવાનું ? મોટોભાઈ નાનાભાઈનો ભક્ષક ન બને, રક્ષક બને. ખાય નહિ, ખવડાવે. જે માનવ પશુઓના માંસને ખાય તે માનવ માનવ શી રીતે કહેવાય ? તેણે પોતાની ફરજ બજાવેલી શી રીતે ગણાય ?

જો આપણને કોઈ કેરી વગેરે ફળ દેખાય, તો આંખને તેનું રૂપ જોવું ગમે છે. નાકને તેની સુગંધ પસંદ પડે છે. અડીએ તો તેની સુંવાળપ ગમે છે. અને જીભ તો દૂરથી જ તેને પ્રાપ્ત કરવા થનગને છે. મુખમાં પાણી આવે છે. આમ પાંચેય ઇન્દ્રિયોને કેરી વગેરે ફળ આનંદ આપે છે.

પણ માંસનો ટુકડો ! આનંદની વાત જવા દો, મોં બગાડે છે. જોતાં ઘૃણા પેદા થાય છે. તેની દુર્ગંધથી નાક મચકોડાય છે. હાથ લગાડવાનું તો મન જ થતું નથી. પાંચેય ઇન્દ્રિયોને જે ચીજ અત્યંત ગંદી લાગતી હોય તે ચીજને પેટમાં તો નંખાય જ શી રીતે ?

માંસ ખવાય જ નહિ, તે માટે 'આહારશુદ્ધિ પ્રકાશ' પુસ્તિકામાં આવેલા લખાણને અત્રે સાભાર ઉદ્ધૃત કરવામાં આવે છે.

માંસના મુખ્યત્વે ત્રણ પ્રકારો છે. ૧. જલચરનું માંસ. ૨. સ્થલચરનું માંસ અને ૩. ખેચરનું માંસ. જલચર એટલે માંછલાં, દેડકાં, કાચબા વગેરે જળમાં રહેનારાં પ્રાણીઓ. સ્થલચર એટલે હરણ, ઘેટાં, બકરાં, ગાય, બળદ, પાડા, ભૂંડ, સસલાં, વગેરે ભૂમિ પર ફરનારાં પ્રાણીઓ. અને ખેચર એટલે કૂકડા, કબૂતર, તેતર, ચકલાં વગેરે આકાશમાં ઊડનારાં પક્ષીઓ. આ ત્રણે પ્રકારનાં પ્રાણીઓનાં માંસ-ભક્ષણમાં પંચેન્દ્રિય જીવની હત્યારૂપ મહાપાપ છે.

પંચેન્દ્રિય પ્રાણીઓનો વધ કર્યા સિવાય માંસ તૈયાર થતું નથી. વળી તેમાં પળે પળે અનેક સંમૂર્ચ્છિમ જીવો, અનંત (નિગોદના) એકેન્દ્રિય જીવો, સૂક્ષ્મ ત્રસ કીડાઓ ઉત્પન્ન થાય છે. એટલે માંસને સર્વથા અભક્ષ્ય ગણવામાં આવ્યું છે.

મનુષ્યે માંસાહાર છોડીને માત્ર વનસ્પતિનો આહાર શા માટે કરવો ? તે અંગે મનનીય મુદાઓ : (૧) અન્ન, શાક, ફળ-ફૂલ, રૂપ વનસ્પતિમાં શુદ્ધ, પુષ્ટિકારક, સુસ્વાદુ અને ઉપયોગી ખોરાક મળી શકે છે, તેથી મહાહિંસા દ્વારા જીવનને ભ્રષ્ટ કરનાર માંસનો ઉપયોગ કરવાની જરા પણ આવશ્યકતા નથી. અનાજ ઓછું પાકે છે તેથી માંસાહાર કરવો જોઈએ એ દલીલ વાહિયાત છે. જે શક્તિઓને પ્રાણીઓના

શિકાર કરવામાં કે માછલા પકડવામાં ખર્ચવામાં આવે છે તેનાથી અનેક રોગો થાય છે. તેના પ્રતિકારની દવાઓ, દવાખાનાંઓ ઊભાં કરવાં પડે છે. માટે માનવને નિરોગી અને સુખી રાખે તે માટે તે શક્તિ માંસમચ્છી પાછળ ન ખરચતાં અન્નની પાછળ ખરચાય તો સર્વેને ભરપૂર અન્ન મળી શકે. પ્રજા સુખી અને નિરોગી રહે.

૨. મનુષ્ય જાતિનું શરીર સ્વભાવથી માંસાહારને યોગ્ય નથી. માંસ સહેલાઈથી પચાવી શકાતું નથી. ઊલટું લાખો લોકો કેન્સરના તથા બીજા અનેક ભયંકર રોગોના શિકાર બની ગયા.

૩. માંસ એ શરીરનો મરેલ ભાગ છે એટલે શરીરમાંથી છૂટું પડતાં જ તે સડવા માંડે છે. અને તરત જ તેમાં તેનાં રંગનાં બારીક જંતુઓ ઉત્પન્ન થઈ જાય છે, તેમજ અનંત નિગોદના જીવો ઉત્પન્ન થાય છે.

કૃત્રિમ બનતી ચીજોથી સાવધાન બનો :

કેટલાક દગાખોર લોકો ઘીમાં ચરબીનો ભેળ કરે છે. વિલાયતી બિસ્કુટ-ચોકલેટ-ચીંગમ વગેરેમાં માંસ-મચ્છી, ઈંડાંનું મિશ્રણ થાય છે. આજે ઈંડાંના રસવાળી, ગાય-બળદના માંસની પણ ચોકલેટ આવે છે. આપણે પતાસાં વગેરેને બદલે પ્રાણીના સિંહ - ઘોડો - હાથી - માછલી વગેરેના આકારની પીપરમેંટની ગોળીઓ છોકરાંઓને વહેંચીએ છીએ, તે મોટામાં મોટી ભૂલ થાય છે. તેનાથી હિંસક સંસ્કાર પડે છે. નવી પેઢીનાં સંતાનોને માંસાહારી બનાવવાની તરકીબ છે. મેં વાઘ ખાધો, માછલી ખાધી વગેરે બાળકો બોલે છે. માછલાં વગેરેના આકારની પીપરમેંટની ગોળીઓ, નાની ચોકલેટો, મોટી ચોકલેટો વગેરે હાડકાના પાવડરમાંથી, માંસ-ચરબીમાંથી પણ બનાવેલી હોય છે. માટે આ કાળે ખૂબ જ સાવધાન રહેવાની જરૂર છે. નિશાળમાં અપાતા અભક્ષ્ય નાસ્તાથી બાળકોએ ચેતવા જેવું છે.

મનુષ્યના લોહીના એક હજાર ભાગમાં ફાઈબ્રીન નામનું તત્ત્વ ત્રણ ભાગથી વધારે હોય તે ઈષ્ટ નથી. વનસ્પતિનો ખોરાક લેવાથી આ ફાઈબ્રીનનું તત્ત્વ પ્રમાણસર જળવાઈ રહે છે, જ્યારે માંસાહારનો ખોરાક લેવાથી ફાઈબ્રીનનું પ્રમાણ લોહીમાં વધી જાય છે અને તેથી ઘણા રોગો ઉત્પન્ન થાય છે.

ડૉક્ટર પાર્ક : પ્રાણીજન્ય અને વનસ્પતિજન્ય આહારના વિષયમાં સૂચિત કરે છે કે માંસમાં ઉષ્ણતા અને ઉત્સાહને ઉત્પન્ન કરનારું તત્ત્વ ૬ ટકા છે, જ્યારે ઘઉં, ચોખા અને શીંગોમાં થતા અનાજમાં ૪૫ થી ૮૦ ટકા છે.

માંસાહારથી થતાં વિવિધ નુકસાનો : (૧) માંસ દેખાવમાં અસ્વચ્છ, કમકમાં ઊપજે એવું અને બદબોવાળું છે. (૨) તે ઝાઝી મુદત રહી શકતું

નથી, સડી જાય છે. (૩) તે ખાવાથી નીતિમાં બગાડ થાય છે. (૪) માણસ જેમ વનસ્પતિના ખોરાક ઉપર જીવનભર આરોગ્યવાળી સ્થિતિમાં જીવી શકે છે તેમ એકલા માંસના ખોરાક ઉપર લાંબી મુદત સુધી જીવી શકતો નથી. (૫) તે ખાવાથી કૅન્સર, ક્ષય, ગંડમાલ, રક્તપિત્ત, વાતપિત્ત, સંધિવા અને પથરીના રોગ થાય છે, એ આજના ડૉક્ટરો કહે છે. આથી પરદેશમાં ઘણો વર્ગ શાકાહાર તરફ વળતો જાય છે. (૬) માંસમાં નાઈટ્રોજન જોઈએ તે કરતાં વધારે હોવાથી માણસ ફૂલી જાય છે. શરીરમાં વધારે ગરમી ઉત્પન્ન થતાં ક્રોધી-કામી-તામસી બને છે, જેથી નજીવી વાતમાં ખૂન સુધી પહોંચી જાય છે, અને નાની બાળાઓ પર બળાત્કારના કિસ્સાઓ વધતા જાય છે. (૭) માછલીનું માંસ ખાનારામાં એક જાતના પહોળા માથાવાળા પાટી કીરમ જોવામાં આવે છે. યુરોપના ઉત્તર રશિયા, નોર્વે, સ્વીડન અને આયર્લેન્ડમાં આ ટેપવર્મ કીરમથી થતી જીવલેણ વ્યાધિ જોવામાં આવે છે.

જીવલેણ બનતો મત્સ્યાહાર : અબજો રતલ ડી.ડી.ટી. દરિયામાં ઠલવાયેલું છે અને દર વરસે તેમાં ૧૦ કરોડ રતલનો વધારો થતો રહ્યો છે.

આણવિક કચરા ('ન્યુકલીઅર વેસ્ટ') કરતાં પણ આ રાસાયણિક કચરો એટલો ખતરનાક છે કે એક ગ્રામનો દસ લાખમો ભાગ પણ માણસના પ્રાણ હરી લેવા પૂરતો છે. કલકત્તાની હુગલી નદીમાં રોજ ૬ કરોડ ગેલન માનવવસ્તીનો કચરો અને ૯ કરોડ ૭૦ લાખ ગેલન ઉદ્યોગોનો પ્રવાહી કચરો બંગાળના ઉપસાગરમાં ઠલવાય છે. એથીય વધુ મુંબઈની શિવ અને વસઈની ખાડીઓનું પ્રદૂષણ કચરાને લઈને વધતું જાય છે. માનવીની અને ઉદ્યોગની પ્રદૂષણ પ્રવૃત્તિ એટલી હદે આગળ વધી છે કે ઉત્તર અને દક્ષિણ ધ્રુવના વિસ્તારને બાદ કરતાં દરિયા, નદી કે સરોવરનો કોઈ સ્રોત એવો નથી કે જે પ્રદૂષણથી મુક્ત હોય. દૂષક દ્રવ્યોનું પ્રમાણ વધવા સાથે એની વિષમયતા પણ વધતી જાય છે, જે જીવસૃષ્ટિ માટે ખતરારૂપ છે. દરિયામાંથી પકડાતી માછલીનો આહાર મનુષ્યને માટે શાપરૂપ છે એમ સંશોધનકારો કહે છે. (૮) ડુક્કર કે ભૂંડનું માંસ ખાવાથી વાંકડિયા કીરમ શરીરમાં ઉત્પન્ન થતાં માણસોનું મરણ નીપજે છે. (૯) ગાય - બળદના કલેજાં તથા આંતરડાં ઉપર જે સફેદ દાણા દેખાય છે તે એક પ્રકારના કીડા છે. તેવું માંસ શરીરમાં જઈને અનેક જંતુઓ ઉત્પન્ન કરી રોગિષ્ઠ બનાવે છે.

માંસથી થતા ગેરફાયદાઓ :

૧. માંસ માટે જીવોને મારવાની સલાહ આપનાર. ૨. કાપનાર ૩. મારનાર ૪. લેનાર ૫. દેનાર. ૬.રાંધનાર ૭. પીરસનાર ૮. ખાનાર એ સર્વેને પંચેન્દ્રિય જીવના પ્રાણી-વધનું મહાપાપ લાગે છે, ને દુર્ગતિમાં નરકે જાય છે.

૨. શુક્ર અને લોહીથી ઉત્પન્ન થયેલા, વિષ્ઠાના રસથી વધેલા એવા લોહી વડે ઠરી ગયેલા મળરૂપ માંસને કોણ બુદ્ધિમાન ભક્ષણ કરે ?

૩. જેઓ માંસનું ભોજન કરે છે તેઓ અમૃતરસ છોડીને હલાહલ વિષ ખાય છે.

૪. જે માણસ પોતાના શરીરે એક ડાભનું તણખલું વાગવાથી પણ દુભાય છેતે નિરપરાધી પ્રાણીઓને તીક્ષ્ણ હથિયારો વડે મારતાં કેમ કંપતો નથી ?

૫. નિર્દય માણસમાં ધર્મ હોય નહિ તેમ માંસભક્ષણ કરનારમાં દયા ક્યાંથી હોય ?

૬. પાપના ભય વિના માનવભવ સુધી ઊંચે આવવું દુષ્કર છે. જ્યારે માંસ અધઃ પતન કરી નીચે દુર્ગતિમાં લઈ જાય છે. પછી ત્યાંથી મનુષ્યભવ મેળવતાં કાળના કાળ નીકળી જાય છે.

૭. પરલોકના નરક-નિગોદના અનંત-દુઃખને માટે બનનારી માંસ-ભોજનની પ્રવૃત્તિ કયો વિવેકી કરે ?

૮. પ્રાણીવધનો ત્યાગી, દયાધર્મનું આચરણ કરનાર જીવ ભવોભવ સુખી થાય છે. જ્યારે માંસાહારી અનેક જન્મો સુધી રિબાઈને દુઃખી બને છે.

૯. માંસભક્ષણના ત્યાગ વિના ઇન્દ્રિયોનું દમન, દાનાદિ, ધર્મ-તપાદિ સર્વ નિષ્ફળ છે.

૧૦. માંસાહારના મહાપાપથી નિરાધાર સ્થિતિ, ઇષ્ટનો વિયોગ, દુઃખ, દરિદ્રતા, દૌર્ભાગ્ય વગેરે અનેક દુઃખો પરાધીનપણે વેઠવાં પડે છે.

માંસનો ઉપયોગ શા માટે નહિ ?

(૧) માંસ મનુષ્યનો વાસ્તવિક ખોરાક નથી, સૃષ્ટિ વિરુદ્ધ છે. (૨) આરોગ્યને બાધક, અયોગ્ય, અપથ્યકર, અહિતકર અને આયુષ્યનો બાધક છે. (૩) માંસનું રૂપ આંખને પણ ગમે તેવું નથી. (૪) દુર્ગંધ મારતું હોય છે. (૫) અપવિત્ર ગણાય છે. (૬) નિર્દયી કૃત્ય છે. (૭) પ્રાણીને મારતી વખતે તેનું લોહી ઊકળી ઊઠે છે ને ઝેર રૂપ બને છે. તેની ઉગ્ર અસર ખાનારને થાય છે. (૮) માંસ ખાવું એ ધર્મ નહિ, અધર્મ છે. (૯) મનુષ્યનો આધાર વીર્યશક્તિ ઉપર રહેલો છે, માંસ ઉપર નહિ. (૧૦) માંસ, ખાવાથી તાકાત વધતી નથી. માંસ નહિ ખાનાર હાથી, ઊંટ, જિરાફ, હરણ, ઘોડો, વાદરો ખાસિયતોમાં મુખ્ય સ્થાને છે. (૧૧) અન્નફળ, દૂધ આદિ પદાર્થોથી શારીરિક તંદુરસ્તી ઘણી ઉત્તમ રહે છે, જ્યારે માંસથી તંદુરસ્તીનો નાશ થાય છે. (૧૨) જ્યોર્જ બર્નાર્ડ શોએ પાર્ટીમાં અભિપ્રાય કહ્યો કે 'મારું પેટ કબ્રસ્તાન નથી.' (૧૩) કુદરતનો નિયમ છે કે મોટા નાનાનું (મનુષ્યો પશુ-પંખીઓનું) રક્ષણ કરે. (૧૪) આ લોકમાં કેન્સર જેવા ભયંકર વ્યાધિની અને પરલોકમાં ભયંકર નરકની ભેટ આપે છે.

(૧) ડૉ. રોબર્ટ બેલ એમ. ડી. 'કેન્સર સ્કર્જ ઍન્ડ હાઉ ટુ ડિસ્ટ્રોય ઈટ' પુસ્તકમાં લખે છે કે વિશ્વમાં બે કરોડ અને પચીસ લાખ માનવી અને એકલા ઈંગ્લૅન્ડ અને વેલ્સમાં ૩૦ હજાર માનવી કૅન્સરથી મર્યા તેનું મુખ્ય કારણ માંસનું ભોજન છે. માટે માંસનો હું નિષેધ કરું છું.

(૨) ડૉ. બેઝ ચીનમાં મુસાફરી કરવા ગયા તે વખતે અનાજ ખાનાર મજૂરો પોતાને ઉપાડવા માટે રાખ્યા. વારાફરતી બે બે જણ ઉપાડતા હતા. ત્રણ દિવસ પછી માંસનો ખોરાક આપ્યો તો તે મજૂરો થાકી જતા જણાયા. કાર્યક્ષમ શક્તિ ઘટી ગઈ, તે પ્રત્યક્ષ થયું.

(૩) સર વોલ્ટર સ્ટોક ફરગ્યુસને લખ્યું છે કે ૬૫ વર્ષની ઉંમરે તેના વર્ગમાં ભાષણ આપતાં લકવો થઈ ગયો. તેમની સારવાર માટે મિત્ર રસાયણશાસ્ત્રી ડૉ. બ્લેકને બોલાવ્યા. તેમણે શાકાહારી થવાની ભલામણ કરી. તે શાકાહારી થયા તેથી તેમના અવયવો સારા થઈ ગયા. ૩૦ વર્ષ વધારે જીવ્યા. માંસાહાર શ્રાપરૂપ છે જ્યારે શાકાહાર આશીર્વાદરૂપ છે.

(૪) ડૉ. હેગ કહે છે કે ખરેખર પાચનશક્તિના, કલેજાના અને પિત્ત વધવા તથા માથું દુઃખવાની સાથે બીજાં દરદો લોહીમાં માંસાહારથી વૃદ્ધિ પામેલા યુરિક ઍસિડના કારણે છે.

(૫) અમેરિકાની હાવર્ડ મેડિકલ સ્કૂલના ડૉ. ઍ. વાચમૈન અને ડૉ. ડી. એસ. બર્નસ્ટીન 'લેન્સેંટ ૧૯૬૮'ભાગ ૧ તથા ૬૫૮મા પૃષ્ઠ પર તેની પોતાની મહત્ત્વપૂર્ણ વૈજ્ઞાનિક શોધના પરિણામ વિશે લખે છે : માંસભક્ષણથી હાડકાં કમજોર બને છે.

માંસાહારી લોકોનો પેશાબ તેજાબ જેવો હોય છે. તેથી લોહી અને તેજાબના ક્ષારનું પ્રમાણ જાળવી રાખવા માટે હાડકામાંથી ક્ષાર અને તેજાબિક મીઠું લોહીમાં ભળે છે. અને તેથી ઊલટું, શાકાહારી લોકોના પેશાબ ક્ષારવાળા હોય છે. એટલે તેનાં હાડકાંના ક્ષાર લોહીમાં ન જતાં હાડકાંમાં જ રહી જાય છે. તેથી તે મજબૂત રહે છે. માણસનાં હાડકાંને કમજોર કરનાર માંસ છે.

(૬) રસાયણશાસ્ત્રી ડૉ. વિસંગાલ્ટ પોતાના ગ્રંથમાં લખે છે કે માંસમાં દર સો ભાગે ૩૬ ભાગ પૌષ્ટિક અંશ અને ૬૪ ભાગ પાણી હોય છે. જ્યારે અન્નમાં ૮૦ ટકાથી ૯૦ ટકા પૌષ્ટિક તત્ત્વ, તદુપરાંત વિદ્યુતઅગ્નિનું તત્ત્વ હોય છે. તે તત્ત્વ માણસના જીવન માટે અતિ અગત્યનું હોય છે. તેથી હાડમાં વૃદ્ધિ અને પ્રબળતા થાય છે. આ તત્ત્વ વનસ્પતિમાં જેટલે અંશે છે તેટલે અંશે માંસમાં નથી.

(૭) ડૉ. જ્યોર્જ વિલ્સન જણાવે છે કે 'માંસમાં ઉષ્ણતા અને ઉત્સાહોત્પાદક ૮થી

૧૦ અંશ જ્યારે ઘઉં-ચોખા-ચણા વગેરેમાં ૬૦થી ૮૦ અંશ ઉષ્ણતોત્પાદક તત્ત્વો છે.'

(૮) એડમ સ્મિથના 'વેલ્થ ઑફ નેશન્સ' પુસ્તકના ૩૭૦મા પૃષ્ઠ પર લખ્યું છે કે અનાજ-ઘી-દૂધ અને બીજી વનસ્પતિના શુદ્ધ ખોરાકથી માંસ ખાધા વિના ઘણી જ સરસ રીતે તંદુરસ્તી, પુષ્ટિ અને શારીરિક-માનસિક સ્થિતિ મેળવી શકાય છે.

(૯) ડબલ્યુ. ગિબ્સન વાડ એફ. આર. સી. એસ. 'ધી ટાઈમ્સ પત્ર'માં લખે છે કે 'હું ત્રીસ વર્ષથી દારૂ માંસ કે મચ્છી ન વાપરતાં માત્ર વનસ્પતિ ને ફળાહાર ઉપર રહી પૂરા અનુભવથી લખું છું કે ચરબીવાળા એક હજાર માણસોમાંથી એક માણસ પણ ફેફસાની બાબતમાં મારી બરાબરી કરી શકશે નહીં. અવયવોના બળમાં થોડા જ બરાબરી કરી શકશે. આ અનુભવથી હિંમતપૂર્વક કહું છું કે વનસ્પતિના ખોરાકથી પોષણ પામેલાં બચ્ચાંઓ રોગરહિત તથા કૌવતથી ભરપૂર રહેવાં જોઈએ.'

(૧૦) મિસ્ટર ફ્લેમિન્ગ કહે છે કે માંસ કપાયા પહેલાં પ્રાણીને થતા રોગોની પરીક્ષા તેની આબાદ અવસ્થામાં થતી નથી. તેથી તેના રોગનો વારસો માંસાહારીને પ્રાપ્ત થાય છે અને જીવનને જોખમમાં મૂકી દે છે.

(૧૧) ડૉ. કેમેરને અનુભવથી કહ્યું છે કે મોઢામાં તથા ગળામાં થતા સોજાના રોગ તે ખરેખર પશુઓના માંસથી થાય છે.

માંસાહારથી થતી હાનિઓ

(૧) દાંત : માંસાહારીના દાંત જરા પીળાશ પડતા, પેઢાં ખવાઈ ગયેલાં, દાંત ઢીલા પડી જતાં અથવા ટૂંક સમયમાં કૃત્રિમ દાંત પહેરવાની ફરજ પાડતાં, મોં દુર્ગંધ મારતાં, દાંત સડી જતા વધારે મળી આવે છે. હોજરી-પેટ અને ગળાનાં દર્દો થાય છે.

(૨) લોહીમાં યુરિક એસિડ : આપણા શરીરમાં જે ખોરાક લેવાય છે તેનો ઘટતી જગ્યાએ ઘટતો ફેરફાર થઈ, છેવટે લોહીમાં તેનાં તત્ત્વો ફરવા માંડે છે અને લોહીમાં પૂરતું કામ બજાવી છેવટે તેનો ઉપયોગ ન આવતો ભાગ બહાર નીકળે છે. તે બહાર નીકળવા માટે મુખ્ય ચાર રસ્તા છે. પેશાબ, મળ, શ્વાસોચ્છ્વાસ અને પરસેવો. જેટલે જેટલે અંશે આ માર્ગો ખુલ્લા નથી હોતા તેટલે તેટલે દરજ્જે શરીરમાં ચાલતી દરેક ક્રિયાનો અવરોધ થાય છે. અને તે તે પ્રમાણે શરીરમાં વ્યાધિ થાય છે.

(૩) દારૂ પીવાની ટેવ પડે છે : માંસાહાર કરવાથી એક જાતની તરસ લાગે છે અને તે છિપાવવાને માટે દારૂ પીવો પડે છે. તેમ કરતાં દારૂની ટેવ પડે છે, અને દારૂ પણ વ્યસન હોવાથી એકને બદલે બે જાતની બદી ગળે વળગે છે, જેથી માણસ પાયમાલ બને છે.

(૪) ઘાતકી અને કજિયાખોર સ્વભાવ પેદા કરે છે : લેન્સેટમાં (**Vol. 1. 1889**) મિ. લીબીંગ સિદ્ધ કરવા માગે છે કે માંસાહારથી માંસાહારી જાતોમાં ઘાતકી અને કજિયાખોર સ્વભાવ પેદા થાય છે. અને આ સ્વભાવને લીધે તેઓ શાકાહારીથી જુદા ઓળખાઈ આવે છે. ગીસનના એનેટોમિકલ મ્યુઝીયમમાં એક રીંછ રાખવામાં આવ્યું હતું. જે સ્વભાવે શાંત અને નમ્ર હતું જ્યાં સુધી તેને ફક્ત રોટીનો જ ખોરાક આપવામાં આવતો હતો ત્યાં સુધી પણ થોડા દિવસના માંસાહારથી તે દુર્ગુણી અને ઝનૂની-ક્રૂર બની ગયું.

(૫) દીવાનાપણું વધે છે : આ દરદ માંસથી થયેલ લોહીના ફેરફારને લઈને મગજ ઉપર થતી અસરને લીધે ઉદ્ભવે છે. જ્યાં માંસાહાર વિશેષ પ્રમાણમાં વપરાય છે ત્યાં મેન્ટલ હોસ્પિટલ-દિવાનશાળા (પાગલખાના)ની સંખ્યા વિશેષ છે. હજારો માનસિક ચિકિત્સકો છે, અને હિસાબ વિનાના દરદીઓ છે.

(૬) રૂપમાં સરસાઈ ભોગવતા નથી : માંસના ભોજનથી શરીરના અવયવોમાં ખામી ઊભી થાય છે. ભિન્ન ભિન્ન રોગથી શરીરનું તેજ-લાવણ્ય-સૌન્દર્ય હીનકોટિનું બનતું જાય છે. જે શાકાહારીના રૂપની સાથે તુલનામાં આવી શકતું નથી.

(૭) રોગોત્પાદક માંસ : પ્રાણીના માંસથી માંસાહારી લોકો ભયંકર દરદના ભોગ બની રિબાય છે.

પ્રો. ગામગી પોતાના રિપોર્ટમાં કહે છે કે 'જે માંસ ખાવાના ઉપયોગમાં લેવાય છે તેનો પાંચમો ભાગ ઝેરી તેમજ જૂનાં દરદોથી પીડાતાં જાનવરોને મારવાથી થાય છે.

સર રોબર્ટ - એમ. ડી. ખાતરીથી કહે છે કે જે જાનવરોને પાઠાં જેવાં દરદો થયાં હોય છે તેઓનું માંસ તથા દૂધ જેવા પદાર્થો એટલા તો ઝેરી છે કે જેઓ તેને અડકે છે અથવા ખાય છે. તે બધા સરખી રીતે ગંભીરપણે હેરાન થાય છે. ડો. એ. કાર્પેન્ટરે કહેલું કે એક પોલીસનો એજન્ટ કે જે મેટ્રોપોલીટન મીટ મારકેટનો ઈન્સ્પેક્ટર હતો તેને પ્રતિજ્ઞાપૂર્વક નીચે પ્રમાણે કહેતાં મેં સાંભળ્યો છે કે 'લંડન (ધ્યાન આપજો લંડન જેવા)ની મારકીટમાં જે માંસ મોકલવામાં આવે છે તે સેકંડે ૮૦ ટકા ક્ષય વગેરે રોગજનક હોય છે.'

(૮) અકરાંતિયા થઈ જવાય છે : એવું સાબિત થયું છે કે પૂરતું બળ ટકાવી રાખવાને માંસ મોટા જથ્થામાં લેવું પડે છે. તેથી ધીમે ધીમે અકરાંતિયા થઈ જવાય છે.

(૯) બળની હાનિ થાય છે : તેનાથી મોટાં પરાક્રમ થતાં નથી.

વળી બળ વધારે વાર ટકી નહીં શકવાથી બળવાળા જે કામ કરવાનાં હોય છે તેમાં માંસાહારી પ્રજા હરીફાઈમાં ટકી શકતી નથી. બળવાળાં કામ કે જેમાં બોજો ઊંચકવાનું કામ છે, રમવા-દોડવાની શરતો છે, અથવા ખંતથી લાગ્યા રહેવાનાં જે કામો છે, તે કામોમાં હંમેશાં વનસ્પતિ આહારવાળાઓએ જ મોટી ફતેહ મેળવી છે.

(૧૦) આયુષ્ય ઘટે છે : માંસાહારથી અકાળે મરણ થાય છે, જલદી ઘડપણ આવે છે, મંદવાડનાં અને લોહીવિકારનાં ચિહ્નો જલદી પ્રગટે છે.

માંસનો નિષેધ કરતાં સર્વપ્રજાનાં ધર્મશાસ્ત્રો :

માંસાહારની બાબતમાં સ્વાદલોલૂપ વ્યક્તિઓએ ધર્મશાસ્ત્રનું ઉલ્લંઘન કરવામાં શરમ-સંકોચ રાખ્યો નથી. આત્માને સુખી કરનારું પરમતત્ત્વ જીવદયા-અહિંસા, સંયમ, કરુણા છે. તેનો વિકાસ કરવાનું વિધાન સર્વ ધર્મશાસ્ત્રમાં છે. જો દરેક પ્રજા પોતાના ધર્મશાસ્ત્રનું માન જાળવે તો આપોઆપ માંસાહાર બંધ થયા વિના રહે નહિ. ધર્મની આજ્ઞાનું ઉલ્લંઘન એટલે ઈશ્વરના કાનૂનનું ઉલ્લંઘન છે. સર્વ જીવોને સુખી કરનાર અહિંસા છે, જ્યારે દુ:ખી કરનાર હિંસા છે.

આજે મોટાભાગના લોકોને પોતાના ધર્મમાં અને ધર્મશાસ્ત્રમાં શ્રદ્ધા રહી નથી... પરંતુ પોતાનું અશુભ કરેલું પોતાને જ કર્મની પીડાથી ભોગવવાનું છે. કોઈને પીડા આપવાથી કદી પણ સુખ મળતું નથી. પરંતુ અનંત વેદના ભોગવવી પડે તેવી નરકમાં સ્થિતિ થાય છે તેમ જ્ઞાની પુરુષો ધર્મશાસ્ત્રમાં વર્ણવે છે. દરેક પ્રજાનાં ધર્મશાસ્ત્રમાં માંસના ભોજનનો નિષેધ જોવા મળે છે. જે નીચે મુજબ છે :

(૧-૨) બાઇબલના જેન્સીસમાં ખુલ્લું ફરમાન છે કે -

(1-2) Behold I have given you every herb bearing seed, which is upon the face of all the earth, and every tree in the which is the fruit of a tree yielding seed, to you it shall be for your food. (Gensis-Chap-29)

And ye shall be holy men unto me; neither shall ye eat only flesh that is torn of beasts in the fields. (BIBLE-CHAP-22).

પરમેશ્વર કહે છે કે 'જુઓ તમે ! મેં તમને જે દરેક જાતનાં બી આપનાર છોડવા આપેલા છે, જે પૃથ્વીના દરેક ભાગમાં તમને મળી શકશે અને દરેક જાતનાં વૃક્ષો આપેલાં છે કે જે ફળ અને બી પૂરાં પાડશે ને તે વસ્તુઓ તમારા ખોરાકને માટે કામ આપશે.'

'અને તું મારી તરફ પવિત્ર રહેજે. કોઈ પણ જાતનું માંસ ખાઈશ નહિ કે જે માંસ જંગલના નિરપરાધી જાનવરોને ફાડીને દુ:ખ આપવાથી ઉત્પન્ન થાય છે !' બાઈબલ : પ્રકરણ : ૨૨

(૩) 'And when ye spread forth your hands, I will hide mine eyers from you yes, when ye make many prayers. I will not hear because hands are full of blood.

'હે માંસાહારી ! તું પગે પડીશ ત્યારે હું આંખ બંધ કરી દઈશ અને તમારી પ્રાર્થનાઓ સાંભળીશ નહિ, કારણ કે તમારા હાથ લોહીથી ખરડાયેલા છે.'

(૪) **'હે ભલા તેરા ઈસીમેં, માંસ ખાના છોડ દે'**
ઈસ મુબારક પેટ કો, કબરેં બનાના છોડ દે'

હુશીઆ, અધ્યાય-૮ આયાત-૧૫.

(૫) ગુરુ નાનક (ગ્રંથસાહેબમાં) કહે છે કે :-

'જે રત્ત લગે કપ્પડે, જામા હોય પલિત્,
તે રત્ત ખાધી માનસા, તે કિમ નિરમલ ચિત્ત ?

'કપડા ઉપર લોહીનો એક ડાઘ પડવાથી શરીર અપવિત્ર ગણાય છે. તો પછી તે જ ખૂન, લોહી પેટમાં જવાથી નિર્મળ ચિત્ત કેવી રીતે થઈ શકે ? બહારની અપવિત્રતા પાણીથી દૂર થઈ શકે છે, પણ હૃદયની અપવિત્રતા દૂર કરવી ઘણી દુષ્કર છે.'

(૬) કબીર ફરમાવે છે કે :-

'તિલભર માછલી ખાય કે, કોટી દે ગૌ દાન,
કાશી કરવટ લે મરે, તો ભી નરક નિદાન.

જે મનુષ્ય તલભાર જેટલી માછલી ખાય પછી કરોડો ગાયોનું દાન આપે કે કાશીએ જઈ કરવતથી મરે છતાં તેની નરક મટતી નથી.

(૭) કુરાને શરીફ : (૨૨મી સુરા : ૩૭ મી આયાત)

તેઓનું (પશુઓનું) માસ તેમજ લોહી ખુદાને કદી પહોંચતું નથી પણ તમારી પરહેજગારી - દયા તેને પહોંચે છે.

પ્રાણીઓની ઉત્પત્તિ મુસલમાન ધર્મ પ્રમાણે નાપાક ચીજમાંથી છે, તેથી માંસ પણ નાપાક છે. આથી માંસ ત્યાજ્ય છે. ધર્મવિરુદ્ધ છે.

(૮) શ્રી મહાભારતના અનુશાસન પર્વમાં કહ્યું છે કે જે પારકા માંસે કરી પોતાના માંસને વધારવા ઇચ્છે છે, તેનાથી વધારે કોઈ અધમ નથી અને તે અતિક્રૂર છે.

(૯) શ્રી મનુસ્મૃતિ : કોઈ પણ પ્રાણીનો વધ કર્યા સિવાય માંસ મળતું નથી અને પ્રાણીનો વધ કરવાથી કદી સ્વર્ગ મળતું નથી.

(૧૦) શ્રી વૃદ્ધ પરાશર સ્મૃતિ : જે પુરુષ પ્રાણીની હિંસા કરી તેના માંસ વડે પિતૃદેવને તૃપ્તિ કરે છે, તે મૂર્ખ સારા સુગંધીમાન ચંદનને બાળીને તેની રાખનું પોતાના

શરીરે લેપન કરે છે. યજ્ઞ તથા શ્રાદ્ધને વિષે કોઈ જીવની હિંસા ક્યારેય ન કરવી.

(૧૧) 'ફલા તજઅલ બુતુન, કુમ મકાબરલ હયૂવાનાત

'તું પશુ-પક્ષીઓની કબર તારા પેટમાં કરીશ નહિ' - મીશરો

(૧૨) કુરાન શરીફમાં સૂરાઅન : અલ્લાએ ચોપગાં જનાવરો ભાર ઉપાડવા માટે પેદા કીધાં છે અને ખાવા માટે જમીનને લગતી વનસ્પતિ તથા અનાજ ઉત્પન્ન કર્યું છે તે તમે ખાઓ. (નહીં કે પશુઓનું માંસ).

(૧૩) તીર્થ મક્કામાં કોઈએ જનાવર મારવું નહિ. ધર્મ દયામાં છે. હિંસામાં નહિ.

(૧૪) ઈજસ્ને : જેઓ ગોસ્પંદો-ચોપગા જનાવરને કાપવાને કે ખાવાને હુકમ આપે છે, તેઓને પારસીઓના પરમેશ્વર હોરમજદે કડક શિક્ષા તથા દૂર રાખવા કહેલું છે.

(૧૫) **'Be ye therefore merciful as your father is merciful' =** જ્યારે તમારા પિતા-પ્રભુ દયાળુ છે તો તેમનાં સંતાનો પણ દયાળુ બને. કોઈ જીવને સતાવો નહિ.

(૧૬) જમીયાદ યસ્ત ૫૮ : એક જીવતા પ્રાણીના શરીરને અથવા ઈંડાને નુકસાન કરનાર તે પરમેશ્વર હોરમજદની વિરુદ્ધનો અને શેતાન-આહેરમનની તરફનો છે.

(૧૭) વર્ડસ્વર્થ કવિ પ્લેઝર્સ ઑફ લાઈફમાં કહે છે કે **Don't mingle the pleasure or the joy, with the sorrow of the meanes thing that feels. =** હે ભાઈ! એવી કોઈ પણ વાતમાં ખુશાલી કે આનંદ માનીશ નહિ, કે જેથી લાગણી ધરાવતા કોઈ પણ જીવને દુઃખ પડે કે મૃત્યુ થાય.

(૧૮) મનુ મહારાજ કહે છે કે : જેઓ માંસ ખાતા નથી અને બીજા જીવોની હિંસા કરતા નથી એ પ્રાણીમાત્રના મિત્ર બને છે.

(૧૯) શ્રુતિ અને સ્મૃતિ ગ્રંથો : સમસ્ત સુવર્ણનું દાન, ગોદાન તથા ભૂમિદાનો કરતાં જીવનભર માંસભક્ષણ ન કરવામાં વિશિષ્ટ ધર્મ = અભયદાન મનાય છે.

(૨૦) શ્રી બુદ્ધ કહે છે કે : બધા જીવોને આયુષ્ય ને સુખ પ્રિય છે. તથા દુઃખ અને હત્યા અપ્રિય અને પ્રતિકૂળ છે. જીવો જીવનની ઇચ્છા રાખવાવાળા અને તેને પ્રિય માનવાવાળા છે, તેથી જીવવા દો અને જીવો. (૧) પોતાના પ્રાણની રક્ષા માટે પણ કોઈ પ્રાણીનો વધ ન કરો. (૨) પ્રાણીમાત્ર પ્રત્યે આપણે ઉપર, નીચે અને ચારેકોર અસંબાધ, અવૈર અને મૈત્રીની અસીમ ભાવના વધારવી જોઈએ.

(૨૧)કબીર કહે છે કે : કોઈ પણ જીવને દુઃખ ન આપો, હિંસા ન કરો, કેમ કે ધર્મમાં ફરમાવ્યું છે કે એનાથી વધારે બીજું કોઈ મોટું પાપ નથી.

(૨૨) ફીરદોશી શાહનામા : 'પ્રાણીઓની રક્ષા કરવી એ ધર્મ છે. પશુઓની કતલ કરવી એને અહુરમજદ પાપ બતાવે છે.'

(૨૩) ઈસુ કહે છે કે : **'Thou shalt not kill'** કોઈની પણ હત્યા ન કરો. હું દયા ચાહું છું. કુરબાની નહિ.

(૨૪) મહાભારત કહે છે કે :

યો દદ્યાત્ કાંચનં મેરું, કૃત્સ્નાં ચૈવ વસુંધરાં
એકસ્ય જીવિતં દદ્યાત્, ન ચ તુલ્યં યુધિષ્ઠિર ! ॥ ૧ ॥

જે માણસ કાંચનમય મેરૂપર્વત જેટલું સુવર્ણદાન આપે તથા સમગ્ર પૃથ્વીનું દાન આપે એના કરતાં એક જીવને અભયદાન આપવાનું ફળ વધી જાય છે.

(૨૫) નારદજી કહે છે કે : જે કોઈ બીજાનું માંસ ખાઈને પોતાનું માંસ વધારવા ચાહે તે ચોક્કસ નરકમાં પડશે.

(૨૬) શુકદેવજી કહે છે કે : જે હિંસા નથી કરતો તે સંસારમાં સુંદરતા, લક્ષ્મી, આરોગ્યતા અને વિદ્યા આદિ શુભ ગુણોથી સંપન્ન થાય છે અને મૃત્યુ પછી સ્વર્ગમાં જાય છે.

(૨૭) કબીરજી કહે છે કે :

માંસ મછલીયા ખાત હૈ, સુરાપાન સેવત !!
તે નર નરક હિ જાયેંગે, માત-પિતા સમેત ॥ ૧ ॥

માંસ-માછલી-દારુનું સેવન કરનારાઓ માત-પિતા સાથે નરકમાં જનારા બને છે.

(૨૮) શીખોના ગુરુનાનક ગ્રંથસાહેબમાં કહે છે કે :

જો પીતે હૈ પ્યાલે, ઔર ખાતે હૈ કબાબ ।
સો દેખો રે લોગો, વે હોતે ખરાબ ॥ ૧ ॥
સો તોબા પોકારે, કી પીવે અજાબ ।
જો લેખા મંગીજે, કયા કીજે જવાબ ॥ ૨ ॥

જો પ્યાલા નામ દારૂ પીનાર, તથા કબાબ નામ માંસ ખાનાર. તે બંને લોકોને જુઓ તો ખરાબ થાય છે અને પછી તોબા પુકારે છે. તેથી શું કરુણ અંજામ થાય ? પ્રભુને ઘેર લેખો માંગશે ત્યારે શું જવાબ આપશે?

(૨૯) હજરત ઈસાએ તો પોતાના શિષ્યોને વારંવાર એ કહી રાખ્યું હતું કે Do not kill એટલે કોઈનું પણ ખૂન નહીં કરો. એ જ એમનો મૂળ મંત્ર હતો. એમને એ કહેવું હતું કે અગર કોઈ તમારા ગાલ ઉપર એક તમાચો મારે તો તમે તરત પોતાનો બીજો ગાલ એની સામે ધરી દો. એ વાતથી પૂર્ણરૂપે પ્રકાશિત થાય છે કે તેઓ અહિંસાના પૂજારી હતા, અને આ વિશ્વના ભાગ્યથી કદાચ તેઓ આજે જીવતા હોત તો જેટલી હિંસા આજે એમના વર્ગમાં થઈ રહી છે તે કદી સ્વપ્નમાં પણ થઈ ન શકત.

(૩૦) હજરત મુહમ્મદ સાહેબ ફરમાવે છે કે : (૧) ગૌ-હત્યા કરવાવાળો અગર કસાઈ (૨) દારૂ પીવાવાળો (૩) માણસ (ગુલામ)ને વેચવાવાળો (૪) વૃક્ષોને કાપવાવાળો. આ ચારેયની સદ્‌ગતિ ન થાય. પણ મહાહિંસાના પરિણામે તેઓને દુઃખો ભોગવવાં પડશે.

(૩૧) મહાભારત કહે છે કે : જે પુરુષ મદ્ય પીએ છે, માંસ ખાય છે, રાત્રિએ જમે છે અને કંદનું ભક્ષણ કરે છે, તેની તીર્થયાત્રા અને જપ-તપ નિષ્ફળ જાય છે.

(૩૨) દરિદ્રતા, દુર્ભાગ્યપણું, લંગડાપણું, કોઢ, પાંગળાપણું, તીવ્ર અશાતા; પશુયોનિમાં જન્મ અને નરકગતિનાં અનેક પ્રકારનાં દુઃખો જીવહિંસાથી મનુષ્યોને પ્રાપ્ત થાય છે. - શ્રી નરવર્મ ચરિત્ર.

(૩૩) જેમ આપણા આત્માને સુખ પ્રિય છે અને દુઃખ અપ્રિય છે તેમ સૌ પ્રાણીઓને હોય છે, માટે કોઈના અનિષ્ટનું પણ ચિંતન ન કરવું અને બીજાની હિંસા ન કરવી. - શ્રી યોગશાસ્ત્ર

(૩૪) જેમ મને મારા પ્રાણ વહાલા છે, તેમ અન્ય પ્રાણીને પણ પોતાના પ્રાણ તેટલા જ વહાલા છે, એમ સમજીને સુજ્ઞ પુરુષોએ પ્રાણીમાત્રનો વધ ન કરવો. જીવનો વધ કરવો તે આપણો જ વધ છે, તથા જીવોની દયા કરવી તે આપણી જ દયા છે. - સુક્ત મુક્તાવલી

(૩૫) એક સોયની અણીયારી વાગતાં કે ડાભનું અણિયારું વાગતાં આપણને કેટલું દુઃખ થાય છે ? એ અનુભવસિદ્ધ છે, તો અપરાધ વિનાનાં નિર્દોષ પ્રાણી ઉપર છરી ફરી વળતાં કેટલું દુઃખ થતું હશે ? તે વિચારી તો જુઓ ! ખરેખર જીવને મોતનું દુઃખ બધાં દુઃખો કરતાં ચઢિયાતું છે. બીજાના કરેલા મોતથી દંડમાં અનેક વાર મોતની સજા ભોગવવી પડે છે. કર્મનો નિયમ અટલ છે.

(૩૬) પુરાણકાર કહે છે : શુક્ર એ બ્રહ્મા છે. માંસ એ વિષ્ણુ છે. અસ્થિનો સમૂહ ઈશ્વરરૂપ છે. માટે માંસ નહિ ખાવું જોઈએ. માંસ ખાનારા બ્રહ્મા-વિષ્ણુ-ઈશ્વરનું અપમાન કરે છે, અને માંસનો ત્યાગી એમનો ભક્ત બની સદ્‌ગતિ પામે છે.

(૩૭) માંસ ખાવાથી દેહની શોભાલક્ષ્મી, સુમતિ, સુખ, પવિત્રતા, સત્ય. યશ, કીર્તિ, પુણ્ય, શ્રદ્ધા, વિશ્વાસ, આરોગ્ય, સદ્ગતિ.... આ બધાનો નાશ થાય છે.

(૩૮) મનુસ્મૃતિમાં કહેવામાં આવ્યું છે કે (૧) માંસાહારને ટેકો આપી અનુમોદન કરવાવાળાને (૨) પ્રાણીના અંગને કાપનારને (૩) પ્રાણીના પ્રાણનો નાશ કરનારને (૪) માંસ વેચનારને (૫) માંસ ખરીદનારને (૬) માંસ રાંધનારને (૭) માંસ પીરસનારને (૮) માંસ ખાનારને. આ સર્વેને પંચેન્દ્રિય જીવના પ્રાણીવધનું પાપ લાગે છે.

(૩૯) જુદા જુદા ધર્મોના સારભૂત મંત્રો : (૧) અભયદાન શ્રેષ્ઠ ધર્મ છે. (૨) અહિંસા પરમો ધર્મઃ (૩) દયા ધર્મનું મૂળ છે. (૪) મા હિંસ્યાત્ સર્વભૂતાનિ (૫) **Thou shalt not kill** (૬) સર્વ જીવો સાથે મૈત્રી-પ્રેમ અને વાત્સલ્ય કેળવો (૭) જીવોની રક્ષાથી જગતની રક્ષા છે. (૮) જીવો અને જીવવા દો.

(૪૦) જેના હૃદયમાં દયા છે, તેના આયુષ્યને ધક્કો લાગતો નથી. શરીરની શોભા વધે છે, નામ અને કુળને ઉજ્જવલ કરે છે, ધન, બળ અને પ્રતિષ્ઠા વધે છે. નિરંતર આરોગ્યને પ્રાપ્ત કરે છે. ત્રણે લોકમાં પ્રશંસા પ્રાપ્ત કરે છે અને સંસારસમુદ્રને સુખેથી તરી જાય છે.

વનસ્પતિ - આહારની શ્રેષ્ઠતા :

૧. મનુષ્ય માટે માંસાહાર કરતાં શાકાહાર એ વધુ કુદરતી ખોરાક છે. ૨. નિરામિષાહાર સહનશક્તિ વધારે છે. ૩. આરોગ્યવૃદ્ધિ માટે પણ એ માંસના આહારથી ચઢિયાતો છે. ૪. એ માંસાહાર જેવો અશુદ્ધ અને પરિણામે રોગવૃદ્ધિ કરનારો ખોરાક નથી. ૫. ક્ષારો, પ્રજીવકો અને જીવનદ્રવ્યોની બાબતમાં એ માંસાહાર કરતાં અનેક રીતે ચઢિયાતો છે. ૬. દીર્ઘાયુષ્ય માટે ઉત્તમ છે. ૭. આર્થિક દૃષ્ટિએ એ સોંઘો છે. ૮. એ ઉત્પન્ન કરવાથી કોઈ વ્યક્તિનું નૈતિક અધઃપતન થતું નથી. ૯. એ ખાવા માટે શિકાર જેવા ઘાતકી શોખો અને બીજી અનેક પ્રકારની ક્રૂરતાની જરૂર નથી. ૧૦. શરીરશાસ્ત્રના અને વિકાસવાદના અનેક વિદ્વાનોએ, ડૉક્ટરોએ આ આહારને આશીર્વાદ આપ્યા છે, એટલે એ વૈજ્ઞાનિક માન્ય છે. ૧૧. ધર્મની યોગ્યતા = હૃદયની કોમળતા માટે અનુકૂળ છે. ૧૨. સાત્ત્વિક છે. સૌના ભલામાં-હિતમાં, મૈત્રી-કરુણામાં સહાયક છે.

(૫) દુઃખઘાત કે પાપઘાત ?

૯ માખણ : માખણ પણ મહાવિગઈ છે. અનેક જાતની માનસિક વિકૃતિઓ પેદા કરે છે; માટે અભક્ષ્ય છે. તે વાપરવાથી મનમાં ખોટા વિકલ્પો પેદા થાય છે. તે કામવાસના જાગે છે. સદાચાર જોખમમાં મૂકાય છે. તેથી આ માખણનો ત્યાગ કરવો સારો છે.

વળી આ માખણ જયારે છાશથી જુદું પડે છે, ત્યારે તેમાં તે જ રંગના પુષ્કળ ત્રસ જીવો પેદા થાય છે. જ્યાં સુધી છાશની અંદર રહેલું હોય છે, ત્યાં સુધી છાશની એસીડીટીના કારણે તે માખણમાં તેવા ત્રસ જીવો પેદા થઈ શકતા નથી. છાશની એસીડીટી તે જીવોને પેદા થતાં અટકાવે છે. તેથી માખણનો ત્યાગ કરાય તો સૌથી સારું. પણ કદાચ માખણ ખાવું પડે તેમ હોય તો ય, છાશમાંથી છૂટું પડી ગયેલું માખણ તો કદી ન ખવાય. કારણ કે છૂટું પડતાની સાથે જ, જીવોને ઉત્પન્ન થતાં અટકાવનાર છાશનો સંયોગ હવે ન હોવાથી પુષ્કળ ત્રસ જીવો પેદા થાય છે. માખણ ખાનારને તેની હિંસાનો ભયંકર દોષ લાગે છે.

મહાપુરુષો જણાવે છે કે :

"મદ્યે માંસે મધુનિ ચ, નવનીતે ચતુર્થકે
ઉત્પદ્યન્તે વિલીયન્તે, સુસૂક્ષ્મા જન્તુરાશયઃ ॥૧॥
એકસ્યાપિ હિ જીવસ્ય, હિંસને કિમઘં ભવેત્ ।
જન્તુજાતમયં તત્ કો નવનીતં નિષેવતે ॥ ૨ ॥

દારૂ, માંસ, મધ અને માખણ; એ ચારેયમાં અત્યંત સૂક્ષ્મ જીવોનો સમુદાય ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે !

જો એકાદ જીવને પણ મારવામાં પાપ થાય છે, તો જીવોના સમૂહથી ભરપૂર આ માખણને કોણ ખાય ? એટલે કે કોઈપણ વ્યક્તિ ન જ ખાય.

વળી માખણ જે દહીંમાંથી બનાવવામાં આવે તે દહીં જો ત્રણ - ચાર દિવસનું વાસી હોય તો તેમાં ય પુષ્કળ ત્રસ જીવો પેદા થઈ ગયેલા હોય છે. તેથી તેને વલોવીને માખણ કરતાં પુષ્કળ ત્રસ જીવોની હિંસા થાય છે. માટે માખણ ખાવાનો ત્યાગ કરવો જોઈએ.

શક્તિ પ્રાપ્ત કરવા ય માખણના લચકા ખાવાની કોઈ જરૂર નથી. માખણ તો સમય જતાં ઉતરી જાય છે. જ્યારે ઘી ઉતરતું નથી. ઘી માખણ કરતાં ય વધારે શક્તિ પેદા કરે છે. તેથી માખણનો ઉપયોગ કરવો જરૂરી હોય તેને પણ માખણનો ઉપયોગ ન કરતાં, તેની જગ્યાએ ઘીનો ઉપયોગ કરવો જોઈએ.

સેન્ડવીચ, બ્રેડ-બટર વગેરેમાં માખણનો ઉપયોગ પુષ્કળ પ્રમાણમાં હાલ થઈ રહ્યો છે. પણ તે જરા ય ઉચિત નથી. ડેરીમાંથી લાવેલા ૧૫, ૨૦ દિવસના વાસી માખણનો લગભગ ઉપયોગ થતો હોય છે. વળી તે માખણ છાશથી તો ક્યારનું છૂટું પડી ગયેલું હોય છે. તેથી તેમાં પુષ્કળ ત્રસ જીવો હોય છે. તેથી સમજુ અને વિવેકી વ્યક્તિઓએ બટર (માખણ) અને તેના ઉપયોગવાળી તમામે તમામ વસ્તુઓનો ત્યાગ આજથી જ કાયમ માટે કરી દેવો જોઈએ.

(૧૦ + ૧૧) હિમ (બરફ) - કરા : કાચા પાણીના એક ટીપામાં અસંખ્યાતા જીવો છે. કેપ્ટન સ્કોર્સબીએ સૂક્ષ્મદર્શકયંત્રથી પાણીના એક ટીપામાં જે ૩૬૪૫૦ હાલતાં-ચાલતાં જીવો જોયા; તે તો ત્રસ જીવો, પાણીમાં બહારથી આવીને પડેલા જીવો. પણ પાણીના પોતાના જીવો નહિ. પાણીના પોતાના જીવો તો એક ટીપામાં હજારો, લાખો, કરોડો કે અબજો નહિ; પણ અબજોના અબજોથી ય વધારે અસંખ્યાતા જીવો છે. જે ગણી શકાતા નથી. આપણી આંખે સૂક્ષ્મદર્શક યંત્ર વગેરે કોઈપણ મશીનોથી જોઈ શકાતા નથી. તેથી હકીકતમાં તો કાચું પાણી પીવાનું જ છોડી દઈને ઉકાળેલા પાણીનો જ વપરાશ શરૂ કરવો જોઈએ.

પણ કદાચ તે શક્ય ન હોય તો, પાણી જીવન - ઉપયોગી ચીજ હોવાથી અશક્ય પરિહાર તરીકે તેનો ઉપયોગ કદાચ ના છૂટકે કરવો પડે તો ય તે પાણીમાંથી પેદા થતાં બરફનો ઉપયોગ કરવાની તો કોઈ જ જરૂર નથી. બરફનો ઉપયોગ કર્યા વિના પણ જીવન જીવી શકાય છે. વળી બરફ કાંઈ જીવન ઉપયોગી પદાર્થ નથી. અરે ! બરફ તો અનેક રોગો પેદા કરીને જીવનનાશક બને છે. માટે બરફનો ઉપયોગ તો કોઈપણ સંયોગમાં કરી શકાય નહિ.

પાણીના એક ટીપામાં રહેલા જીવોનું શરીર જો રાઈ જેવડું કલ્પીએ, તો તે તમામ જીવો ૧ લાખ યોજન (૧ યોજન = ૩૨૦૦ માઇલ) માપના જંબુદ્વીપમાં પણ સમાઈ ન શકે. એક ટીપામાં જો આટલા બધા જીવો હોય તો ગૃહસ્થોના વપરાશમાં આવતાં પાણીમાં તો કેટલા બધા જીવોનો કચ્ચરઘાણ નીકળી જતો હશે?

માટે તો સાધુ ભગવંતોએ કાચા પાણીનો ઉપયોગ કરવાનું તો દૂર રહો. કાચા પાણીના સ્પર્શ સુદ્ધાનો કાયમ માટે ત્યાગ કરી દીધો છે.

સમજુ ગૃહસ્થો પણ ઉકાળેલા પાણીનો જ ઉપયોગ કરતા હોય છે. સ્નાન, રસોઈ, વાસણ-કપડાં ધોવાં વગેરેમાં તેને કાચા પાણીનો ના છૂટકે ઉપયોગ કરવો પડે તો તે ય ઓછામાં ઓછું ઘીની જેમ તે પાણી વાપરે. ઘરમાં નળ ઉઘાડા ન મૂકી દે. બે-ચાર વાર સ્નાન ન કરે. શરીરની શુદ્ધિ કરવા જરૂરી હોય તેના કરતાં વધારે પાણીનો સ્નાનાદિ

માટે પણ ઉપયોગ ન કરે. કપડા, વાસણ વગેરેમાં પણ ઓછામાં ઓછા પાણીનો ઉપયોગ કરે. તે કરતા પણ તેના હૃદયમાં પુષ્કળ ત્રાસ હોય. તે ડોલો પાણી ભરી-ભરી ઓટલા ન ધોવે. પાણી ગમે ત્યાં રેડે નહિ. પાણીના એકેક ટીપાનો જરૂરી જગ્યાએ ના છૂટકે ઉપયોગ કરતી વખતે ય તે અંદર રેડયા કરે.

બરફ એ કાચા પાણીનું ઘન સ્વરૂપ છે. પાણીને મશીનમાં ખૂબ જ ઠંડું કરવામાં આવે ત્યારે બરફ જામે છે. તેમ કરવામાં પાણીના અસંખ્ય જીવોનો કચ્ચરઘાણ બોલાય છે. તો જે જરાય જીવનોપયોગી નથી, તેવા આ ભયાનક હિંસક બરફનો ઉપયોગ આ દુનિયામાં કયો ડાહ્યો માણસ કરે ? ક્રૂરતા - નિષ્ઠુરતા વિના આ કામ શી રીતે થઈ શકે ?

બરફના ગોળા, કુલ્ફી, આઈસ્ક્રીમ, શરબત, આઈસ્ફ્રૂટ વગેરે બરફ દ્વારા બનતી ચીજોનો સત્વરે ત્યાગ કરવો જરૂરી છે. તેનો ઉપયોગ કરવાથી પુષ્કળ જીવહિંસા તો થાય જ છે. પણ સાથે સાથે કાકડાનો સોજો, ખાંસી, શરદી, તાવ વગેરે અનેક શારીરિક રોગો પણ થાય છે. શરીરની શક્તિ ક્ષીણ થાય છે. આરોગ્ય કથળે છે.

બરફ જેમ દૂધને ઠંડુ કરે છે; તેમ શરીરમાં રહેલાં લોહીને ય ઠંડું કરે છે. તે થીજેલું લોહી હૃદયમાંથી પસાર થાય ત્યારે પણ હૃદયને નબળું પાડે છે. પરિણામે હાર્ટ-એટેકથી જલ્દી મોત આવવાની શક્યતા ઊભી થાય છે.

બરફ જેવી અતિઠંડી વસ્તુથી શોષ, મદ, મૂર્ચ્છા, ઊલ્ટી, ભ્રમ, તૃષ્ણા, અરુચિ વગેરે અનેક રોગો પેદા થાય છે. માટે આરોગ્યને ઈચ્છનારા વ્યક્તિએ પણ બરફનો તો ત્યાગ જ કરવો જોઈએ.

બરફ બનાવતી વખતે પાણીના જીવો તો મરે જ છે પણ તે બરફ બીજા પાણીમાં પડતાં, તે પાણીમાં રહેલાં હાલતાં ચાલતાં ત્રસ જીવો તથા તે પાણીના પોતાના પણ અસંખ્યાતા જીવો ઠંડકના કારણે મોતના મુખમાં ધકેલાય છે. વળી ઠંડું પાણી પીવાથી મંદાગ્નિ થાય છે, જેનાથી ખાધેલું અનાજ પચતું નથી. અજીર્ણ થાય છે, તે અજીર્ણ નવા અનેક રોગોને જન્મ આપે છે. માટે બરફના પાણી, ફ્રીઝના પાણી, કોલા-પેપ્સી વગેરે ઠંડા પીણા વગેરેનો પણ કાયમ માટે ત્યાગ કરવો જરૂરી છે.

ઘણીવાર આકાશમાંથી બરફના ટુકડા જેવા કરા પડે છે. તે પણ કાચા પાણીના ગર્ભરૂપ હોવાથી અભક્ષ્ય છે. તેનો પણ ઉપયોગ કરી શકાય નહિ.

કેટલાંક લોકો તાવ ઉતારવા કે શરીરનો દાહ શાંત પાડવા બરફનો ઉપયોગ કરે છે; પણ તે જરા ય ઉચિત નથી. નવસારના પાણીના પોતા મૂકવાથી પણ તાવ ઉતરી શકે છે, તો શા માટે અસંખ્યાતા જીવોનો કચ્ચરઘાણ બોલાવનાર બરફનો ઉપયોગ કરવો જોઈએ?

ચંદન-સુખડ કે બરાસનું વિલેપન ખૂબ જ ઝડપથી દાહ મટાડે છે અને અત્યંત ઠંડક કરે છે; તેટલી ઠંડક તો બરફથી પણ થઈ શકતી નથી.

બરફનો ઉપયોગ શ્રીખંડ, કેરીનો રસ વગેરેને ઠંડા કરવા પણ ન કરી શકાય. કેમ કે બરફના સંપર્કથી તે શ્રીખંડ વગેરે પણ અભક્ષ્ય બને છે.

આજકાલ લગ્ન, પાર્ટી વગેરે પ્રસંગોમાં ખાસ આઇસ્ક્રીમ આપવામાં આવે છે; પણ તે જરા ય ઉચિત નથી કારણ કે પુષ્કળ જીવોની હિંસાથી પેદા થાય છે અને આપણા આરોગ્યને તે અત્યંત ખતમ કરવાનું કાર્ય કરે છે.

આઈસ્ક્રીમ બનાવવા બરફ અને કાચા મીઠાનો ઉપયોગ થતો હોવાથી પુષ્કળ જીવોની હિંસા થાય છે. વળી ઈંડાનો રસ પણ આઈસ્ક્રીમમાં આવે છે. જુદા જુદા ફળ તથા મેવાના સ્વાદવાળો આઇસ્ક્રીમ બનાવવા જે રસાયણો વપરાય છે તે જલ્દીથી શરીરને રોગી બનાવ્યા વિના રહેતા નથી. માટે સમજુ માનવોએ તો તમામ પ્રકારના આઇસ્ક્રીમનો ત્યાગ જ કરી દેવો જોઈએ.

મુંબઈના એક યુવાને પોતાના લગ્નપ્રસંગે પણ રાત્રીભોજન, આઇસ્ક્રીમ તથા બરફના ઠંડા પાણીનો ઉપયોગ ન કરીને પોતાની ધર્મચુસ્તતાને ટકાવી રાખી હતી. ધોમધખતાં ઉનાળામાં ફ્રીઝ, બરફ કે કુલરનો ઉપયોગ કર્યા વિના તેણે તમામ મહેમાનોને ઠંડું પાણી પૂરું પાડ્યું હતું. તેની ઇચ્છા એક જ હતી કે મારે તો દીક્ષા જ લેવી જોઈએ; પણ તેવી શક્તિ ન હોવાના કારણે જ્યારે હું લગ્નનું પાપ તો કરી જ રહ્યો છું ત્યારે તેના નિમિત્તે પણ અભક્ષ્ય ખાન-પાન આપવાનું પાપ તો નથી જ કરવું.

તેણે જમીનમાં ખાડા કરાવી તેમાં કાળી માટીની કોઠીઓ પાણી ભરાવીને મૂકાવી દીધી. માટીની કાળાશ તથા ખાડાના અંધકારે કોઠીની અંદર રહેલાં પાણીને બરફ કરતાં ય વધારે ઠંડુ બનાવી દીધું. ઠંડા થયેલા તે પાણીને ગાળીને બધાને આપતાં લોકો 'આ પાણી બરફનું નથી,' એવું માનવા તૈયાર નહોતા એટલું ઠંડું પાણી તે હતું.

જેણે ધર્મ કરવો છે તેના માટે ધર્મ કરવા માટેના રસ્તા આજે ય ખુલ્લા છે. પણ જે લોકોને ધર્મ કરવો જ નથી, તેઓ જ જમાનાવાદ કે લોકોના નામે ઢગલાબંધ બહાના રજૂ કરતા હોય છે. તેથી લોકલાજમાં તણાયા વિના કોઈપણ પ્રસંગે અમારે બરફ, આઇસ્ક્રીમ, કુલરના પાણી કે રાત્રીભોજન વગેરે કોઈપણ પ્રકારનાં અભક્ષ્યોનો ઉપયોગ કરવો જ નથી; તેવો દરેકે નિર્ણય કરવો જોઈએ.

(૧૨) ઝેર : બધા પ્રકારના ઝેર અભક્ષ્ય છે. ઝેર કાંઈ ભોજન નથી. તેનો થોડોક પણ ભાગ પેટમાં જાય તો તે મોત આપી દેવા સમર્થ છે.

આ ઝેર અનેક પ્રકારનાં છે. સોમલ, હડતાલ, વચ્છનાગ, અફીણ, ઝેરકોચલાં, ધતુરો, આકડો વગેરે ઝેરી પદાર્થો છે.

સાપ, વીંછી વગેરેમાં પણ ઝેર હોય છે. તે ઉપરાંત રસાયણો, ઝેરી દવાઓ, ડીડીટી પાવડર વગેરે પણ ઝેરી પદાર્થો છે. આમાંના કોઈ પણ ઝેરનો ઉપયોગ ક્યારે પણ થઈ શકે નહિ.

સામાન્ય રીતે આ ઝેરનો ઉપયોગ કાં આપઘાત કરવા થાય છે, કાં તો વ્યસનોમાં ભરપૂર પ્રમાણમાં થાય છે.

આપઘાત તો કદી ન કરાય. આપઘાત કરવાથી કાંઈ દુઃખઘાત થઈ જતો નથી. દુઃખથી કંટાળેલો માનવી આપઘાત કરીને મરવાનો પ્રયત્ન કરે છે, પણ તેથી તો શરીરનો નાશ કરી શકે છે, પણ પોતાને દુઃખ આપનારાં કર્મોનો નાશ થોડો કરે છે? તેથી કર્મોના ઉદયે નવા ભવોમાં પણ દુઃખો તો આવવાનાં જ.

વળી આપઘાત કરતી વખતે જે હાયવોય છે, દુઃખોથી બચવા માટેની તીવ્ર ઇચ્છા રૂપ આર્તધ્યાન છે, તેનાથી નવાં ઢગલાબંધ પાપકર્મો બંધાય છે. જેના ઉદયે પાછાં નવાં પુષ્કળ દુઃખો આવ્યા વિના રહેતાં નથી. કદાચ આપઘાત ન કર્યો હોત તો ઓછાં દુઃખો ભોગવવાં પડત. પણ આપઘાત કરવાથી તો નવાં કર્મો બંધાવાના કારણે વધારે દુઃખો ભોગવવાં પડે.

જો દુઃખો ગમતાં જ નથી તો દુઃખો લાવનારાં કર્મો બાંધવાનું બંધ કરવું જોઈએ. તે માટે બીજાને દુઃખો દેવાનું બંધ કરવું જોઈએ. બીજાને દુઃખો આપનારો પોતે દુઃખોથી શી રીતે છટકી શકે?

છતાં કર્મોના ઉદયે આવી પડેલાં દુઃખોથી બચવું હોય તો તેનો ઉપાય આપઘાત નહિ પણ પાપઘાત છે. જો ધર્મારાધના કરવા દ્વારા પાપોનો જ નાશ કરી દઈએ, તો હવે પાપો જ ન હોવાના કારણે તેના ઉદયે આવનારાં દુઃખો પણ નહિ આવી શકે !

આમ દુઃખઘાતની જેને ઇચ્છા હોય તેણે પાપઘાત કરવાનો પ્રયત્ન આજથી શરૂ કરવો જોઈએ પણ આપઘાત કરવાનો સ્વપ્રમાંય વિચાર ન કરવો જોઈએ. અને તેથી ઝેરનો ઉપયોગ પણ કદી ન કરવો જોઈએ.

વ્યસન શબ્દનો અર્થ થાય છે સંકટ, આપત્તિ, તકલીફ. અફીણ. સિગારેટ, તમાકુ, બીડી, હેરોઈન, ચરસ, ગાંજો વગેરેમાં એક પ્રકારનું ઝેર આવે છે. તેનાથી અનેક પ્રકારના રોગો થાય છે. આમ આ બધા પદાર્થો માણસોને તકલીફમાં મૂકતા હોવાથી તે વ્યસન કહેવાય છે. આવાં વ્યસનોથી હજારો યોજન દૂર રહેવામાં સાચું શાણપણ છે.

વ્યસનીને જો તેના વ્યસનની ચીજ ન મળે તો તે મુંઝાય છે. તેનો ક્રોધ વધી જાય છે. માથું દુઃખવા આવે છે. આખું શરીર ખેંચાય છે. તેની નસો દુઃખવા લાગે છે. માટે સૌ પ્રથમ તો આવાં કોઈપણ વ્યસનો કરવા બરોબર નથી.

માણસ પહેલાં ખોટી ટેવ પાડે છે. પછી પડી ગયેલી તે ખોટી ટેવ માણસને પાડ્યા વિના રહેતી નથી. માટે ખોટી ટેવ પાડવી જ નહિ.

તમાકુ, બીડી, સિગારેટ વગેરેમાં 'નિકોટીન' નામનું ભયંકર ઝેર આવે છે. તે ઝેર કાતિલ છે. કૅન્સર નામનો રોગ પેદા કરીને તે ઝેર માણસને ખતમ કરે છે. તમાકુ લેનાર વ્યક્તિને મોટે ભાગે ફેફસાં, ગળા કે મોઢાનું કેન્સર થયા વિના રહેતું નથી.

કેન્સરથી જેટલા લોકો મરે છે, તેમાંના ૯૦ ટકાથી વધારે લોકો બીડી-સિગારેટ-તમાકુના કારણે મરે છે. વળી તમાકુમાં રહેલો ટાર નામનો ગરમ દાહક પીળો પદાર્થ ફેફસામાં ભરાઈને ફેફસાંનું કૅન્સર કરે છે.

તમાકુ માત્ર કૅન્સર જ કરે છે, એમ નહિ, ઘણીવાર તે હાર્ટઍટેક પણ લાવે છે. તમાકુ લોહીમાં રહેલાં કોલેસ્ટ્રેરોલને વધારે છે. તેથી હૃદય નબળું પડે છે. હાર્ટઍટેક કે હૃદયના કૅન્સરના રોગ પેદા થાય છે.

તમાકુ બ્રોન્કાઈટીસ રોગને પણ આમંત્રણ આપી ખેંચી લાવે છે. ક્ષય, અલ્સર, બ્લડ પ્રેસર, જાતીય અશક્તિ, શૂળ વગેરે રોગો પણ તમાકુમાં રહેલું ઝેરી તત્ત્વ કરે છે.

જુદાં જુદાં સંશોધનો કરીને વૈજ્ઞાનિકોએ તમાકુમાં રહેલાં અનેક જાતનાં ઝેર તથા તેની ખરાબ અસરોને દુનિયા સામે રજૂ કરેલ છે.

(૧) નિકોટીન ઝેર : કૅન્સર કરે.

(૨) કાર્બન મૉનોકસાઈડ : હૃદયરોગ, શ્વાસ, દમ, તથા આંખના તેજની હાનિ કરે.

(૩) માર્શ - ગેસ - ઝેર : વીર્યશક્તિ હણીને નપુંસકતા પ્રગટાવે.

(૪) એમોનિયા ઝેર : પાચનશક્તિ અને હૃદય બગાડે.

(૫) કોલીડીન ઝેર : ચક્કર આવે તથા નસો નબળી પાડે.

(૬) પાયરીડિન ઝેર : આંતરડાંમાં ચાંદાં તથા કબજિયાત કરે.

(૭) કાર્બોલિક એસિડ ઝેર : અનિદ્રા, સ્મરણ-શક્તિમાં હાનિ તથા ચીડિયો સ્વભાવ કરે.

(૮) પરફેરોલ ઝેર : દાંતને પીળા, મલિન, નબળા કરે.

(૯) એજાલિન કે સાયનોજન ઝેર : લોહી બગાડે.

(૧૦) કુલ કુરલ ઝેર કે પ્રૂસિડ ઝેર : થાક, જડતા અને ગમગીની પેદા કરે છે.

આ સિવાય બીજાં પણ જુદાં જુદાં ઝેર તમાકુમાં હોય છે કે જેનાથી ખાંસી, ટી.બી., આંતરડાનો સોજો, લકવો વગેરે થાય છે.

પરમપદ મેળવવા અને પરલોક સુધારવા તો તમાકુ રૂપ અભક્ષ્યનો ત્યાગ કરવાનો જ છે પણ છેવટે એમ કહેવાનું મન થાય છે કે, ''ભાઈ ! તને તારા આરોગ્યની તો ફિકર

છે ને ? તારા શરીરના આરોગ્ય માટે ય આ તમાકુના માવા, માણેકચંદ ગુટકા, બીડી, સિગારેટ વગેરે છોડી દે. અકાળે મોતને ભેટવાની તને કોણે રજા આપી? ઘોડે ચડીને, હરખપદુડો બનીને તું જે પારકી કન્યાને પરણીને લઈ આવ્યો તેને અકાળે વિધવા બનાવવાનો તને અધિકાર કોણે આપ્યો ? કનૈયા જેવાં છેલબટાઉ બાળકોને તું-તમાકુનું વ્યસન કરીને-અનાથ શી રીતે બનાવી શકે? અને ઘડપણમાં જેમની લાકડી તું છે, તે તારાં બા-બાપુજીને નોંધારાં બનાવવાની ક્રૂરતા તારાથી શી રીતે દાખવી શકાય ? માટે ભઈલા ચેતી જા ! તમાકુ, બીડી, સિગારેટ, ગુટકા વગેરે જે જે વ્યસનોમાં તું સપડાયો હોય, તેમાંથી બહાર આવી જા.

તમાકુ વગેરે વ્યસનોના કારણે મૃત્યુ થયા પછીના ૧૫ દિવસ પછીની તે રાત્રી તું તારી નજર સામે જરાક વાર લાવ !

રાત્રે ૧૨ વાગે અચાનક તારી ૩૩ વર્ષની પત્ની જાગી જાય છે. હીબકાં-હીબકાં ભરીને તારી યાદે તે રડે છે. પોતાની પાસે સૂતેલા નાના બે બાળકોને જોઈને તેમની ભાવિની ચિંતાએ તે જરાક ધ્રૂજી જાય છે. પોતે હજુ ઘણો લાંબો સંસાર નોંધારીહાલતમાં પસાર કરવાનો છે, તે વિચારે તેનું હૃદય હલબલી જાય છે. પાછી તને યાદ કરીને ધ્રુસકે ધ્રુસકે રડી રહી છે. આંખોમાંથી ચોંધાર આંસુ વહ્યા કરે છે.

અને અચાનક ૭-૮ વર્ષના બે બાળકો જાગી જાય છે. મમ્મીને રડતી જોઈ પૂછે છે. ''મમ્મી ! મમ્મી ! કેમ રડે છે ?''

અને મમ્મી પોતાની આંખના આંસુ લૂછીને લઈને, પોતે રડતી નથી તેવો દેખાવ ઊભો કરે છે. ''ના બેટા ! હું ક્યાં રડું છું ! હું ક્યાં રડું છું ! સૂઈ જાઓ હોં !''

અનેપેલા બાળકો પૂછે છે, ''મમ્મી! પપ્પા ક્યાં ગયા ?''

આ સવાલ સાંભળતા જ મમ્મી અંદરથી તૂટી જાય છે. દીકરાઓને આપવા માટે તેની પાસે કોઈ જવાબ નથી. વહેવા માટે ધસમસતાં આંસુઓને માંડ માંડ રોકીને બનાવટી જવાબ આપતાં બોલે છે, ''બેટાઓ ! પપ્પા ભગવાનના ઘરે ગયા છે હોં !''

મનમાં વિચારે છે. કયું ભગવાનું ઘર ? ક્યાં આવ્યું ભગવાનનું ઘર ? કેવા ખોટા જવાબ આપવાના મારે !

ત્યાં તો એક છોકરો બોલી ઊઠે છે, ''મમ્મી ! મમ્મી ! પપ્પા ભગવાનના ઘરે ગયા છે તો પાછા ક્યારે આવશે?''

ઓ તમાકુના વ્યસન કરનારા માનવો ! ઓ વ્યસનો કરીને અકાળે મોતને ભેટી જનારા યુવાનો ! જરા કહો તો ખરા કે જ્યારે ઉપરનો પ્રશ્ન પુછાશે ત્યારે તમારી પત્નીની હાલત કેવી થશે ? તે શું જવાબ આપશે ? તમને તમારી પત્ની ય વહાલી નથી ? તો તેની ખાતર પણ તમે તમારા વ્યસનો કાયમ માટે નહિ ત્યાગી દો ?

સવાલ સાંભળતાં જ તમારી પત્ની હચમચી જાય છે. છતાં પોતે જે બાળકોના સહારે જીવી રહી છે, તે બાળકો દુઃખી ન થાય તે માટે જૂઠું આશ્વાસન આપતાં કહે છે :

બેટા ! પપ્પા અઠવાડિયામાં આવશે હોં !

અને તરત નાનું બાળક પૂછી બેસે છે, હેં મમ્મી ! પપ્પા ફોઈના ઘરેથી આવતા ત્યારે પેંડા લાવતા ! મામાના ઘરેથી આવતા તો રમકડાં લાવતા ! તો પપ્પા ભગવાનના ઘરેથી આવશે તો શું લાવશે ?

પીપરમીન્ટ લાવશે ? બિસ્કિટ લાવશે ? હેં મમ્મી ! કહે તો ખરી ! પપ્પા અમારા માટે શું લાવશે ?

મમ્મીને સમજાતું નથી કે જવાબ શું આપવો ?

ત્યાં બે ય બાળકો મમ્મીનો હાથ પકડીને પૂછે છે, કેમ મમ્મી ! તું બોલતી નથી ! પપ્પા ભગવાનના ઘરેથી અમારા માટે કાંઈક લાવશે તો ખરાને ?

અને ના છૂટકે, અંદરના આંસુ દબાવી તમારી પત્નીને બોલવું પડે છે, ''હા બેટા હા ! પપ્પા ભગવાનના ઘરેથી આવશે ત્યારે તમારા માટે જરૂર કાંઈક લાવશે હોં !''

અને બાળકો પરસ્પર કાલીઘેલી ભાષામાં ઝઘડો કરવા લાગે છે ! જો પીપરમીંટ મને બહુ ભાવે છે. પપ્પા પીપર જ લાવશે. હું બધી લઈ લઈશ. તને એકે ય નહિ લેવા દઉં હોં !

ત્યાયે બીજો બાળક કહે છે ! ના ! ના ! મને બિસ્કિટ બહુ ભાવે છે. માટે પપ્પા બિસ્કિટ જ લાવશે. જોજેને તે તું !

અને પેલી બિચારી તમારી પત્ની ! પોતાના બે બાળકોની વાતો સાંભળતી ઊંડા વિચારોમાં ગરકાવ થઈ જાય છે. પતિ તો પરલોક ગયા. હવે તેઓ કદી નહિ આવે ! તેમના વિના આ બાળકોની હાલત શું થશે ?

મેં તેમને વારંવાર સમજાવ્યું હતું કે આ તમાકુની લત છોડો. આ વ્યસનોને તિલાંજલી આપો. મારા સાસુ-સસરા પણ વારંવાર સમજાવતાં હતાં પણ તેઓ ન માન્યા. અને વ્યસનોના કારણે મૃત્યુ પામ્યા. મારી આજે આ ભૂંડી દશા કરી. તેઓ તો મર્યા, પણ મને તો જીવતી મારી નાંખી !

તેમના વિના આ દુનિયામાં મારું કોણ ? યુવાન સ્ત્રીએ આ જમાનામાં પોતાના શીલની રક્ષા ય શી રીતે કરવી ? જો આ બે દીકરાઓ ન હોત તો હું ય આપઘાત કરીને જીવન ટુંકાવી દેત. આ દુનિયામાં હવે જીવવાનો અર્થ પણ શો છે ?

પરંતુ આ બે કુમળા દીકરાઓ મને મરતાં અટકાવી રહ્યા છે. તેમને જોઈને મારી બાકીની જિંદગી હું પસાર કરી રહી છું.

ત્યાં તેની નજર બાળકો તરફ પડે છે. બાળકો કાલીઘેલી વાતો કરીને પાછા સૂઈ ગયેલા જણાય છે. બાળકો હવે જાગતાં નથી, તે વાતની ખબર પડતાં જ મહામહેનતે અટકાવી દીધેલાં આંસુ તેની આંખમાંથી ધડ ધડ નીકળવા લાગે છે. ચોંધાર આંસુએ તેનું રૂદન શરૂ થાય છે. કોણ જાણે આવી તો કેટલીય રાતો તેની પસાર થાય છે, જેમાં તેની નિંદર વેરાન થાય છે. જે રાત્રી તેને મોત કરતાં ય વધારે ભયંકર લાગે છે.

ઓ વ્યસનીઓ ! તમારી સામે શું આ તમારી પત્નીનું દશ્ય કદી નથી આવતું? આ દશ્ય શું તમારા હૃદયને હચમચાવતું નથી ? તો આજે જ તમામ વ્યસનોનો કાયમ માટે ત્યાગ કરી દો. નવું જીવન જીવવાનો આરંભ કરો.

પાંચ - સાત દિવસ તકલીફ પડશે. ચક્કર આવશે. માથું દુ:ખશે. પણ પછી કાયમ માટેનું સુખ થઈ જશે.

તમે શું ઇચ્છો ? પાંચ - સાત દિવસ બગડે તે કે તમારી અને તમારા કુટુંબના તમામ સભ્યોની આખી જિંદગી બગડે તે ?

જો તમે તમારી અને તમારા કુટુંબના તમામ સભ્યોની આખી જિંદગી બગાડવા ન માગતા હો તો પાંચ-સાત દિનની સજા સ્વીકારીને ય કાયમ માટે આ વ્સયનોને તિલાંજલી આપી દો.''

(૧૩) સર્વ પ્રકારની માટી :

માટી વળી ખવાતી હશે ? નથી તેનો કોઈ વિશિષ્ટ સ્વાદ કે નથી તે આપતી કોઈ શક્તિ !

છતાંય કેટલાક અજ્ઞાની જીવડાઓ માટીને પણ ખાતાં હોય છે. નાના બાળકો રમતાં રમતાં મોઢામાં માટીનાં ઢેફાં નાંખીને ખાતાં હોય છે. કેટલીક ગર્ભવતી સ્ત્રીઓ પણ ભૂતડો (સરાકડો) નામની એક પ્રકારની માટીને ખાવા ઇચ્છતી હોય છે. પણ આવી કોઈ પણ માટી ખાવી જરાય ઉચિત નથી.

તેમાં પૃથ્વીકાયના અસંખ્યાતા જીવો હોય છે. માટી ખાવાથી તે જીવોનો કચ્ચરઘાણ બોલાય છે. વળી, માટી ખાવાથી શરીરમાં પથરીનો રોગ થાય છે. માટીમાં રહેલા સૂક્ષ્મ ઝેરી જંતુથી સેપ્ટીક પણ થાય છે. માટીથી પાંડુરોગ, આમવાત, પિત્તની બીમારી વગેરે થવાનું નોંધાયું છે. આમ, માટી શરીર માટે તો અત્યંત નુકશાનકારક વસ્તુ છે.

માટી લાલ હોય કે પીળી, કાળી હોય કે સફેદ; સર્વ પ્રકારની માટીને અભક્ષ્ય સમજવી. તેમાંની એક પણ માટીને મુખમાં નાખી શકાય નહિ.

વળી, કેટલીક માટી તો દેડકાં વગેરે સંમૂર્છિમ જીવોની યોનિરૂપ હોય છે. તેથી તે અભક્ષ્ય છે. કારણ કે પેટમાં ગયા પછી સંમૂર્છિમ જીવો ઉત્પન્ન થતાં મહાઅનર્થ થાય છે. તેથી બુદ્ધિશાળી વ્યક્તિએ માટીનો સદંતર ત્યાગ કરી દેવો જોઈએ.

૧૪. રાત્રિ ભોજન :

ગિરનાર તીર્થ પર ઈન્દ્રમાળની ઉછામણી ચાલતી હતી. શ્વેતામ્બરો અને દીગંબરો તે ઉછામણીમાં સામસામે હતા. એ પ્રમાણે નક્કી થયેલ કે જે ઈન્દ્રમાળ પહેરે તેનું તે તીર્થ.

૪ - ૮ - ૧૨ - ૧૬ ધડી સોનું ધડાધડ ઉછામણી સ્ત્રે બોલાવા લાગ્યું. (૧ધડી=૧૦શેર) છેવટે ૫૬ ધડી બોલીને પેથડમંત્રીએ ઈન્દ્રમાળ ધારણ કરી.

જે કાંઈ ઉછામણી બોલીએ, તે તરત જ ભરપાઈ કરવી જોઈએ. પેથડમંત્રી પાસે તે વખતે ત્યાં ૫૬ ધડી સોનું ક્યાંથી હોય ? તેમણે માંડવગઢથી સાંઢણીઓ દ્વારા સોનું મંગાવ્યું.

આ તો હતા પેથડમંત્રી ! જ્યાં સુધી ઉછામણીની રકમ ન ચૂકવાય ત્યાં સુધી તેમને ચેન શી રીતે પડે ? તેમણે નિયમ કર્યો કે જ્યાં સુધી ઉછામણીની રકમ ચૂકતે ન કરું ત્યાં સુધી અન્ન-જળનો ત્યાગ.

એક દિવસ-બીજો દિવસ-ત્રીજો દિવસ પણ પૂર્ણ થવા તરફ આગળ વધી રહ્યો છે. ત્રીજા દિવસનો સૂર્યાસ્ત થવાને થોડીક વાર બાકી હતી, ત્યાં તો માર માર કરતી સાંઢણીઓ સોનું લઈને ત્યાં આવી પહોંચી.

સોનું ચુકવાતાં બધાએ પેથડમંત્રીને આહાર ગ્રહણ કરવાની વિનંતિ કરી. હજુ સૂર્યાસ્ત થવાની તો વાર હતી.

પણ પેથડમંત્રી તો ચુસ્ત શ્રાવક હતા. તેમણે વિચાર્યું કે જેમ સવારે સૂર્ય ઊગ્યા પછી તરત ભોજન નથી કરતાં, પણ ૪૮ મિનિટ પછી નવકારશીનું પચ્ચક્ખાણ આવે ત્યારે કરીએ છીએ, તેમ સાંજે પણ સૂર્યાસ્તની ૪૮ મિનિટ પહેલાં ખાવા-પીવાનું બંધ જ કરવું જોઈએ ને ! તે સિવાય શુદ્ધ ચોવિહાર શી રીતે ગણાય ?

અને તેમણે વાપરવાનું બંધ રાખીને, ત્રીજા દિવસનો પણ ઉપવાસ પૂર્ણ કરી દીધો. પેથડમંત્રીનો આ પ્રસંગ કહે છે કે સૂર્યાસ્તની ૪૮ મિનિટ પહેલાં જ જમવાનું બંધ કરી દેવું જોઈએ. રાત્રે તો ખવાય જ નહિ.

રાત્રિભોજન અભક્ષ્ય છે. રાત્રે ખાવાથી નરકાદિ દુર્ગતિમાં જવું પડે તેવાં કર્મો બંધાય છે. માટે તો અજૈનના શાસ્ત્રોમાં ય રાત્રિભોજનને નરકનાં નેશનલ હાઈવે તરીકે જણાવેલ છે.

સૂર્યાસ્ત થયા પછી અનેક સૂક્ષ્મ જીવોની ઉત્પત્તિ થાય છે. તે જીવો દીવાના, બલ્બના કે ફલડલાઇટના પ્રકાશમાંય દેખાય નહિ તેટલા બધા સૂક્ષ્મ હોય છે. તે જીવો રસોઈમાં-ભોજનમાં નાશ પામે છે. તેથી ભયંકર હિંસાનું પાપ રાત્રે ભોજન કરનારાને લાગે છે.

એક યુવાનીયો ચીપી ચીપીને બોલવા દ્વારા પૂછવા લાગ્યો, "ગુરુજી ! ગુરુજી ! ભગવાન મહાવીર જ્યારે થયા ત્યારે વીજળીના દીવાની શોધ નહોતી થઈ. એડીસને લગભગ ૨૦૦૦ વર્ષ પહેલાં સૌ પ્રથમ બલ્બની શોધ કરી. ભગવાન મહાવીરને તો ૨૫૦૦ થી વધારે વર્ષ થયાં.

તેથી તે વખતે લાઈટ ન હોવાથી ઘી-તેલના દીવા કરવા પડતા હતા. તેથી તેના આછા અજવાળામાં નાના જીવો ન દેખાય. માટે ભગવાન મહાવીરે તે વખતે રાત્રે ખાવાની ના પાડી તે તો બરોબર છે. હવે તો લાઇટની શોધ થઈ છે. અરે ! ફ્લડલાઇટમાં રાત્રે ક્રિકેટ મેચ પણ રમાય છે. તો હવે રાત્રે ખાવામાં શું વાંધો ? લાઇટના અજવાળામાં તો જીવો દેખાઈ જ જાય ને ?"

તે યુવાનીયાને કહેવાનું મન થાય છે કે, "ભઈલા ! લાઈટના અજવાળામાં તો બિલકુલ ન ખવાય ! અંધારામાં જેટલા જીવો હોય છે, તેનાં કરતાં ય લાઇટના અજવાળામાં તો વધારે જીવો હોય છે. જો અંધારામાં ન ખવાય તો લાઇટના અજવાળામાં શી રીતે ખવાય ?

વિજ્ઞાનનો સિદ્ધાન્ત છે કે "**where is darkness, there are germs**" જ્યાં અંધકાર હોય છે, ત્યાં જીવો હોય છે.

કંદમૂળ નહિ ખાવા પાછળ આ જ કારણ છે ને ? કંદમૂળ જમીનમાં ઊગે છે. ત્યાં સૂર્યનો પ્રકાશ પહોંચી શકતો નથી. માટે તેમાં પુષ્કળ જીવોની ઉત્પત્તિ થાય છે. અનંત જીવોનો સંહાર જેમાં થાય છે તેવું કંદમૂળભક્ષણ હવે કયો ડાહ્યો જીવ કરવાનું ઈચ્છે ?

તે જ રીતે રાત્રે પણ સૂર્યનો પ્રકાશ ન હોવાથી પુષ્કળ જીવોની ઉત્પત્તિ થાય છે. માટે રાત્રે પણ ભોજન-પાણી ન કરી શકાય.

સૂર્યનો પ્રકાશ જીવોને ઉત્પન્ન થતાં અટકાવી શકે છે. પણ લાઈટનો પ્રકાશ જીવોને ઉત્પન્ન થતાં અટકાવી શકતો નથી. એ આપણાં સૌના અનુભવની વાત છે.

જુઓ, દિવસે બે-ત્રણ વાગે તમે તમારા રૂમમાંજોશો તો તમને કોઈ મચ્છર વગેરે નાના જીવો ઊડતાં નહિ દેખાય. બરોબર ને ?

અને રાત પડતાં, લાઈટોનાં અજવાળાં પથરાતાં જો સ્ટ્રીટલાઈટ તરફ જરાક નજર કરશો તો તેમને પુષ્કળ જીવો લાઈટની આસપાસ દેખાશે.

હવે બોલો તો ખરા ! લાઈટના પ્રકાશે જીવોને દૂર કરવાનું કાર્ય કર્યું ? કે અનેક જીવોને પોતાની આસપાસ લાવવાનું કાર્ય કર્યું ?

આમ, આપણો અનુભવ કહે છે કે સૂર્યપ્રકાશ નાના-સૂક્ષ્મ જીવોને આવતા અટકાવે છે, તો લાઈટનો પ્રકાશ ઢગલાબંધ જીવોને પોતની પાસે આવવાનું આમંત્રણ આપે છે ! જ્યારે વાસ્તવિકતા જ આ છે, ત્યારે એ કહેવું જ પડે કે જો અંધારામાં ન જમાય તો લાઈટના પ્રકાશમાં પણ ન જ જમાય. ટૂંકમાં, અંધારું હોય કે લાઈટનું અજવાળું હોય, સૂર્યાસ્ત થયા પછી તો કોઈ પણ સંજોગોમાં ન જ ખવાય.

એકવાર એક પેશન્ટ એક્સરે કઢાવવા રાત્રે ગયો. ડૉક્ટરે કહ્યું કે, કાલે સવારે આવજો. હાલ એક્સરે નહિ પડાવાય !

'કેમ ? 'લાઈટ નથી ?''

''લાઈટ તો છે પણ તમારે જે એક્સરે જોઈએ છે, તે લાઈટના પ્રકાશમાં લઈ શકાતો નથી. તેના માટે તો સૂર્યપ્રકાશ જ જોઈએ, માટે કાલે સવારે નવ વાગે આવજો.'' ડૉક્ટરે જવાબ આપ્યો.

એક્ષરે સૂર્યપ્રકાશમાં પાડી શકાય પણ લાઈટના પ્રકાશમાં તો પાડી ન જ શકાય તેમ જો કહેવાતું હોય તો સૂર્યપ્રકાશમાં ખાઈ શકાય પણ રાત્રે લાઈટના પ્રકાશમાં તો ન જ ખાઈ શકાય; તેમ શા માટે ન કહી શકાય ?

સર્વજ્ઞ ભગવંતે પોતાના કેવળજ્ઞાનના પ્રકાશમાં રાત્રિભોજનને ભયંકર પાપ તરીકે નિહાળ્યું છે. ભગવાન કદી યે ખોટું કહે ખરા ? જો રાત્રે ભોજન કરવું તે ભયંકર પાપ ન હોત તો ભગવાન તેવી ખોટી વાત આપણને શા માટે જણાવત ?

જેને મત, મમત અને મમતા હોય તે ખોટું બોલે ! જેને રાગ, દ્વેષ કે અજ્ઞાન હોય તે ખોટું બોલે ! તે સિવાય શા માટે ખોટું બોલવું પડે ? હવે જ્યારે આપણને મળેલા ભગવાનમાં મત, મમત કે મમતા નહોતા, રાગ, દ્વેષ કે અજ્ઞાન નહોતાં ત્યારે તેમને ખોટું બોલવાનું કોઈ જ કારણ રહેતું નથી. તેથી જો રાત્રે ભોજન કરવું તે મહાપાપ ન હોત તો ભગવાન તેને મોટા પાપ તરીકે રજૂ જ ન કરત.

આપણી દુનિયાનો કહેવાતો સારો માણસ પણ કદી જૂઠ બોલતો નથી. પતિ ઘણી વાર પત્નીને કહેતો હોય છે કે, ''તારે જરૂર હોય તેટલા રૂપિયા મારી પાસેથી માંગીને લઈ લેવા. પણ ક્યારેય મારી ગેરહાજરીમાં ચોરીને કે જૂઠ બોલીને ન લેવા. જો તેવું કાંઈ કરીશ તો મારાથી સહન નહિ થાય હોં !''

પિતા પોતાના પુત્રને કહેતા હોય છે કે "બેટા ! જૂઠું બોલવા તરફ મને ભારે સૂગ છે ! કોઈ ખોટું બોલીને કોઈ કામ કરે તે મને ન ગમે. તારે જેટલા રૂપિયા જોઈએ તેટલા મારી પાસે સાચું કહીને માંગીશ તો તરત મળશે. પણ જો તું જૂઠ બોલીને લઈ જઈશ, અને મને ખબર પડશે તો યાદ રાખજે કે મારા જેવો ખરાબ માણસ કોઈ નહિ હોય !

ઉપરોક્ત પ્રસંગો સ્પષ્ટપણે કહે છે કે આ દુનિયાના સારા માણસને પણ જૂઠ બોલવું ગમતું નથી. જો આ દુનિયાનો માટીપગો માનવ જૂઠ બોલવા માટે લાચાર હોય તો, ત્રણ લોકના દેવાધિદેવ પરમાત્મા જૂઠ બોલવા રાજી હોય ખરા ?

જો દુન્યવી માનવ પણ જૂઠ બોલવા તૈયારી દાખવતો ન હોય તો પરમાત્મા તો જૂઠ બોલે જ શા માટે ? શું પરમાત્માને આ દુનિયાના કહેવાતા સજ્જન માનવ કરતાં ય હલકા માનો છો કે જેથી રાત્રિભોજન ભયંકર પાપ ન હોવા છતાં ય તેઓ આપણને તેવી વાત કરે ?

દરેક વ્યક્તિએ મનમાં તે વાત બરોબર મજબૂત રીતે ઠસાવી દેવી જોઈએ કે પરમાત્મા કદી પણ જૂઠું તો બોલે જ નહિ.

જો સ્વર્ગ ન હોય તો તેઓ સ્વર્ગની વાત ન જ કરે. જો નરક અને તેમાં ભયંકર દુઃખો ભોગવવાનાં ન જ હોય તો તેવી વાતો તેઓ કદી ઉપજાવી ન કાઢે. રાત્રિભોજન-કંદમૂળભક્ષણ વગેરે જો ભયંકર પાપો ન હોત તો તેઓ કદીય તેમને ભયંકર પાપો તરીકે જાહેર ન જ કરત.

હવે જ્યારે કેવળજ્ઞાની વીતરાગ ભગવંતોએ રાત્રિભોજનને ભયંકર પાપ જણાવ્યું જ છે, ત્યારે આપણે શ્રદ્ધાથી પણ તે વાતને સ્વીકારીને રાત્રિભોજનને કાયમ માટે તિલાંજલી આપી દેવી જોઈએ.

ભગવાનના રાત્રિભોજનત્યાગના આ ઉપદેશને હવે તો વૈજ્ઞાનિકોએ પણ ભારે સમર્થન આપેલ છે. 'હીલીંગ બાય વૉટર' નામના પોતાના પુસ્તકમાં ટી હાર્ટલી હેનેસીએ પણ સૂર્યાસ્ત પહેલાં ભોજન કરી લેવાની દૃઢ હિમાયત કરી છે.

રાત્રિભોજન માત્ર ધાર્મિક રીતે જ ત્યાજ્ય છે, એમ નહિ. આરોગ્યની દૃષ્ટિએ પણ તે ત્યાજ્ય છે. અલ્યા ભાઈ ! તું સ્વર્ગ-નરકને કદાચ ન માનતો હોય તોય તું રાત્રે તો ન જ જમીશ. કારણકે સ્વર્ગ-નરક નહિ માનનારા તને ય તારું આરોગ્ય તો ગમે છે ને ? તારું શરીર ન બગડે તેવી તો તારી ઇચ્છા છે ને ? તો આરોગ્ય સારું જાળવવા માટે ય રાત્રિભોજનનો ત્યાગ કરવો અતીવ આવશ્યક છે.

રાત્રે ખાવાથી પેટ ભારે લાગે છે. જો ત્યારબાદ સખત પરિશ્રમ કરવાનો હોય તો

તેનાથી કદાચ ખોરાક પચતાં પેટ હળવું બને. પણ રાત્રિભોજન કરનારાને તો ભોજન કર્યા બાદ ખાસ કોઈ કાર્ય કરવાનું હોતું નથી. સખત પરિશ્રમ તો હોતો જ નથી. થોડાક સમયમાં જ સૂવાનો સમય થાય છે. પરિણામે પેટમાં પડેલો ખોરાક પચતો નથી. આંતરડાં બગડે છે, કબજિયાતનો તે દરદી બને છે. અને પેટનો રોગ તેના શરીરમાં અનેક રોગોને ખેંચી લાવ્યા વિના રહેતો નથી.

વળી, રાત્રે જે ખોરાક લીધો હોય તે પચાવવાની જઠરમાં તાકાત નથી હોતી. કારણકે રાત્રે જઠરમાં અગ્નિ પ્રદીપ્ત શી રીતે થાય ? તે વિના ખોરાક શી રીતે પચે ?

અગ્નિને પ્રદીપ્ત કરવા સૂર્યપ્રકાશની જરૂર પડે. સૂર્યાસ્ત પછી સૂર્યપ્રકાશ શી રીતે હોય ? પરિણામે જઠરાગ્નિ પેદા ન થતાં ખોરાક પચે નહિ, પેટની તકલીફ ઊભી થાય, આરોગ્ય કથળ્યા વિના ન રહે. માટે રાત્રે ન ખવાય.

તમે એમ તો નહિ જ કહી શકો કે સૂર્યની ગેરહાજરીમાં અમે લાઈટના પ્રકાશથી જઠરમાં અગ્નિ પેદા કરી શકશું !

કદી કમળને ખીલતું કે બીડાતું જોયું છે ? કમળ ખીલે છે સૂર્યના પ્રકાશથી અને બીડાય પણ છે સૂર્યના અસ્તથી. તમે પુષ્કળ ગરમી અને પ્રકાશ આપતાં બલ્બ દ્વારા કમળને ખીલવી શકો ખરા ? નહિ ખીલવી શકાય.

કુદરતની શક્તિ અસાધારણ છે. સૂર્યના પ્રકાશથી જે કાર્ય થઈ શકે તે માનવસર્જિત લાઈટ વગેરેના પ્રકાશથી ન જ થઈ શકે, તે વાસ્તવિકતા બરોબર સમજી લેવા જેવી છે. માટે દિવસે સૂર્યપ્રકાશમાં ખવાય પણ રાત્રે લાઈટ વગેરેના પ્રકાશમાં ન જ ખવાય.

સૂર્ય ઊગે છે તેની સાથે નાભીકમળ ખીલે છે. જેમ જેમ સૂર્ય ઉપર જાય છે તેમ તેમ નાભીકમળ વધારે ને વધારે વિકસે છે. મધ્યાહ્ન સમયે સૂર્ય બરોબર માથે આવે છે, તે વખતે નાભીકમળ પૂરેપૂરું ખીલી જાય છે. જઠરાગ્નિ પૂરતો પ્રદીપ્ત થાય છે. તે વખતે પેટમાં જે નાંખીએ તે પચી જાય છે. માટે તો ધર્મશાસ્ત્રોએ રોજ એકવાર ભોજન કરવા જણાવેલ છે. એકવાર ભોજન કરનારો કદી માંદો પડતો નથી.નબળાઈ પામતો નથી, લાબું જીવે છે ને સુંદર આરોગ્યને પામી અનેક કાર્યોને સ્ફુર્તિથી કરી શકે છે.

બપોર ઢળતાં, નાભી કમળ સંકોચાવા લાગે છે. સૂર્ય નીચે જતો જાય છે, ગરમી ઓછી થતી જાય છે તેમ તેમ જઠરાગ્નિ પણ શાન્ત થતો જાય છે. તેથી સાંજે ખાવું જ પડે તો ભારે ખોરાક ખાવાનો નિષેધ કરાય છે. સાંજના ભોજન માટે વાળુ શબ્દનો પ્રયોગ કરાય છે. અંગ્રેજીમાં પણ બપોરના જમણ માટે ભલે લંચ શબ્દ વપરાતો હોય પણ સાંજના જમણ માટે તો લંચ શબ્દ ન વપરાતાં ડીનર શબ્દ જ વપરાય છે. તે સૂચવે

છે કે સાંજે ભારે ખોરાક કે વધારે પડતો ખોરાક વાપરવો આરોગ્ય માટે હાનિકારક છે.

હવે સવાલ થાય કે, સાંજે ભારે કે વધુ પડતો ખોરાક કેમ ન વપરાય ? તેનો જવાબ માત્ર એ છે કે સાંજે સૂર્ય અસ્તાચલ તરફ આગળ વધી ગયો હોવાથી જઠરમાં અગ્નિ મંદ થઈ ગયો છે. જો ભારે કે વધુ પડતો ખોરાક વાપરીએ તો તે પચે શી રીતે ?

પણ સૂર્યાસ્ત થયાં પછી રાત્રે તો સૂર્યનો પ્રકાશ બિલકુલ ન રહેતાં, જઠરાગ્નિ સંપૂર્ણ શાંત થઈ જાય છે. હવે તો ખવાય જ શી રીતે ? સૂર્યાસ્ત પછી તો હળવો ખોરાક કે ઓછા પ્રમાણનો ખોરાક પણ ન જ ખવાય. કારણ કે તેને પચાવનાર અગ્નિ જઠરમાં નથી.

છતાંય આ વાતને નહિ સમજનારા મૂર્ખ માનવો સૂર્યાસ્ત પછી રાત્રે પણ ખાધા કરે તો તેમને શરીરમાં રોગો ન થાય તો થાય પણ શું ?

સવારે જે નાસ્તો કરવાનો હોય છે, તેના માટે અંગ્રેજીમાં 'બ્રેકફાસ્ટ' શબ્દ વપરાય છે. જરાક તેનો અર્થ તો વિચારી જુઓ. ફાસ્ટ = ઉપવાસ. બ્રેક = તોડવો. નાસ્તો કરવા દ્વારા ઉપવાસને તોડવાનો છે. અરે ભાઈ ! આ વાત શક્ય ક્યારે બને ? જો રાત્રે ન ખાધું હોય તો જ ને ?

રાત્રિભોજનનો ત્યાગ કરીને, રાત્રિનો જે ઉપવાસ થયો છે, તેને સવારે નાસ્તો કરવા દ્વારા બ્રેક કરાય છે. જો રાત્રે પણ ખાવું જરૂરી હોત તો નાસ્તા માટે બ્રેકફાસ્ટ શબ્દનો પ્રયોગ કરવાની કદી ય કોઈને ય જરૂર ન પડત.

આમ, માત્ર હિન્દુસ્તાનીઓ માટે જ નહિ, વિશ્વના સર્વ લોકો માટે રાત્રિભોજન ત્યાજ્ય છે, તેમ નક્કી થાય છે.

અરે ! આપણી આસપાસ નજર કરશું તો જણાશે કે પશુ-પંખીઓ પણ રાત્રે ખાતાં નથી. સાંજ પડતાં જ પક્ષીઓ પોતાના માળામાં પાછાં ફરે છે. ચરવા ગયેલાં ગાય, ભેંસ, બકરાં, ઘેટાંઓ સાંજ પડતાં ગામની સીમ તરફ ચરીને પાછા ફરી જાય છે. જો પશુ-પંખીઓમાં પણ રાત્રે ન ખાવાનો વિવેક પ્રગટેલો હોય તો, પશુ-પંખી કરતાં અનેકગણી ચડિયાતી માનવજાતમાં તો રાત્રિભોજનનો ત્યાગ કરવા રૂપ વિવેક કેમ ન જાગવો જોઈએ ?

સંસારની અસારતા સમજીને જે આત્માને વૈરાગ્ય જાગ્યો છે, તે આત્મા પોતાના આત્માના સાચા સૌંદર્યને પામવા માટે સાધુ બન્યા વિના શી રીતે રહી શકે ?

ગુરુભગવંત પાસે તાલિમ લઈ, તેમની પરીક્ષામાં પાસ થઈ, તે મુમુક્ષુ આત્મા, ઘરના સર્વે કુટુંબીજનોની આશીર્વાદપૂર્વકની સંમતિ મેળવીને સાધુજીવનના વાઘા ધારણ

કરવા ઉતાવળો બને છે.

ઠેરઠેર આનંદ મંગળના વાતાવરણને ઊભું કરી, સર્વ જીવોને અભયદાન આપનારા સાધુજીવનને ગ્રહણ કરવા થનગનતો તે મુમુક્ષુ પ્રભુભક્તિ મહોત્સવ તથા વરસીદાનાદિ કાર્ય કરીને પરમાત્મા તથા ચતુર્વિધ સંઘની સમક્ષ ગુરુભગવંત પાસેથી પોતાને પ્રિય રજોહરણ (ઓઘા)ને ધારણ કરે છે.

ઘણા વખતથી જે મેળવવા તે તલપાપડ હતો, તે કિંમતિ ચીજ હાથમાં આવતાં જ આનંદિત બનેલો તે આત્મા ઉલ્લાસભેર મન મૂકીને નાચે છે.

પણ સબૂર ! સાધુવેશને ધારણ કરીને આવનાર તે મુમુક્ષુને તે દિને ગુરુભગવંત પાંચ મહાવ્રતો ઉચ્ચરાવતા નથી. તે દિને તો તેને આખી જિંદગીનું સામાયિકવ્રત ઉચ્ચરાવે છે. તે કાચી દીક્ષા તરીકે ઓળખાય છે.

ત્યાર પછી સાધુજીવનની વાસ્તવિક તાલિમ શરૂ થાય છે. તેમાં પાસ થતાં જ વડી દીક્ષા પ્રદાન કરવાનું આયોજન થાય છે. આ વડી દીક્ષા વખતે પાંચ મહાવ્રતની સાથે માત્ર એક અન્ય વ્રત પણ ઉચ્ચરાવાય છે !

મહાવ્રત એટલે મોટા વ્રત, પાળવામાં કઠિન વ્રત. આવાં મહાન વ્રતો ઉચ્ચરવાની સાથે અન્ય ઘણાં વ્રતો નહિ પણ એક જ વ્રત ઉચ્ચરાવવાની વિધિ છે, ત્યારે તેનો અર્થ તો એ થયો કે તે અન્ય વ્રત દુનિયાનાં તમામ વ્રતો કરતાં ઘણું મહત્ત્વનું હોવું જોઈએ. પાંચ મહાવ્રતની નજીકનું તે વ્રત હોવું જોઈએ. અરે ! આ વ્રત એવું હોવું જોઈએ કે જે લીધા વિના ન જ ચાલે. કયું છે એ વ્રત ? જાણો છો ? તે વ્રતનું નામ છે રાત્રિભોજન વિરમણ વ્રત !

સાધુ-સાધ્વીજી ભગવંતો ચૌદશે જે પક્ખિસૂત્ર બોલે છે, તેમાં ય પાંચે મહાવ્રતોના વર્ણનની સાથે આ રાત્રિભોજન-વિરમણવ્રતનું ય વર્ણન આવે છે !

આ ઉપરથી જણાશે કે રાત્રિભોજન કેટલું બધું ભયંકર પાપ હશે કે જેથી જ્ઞાની પુરુષોએ ઠેર ઠેર તેનો નિષેધ કર્યો છે ! આ નિષધને જાણ્યા પછી કોઈપણ શ્રાવકથી કયારે ય રાત્રિભોજન શી રીતે થઈ શકે ?

(૭) જૈન શાસ્ત્રો બોલે છે

કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યજીએ પણ રાત્રિભોજનને ભયંકર પાપ તરીકે અનેકવાર જણાવીને રાત્રિભોજનનો ત્યાગ કરવા માટે ખૂબ ભાર મૂકેલ છે.

યોગશાસ્ત્ર નામના તેમણે રચેલા ગ્રન્થમાં રાત્રિભોજનનો ત્યાગ કરવાનું સૂચવતાં ઘણા શ્લોકો છે. જેમાંના કેટલાક અહીં જણાવું છું , જે જાણવાથી ખ્યાલ આવશે કે રાત્રિભોજન કેટલું બધું ભયંકર પાપ છે. 'કોઈ પણ સંયોગોમાં આ પાપ તો હવે કરવું જ નથી.' તેવો સંકલ્પ કરવાની પ્રેરણા પણ આ શ્લોકોમાંથી મળશે.

એંઠું ભોજન ખવાય ?

अन्नं प्रेत - पिशाचाद्यैः सञ्चरद्भिर्निरङ्कुशैः ।
उच्छिष्टं क्रियते यत्र, तत्र नाद्यादिनात्यये ॥ યોગશાસ્ત્ર પ્રકાશ ૩/૪૮

રાત્રિના સમયે કોઈપણ પ્રકારના અંકુશ વિના ફરતા પ્રેત-પિશાચ વગેરે અન્નાદિ ભોજનને એંઠું કરે છે. આવા એઠાં ભોજનને શી રીતે ખવાય ? તેથી દિવસ પૂર્ણ થયા પછી (સૂર્યાસ્ત બાદ) ભોજન કરવું જોઈએ નહિ.

જીવોવાળું ભોજન ખવાય ?

घोरान्धकाररुद्धाक्षैः पतन्तो यत्र जन्तवः ।
नैव भोज्ये निरीक्ष्यन्ते, तत्र भुञ्जित को निशि ॥ યોગશાસ્ત્ર : પ્રકાશ ૩-૪૯

ઘોર અંધકારના કારણે રુંધાઈ ગયેલી શક્તિશાળી આંખોથી રાત્રિના સમયે ભોજનમાં પડેલાં સૂક્ષ્મ જીવો જોઈ શકાતા જ નથી. તેવા રાત્રિના સમયે કોણ ભોજન કરે ?

રાત્રે ખાવાથી થતાં શારીરિક નુકસાનો :

मेधां पिपीलिका हन्ति, यूका कुर्याद् जलोदरम्।
कुरुते मक्षिका वान्तिं, कुष्ठरोगं च कोकिलः ॥१॥
कण्टको दारुखण्डं व, वितनोति गलव्यथाम् ।
व्यंञ्जनान्तर्निपतितस्तालु, विध्यति वृश्चिकः ॥२॥
विलग्नश्च गले वालः स्वरभङ्गाय जायते ।
इत्यादयो दृष्टदोषाः, सर्वेषां निशिभोजने ॥३॥ યોગશાસ્ત્ર પ્રકાશ ૩-૫૦, ૫૧ ,૫૨

રાત્રે ખાવામાં તો પ્રત્યક્ષપણે ઢગલાબંધ નુકશાનો જણાઈ આવે છે. રાત્રે ભોજન કરતી વખતે, ભોજનમાં કોઈ જીવો કે સૂક્ષ્મ વસ્તુઓ આવી જાય તો તે દેખાતી નથી.

સીધી મોંમાં થઈ પેટમાં પહોંચવા લાગે છે. તેના કારણે શરીરમાં વગર નોતરેલી અનેક ઉપાધિઓ પેદા થાય છે, જે આ ત્રણ શ્લોકમાં નીચે પ્રમાણે જણાવેલ છે.

જો રાત્રે ભોજનમાં કીડી ખાવામાં આવે તો બુદ્ધિનો નાશ થાય. ખાવામાં જૂ આવી જાય તો જલોદર નામનો રોગ (જેમાં પેટ ફૂલતું જાય, છેવટે ફાટી જાય, પરિણામે મોત) થાય. જો ખાવામાં માખી આવી જાય તો વોમીટ ઉપર વોમીટ (ઉલટીઓ) થાય. જો ખાવામાં કરોળિયો આવે તો કોઢ નામનો ભયંકર રોગ પેદા થાય.

રાત્રે ભોજનમાં કાંટો આવી જાય કે લાકડાનો ટુકડો આવી જાય તો ગળામાં ભયંકર કક્ષાની પીડા પેદા કરે છે. શાક વગેરેમાં વીંછી આવી જવાની શક્યતા છે. રાત્રે ભોજનમાં શાકમાં આવેલો તે વીંછી ન દેખાવાના કારણે મોઢામાં પહોંચતા તે વીંછી તાળવાને વીંધી નાંખે છે. ॥ ૫૧ ॥

રાત્રે ભોજનમાં આવી ગયેલો વાળ જો ગળામાં ચોંટી જાય તો સ્વરભંગ થાય છે. એટલે કે ગળું બેસી જાય છે, અવાજ ઘોઘરો થાય છે કે બોલવામાં ઘણી તકલીફો પેદા થાય છે. આ રીતે માત્ર જૈનો માટે જ નહિ, તમામ માનવો માટે રાત્રિભોજન કરવામાં અનેક પ્રત્યક્ષ રોગો અને દોષો છે ॥ ૫૨ ॥

લાઈટના પ્રકાશમાં ભોજનમાં પડેલા કીડી વગેરે જીવો તથા વાળ વગેરે પદાર્થો દેખાતાં હોય તો પણ રાત્રિભોજન તો ન જ કરાય :

नाप्रेक्ष्य सूक्ष्मजन्तुनि, निश्चयात् प्रासुकान्यपि ।

अप्युद्यत - केवलज्ञानै - र्नादृतं तन्निशाशनम् ॥ ५३ ॥ યોગશાસ્ત્ર પ્રકાશ ૩-૫૩

જીવ વિનાના ભોજનમાં પણ સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવો - રાત્રિના સમયે સૂર્યનો પ્રકાશ ન હોવાને કારણે - પુષ્કળ પ્રમાણમાં હોય છે, જે લાઈટના પ્રકાશમાં પણ જોઈ શકાતા નથી. તેથી રાત્રે કોઈ પણ સંયોગમાં ખાઈ શકાય નહિ.

અરે ! (લાઈટના પ્રકાશમાં પણ નહિ દેખાઈ શકનારા) સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવો કેવળજ્ઞાનથી તો કેવળજ્ઞાની જોઈ જ શકે છે. છતાં ય તેવા કેવળજ્ઞાનીઓએ પણ રાત્રિભોજનનો આદર કરેલ નથી. અર્થાત્ તેમણે પણ કદી રાત્રિભોજન કરેલ નથી.

નિશીથસૂત્રના ભાષ્યમાં તો કહેલ છે કે દિવસે બનાવેલી લાડવા વગેરે નિર્જીવ વસ્તુઓની ઉપર લાગેલી લીલ-ફુગ વગેરેના જીવો રાત્રે જોઈ શકાતા નથી. તેથી તેવી નિર્જીવ વસ્તુઓ પણ કેવળજ્ઞાનવાળા કેવળજ્ઞાનીઓ પ્રતિજ્ઞા કરવાપૂર્વક રાત્રે ત્યાગે છે.

કેવળજ્ઞાની મહાત્માઓ પણ રાત્રિભોજન કોઈ પણ સંયોગમાં કરતાં ન હોય તો આપણાથી તો રાત્રિભોજન શી રીતે થઈ શકે ?

આપણી પાસે તેવું વિશિષ્ટ જ્ઞાન ન હોવાથી ગમે તેટલી કાળજી રાખીએ, લાઈટ વગેરેનો પ્રકાશ કરીએ તો ય કદાચ રાત્રે નાના-મોટા જીવો આવી જવાની શક્યતા છે, જ્યારે કેવળજ્ઞાની જો રાત્રે ખાય તો કોઈપણ જીવ તે ભોજનમાં આવવાની શક્યતા નથી; કારણ કે જો આવે તો કેવળજ્ઞાનથી તેઓ જોઈ શકે ને તરત દૂર કરી શકે. છતાં ય કેવળજ્ઞાની રાત્રે ખાતા નથી જ. કારણ કે દૂર ન થઈ શકે તેવા પણ પુષ્કળ જીવો તે વખતે ભોજનમાં આવી જાય છે. આમ, જો વિશિષ્ટજ્ઞાન ધરાવનારા કેવળજ્ઞાની પણ રાત્રે ન ખાય તો આપણાથી તો રાત્રીભોજન કરાય જ કેમ ?

રાત્રે ન ખાવા છતાં ય જો રાત્રિભોજનના ત્યાગનો નિયમ – પચ્ચક્ખાણ – ન લે તો તેનો લાભ મળે નહિ.

अकृत्वा नियमं दोषाभोजनाद्दिनभोज्यपि ।
फलं भजेन्न निर्व्याजं न वृद्धिर्भाषितं विना ॥ યોગશાસ્ત્ર : ૩-૬૦

રાત્રિભોજન ત્યાગનો નિયમ કર્યા વિના દિવસે જ ખાનારો (રાત્રે નહિ ખાનારો) વ્યક્તિ રાત્રિભોજન ત્યાગનું ફળ પામતો નથી. (નિયમ નથી કર્યો તે એમ સૂચવે છે કે રાત્રે ખાવાની તેની ઈચ્છા ઊભી છે. તે ઈચ્છા તેને રાત્રિભોજન ત્યાગનું ફળ મેળવવા દેતી નથી) લોકમાં પણ એ ન્યાય છે કે વ્યાજની બોલી કર્યા સિવાય મૂકેલી થાપણનું વ્યાજ મળતું નથી.

ગમે તેટલા રૂપિયા વેપારીને ત્યાં મૂકો, પણ જો વ્યાજ નક્કી કરેલ ન હોય તો ન મળે. તેમ ભલે ને રાત્રે ન ખાઓ, પણ નિયમ ન લો તો રાત્રિભોજન ત્યાગનો લાભ મળે નહિ. માટે રાત્રિભોજન ત્યાગનો નિયમ દરેકે લઈ જ લેવો જોઈએ.

માત્ર જૈનો જ નહિ, અજૈનો પણ કહે છે કે રાત્રિભોજન થઈ શકે જ નહિ.

धर्मविन्नैव भुञ्जित, कदाचन दिनात्यये
बाह्या अपि निशाभोज्यं, यदभोज्यं प्रचक्षते । યોગશાસ્ત્ર ૩-૫૪

જૈનધર્મ સિવાયના અન્ય ધર્મવાળાઓ પણ રાત્રિભોજનને અભોજન તરીકે જણાવે છે ત્યારે કોઈ પણ ધર્મના જાણકારોએ ક્યારે ય દિવસ અસ્ત થયા બાદ ભોજન કરવું જોઈએ નહિ.

અજૈન શાસ્ત્રોમાં પણ રાત્રિભોજન કરવાનો નિષેધ કરવામાં આવેલો છે. તે શાસ્ત્રો તથા તેમાં જણાવેલ તે શ્લાકોને આપણે પછીથી વિચારીશું.

આયુર્વેદ શાસ્ત્રના આધારે પણ કદી ય રાત્રિભોજન કરી શકાય નહિ.

हृन्नाभिपद्म - सङ्कोचश्चण्डरोचिरुपायतः ।
अतो नक्तं न भोक्तव्यं सूक्ष्मजीवादनादपि ॥ યોગશાસ્ત્ર ૩-૬૦

(રાત્રિના સમયે) સૂર્યની ગેરહાજરી થઈ જવાથી હૃદયકમળ અને નાભિકમળ; બંનેનો સંકોચ થઈ જાય છે. (તેથી ખાધેલું ન પચવાથી અનેક રોગો સંભવે છે માટે) તથા રાત્રે ખાવામાં સૂક્ષ્મ જીવોનું ભક્ષણ થઈ જતું હોવાથી રાત્રે કદી ય ખાવું ન જોઈએ ॥ ૬૦ ॥

રાત્રિભોજન કરનાર નર રાક્ષસ

संसजज्जीवसङ्घातं भुञ्जाना निशिभोजनम् ।
राक्षसेभ्यो विशिष्यन्ते, मूढात्मानः कथं नु ते ? ॥ યોગશાસ્ત્ર ૩-૬૧

જે ભોજનમાં જીવોનો મોટો સમૂહ રહ્યો છે, તેવા રાત્રિભોજનને જે વ્યક્તિઓ કરે છે, તે મૂઢ વ્યક્તિઓને રાક્ષસોથી જુદા શી રીતે કહી શકાય ? અર્થાત્ જે જીવોને ખાય તે તો રાક્ષસ જ કહેવાય ને ? રાક્ષસ સિવાય બીજું કોણ જીવોનું ભોજન કરે ? તેથી જે માણસ રાત્રિભોજન કરે છે તેને તો નરરાક્ષસ જ કહેવો પડે ને ?

જે રાત્રિભોજન કરે તે પશુ

वासरे च रजन्याञ्य, यः खादन्नैव तिष्ठति ।
श्रृंगपुच्छपरिभ्रष्टः स्पष्टं स पशुरेव हि ॥ યોગશાસ્ત્ર ૩-૬૨

દિવસે અને રાત્રે, જે ખાધા જ કરે છે તે ખરેખર શિંગડા અને પૂંછડા વિનાનો સ્પષ્ટપણે પશુ જ છે !

માનવ જન્મ મેળવ્યા પછી પણ જે પોતાની જાતને પશુ તરીકે ઓળખાવવા માનવા તૈયાર હોય તેણે જ રાત્રિભોજન કરવું રહ્યું !! પણ જે વ્યક્તિ પોતાની જાતને પશુ કરતાં ય ચઢિયાતી, માનવ તરીકે માનતો હોય તેણે તો આ શ્લોકને ધ્યાનમાં રાખીને કાયમ માટે રાત્રિભોજન છોડી દેવું જોઈએ.

શુદ્ધ ચોવિહાર કરનાર મહાપુણ્યશાળી

अह्नो मुखेऽवसाने च, यो द्वे द्वे घटिके त्यजन् ।
निशाभोजनदोषज्ञोऽश्नात्यसौ पुण्यभाजनम् ॥ યોગશાસ્ત્ર ૩-૬૩

રાત્રિભોજનનાં દોષોનો જાણકાર જે વ્યક્તિ સૂર્યોદય અને સૂર્યાસ્તની બે - બે ઘડી (સૂર્યોદય પછીની બે ઘડી = નવકારશી સુધી તથા સૂર્યાસ્ત પહેલાંની બે ઘડી) છોડીને ખાય છે (અર્થાત્ સૂર્યોદય પછીની ૪૮ મિનિટમાં તથા સૂર્યાસ્ત પહેલાંની ૪૮ મિનિટમાં જેઓ ભોજન ત્યાગે છે) તેઓ પુણ્યનું ભાજન છે, એટલે કે મહાપુણ્યશાળી છે.

રાત્રિભોજન કરનાર વ્યક્તિ મહામૂર્ખશિરોમણિ

ये वासरं परित्यज्य, रजन्यामेव भुञ्जते ।
ते परित्यज्य माणिक्यं, काचमाददते जडाः ॥
वासरे सति ये श्रेयस् - काम्यया निशि भुञ्जते ।
ते वपन्त्युषरे क्षेत्रे, शालीनं सत्यपि पल्वले ॥ યોગશાસ્ત્ર : ૩/૬૫-૬૬

જે માનવો દિવસ છોડીને રાત્રિમાં જ ભોજન કરે છે તેઓ હીરા-માણેક-મોતી વગેરે રત્નોને છોડીને કાચના ટુકડાઓને ગ્રહણ કરે છે.

કલ્યાણની ઈચ્છા વડે, દિવસ હોવા છતાં ય જેઓ રાત્રે ખાય છે, તેઓ રસાળ (ફળદ્રુપ) જમીન હોવા છતાં ય ઉખરભૂમિમાં ડાંગર વાવવા જેવું (મૂર્ખાઈનું) કાર્ય કરે છે.

રાત્રિભોજનનું પાપ તો બહુ ભયંકર

श्रूयते ह्यन्यशपथाननादृत्यैव लक्ष्मणः ।
निशाभोजनशपथं, कारितो वनमालया ॥ યોગશાસ્ત્ર ૩/૬૮

સંભળાય છે કે વનમાળા વડે લક્ષ્મણજી પાસે બીજા કોઈપણ સોગંદ ન લેવરાવતા રાત્રિભોજનના સોગંદ લેવરાવ્યા.

રામાયણમાં સાંભળવા મળે છે કે રામચન્દ્રજી, લક્ષ્મણજી અને સીતાજી દક્ષિણાપથ તરફ આગળ વધ્યા. વચ્ચે કુબેરનગરમાં મહીધરરાજાની દીકરી વનમાળા સાથે લક્ષ્મણજીએ લગ્ન કર્યાં.

પણ હજુ તો રામચન્દ્રજી સાથે તેમણે આગળ વધવાનું હતું. પોતાની ફરજ ચૂકે તો તે લક્ષ્મણજી શાના ? તેથી આગળ વધવા તેમણે પોતાની તે પત્ની વનમાળાને પોતાના પિયર રહેવા જણાવ્યું.

પણ વનમાળા મહાઉસ્તાદ હતી. તેણે લક્ષ્મણજીને પૂછી લીધું કે, 'મને પાછા લેવા ક્યારે આવશો ?'

લક્ષ્મણજી કહે છે કે "મોટાભાઈનું કાર્ય પૂર્ણ થયે ચોક્કસ અહીં આવીને તને લઈ જઈશ. પણ હાલ તો તું મને રામચન્દ્રજી સાથે આગળ વધવાની રજા આપ."

વનમાળા : તમે તો રહ્યા ક્ષત્રિયપુત્ર ! અનેક રાણીઓ તમને મળવાની. શી ખાતરી કે મને તમે ભૂલી નહિ જાઓ ? મને કદાચ લેવા જ ન આવો તો મારું શું થાય ?

લક્ષ્મણજી : જો હું તને લેવા પાછો ન આવું તો હિંસા-જૂઠ વગેરે પાપો કરનારની જે ગતિ થાય તે ગતિ પામું. બોલ ! હવે તો તને સંતોષ ને ?

વનમાળા : ના, તમારી આ વાતથી મને સંતોષ નથી. તેના કરતાં તમે મને એમ

કહો કે, જો તમે મને લેવા પાછા ન આવો તો રાત્રિભોજન કરવાથી જે પાપ થાય, તે તમને લાગે. રાત્રિભોજન કરનારની જે ગતિ થાય તે તમારી ગતિ થાય. બોલો આવા સોગંદ લેવા તૈયાર છો ?

અને લક્ષ્મણજીએ તેવા સોગંદ લીધા ત્યારે જ વનમાળાએ તેમને રજા આપી. અને લક્ષ્મણજીએ રામચન્દ્રજીની સાથે આગળ પ્રયાણ કર્યું.

રામાયણના આ પ્રસંગથી પણ સમજાશે કે રાત્રિભોજન કેટલું બધું ભયંકર પાપ છે ! 'આવું ભયંકર પાપ લગાડવા લક્ષ્મણજી કોઈ કાળે તૈયાર નહિ જ થાય, અને તેથી મને અવશ્ય લેવા આવશે જ.' આવો અત્યંત વિશ્વાસ હોવાથી જ વનમાળાએ બીજા કોઈ સોગંદ લેવરાવવાના બદલે લક્ષ્મણજી પાસે રાત્રિભોજનનું પાપ લાગવાના સોગંદ લેવરાવ્યા હશે ને ! તેથી આ પ્રસંગ જાણીને આવું ભયંકર પાપ ન લગાડવા રાત્રિભોજનને દેશવટો દઈ દેવો જોઈએ.

રાત્રિભોજનત્યાગના લાભો છે અપરંપાર

करोति विरतिं धन्यो यः सदा निशिभोजनात् ।
सोऽर्धपुरुषायुषस्य, स्यादवश्यमुपोषितः ॥
रजनीभोजनत्यागे, ये गुणाः परितोऽपि तान् ।
न सर्वज्ञा दृते कश्चिदपरो वक्तुमीश्वरः ॥ યોગશાસ્ત્ર ૩/૬૯ - ૭૦

(આ વિશ્વમાં) તે ધન્ય છે કે જે હંમેશ માટે રાત્રિભોજનનો ત્યાગ કરે છે. (તેમ કરવાથી) તેની અડધી જિંદગી ઉપવાસમાં પસાર થાય છે.

દરેક વ્યક્તિના જીવનકાળમાં દિવસ-રાત બંને આવે. હવે જો તે રાત્રે ખાય જ નહિ તો તેને અડધો ઉપવાસ તે અપેક્ષાએ થયો ગણાય. આખી જિંદગી સુધી રાત્રે ન ખાય તો જિંદગીના અડધા ઉપવાસ થયા ગણાય. માટે કહ્યું કે રાત્રિભોજનના નિત્ય ત્યાગીએ અડધી જિંદગીના ઉપવાસ કર્યા હોવાથી તે ધન્યવાદને પ્રાપ્ત છે. (૬૯)

રાત્રિભોજનનો ત્યાગ કરવાથી જે અગણિત લાભ થાય છે, તે તમામ ગુણોને કહેવા માટે તો કેવળજ્ઞાની સર્વજ્ઞ ભગવંત સિવાય અન્ય કોઈ પણ વ્યક્તિ સમર્થ નથી. ॥ ૭૦ ॥

તેથી અનેક દોષોને દૂર કરનાર, અનેક ગુણોની પ્રાપ્તિ કરાવનાર રાત્રિભોજન - ત્યાગનું વ્રત બહુ જલ્દીથી લઈને, કાયમ માટે રાત્રિભોજનનો ત્યાગ કરી લેવો જોઈએ.

અન્ય ધર્મો પણ રાત્રિભોજનનો નિષેધ કરે છે. તે વાત હવે પછી વિચારીશું.

(૮) અજૈનોએ પણ રાત્રે ન ખવાય.

કેટલાકના મનમાં પ્રશ્ન થતો હોય છે કે માત્ર આપણા જૈનધર્મમાં જ રાત્રે ખાવાની કેમ ના પાડી ? અન્ય ધર્મોવાળા તો રાત્રે ખાય છે. રાત્રે ન ખવાય તેવું તો બીજા કોઈ માનતા નથી. અરે ! રાત્રે ખાવું તે તો બધા લોકોનો સામાન્ય શીરસ્તો છે. જો રાત્રિભોજન આવું ભયંકર પાપ હોય તો બીજા ધર્મોમાં પણ તેને પાપ તરીકે ગણાવીને, તેનો ત્યાગ કરવાનું કેમ ન જણાવ્યું ?

આ પ્રશ્નના ઉત્તરમાં જણાવવાનું કે અરે ભાઈ ! કોણે કહ્યું કે, અન્ય ધર્મોમાં રાત્રિભોજનનો નિષેધ નથી. તમામ આર્યધર્મો અને તેના શાસ્ત્રો એકીમતે રાત્રિભોજનનો ત્યાગ કરવાનું જણાવે છે. અરે ! કોઈક અન્ય ધર્મશાસ્ત્રો તો જૈનધર્મ કરતાં ય વધારે જોરથી રાત્રિભોજનનો ત્યાગ કરવાનું જણાવતાં જોવા મળે છે.

જોકે પરમપિતા પરમાત્મા સર્વજ્ઞ હતા. તેથી તેઓ રાત્રિભોજનના પાપને જેટલી સૂક્ષ્મતાથી જણાવે તેટલું અન્ય ધર્મશાસ્ત્રો ન જણાવી શકે તે સહજ છે. છતાંય રાત્રિભોજનમાં અસંખ્ય જીવોની હિંસા છે; તેવું તો અન્યધર્મવાળાઓ પણ સ્વીકારે છે, એટલું જ નહિ, તે કારણે તેને મહાપાપ ગણે છે. અરે ! તેમણે તો રાત્રિભોજનને નરકનો નેશનલ હાઈવે જ ગણાવ્યો છે !

અજૈનશાસ્ત્રો કહે છે કે રાત્રિભોજન કરનારના તપ, જપ, તીર્થયાત્રા વગેરે તમામ સત્કાર્યો નિષ્ફળ જાય છે. જુદી જુદી દલીલો જણાવવા પૂર્વક અજૈનશાસ્ત્રો જોરજોરથી રાત્રિભોજનનો ત્યાગ કરવાની ઉદ્‌ઘોષણા કરે છે.

હા ! એટલી વાત સાચી કે, તેમની રાત્રિભોજનત્યાગની વાત લગભગ તેમના શાસ્ત્રોમાં રહેલી જણાય છે. તેમના ધર્મગુરુઓ ગમે તે કારણસર તેમના શાસ્ત્રોની આ રાત્રિભોજનત્યાગની વાત તેમને જણાવતા નથી. પરિણામે અન્ય ધર્મીઓમાં રાત્રિભોજન પુષ્કળ પ્રમાણમાં થતું જણાય છે. અરે ! રાત્રિભોજન તેમના ધર્મ પ્રમાણે ન જ કરાય, તે વાતનીય તેમને ખબર નથી. પરિણામે જૈનોથી જ રાત્રે ન ખવાય, તેવી માન્યતા આજે પ્રચલિત બની છે. પરંતુ હકીકત તો એ છે કે જૈન હોય કે અજૈન, કોઈથીય રાત્રે તો ન જ ખવાય.

કોઈ અજૈન ભાઈ કહે કે મારાં ધર્મશાસ્ત્રો મેં વાંચ્યા નથી, મારા ધર્મગુરુએ મને મારા ધર્મના શાસ્ત્રની આ રાત્રિભોજનત્યાગની વાત કદી ય જણાવી નથી, માટે હું રાત્રે ખાઉં તો મને તો પાપ લાગે જ નહિ, તો તે વાત બરોબર નથી.

જે છોકરાને 'આ આગ કહેવાય, તેને ન અડાય, અડીએ તો બળી જવાય' એવું

જ્ઞાન તેના માતા-પિતા કે અન્ય કોઈએ પણ આપ્યું નથી, તે છોકરો અજ્ઞાનતાથી પણ આગને અડે તો બળે કે નહિ ?

અજ્ઞાનતા એ કાંઈ માફી નથી. Egnorence is not excuse.' મુંબઈના કયા રસ્તાઓ વન-વે છે, તે જાણતા ન હો ને ખોટા રસ્તે ગાડી ચલાવો તો ટ્રાફીક પોલીસ તમારો ગુનો નોંધે જ. તમે તે વખતે કહો કે હું અમદાવાદથી આવ્યો છું. તેથી મને મુંબઈના રસ્તાની ખબર નથી તો તે ન ચાલે. જો મુંબઈના રસ્તા ઉપર ગાડી ચલાવવી હોય તો મુંબઈના રસ્તાની માહિતી તમારે મેળવવી જ પડે. તેની અજ્ઞાનતા તમને કાંઈ માફી ન આપે.

તેથી જૈન હોય કે અજૈન, જાણતો હોય કે ન જાણતો હોય, જે રાત્રે ખાય તેને રાત્રિભોજનનું પાપ લાગે જ ને ? તેથી આજે જ કાયમ માટે રાત્રિભોજન નહિ કરવાની પ્રતિજ્ઞા લઈ લેવી જોઈએ.

આર્યદેશના લગભગ બધા જ ધર્મવાળાઓ પોતાના ધર્મશાસ્ત્રોમાં રાત્રિભોજનને પાપ તરીકે ગણાવે છે. તેનો ત્યાગ કરવાનું જણાવે છે. તથા રાત્રિભોજનનો ત્યાગ કરવાથી એક મહિનામાં ૧૫ ઉપવાસ કર્યાનું ફળ તથા પરલોકમાં દેવલોકનું ફળ મળે તેમ જણાવે છે.

હવે આપણે અન્ય ધર્મનાં શાસ્ત્રોમાં પણ રાત્રિભોજનનો ત્યાગ કરવા જે જે જણાવેલ છે, તે જોઈએ.

રાત્રિભોજન એટલે નરકનો પ્રથમ નંબરનો નેશનલ હાઈવે :

चत्वारो नरकद्वाराः प्रथमं रात्रिभोजनम् ।

परस्त्रीगमनं चैव, सन्धानाऽनन्तकायिके ॥ - પદ્મપુરાણ - પ્રભાસખંડ.

પુરાણ શાસ્ત્રોમાંના પદ્મપુરાણના પ્રભાસખંડમાં નરકના ચાર દરવાજા જણાવ્યા છે : (૧)રાત્રિભોજન, (૨) પરસ્ત્રીગમન, (૩) બોળ અથાણું અને (૪) અનંતકાય.

જુઓ તો કમાલ ! અન્ય ધર્મે માત્ર રાત્રિભોજનને જ નહિ, અનંતકાય-બટાકા વગેરે કંદમૂળને પણ નરકના દરવાજા તરીકે આ શ્લોકમાં જણાવેલ હોવા છતાંય તેમના ધર્મગુરુઓ તેમને આ વાત હજુય સમજાવતા નથી. પરિણામે રાત્રિભોજન અને કંદમૂળભક્ષણ કરવા દ્વારા નરક તરફ સડસડાટ દોટ તેમણે મૂકવી પડે છે.

નરકના ચારે દરવાજામાં સૌપ્રથમ નંબર રાત્રિભોજનને આપેલ છે, તે ઉપરથી જણાશે કે રાત્રિભોજન એ કેવું ભયંકર પાપ છે !

ખાવા-પીવાના ચટકા કરવા માટે કે લાલસાઓ પોષવા માટે તો રાત્રિભોજન - ત્યાગ - કંદમૂળત્યાગની આ વાત તે તે ધર્મના અનુયાયીઓ સુધી ન પહોંચતી હોય; તેવું તો નથી ને ?

મહાભારત કહે છે :

કંદમૂળ ખાનાર તથા રાત્રિભોજન કરનારાનાં જપ-તપ-તીર્થયાત્રાદિ નિષ્ફળ :

मद्यमांसादनं रात्रौभोजनं कन्दभोजनम् !

ये कुर्वन्ति वृथस्तेषां, तीर्थयात्रा जपस्तप : - મહાભારત (ઋષીવર ભારત)

જેઓ દારૂ, માંસ, રાત્રિભોજન, કંદમૂળભક્ષણ વગેરે કરે છે, તેમની તીર્થયાત્રા, જપ, તપ નિષ્ફળ જાય છે !

માર્કંડપુરાણ કહે છે :

રાત્રે ખાવું તે માંસ ખાવા બરાબર !

રાત્રે પાણી પીવું તે લોહી પીવા બરાબર !

अस्तंगते दिवानाथे, आपो रुधिरमुच्यते !

अन्नं मांससमं प्रोक्तं, मार्कण्डेयमहर्षिणा - માકઁડપુરાણ

દિવસનો નાથ સૂર્ય અસ્ત પામ્યા પછી પાણી પીવું તે લોહી પીવા બરોબર છે અને ભોજન કરવું તે માંસ ખાવા સમાન છે તેમ માર્કંડેય ઋષિ જણાવે છે.

જો માંસ ખવાય નહિ, લોહી પીવાય નહિ તો રાત્રે ભોજન શી રીતે કરી શકાય ? પાણી શી રીતે પી શકાય ? કારણ કે માર્કંડેયઋષિ તો રાત્રે ખાવું તે માંસ ખાવા બરોબર ને રાત્રે પાણી પીવું તે લોહી પીવા બરોબર જણાવે છે. ઉપરોક્ત શ્લોક વાંચ્યા પછી તો કોઈ અજૈન પણ રાત્રિભોજન કરવા તૈયાર શી રીતે થઈ શકે ?

मृते स्वजनमात्रेपि, सूतकं जायते किल ।

अस्तंगते दिवानाथे भोजनं किमु क्रियते ॥ માર્કંડપુરાણ

સ્વજન, સ્નેહીનું મૃત્યું થતાં જો સૂતક લાગુ પડે છે તો સૂર્યનો અસ્ત થયે છતે શી રીતે ભોજન કરી શકાય ? એટલે કે સૂર્યાસ્ત થયા પછી કોઈ પણ સંયોગમાં ભોજન લઈ શકાય નહિ. રાત્રિભોજન સર્વથા ત્યાજ્ય છે.

मद्य - मांसाशनं रात्रौ भोजनं कन्दभक्षणम् ।

भक्षणात् नरकं याति वर्जनात् स्वर्गमाप्नुयात् । - માર્કંડપુરાણ

દારૂ, માંસનું સેવન, રાત્રિભોજન તથા કંદમૂળભક્ષણ કરવાથી જીવો નરકમાં જાય છે. જ્યારે આ બધાનો ત્યાગ કરવાથી જીવો સ્વર્ગને પ્રાપ્ત કરે છે.

આ શ્લોકમાં તો સ્પષ્ટપણે રાત્રિભોજન તથા કંદમૂળને માંસ - દારૂ જેવા ભયંકર જણાવ્યા છે. તથા તેનું સેવન કરનારે નરકમાં જવું પડે છે, તેમ સૂચવેલ છે.

વેદશાસ્ત્રો પણ કહે છે કે રાત્રિભોજન તો થાય જ નહિ.

देवैस्तु भुक्तं पूर्वाह्ले, मध्याह्ने ऋषिभिस्तथा ।
अपराह्ले च पितृभि : सांयाह्ने दैत्यदानवैः ॥
सन्ध्यायां यक्षरक्षोभिः सदा भुक्तं कुणोद्वह !
सर्ववेलां व्यतिक्रम्य, रात्रो भुक्तमभोजनम्'' યજુર્વેદ આહ્નિકશ્લોક : ૨૪-૧૯.

હે યુધિષ્ઠિર ! દેવોએ હંમેશા પ્રથમ પ્રહરમાં ભોજન કરેલું છે. ઋષિ-મુનિઓએ બીજા પ્રહરમાં મધ્યાહ્નકાળે ભોજન કરેલું છે. પિતાઓએ ત્રીજા પ્રહરમાં ભોજન કરેલું છે. દાનવો, યક્ષો-રાક્ષસોએ સંધ્યા સમયે ભોજન કરેલું છે. પણ આ બધી ભોજનવેળાઓ છોડીને જે રાત્રિભોજન કરે છે, તે અભોજન છે. (એટલે કે તે ભોજન એ ભોજન જ નથી અથવા તો ખરાબ ભોજન છે. અર્થાત્ તેવું ભોજન કરાય જ નહિ. આમ વેદના મતે પણ રાત્રિભોજન નિષિદ્ધ છે.)

રાત્રિભોજન – ત્યાગનું ફળ :

ये रात्रौ सर्वथाऽऽहारं, वर्जयन्ति सुमेधसः
तेषां पक्षोपवासस्य, फलं मासेन जायते ।

જે બુદ્ધિશાળી જીવો રાત્રે સર્વ પ્રકારના આહારનો ત્યાગ કરે છે, તેમને એક મહીનામાં પંદર ઉપવાસનો લાભ મળે છે.

જો રાત્રે પાણી પણ ન પીવાય, તો ખાવાની તો વાત જ ક્યાંથી ?

नोदकमपि पातव्यं, रात्रावत्र युधिष्ठिर ।
तपस्विना विशेषेण, गृहिणा च विवेकिना ॥ માર્કંડપુરાણ. અ-૩૦, શ્લોક-૨૨

હે યુધિષ્ઠિર ! ખાસ કરીને તપસ્વીઓ તથા વિવેકી ગૃહસ્થોએ રાત્રે પાણી પણ પીવું ન જોઈએ.

રાત્રિભોજન કરનાર સૂર્યદેવનો ઉપાસક ન ગણાય :

पयोदपटलस्थेन, नाशिनी रविमण्डले
अस्तंगते तु भुञ्जाना, अहो भानोः सुसेवकाः ।

સૂર્યમંડળ જ્યારે વાદળોના સમૂહ વડે ઘેરાઈ જાય છે (કે ગ્રહણ વખતે આવરાઈ જાય છે) ત્યારે જેઓ ભોજન કરતા નથી, તેઓ જો સૂર્યાસ્ત થયા પછી પણ ખાતા હોય તો, અહો ! ધન્ય છે તે સૂર્યના સેવકોને !

આ શ્લોકમાં એમ કહે છે કે, સૂર્યને જેઓ ભગવાન માને છે, અને તેથી તેમના પ્રત્યે પોતાની ભક્તિ પ્રદર્શિત કરવા, જ્યારે સૂર્યદેવના વાદળાદિ કારણસર દર્શન ન થાય ત્યારે દુઃખી દુઃખી થઈ જવાના કારણે ભોજન કરવા તૈયાર થતા નથી, તે લોકો જ્યારે સૂર્ય અસ્ત થઈ જાય, ત્યારે તો ભોજન કરી જ શકે શી રીતે ?

વાદળ પાછળ ઢંકાયેલો સૂર્ય તો થોડા સમયમાં બહાર આવશે, જ્યારે અસ્ત થયેલો સૂર્ય તો બીજો દિવસ ઉગ્યા પહેલાં દેખાવાનો જ નથી. તો જો થોડાકાળનો વિરહ થતાં જે આટલા બધા દુઃખી થાય છે ને ભોજન છોડી દે છે, તેઓ સૂર્યાસ્ત થતાં, આખી રાત્રિ સૂર્યદેવનો વિરહ થવાથી રાત્રિભોજન કરી શકે નહિ જ ને ?

પણ જો તેઓ રાત્રિભોજન કરતાં હોય તો સૂર્યદેવના સાચા ભક્ત શી રીતે કહી શકાય ? માત્ર સૂર્યના સેવક હોવાનો દંભ જ કરે છે, તેવું શું ન કહેવાય ?

त्वया सर्वमिदं व्याप्तं, ध्येयाऽसि जगता रवे ।

त्वये चास्तमिते देव । आपो रुधिरमुच्यते ॥ કપોલસ્રોત. શ્લોક ૨૪ સ્કન્દપુરાણ.

હે સૂર્ય ! તારા વડે આ સઘળું જગત વ્યાપ્ત છે. અને ત્રણે જગતને તું ધ્યાન ધરવા યોગ્ય છે. માટે હે દેવ ! તું અસ્ત પામે છતે પાણી પણ લોહી કહેવાય છે !

સ્કન્દપુરાણના આ શ્લોકમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે રાત્રે પાણી લોહી સમાન ગણાય છે, તેથી તે ન પીવાય. રાત્રે જો પાણી પણ ન પીવાય તો રાત્રે ભોજન તો કરાય જ કેમ ?

રાત્રિભોજન તો કરાય જ નહિ. તેમાંય ચોમાસામાં તો ખાસ ન કરવું.

नक्तं न भोजयेद्यस्तु, चातुर्मास्ये विशेषतः ।

सर्वकामानवाप्नोति, इहलोके परत्र च યોગવાશિષ્ઠ પૂર્વાર્ધ. ૧૦૮.

જે આત્મા રાત્રિભોજન કરતો નથી, તેમાંય ચોમાસામાં તો વિશેષ કરીને જે રાત્રિભોજન કરતો નથી, તે આત્મા આ ભવ અને અને પરભવમાં સર્વ મનોરથોને પામે છે.

રાત્રિભોજન ત્યાગનારને ઘેર બેઠાં તીર્થયાત્રાનો લાભ !

एकभक्ताशनान्नित्यमग्निहोत्रफलं लभेत ।

अनस्तभोजनो नित्यं तीर्थयात्राफलं लभेत । સ્કન્દપુરાણ-સ્કંધ-૭, અ. ૧૧, શ્લોક: ૨૩૫

જે માણસ હંમેશ માટે રોજ એકવાર ભોજન કરે છે, તે અગ્નિહોત્રના ફળને મેળવે છે. અને જે માણસ નિત્ય સૂર્યાસ્ત પૂર્વે જ ભોજન કરે છે તેને તીર્થયાત્રાનું ફળ મળે છે.

ચોમાસામાં પણ રાત્રિભોજન કરનારની શુદ્ધિ કદી ન થાય !

चातुर्मास्ये तु सम्प्राप्ते, रात्रिभोज्यं करोति यः ।

तस्य शुद्धि र्न विद्येत, चान्द्रायणशतैरपि ॥ ઋષિશ્વર ભારત-વૈદિકદર્શન.

ચોમાસામાં પણ જે રાત્રિભોજન કરે છે, તેના પાપની શુદ્ધિ સેંકડો ચાન્દ્રાયણ તપ કરવા છતાં ય થતી નથી .

વેદશાસ્ત્રોના મતે રાત્રે શું શું ન થાય ?

त्रयीतेजामयो भानुरिति वेदविदो विदु : ।

तत्करै : पूतमखिलं शुभं कर्म समाचरेत् ॥

नैवाहुति र्न च स्नानं न श्राद्धं देवतार्चनम्

दानं वा विहितं रात्रौ, भोजनं तु विशेषतः ॥

વેદના જાણકારો સૂર્યને ત્રણ તેજોમય કહે છે. તે સૂર્યના કિરણો વડે કરી પવિત્ર થયેલાં બધાં શુભ કાર્યો કરવા. રાત્રે આહુતિ, સ્નાન, શ્રાદ્ધ, દેવપૂજન તથા દાન ન કરવા તથા ખાસ કરીને ભોજન તો રાત્રે ન જ કરવું.

ઉપરોક્ત બધા શાસ્ત્રશ્લોકો દ્વારા હવે બધાને બરોબર સમજાઈ ગયું હશે કે જૈન હોય કે અજૈન, કોઈએ પણ રાત્રિભોજન તો કરાય જ નહિ.

જૈન શાસનના કર્મ વિજ્ઞાનને સચોટ રીતે સમજવા તથા તેના દ્વારા જીવનને શાંતિ-સમાધિ અને પ્રસન્નતા ભરપૂર બનાવવા

પૂ. પં. શ્રી મેઘદર્શનવિજયજી મ. સાહેબ લિખિત

કર્મનું કમ્પ્યુટર

ભાગ - ૧, ૨, ૩

આજે જ વસાવો અને અનેકોને ભેટ આપો

(૯) રાત્રિભોજન : ડૉક્ટરો – લેખકોની દૃષ્ટિએ

'હીલીંગ બાય વોટર' પુસ્તકના લેખક મિ. ટી. હાર્ટલી હેનેશી A.R.C.A. જણાવે છે કે માનવશરીર ઉપર સૂર્યનાં કિરણોનો અજબ ગજબ પ્રભાવ પડે છે, માટે આહારની બાબતમાં સૂર્યાસ્ત પહેલાં ભોજન લઈ લેવું હિતકર છે. અને રાત્રે આરામ કરવો સારો છે. "જ્યાં સૂર્યનો અપ્રવેશ, ત્યાં જ વૈદ્ય-ડૉક્ટરોનો પ્રવેશ."

ધી ફીલોસોફી ઓફ ઈટીંગ કેમેસ્ટ્રી, ફિઝીયોલોઝી તથા હાઈજીનના ભૂતપૂર્વ પ્રો. એલબર્ટ જે બેલોજ, એમ. ડી. જણાવે છે કે શ્રમ કરવાવાળી વ્યક્તિને સારું અને પોષક ભોજન દિવસમાં ત્રણ વાર, તે પણ સૂર્યોદય પછી અને સૂર્યાસ્ત પહેલાં લેવું સારું. સાંજનાં વ્યક્તિ આખા દિવસના શ્રમથી થાકી જાય છે ત્યારે ભોજન પેટમાં જવાથી ગરબડ ઊભી થાય છે. માટે આરોગ્ય અને પૂરતી ઊંઘ જાળવવા અને સ્ફૂર્તિમય જીવન જીવવા દિવસ છતાં આહાર લઈ લેવો જરૂરી છે.

ડૉ. લેફ્ટેવેંટ કનેલ 'ટ્યુબરક્લોસીસ એન્ડ ધી સનટ્રીટમેન્ટ' પુસ્તકમાં સન સ્કૂલના વિવરણ સાથે જણાવે છે કે ચીનસંસ્થા સાંજના સમયસર છ વાગે ભોજન કરી લે છે, જે સ્વાસ્થ્યને વધુ અનુકૂળ છે. (સૂર્યાસ્ત પછીનું ભોજન સ્વાસ્થ્ય માટે પ્રતિકૂળ છે.)

ડૉ.એસ. પેરેટ M.D. 'સ્વાસ્થ્ય અને જીવન' નામના પુસ્તકમાં એક હૃદયરોગીના કિસ્સાને વર્ણવતાં લખે છે કે, આ રોગીને રાત્રે ખાવાથી ખૂબ બેચેની થતી. હૃદયમાં દુઃખાવો થતો. તેથી તેના ભોજનમાં સમયનો ફેરફાર કરતાં સ્વાસ્થ્યમાં સારો સુધારો થયો. સૂર્યાસ્ત પછી જમવાનું છોડી દીધું ને હૃદય વગેરે બરાબર કામ કરતાં થઈ ગયા. જ્યારે બપોરે ઓછું ખાનારા રાત્રે ઠાંસીને ખાતાં હૃદયવેદનાનો શિકાર બને છે. આ કારણને ધ્યાનમાં રાખીને ડૉકટરો પણ આહારનો સમય બદલી સ્વાસ્થ્યરક્ષાનું કિંમતી સૂચન કરે છે.

આમ, જ્યારે ડૉક્ટરો વગેરે પણ શરીરના આરોગ્યના કારણસર રાત્રિભોજનનાં નુકશાનો જણાવી તેનો ત્યાગ કરવાનું સૂચવે છે ત્યારે જે લોકો ધર્મને નથી માનતા, તેમને કહેવું છે કે ભાઈ ! ધર્મની ખાતર રાત્રિભોજન છોડો તો શ્રેષ્ઠ, પણ તે માન્ય ન હોય તો ય છેવટે તમને વહાલા તમારા આરોગ્ય ખાતર પણ રાત્રિભોજન તો છોડો જ. અને તે રીતે ય પુષ્કળ જીવોને જીવનદાન તો કરો જ !

આપણી જીવન સાયકલમાં રોજ જેમ દિવસ આવે છે, તેમ રોજ રાત પણ આવે છે. પણ બંને સમયમાં કાર્ય જુદાં જુદાં કરવાનાં હોય છે, તે આપણને અનુભવસિદ્ધ છે.

દિવસ પ્રવૃત્તિ માટે છે. કાર્ય માટે છે. જ્યારે રાત્રિ આરામ માટે છે. બીજા દિવસે સ્ફૂર્તિથી કામ કરી શકીએ તે માટે જરૂરી આરામ કરવા માટે છે. દિવસે જેવું ને જેટલું કામ કરી શકાય છે તેવું ને તેટલું કામ રાત્રે નથી થઈ શકતું. જો તેમ ન હોત તો રાત્રે બધા બજારો ચાલુ હોત ને દિવસે બધી દુકાનો કાયમ બંધ હોત. પણ તેવું તો નથી. તેથી નક્કી થાય છે કે રાત્રિનું કામ જુદું છે ને દિવસનું કામ જુદું છે.

હવે જો રાત્રિ આરામ માટે જ છે, તો તે રાત્રીમાં આરામ ન કરવામાં આવે તો શું થાય ? શું આરોગ્ય ન બગડે ?

ભોજન એ દિવસનું કામ છે, રાત્રિનું નહિ. છતાં, દિવસને બદલે જે વ્યક્તિ રાત્રે ભોજન કરે તેનું પેટ ભારે થાય. પેટ ભારે થવાથી બેચેની લાગે. આ બેચેની દૂર કરવા તે માણસ ઘરમાંથી બહાર નીકળશે. આરામ કરવાના બદલે ગામમાં રખડશે. તેની નજરો સામે સિનેમાનાં પોસ્ટરો વગેરે આવશે તો વિકારો ઉભરાશે.

તે સિનેમામાં દોડશે. ટી.વી. વીડીયો સામે ગોઠવાશે. સેક્સી મેગેઝિનો વાંચશે કે પત્તા રમશે. અને તે રીતે ભયંકર વિચારોને આધીન થઈને ક્યારેક અજુગતાં કાર્યો પણ કરી બેસશે.

ખરાબ વિચારો, ખરાબ કાર્યો, સમયની બરબાદી, ખોરાકનું અપાચન વગેરે આ કેટલા બધા દોષો !

વળી, રાત્રે ખાવાના કારણે તેને પચાવવા, બેચેની દૂર કરવા, રખડવાના કારણે કે નવલકથાદિ વાંચવા, ટીવી વગેરે જોવાના કારણે રાત્રે મોડો ઊંઘશે. પૂરતો આરામ ન મળવાથી તેની તબિયત બગડ્યા વિના શી રીતે રહેશે ?

જો પૂરતો આરામ લેવા જશે તો સવારે આઠ-નવ વાગે - મોડો મોડો ઊઠશે. પરિણામે તેનો દિવસનો પ્રવૃત્તિ માટેનો કિંમતી સમય ઉંઘમાં વેડફાશે.

તમે જરા આસપાસ નજર કરશો તો તમને જણાશે કે રાત્રે ભોજન કરનાર વ્યક્તિઓ લગભગ રાત્રે ખૂબ મોડી ઊંઘતી હશે ને સવારે ખૂબ મોડી ઊઠતી હશે.

અહીં એમ કહેવાનો જરાય આશય નથી કે રાત્રિભોજન નહિ કરનારી વ્યક્તિ ટી.વી. વગેરે નથી જોતી કે મોડી નથી ઊંઘતી-ઊઠતી. પણ એટલું તો ચોક્કસ જણાવવું છે કે રાત્રે ભોજન નહિ કરનારી વ્યક્તિનું પેટ ભારે ન થવાથી તે ધારે તો વહેલાં સૂઈ શકે છે અને તે દ્વારા સંભવિત તમામ નુકશાનોથી પોતાની જાતને ઉગારી શકે છે. જ્યારે રાત્રે ભોજન કરનારી વ્યક્તિને, પેટ ભારે થવાથી, ધારે તો ય લગભગ તે વહેલી સૂઈ શકતી નથી. પરિણામે તેના જીવનમાં તમામ નુકશાનો થવાની પુષ્કળ શક્યતા છે.

તેથી જેણે પણ આ બધાં નુકશાનોથી બચવાની ઈચ્છા હોય તેણે સત્વરે રાત્રિભોજનનો ત્યાગ કરી દેવો જોઈએ.

(૧૦) રાત્રે તો ન જ ખવાય.

શા માટે રાત્રિભોજન ન કરાય તે વાત આપણે જુદા જુદા અનેક દષ્ટિકોણથી વિચારી. જૈન ધર્મની દષ્ટિએ કે અજૈનોની દષ્ટિએ, આરોગ્યની દષ્ટિએ, લૌકિક વ્યવહારોની દષ્ટિએ, માનવીય સભ્યતાની દષ્ટિએ કે આત્મકલ્યાણની દષ્ટિએ, વૈજ્ઞાનિક દષ્ટિએ કે ડૉક્ટરોની દષ્ટિએ કોઈપણ વ્યક્તિથી રાત્રિભોજન તો કોઈપણ સંયોગમાં કરી શકાય જ નહિ.

ઉપરોક્ત તમામ દષ્ટિકોણો કરતાંય મહત્ત્વનો દષ્ટિકોણ તો એ છે કે ત્રણ લોકના નાથ, દેવાધિદેવ પરમપિતા પરમાત્માની આજ્ઞા છે કે રાત્રિભોજન કરાય જ નહિ. પરમાત્માની આજ્ઞાનો ભંગ તો શી રીતે થઈ શકે ?

ત્રણ લોકના નાથ દેવાધિદેવ પરમાત્માએ સૂર્યાસ્ત થયા બાદ ભોજનનો સ્પષ્ટ નિષેધ ફરમાવ્યો છે. જો આપણને આપણા પરમાત્મા વહાલા હોય. આપણે તેમને આપણા તરણ-તારણહાર માનતા હોઈએ તો તેમના વચનનો અનાદર આપણાથી શી રીતે થઈ શકે ?

જે દીકરો રોજ રાત્રે પપ્પાના પગ દબાવે પણ પપ્પાની સામે બોલે, તેમની વાતોનો વિરોધ કે અનાદર કરે, તે દીકરાને પિતૃભક્ત શી રીતે માની શકાય ? કદાચ તે દીકરો પિતાના પગ ન દબાવે તો ચાલે, પણ તમામ અનુકૂળતાઓ હોવા છતાં ય પિતાની વાતનો અનાદર કરે તો ન જ ચાલે, બરોબર ને ?

તે જ રીતે રોજ પરમાત્માના દર્શન-પૂજન કરનારા, પરમાત્માના અનુયાયી તરીકે પોતાને ઓળખાવનારા, રાત્રિભોજનનો ત્યાગ કરવાના પરમાત્માના વચનનો અનાદર કરે તો તેને પરમાત્મા વહાલા લાગ્યા છે, તેવું શી રીતે માની શકાય ?

'ષોડશક પ્રકરણ' નામના ગ્રંથમાં પૂજ્યપાદ સૂરિપુરંદર હરિભદ્રસૂરિજી મ. સાહેબ જણાવે છે કે ત્રણ લોકના નાથ દેવાધિદેવ પરમાત્માના વચનને જેઓ હૃદયમાં લાવે છે, તેઓ જ તાત્ત્વિક રીતે પરમાત્માને હૃદયમાં પધરાવી શકે છે. પરમાત્માના વચનને હૃદયમાં ન લાવનાર જીવનમાં પરમાત્માને પામી શકતો નથી. પરમાત્માના વચનનો આદર કરવા દ્વારા જેના હૃદયમાં પરમાત્મા આવ્યા, તેને નિયમથી સર્વ પ્રયોજનોની સિદ્ધિ થયા વિના રહેતી નથી.

'સમય બદલાયો છે, ધંધાના કારણે રાત્રિભોજન કરવું પડે છે. આ કાળમાં તો રાત્રિભોજન કર્યા વિના છૂટકો નથી,' વગેરે બહાના કદી ન કાઢવા.

જેણે રાત્રિભોજન છોડવું જ છે, તેના માટે હજારો રસ્તાઓ ખુલ્લા છે. તપાસ કરે તો તેને ઉપાય પ્રાયઃ મળ્યા વિના નહિ રહે. અરે ! બધી અનુકૂળતાઓ સામે આવીને ઊભી રહેશે. પણ જેણે રાત્રિભોજન છોડવું જ નથી, તેને આવા હજારો બહાના પણ મળ્યા વિના નહિ રહે.

ઉપરોક્ત બહાનાઓ દ્વારા પોતાના રાત્રિભોજનનો બચાવ કરનારાઓને પૂછવાનું મન થાય છે કે ભાઈ ! જો ધંધા કે નોકરીના કારણે તારે રાત્રે ખાવું પડતું હોય તો જે દિવસે રજા છે, દુકાન બંધ છે કે કારણવશાત્ સાંજે સમયસર ઘરે હાજર છે, ત્યારે તો તું રાત્રે નથી ખાતો ને ? કે પછી રવિવારે રાત્રે બહાર ફરવા જાય છે ને અભક્ષ્ય ભોજનને પેટમાં પધરાવે છે ? બોલ તો ખરો ! સાચી હકીકત શું છે ? રજાના દિવસે તને રાત્રિભોજનનો ત્યાગ કરતા કોણે અટકાવ્યો ? ખોટા બહાના શું કાઢે છે ? બોલ કે, "રાત્રિભોજન કર્યા વિના છૂટકો નથી તેવી મારી વાત ખોટી છે, પણ હકીકત એ છે કે રાત્રિભોજન મારાથી છૂટતું નથી !!!"

બાકી તો જેને પરમાત્માની આ આજ્ઞા સમજાઈ ગઈ છે, તેવા આત્માઓ તો પોતાના ધંધાનો સમય પણ એવી રીતે એડજસ્ટ કરે છે કે તેમણે રાત્રિભોજન કરવું જ ન પડે. અરે ! નોકરી પણ ત્યાં જ, તેવા જ શેઠ પાસે સ્વીકારે છે કે જેથી તેણે રાત્રિભોજન કરવાનો અવસર જ ન આવે.

મુંબઈ-સુરત વગેરે સ્થળોએ તો રાત્રિભોજનનો ત્યાગ કરવાની ભાવનામાંથી ચોવિહાર હાઉસોના સર્જન થયા છે. અનેક યુવાનો ધંધા-નોકરીના કારણે સમયસર ઘરે ન પહોંચતા હોવા છતાં પોતાનો રાત્રિભોજનનો ત્યાગ કરવાનો નિયમ આ ચોવિહાર હાઉસોના પ્રભાવે ટકાવી રાખે છે.

કેટલાય લોકો રાત્રે ન ખાવાની પરમાત્માની આજ્ઞાનું પાલન કરવા ઘરેથી સાથે ટિફિન લઈ જાય છે કે પાછળથી મંગાવી લે છે. પણ પરમાત્માની આજ્ઞાનો ભંગ કરવા ધરાર લાચાર છે. આવા યુવાનોને જ્યારે નજરમાં લેવાશે, ત્યારે રાત્રિભોજન કરનારાઓના મસ્તક શરમથી ઝૂક્યા વિના નહિ રહે. પોતાની જાત પ્રત્યે નફરત પેદા થયા વિના નહિ રહે.

બહેનો તો આરામથી રાત્રિભોજનનો ત્યાગ કરી શકે છે. તેમને તો કાંઈ નોકરી ધંધે જવાનું પ્રાયઃ હોતું નથી. તેઓ ધારે તો પોતે જેમ રાત્રિભોજન ત્યાગી શકે છે, તેમ પોતાના આશરે રહેલાં પોતાના બાળક-બાલિકાઓને પણ રાત્રિભોજનનો ત્યાગ કરાવીને સંસ્કારિત બનાવી શકે છે. છતાંય વગર કારણે રાત્રે જ ખાવાની ટેવ પાડીને રોજ મોડી રસોઈ બનાવનારી, બાળકોને પણ રાત્રે મોડા જમાડનારી કે રાત્રે શક્તિના નામે દૂધ

પીવાની ફરજ પાડનારી માતાને માટે કયા શબ્દોનો પ્રયોગ કરવો તે જ સમજાતું નથી !

પૂર્વ ભવમાં યોગમાર્ગની સાધના કરતાં કરતાં, આયુષ્યપૂર્ણ થવાથી યોગભ્રષ્ટ બનેલો તે આત્મા પોતાની યોગમાર્ગની આરાધનાને આગળ ધપાવવા માટે તમારા જેવાના પવિત્ર અને ખાનદાન કૂળમાં બાળક તરીકે અવતર્યો છે. હવે તેની યોગ સાધનામાં સહાયક બનવાના બદલે અંતરાયભૂત બનનારા માતા-પિતાને સાચા માતા-પિતા શી રીતે માની શકાય ?

યાદ રાખીએ કે ટેસ્ટથી રાત્રિભોજન કરવાથી પરમાત્માની આજ્ઞાનું ખૂન થાય છે. ના, તે તો આપણાથી હરગિજ ન થઈ શકે.

જો આરોગ્યને પ્રાપ્ત કરવા માટે આપણે ડૉક્ટરો કે વૈદ્યોને માથે રાખવા તૈયાર રહેતાં હોઈએ, તેમણે કરેલી ચરી બરોબર પાળવા તૈયાર હોઈએ, તેમણે નિષેધ કરેલી તમામ ખાવાની ચીજો પણ છોડી દેતાં હોઈએ તો પછી આત્માના સાચા સુખને પામવા, ડૉક્ટર જેવા પરમાત્માને માથે રાખવા કેમ તૈયાર નથી ? તેમની આજ્ઞાનુસાર રાત્રિભોજનનો ત્યાગ કરવા હજુ ય તૈયાર કેમ નથી ?

પેલા પોપટલાલ શેઠ ! સખત બીમાર પડ્યા. ડૉક્ટરોના કોઈ ઉપાયો કારગત ન થયા. છેવટે ૮૫ વર્ષના વૈદ્ય પાસે લઈ જવાયા.

વૈદ્યે દવા તો કરી, પણ સાથે કહ્યું, કે દહીં કાયમ માટે છોડવું પડશે. જો ભૂલેચૂકે ય દહીં કે દહીંની વસ્તુ લીધી તો તમને ભગવાન સિવાય કોઈ બચાવી નહિ શકે.

પ્રાણ તો કોને વહાલો નથી ? પોપટલાલ શેઠે કાયમ માટે દહીંનો ત્યાગ કરી દીધો. આ વાતને લગભગ દસ વર્ષ વીતી ગયાં.

એક વાર જમાઈરાજ જમવા આવ્યા છે. તેમને ભાવતું ભોજન શીખંડ - પૂરીનું બનાવાયું છે. કાચા દૂધ - દહીં સાથે કઠોળ ભેગું થાય તો વિદળ કહેવાય. તેની પાકી જાણકારી હોવાથી કાચા દહીંના બનેલા શીખંડ સાથે કોઈ જ કઠોળની ચીજ બનાવી નથી.

મગની દાળ કે ચોળીનું શાક, ભજિયા કે કટલેશ, ખમણ કે ઢોકળાં જેવું ન બનાવતાં, ટીંડોળા - દૂધી વગેરેનું શાક, કેળાની વેફર કે ચોખાના ઢોકળાં જેવા ફરસાણ બનાવવાની કાળજી લેવાઈ છે.

જમાઈની સાથે પોપટલાલ શેઠ પણ જમવા બેઠા છે. દીકરીએ પિતાને પણ શિખંડ ખાવાનો આગ્રહ કર્યો. દસ વર્ષથી કોઈ તકલીફ નહોતી થઈ, તેથી અત્યાગ્રહ થતાં, પોપટલાલ શેઠે પરાણે અનિચ્છાએ પણ એક ચમચી જેટલો શીખંડ જ્યાં મોઢામાં મૂક્યો ત્યાં જ હાથ-પગ ખેંચાવા લાગ્યા. ચક્કર આવવા લાગ્યા. બેહોશ થઈને ઢળી પડ્યા.

દીકરાઓ તેમને પાછા ૯૫ વર્ષના ઘરડા થયેલા તે વૈદ્યરાજ પાસે લઈ ગયા. માંડ માંડ ભાનમાં લાવ્યા પછી વૈદ્યરાજે પૂછ્યું, "કેમ ? ભગવાનના ઘરે જલદી જવું છે ? દહીં ખાવાના ચટકા કેમ કર્યા ? જે મારું કહ્યું ન માને તેની દવા મારાથી શી રીતે થઈ શકે ?

પેલા પોપટલાલ શેઠ ધ્રુસકે ધ્રુસકે રડે છે. માફી માંગે છે. પોતાનો પ્રાણ બચાવવા કાકલૂદી કરે છે. મોતના મુખમાં પ્રવેશેલા પોતાને ગમે તે રીતે ઉગારવા વિનંતિ કરે છે. હવેથી ક્યારે ય દહીં ન ખાવાની ખાતરી આપે છે.

થઈ ગયેલી પોતાની ભૂલ બદલ પેદા થયેલા કારમા પશ્ચાત્તાપને ધ્યાનમાં લઈને વૈદ્યરાજે નવી દવા તો આપી પણ હવે પછી ક્યારેય પપૈયું ન ખાવાની ચરી પાળવા પર ભાર મૂક્યો. જુઓ શેઠ ! દહીં ખાધું તો ભલે ખાધું, હજુ ય જેટલું ખાવું હોય તેટલું ખાવાની છૂટ છે. ચટકા કરવા હોય તેટલા કરજો. પણ હવે પછી પૈપયું કદી નહિ ખાતાં. જો પપૈયું ખાધું તો તમને કોઈ બચાવી નહિ શકે. હું પણ હવે ભગવાનના ઘરે જવાની તૈયારીમાં છું. તેથી પપૈયું સ્વપ્નમાં ય ન ખવાઈ જાય તેની કાળજી લેજો."

પોપટલાલ શેઠ કહે, "ઘણો ઉપકાર આપનો. આપે મને જીવતદાન દીધું, હવે ક્યારે ય દહીં પણ નહિ ખાઉં ને પપૈયું પણ નહિ ખાઉં. ના, મારે હવે અકાળે મરવું નથી હોં."

ત્યાર પછી આ પોપટલાલ શેઠે કદી દહીં કે પપૈયું તો ન ખાધું, પણ જ્યાં સુધી જીવ્યા ત્યાં સુધી તેમને સતત પપૈયાનો ડર લાગ્યો કરતો. ભૂલમાં પણ પપૈયું ખાવાનું મન ન થઈ જાય તે માટે જો સામેથી પપૈયાની લારી આવતી દેખાય તો તેઓ બાજુની ગલીમાં વળી જતા. અરે ! સ્વપ્નમાં ય પપૈયું દેખાય તો તીણી ચીસ પાડીને પથારીમાં ઉછળતાં, સતત તેમને પપૈયાનો ભય લાગ્યા કરતો હતો.

જેવો પોપટલાલ શેઠને પપૈયાનો ભય લાગતો હતો, તેવો આપણને પરમાત્માની આજ્ઞાના ભંગનો ભય લાગવો જોઈએ. વૈદ્યની આજ્ઞાથી તેઓ જેમ પપૈયું ખાવા કોઈ પણ સંયોગમાં તૈયાર નહોતા, ખાવાનું મન પણ ન થાય તેની કાળજી રાખતા હતા, તે રીતે આપણે પણ કોઈ પણ સંયોગમાં રાત્રિભોજન કરવું ન જોઈએ. રાત્રિભોજન કરવાના નિમિત્તોથી દૂર રહેવાની સતત કાળજી રાખવી જોઈએ.

જો વૈદ્યના વચનનો અનાદર પોપટલાલ શેઠ કરે તો બહુ બહુ તો અકાળે મોત થાય. તેમનો એક ભવ બગડે. પણ જો આપણે પરમાત્માના વચનનો અનાદર કરીશું તો માત્ર આ જ ભવ નહિ, ભવોભવ બરબાદ થશે. આવતા ભવમાં દુર્ગતિમાં જવાની તૈયારી કરવી પડશે. નરકાદિના દુઃખો સહન કરવાની તૈયારી બતાવવી પડશે.

જો ભવોભવ બરબાદ ન કરવા હોય તો રાત્રિભોજનનો ત્યાગ કરવાનો આજે જ નિયમ લઈ લેવો જોઈએ.

છતાં ય કોઈ નિકાચિત કર્મોના ઉદયે, પરિસ્થિતિની લાચારીના કારણે રાત્રિભોજનત્યાગ થઈ જ શકે તેમ ન હોય તો, રવિવાર વગેરે રજાના દિવસે તથા તે સિવાય પણ જ્યારે જ્યારે અનુકૂળતા હોય ત્યારે તો રાત્રિભોજન છોડી જ દેવું જોઈએ. વળી જ્યારે ના છુટકે રાત્રિભોજન કરવું પડે ત્યારે પણ પેટ ભરવા માટે રાત્રે એક જ વાર ભાણે બેસીને જમવા સિવાય મુખમાં કાંઈપણ ન નાંખવાનો નિયમ કરવો જોઈએ. પછી મામા - માસીના ઘરે કે મિત્રોને ત્યાં પણ રાત્રે ચા - નાસ્તો નહિ કરવાનો. લગ્નના રીસેપ્સનમાં પણ પછી રાત્રે તો નહિ જ ખાવાનું. "રાત્રે ખાધા પછી તો હવે મારે નથી જ ખાવું. અને આ નાછૂટકે પણ રાત્રે મારે જે ખાવું પડે છે તે સારું તો નથી જ. મારું આ રાત્રિભોજન પણ કાયમ માટે છૂટી જાય તો ખૂબ સારું." તેવી વિચારણા કરતાં કરતાં ના છૂટકે રાત્રિભોજન કરવું પડે છે તેના ત્રાસથી આંખમાંથી વહી જતાં આંસુઓના પ્રવાહો સાથે રાત્રે જમવું. પણ સાવ નિષ્ઠુર બનીને, પોતાના રાત્રિભોજનનો બચાવ કરવાપૂર્વક તો રાત્રે કદી ન ખાવું.

પરમાત્માની આજ્ઞા પ્રત્યે જેને બહુમાન પેદા થયું છે, તે રાત્રે ખાય જ નહિ; કદાચ ખાવું પડે તો રડતાં રડતાં ખાય. તેના ખાધેલાનું લોહી તો ન થાય, પણ શરીરમાં રહેલાં લોહીનું પણ તેના કરુણ આક્રંદના કારણે પાણી થવા લાગે. તેની ખાવાની રીત જ એવી હોય કે જેના રુદનને જોઈને નિષ્કારણ રાત્રિભોજન કરનારાઓ તો કાયમ માટે રાત્રિભોજન છોડી જ દે. વળી આવો આત્મા બીજાને તો રાત્રિભોજન કરવાની પ્રેરણા તો ન જ કરે; તે તો સમજાય તેવી વાત છે.

ચાલો ! આપણે પરમાત્માની આજ્ઞાના અણિશુદ્ધ પાલક બનીએ. તે ન બનાય તો તેના પક્કા પક્ષકાર બનીએ અને તે રીતે જલ્દીથી જલ્દી મોક્ષપદને પામીએ.

(૧૫) બહુબીજ : જેમાં ઘણાબધા બીજ હોય તે બહુબીજ, એવું નથી. ઘણાબધા બીજ હોવા છતાં ય તે અભક્ષ્ય ન પણ હોઈ શકે.

હકીકતમાં જે શાક કે ફળમાં બે બીજો વચ્ચે કોઈ આંતરપટ (પડ) ન હોય, બે બીજો પરસ્પર એકબીજાને અડીને રહ્યા હોય, જે બીજાને રહેવા માટે જુદા જુદા ખાસ ખાના કે સ્થાન ન હોય, તેવા ઘણા બધા બીજોવાળી ચીજને બહુબીજ કહેવાય. તેવા બહુબીજ પદાર્થો અભક્ષ્ય છે. કદીપણ ન ખવાય.

કોઠીંબડા, ટીંબરું, ખસખસ, રાજગરો, પંપોટા, અંજીર વગેરે બહુબીજ છે. દરેક બીજમાં જુદો જુદો જીવ છે. તે બધાની હિંસા થાય છે. તેથી તે અભક્ષ્ય ગણાય છે. તેનો ત્યાગ કરી દેવો જોઈએ.

ખસખસ, અંજીર વગેરે બહુબીજ હોવાથી અભક્ષ્ય છે, તેવો ખ્યાલ ન હોવાથી કેટલાક લોકો તેનો ઉપયોગ કરતાં દેખાય છે. તેમણે તરત તેનો ત્યાગ કરવો જરૂરી છે.

બહુબીજવાળી વસ્તુઓ પિત્તનો પ્રકોપ કરે છે. તેથી આરોગ્યની દૃષ્ટિએ પણ તેનો ત્યાગ કરવો ઉચિત છે.

(૧૬) અનંતકાય : અનંતા જીવો એક શરીરમાં સાથે હોય તે અનંતકાય કહેવાય. કંદમૂળ અનંતકાય છે. આ કંદમૂળ ન ખાવું તે જૈનોની વિશિષ્ટ ઓળખાણ છે. માટી, પાણી, અગ્નિ, વાયુ વગેરેમાં તો એક શરીરમાં એક જ જીવ હોય છે. પરંતુ આ દુનિયામાં વનસ્પતિ બે પ્રકારની છે. કેટલીક વનસ્પતિ એવી છે કે જેમાં એક શરીરમાં એક જ જીવ હોય છે. આંબો, પીપળો, લીમડો, મગ, ઘઉં, ડાંગર વગેરે. તેમના ફળ, ફૂલ, છાલ, થડ, મૂળ, પાંદડું, બીજ વગેરે દરેકમાં અલગ અલગ એક એક જીવ હોય છે. તેઓ પ્રત્યેક વનસ્પતિકાય તરીકે ઓળખાય છે.

જ્યારે બટાકા, લસણ, ડુંગળી, ગાજર વગેરે અનેક વનસ્પતિઓ એવી છે કે જેમાં એકેક શરીરમાં પણ અનંતા અનંતા આત્માઓ વાસ કરતા હોય છે. તેઓ સાધારણ વનસ્પતિકાય તરીકે ઓળખાય છે.

મોટા ભાગે તેઓ જમીનમાં ઉગે છે. જમીનમાં ઊગવાના કારણે તેમને પૂરતો સૂર્યપ્રકાશ મળતો નથી. જ્યાં સૂર્યપ્રકાશ ન પહોંચે ત્યાં પુષ્કળ જીવો ઉત્પન્ન થાય તે તો આપણા અનુભવથી સિદ્ધ હકીકત છે. જે મકાનમાં માળિયા વગેરે સ્થાને સૂર્યપ્રકાશ

પહોંચતો નથી ત્યાં ઘણાબધા મચ્છરો-જીવાતો વગેરે નથી જણાતા ?

આજનું વિજ્ઞાન પણ કહે છે કે **Where there is darkness, there are germs.** જ્યાં અંધકાર છે, ત્યાં પુષ્કળ જીવો છે.બટાકા-કાંદા વગેરે કંદમૂળો જમીનમાં થાય છે. ત્યાં સૂર્યનો પ્રકાશ પહોંચી શકતો નથી માટે તેમાં અનંતાજીવો પેદા થાય છે.

જોકે મગફળી પણ જમીનમાં પેદા થાય છે છતાં તે અનંતકાય નથી. કારણ કે તેમાંથી તેલ નીકળે છે. તે તેલ તેમાં અનંતાજીવોને ઉત્પન્ન થવા દેતું નથી.

ઘરમાં લાવેલી તુવેરની દાળ વગેરેને તેલથી મોવામાં આવે છે, તે તો જાણો જ છો ને ! શા માટે તેલથી જ મોવામાં આવે છે ? કારણ કે તેલની તે તાકાત છે કે તેમાં જીવોની ઉત્પત્તિ ન થવા દે, દાળને બગડવા ન દે. તે જ રીતે મગફળીમાં રહેલું તેલ તેમાં અનંતા જીવોને પેદા થવા દેતું નથી.

રીંગણા જમીનમાં ઊગતા નથી પણ બહાર પેદા થાય છે. તેથી તે અનંતકાય નથી, પરંતુ રીંગણા અતિશય તામસી તથા કામોત્તેજક હોવાથી તેને અભક્ષ્ય ગણવામાં આવ્યા છે. માટે રીંગણા ખવાય નહિ.

આ અનંતકાય પદાર્થોનો કોઈ પણ ભાગ જમીનમાં વાવવામાં આવે તો તે તરત ઊગે છે. તે બતાવે છે કે તેના પ્રત્યેક કણિયામાં જીવોનો વાસ છે. સોયના ઉપરના ભાગમાં બટાકાનો જેટલો અંશ રહે તેમાં એક, બે, પાંચ નહિ પણ અનંતા અનંતા જીવો વસે છે. તે બધાની હિંસા શી રીતે કરાય ? આપણું પેટ કાંઈ તેવા અનંતાજીવોને દાટવાનું કબ્રસ્તાન થોડું છે ?

જૈન તેને કહેવાય કે જે કદી ય કંદમૂળ ન ખાય. સ્વપ્નમાં ય તે ખાવાનો વિચાર પણ ન કરે. જે કંદમૂળ ખાય તે કાંઈ જૈન કહેવાતો હશે ?

સોયના ઉપરના તીક્ષ્ણભાગ જેટલી નાની જગ્યામાં અનંતા જીવો શી રીતે રહી શકે ? તેવો સવાલ આજના આધુનિક વિજ્ઞાનયુગમાં કરવો અસ્થાને છે.

વર્તમાનકાળે નવા નવા કમ્પ્યુટરો શોધાઈ રહ્યા છે, જેમાં અતિશય નાનકડી મેમરીમાં લાખોથી વધારે ડેટા સ્ટોર થઈ શકે છે; તે આપણાથી ક્યાં અજાણ્યું છે ? અને હજુ ય નવી નવી શોધો થઈ રહી છે, જેનાથી તેની કેપેસીટી હજુ ય ઘણી વધવાની શક્યતા છે.

જો જડ શબ્દો/વાક્યો કે તેવો ડેટા નાનીશી મેમરીમાં લાખોની સંખ્યામાં રહી શકે છે તેવું માની શકીએ છીએ તો અનંતાજીવો સોયના ઉપરના ભાગમાં છે; તેવું માનવામાં આપણને કોઈ જ વાંધો ન હોવો જોઈએ.

એક રૂમ છે. તેમાં એક બલ્બ ચાલુ કરીને પૂછવામાં આવે કે આ રૂમમાં કેટલાં બલ્બનો પ્રકાશ છે ? તો જવાબ મળશે કે એક બલ્બનો.

પછી ૧૦ બલ્બ ચાલુ કરીને તે જ સવાલ પુછાશે તો જવાબ આપીશું કે દસે બલ્બનો પ્રકાશ ૧ રૂમમાં સમાયો છે. બરોબર ને ?

પણ જો એક હજાર બલ્બ ચાલુ કરવામાં આવે તો ? હજારે હજાર બલ્બોનો પ્રકાશ તે રૂમમાં સમાઈ જ જાય ને ? વધારતાં વધારતાં કદાચ કોઈ વ્યક્તિ તે રૂમમાં જો અનંતા બલ્બોની ગોઠવણ કરીને, તે તમામે તમામ બલ્બોને એકી સાથે ચાલુ કરે તો તે રૂમમાં અનંતા બલ્બોનો પ્રકાશ પણ સમાઈ જ જાય ને ?

હવે તે વખતે એક નાની છોકરી પોતાના હાથમાં સોય લઈને તે રૂમમાં પ્રવેશ કરે તો તે છોકરીના હાથમાં રહેલી સોયના તીક્ષ્ણ ભાગની ઉપર જે પ્રકાશ છે; તે કેટલા બલ્બનો પ્રકાશ ગણાય ? તમારે - મારે; આપણે સૌએ કહેવું જ પડશે કે રૂમમાં રહેલાં તમામ - અનંતા - બલ્બોનો પ્રકાશ તે સોયના ઉપરના ભાગમાં છે. બરોબર ને ?

જો અનંતા બલ્બોનો પ્રકાશ કે જે જડ છે, તે પણ સોયના ઉપરના ભાગમાં રહી શકતો હોય તો અનંતા જીવોને ત્યાં રહેતા માનવામાં શું પ્રોબ્લેમ છે ? જડ કરતાં તો ચેતન = જીવની શક્તિ વધારે જ હોય ને ?

સોયના અગ્ર ભાગ ઉપર રહેલાં બટાકા વગેરે કંદમૂળના કણમાં અનંતા જીવો રહી શકે છે; તે વાત આપણે બીજી રીતે પણ સિદ્ધ કરી શકીએ.

એક મોટી પવાલી છે. તે અડધી પાણીથી ભરેલી છે. તેમાં જુદી જુદી દસ જાતની પ્રવાહી દવા નાંખીને હલાવવામાં આવે છે. ત્યારબાદ એક છોકરી હાથમાં સોય લઈને તે પાણીમાં ઝબોળે તો તે સોયના અગ્રભાગ ઉપર પાણીનું જે ટીપું બાઝ્યું તેમાં કેટલી દવા હોઈ શકે ? દસે દસ દવાને ? કોઈ દવાને બાકાત કરી શકાય ખરા ? પણ જો દસના બદલે પાંચ હજાર જાતની જુદી જુદી દવાઓ તે પવાલીમાં નાંખીને બરોબર હલાવીને મિક્ષ કરી દેવામાં આવે અને પછી તેમાં સોય ઝબોળવામાં આવે તો સોયના અગ્ર ભાગ પર લાગેલાં પાણીના ટીપામાં કેટલી દવા હોય ? પાંચે પાંચ હજાર ને ?

જો અનંતી દવાઓ પવાલીમાં નાંખીને મીક્ષ કરવામાં આવી હોય અને સોય તેમાં ઝબોળી હોય તો તેના અગ્રભાગ પર લાગેલાં પાણીનાં ટીપામાં તે તમામે તમામ-અનંતી દવાઓ છે, તેમ કહેવું જ પડે ને ?

જો સોયના અગ્રભાગ પર રહેલાં પાણીના ટીપામાં અનંતી દવાઓ રહી શકે તો અનંતા જીવો કેમ ના રહી શકે ? જરૂરથી રહી શકે. હવે તેમાં કોઈ જ શંકા કરવાની જરૂર ખરા ?

ઉપર તો યુક્તિઓ દ્વારા આપણે સાબિત કર્યું. પણ હકીકતમાં તો આપણને આપણા ભગવાન ઉપર એટલી બધી અવિહડ શ્રદ્ધા હોવી જોઈએ કે યુક્તિઓથી સાબિત કરવાની જરૂર જ ન રહે.

શું આપણા ભગવાન કદી પણ જૂઠ બોલે ખરા ? ના, નહીં જ. દુનિયાના સામાન્ય માણસને પણ જૂઠ બોલવા તરફ ચીડ હોય છે તો આ તો મહાપુરુષ છે. ભગવાન છે. રાગાદિથી રહિત છે. તેમને જૂઠ બોલવાનું શું પ્રયોજન હોય ? વળી તેઓ અજ્ઞાની નથી પણ સર્વજ્ઞ છે. તેમને કેવળજ્ઞાનના પ્રકાશમાં અનંતા જીવો દેખાય છે, માટે કહ્યું કે કંદમૂળમાં અનંતા જીવો છે; તે ન ખવાય. આપણે પરમાત્મા પ્રત્યે અવિચળ શ્રદ્ધા પેદા કરીને ય તેમના વચનાનુસાર કંદમૂળ ખાવાનું કાયમ માટે બંધ કરી દેવું જોઈએ.

કંદમૂળત્યાગ તો જૈનોની વિશિષ્ટ ઓળખાણ છે. દેશ, પરદેશમાં બધાના મનમાં એ વાત મજબૂતાઈથી બેઠેલી છે કે જૈનો બટાકા-કાંદા-લસણ-ડુંગળી-શક્કરિયા-મૂળા-આદું-બીટ-સૂરણ વગેરે કંદમૂળ ન ખાય. આવી વિશિષ્ટ છાપ એમનેમ પેદા થતી નથી. આપણા પૂર્વના વડીલોએ તે માટે ઘણો ભોગ આપ્યો છે. તેમના આ બલિદાને આવી વિશિષ્ટ છાપ પેદા કરી છે.

હવે તે છાપને ભૂંસવાના પ્રયત્નો જે કરે તે દીકરો કેવો ગણાય ? જૈનકુળમાં જન્મ્યાં છતાં ય જે વ્યક્તિ ઘરે કે બહાર કંદમૂળ ખાય છે તે વ્યક્તિ જાણે-અજાણે પોતાને પ્રાપ્ત થયેલા જૈનધર્મની છાપ બગાડવામાં નિમિત્ત બને છે.

યાદ રાખીએ કે મૂલ્યોને સ્થાપવામાં વરસો જોઈએ છે, પુષ્કળ બલિદાન દેવું પડે છે. પણ તે મૂલ્યોને કડડભૂસ કરીને ખતમ કરવામાં તો કાચી સેકંડની ય વાર લાગતી નથી.

મહાનતા મૂલ્યોની સ્થાપના કરવામાં છે, સ્થપાયેલાં મૂલ્યોને ખતમ કરવામાં નહિ. તેથી આપણા જૈનોની જે આદરણીય પ્રણાલિકા વડીલો દ્વારા શરૂ થઈ છે, તેને ધક્કો લગાવવાના પ્રયત્નો ભૂલેચૂકે પણ આપણે ન કરવા જોઈએ. કાયમ માટે કંદમૂળનો ત્યાગ કરી દેવો જોઈએ.

જેમ ઘરમાં કંદમૂળ લેવાય નહિ, ખવાય નહિ તેમ ઘરની બહાર પણ કંદમૂળ ખવાય નહિ. આજકાલ શેરડીનો રસ, ચા વગેરેમાં આદું નાંખવામાં આવે છે. દાળ વગેરેમાં લસણ નાંખવામાં આવે છે. ઈડલી-ઢોંસા વગેરેની સાથે લસણની ચટણી ખાવામાં આવે છે; આ બધું જરા ય ઉચિત નથી. અનંતાજીવોનો કચ્ચરઘાણ આત્માની અંદર ભયંકર ક્રૂરતા પેદા કર્યા વિના રહેતો નથી.

આદું સૂકવીને સૂંઠ બનાવવામાં આવે છે, તે આપણા ત્યાં વપરાય છે. તે જ રીતે

લીલી હળદર અભક્ષ્ય હોવા છતાં, તેને સૂકવીને જે પીળી હળદર બનાવાય છે, તે ભક્ષ્ય ગણાય છે. કારણ કે આ બધાનો દવા તરીકે ઉપયોગ છે. તેઓ સ્વાદ માટે લેવાતા નથી. જો ખરેખર સ્વાદ માટે લેવાતાં હોય તો બુકડો ભરી ભરીને ખવાવા જોઈએ. પણ કદી ય કોઈ વ્યક્તિને તમે સૂંઠ કે હળદરને ખોબા ભરી ભરીને ખાતી જોઈ છે ખરા ? વળી સખત તડકામાં સુકાઈ હોવાથી તથા તેને પીસી દીધી હોવાથી તેમાં કોઈપણ જીવનો સંભવ પણ નથી. અને આરોગ્ય માટે તે વપરાતી હોવાથી તેને ભક્ષ્ય ગણેલ છે.

આ વાત વાંચીને એવું ન વિચારવું કે તો પછી બટાકાની વેફર કરીને, સૂકવીને ખાઈએ તો ચાલે ને ? જો સુકાયેલી હળદર કે સૂંઠ ચાલે તો સુકાયેલી બટાકાની વેફર કેમ ન ચાલે ? બંનેમાં તડકાના કારણે જીવો તો મરી જ ગયા છે ને ? બંને અચિત્ત જ છે ને ? તો પછી તે કેમ ન ખવાય ?

ના, આ સવાલ જરા ય ઉચિત નથી. બટાકાની વેફર તો કોઈ પણ સંયોગમાં ન ખવાય. કારણ કે કોઈપણ રોગના ઔષધ તરીકે કે આરોગ્ય માટે તેની જરૂર નથી.

તે ઉપરાન્ત તે બટાકાની વેફરને જો ભીની કરવામાં આવે ને ફરી ઉગાડવામાં આવે તો બટાકા ઊગે છે; તેવું સાંભળવા મળેલ છે. અને જો તેમ હોય તો તડકે સૂકવવા છતાં ય તેનામાં જીવો રહી જાય છે, તેમ માનવું પડે. તે બધા જીવોનો સંહાર થાય તેનું શું ?

વળી જિનશાસન તો જીવહિંસા કરતાં ય ગુણહિંસાને વધારે ભયંકર માને છે. આત્માના ગુણોની હિંસા તો કોઈ સંયોગમાં ન થવા દેવાય. આત્માના ગુણોની રક્ષા કરવાં જરૂર પડે તો જીવહિંસાને ગૌણ કરવી પડે.

પેલા રાજીમતી વરસાદમાં સાવ ભીંજાઈ ગયેલાં ! કાચા પાણીના જીવોની રક્ષા કરવા ગુફામાં જઈને વસ્ત્રો કાઢીને સુકવ્યાં. પણ જ્યારે તેમની નિર્વસ્ત્ર કાયા જોઈને રહનેમીએ અનુચિત માંગણી કરી ત્યારે આત્માના ગુણની (બ્રહ્મચર્ય) હિંસા થવાની શક્યતા ઊભી થઈ. હવે જીવહિંસાની સામે ન જોવાય. ગુણહિંસા થતી જ અટકાવાય. તે માટે તે રાજીમતી સાધ્વીજીએ કાચા પાણીવાળાં, ભીનાં વસ્ત્રો પણ તરત ધડાધડ પહેરી લીધાં.

આત્માનો એક વિશિષ્ટ ગુણ છે અનાસક્તિ. આ અનાસક્તિ નામના ગુણની હિંસા કરવાની તાકાત છે આસક્તિમાં. બટાકાની વેફર ખાવામાં પુષ્કળ આસક્તિ થયા વિના નથી રહેતી.

અરે ભાઈ ! જો બટાકાની વેફર આસક્તિ વિના જ ખવાતી હોય તો જે બટાકાની

વેફર આરોગ્ય માટે પણ જરા ય જરૂરી નથી તેને ખાવાની રજા સૂંઠના નામે તમે માંગત જ શું કરવા ? બટાકાની વેફર ખોબો ભરી-ભરીને પણ ખાઈ શકાય છે. જીભને ટેસ્ટી લાગે છે. ખૂબ ભાવે પણ છે. આ ભાવવું, ટેસ્ટ લાગવો; તેનું જ નામ આસક્તિ.

બટાકાની વેફર અનંતાજીવોનો કચ્ચરઘાણ બોલાવીને તૈયાર થાય અને તે ય આરોગ્ય વગેરેના કોઈપણ ફાયદા વિના પુષ્કળ પ્રમાણમાં આસક્તિથી ખવાય અને આત્માના ગુણની કત્લેઆમ ચલાવે. બોલો ! હવે બટાકાની વેફર સૂકવીને પણ શી રીતે ખવાય ?

આમ, સૂંઠ કે હળદર આરોગ્ય માટે જરૂરી છે જ્યારે બટાકાની વેફર આરોગ્ય માટે તો જરૂરી નથી પણ ક્યારેક તો આરોગ્ય બગાડે છે. વળી સૂંઠ કે હળદર ઓછા પ્રમાણમાં વપરાય છે જ્યારે બટાકાની વેફર વાપરવામાં કોઈ મર્યાદા પ્રાયઃ નડતી નથી. સૂંઠ કે હળદર વાવતાં ફરી ઊગતી નથી જ્યારે બટાકાની વેફર ભીની કરીને વાવે તો ફરી બટાકા ઊગે છે, તેવું સંભળાય છે. અને અત્યંત મહત્ત્વની વાત તો એ કે સૂંઠ કે હળદર આસક્તિ માટે વપરાતા નથી જ્યારે બટાકાની વેફર તો માત્ર આસક્તિ માટે જ વપરાય છે. તે સિવાય તેને વાપરવાનું કોઈ પ્રયોજન પ્રાયઃ જણાતું નથી. આ આસક્તિ આત્માના અનાસક્તિ નામના ગુણનો નાશ કરે છે, માટે બટાકાની વેફર તો ક્યારે ય ખવાય નહિ.

જેમ આ કંદમૂળ ખવાય નહિ, તેમ તેનો વેપાર પણ ન કરવો જોઈએ. જેમાં અનંતા જીવો છે, તે કંદમૂળનો સ્પર્શ કરીએ તો પણ તેમાં રહેલા જીવોને કેટલી બધી રિબામણ થાય, ત્રાસ થાય. તે ત્રાસ શી રીતે અપાય ?

વળી તેનો વેપાર કરવાથી તે અનંતાજીવોના નાશમાં પણ આપણે જ નિમિત્ત બન્યા ને ? માટે અભક્ષ્ય પદાર્થો જેમ ખવાય નહિ તેમ તેને વેચાય કે અપાય પણ નહિ.

બજારની વસ્તુઓ વેચનારો ઘણી વાર લસણની ચટણી વગેરેથી ખરડાયેલાં ચમચા-ચમચીથી આપે છે. તેવી અભક્ષ્ય વસ્તુ ખાધેલી પ્લેટો ધોયેલાં પાણીથી ધોયેલી પ્લેટમાં વસ્તુઓ આપે છે, અને આ રીતે અનંતકાયવાળી વસ્તુઓ આપણા પેટ સુધી પહોંચે છે. તેથી અડાઅડી પણ ન થાય તેની કાળજી લેવી જોઈએ. તે માટે બજારની વસ્તુઓ ખાવાનો પણ ત્યાગ કરી દેવો જોઈએ.

જે અનંતકાય (અનંતાજીવોવાળું શરીર) હોય તે બધા જમીનની અંદર જ થાય; તેવો નિયમ નથી. હા, જમીનની અંદર જે તેલ વિનાના પદાર્થો (કંદમૂળ) થાય છે તે બધા જ અનંતકાય હોય છે. પણ તે સિવાય જમીનની બહાર પણ અનંતકાય થાય છે. તે તમામનો પણ ત્યાગ કરવો જોઈએ.

લીમડો, આંબો, ચીકુ વગેરે તમામ વનસ્પતિઓ જ્યારે ઊગે છે ત્યારે અનંતકાય હોય છે. પછી તે પ્રત્યેક વનસ્પતિકાય બને છે. માટે જ રાત્રે પાણીમાં પલાળેલા ચણા, મગ વગેરે સવારે વહેલાં ન વાપરી શકાય. તેમાંથી ફૂટેલા (ફણગા) અનંતકાય હોય છે. અનંતાજીવો તેમાં હોય છે.

આમ, જમીનની બહાર ઊગતી કેટલીક વનસ્પતિઓ પણ અનંતકાય હોય છે, ત્યારે હમણાં હમણાં જમીન ઉપર ઊગતાં કાંદાને જૈમ કાંદા નામ અપાયું છે, તે શી રીતે યોગ્ય ગણાય ? જમીનની બહાર ઊગતાં કાંદા પણ શું અનંતકાય ન હોઈ શકે ? તેથી જમીનની અંદર ઊગે કે જમીનની બહાર ઊગે, કાંદા તો ન જ વપરાય. તેથી જૈન કાંદા જેવા લલચામણા શબ્દોથી ક્યારે ય લોભાવું નહિ, ને તે જમીનની બહાર ઊગે છે, તેટલી દલીલ માત્રથી તે ખાવાનો સ્વપ્નમાં ય વિચાર ન કરવો.

આપણે ત્યાં એવી વાત છે જ નહિ કે જમીનમાં ઊગે તે ન ખવાય ને જમીનની બહાર જે ઊગે તે ખવાય. ના, બિલકુલ નહિ. અહીં તો જમીનની અંદર ઊગનારી મગફળી અભક્ષ્ય ગણાતી નથી જ્યારે જમીનની બહાર ઊગેલા મગ-ચણાના ફણગા અભક્ષ્ય છે. અમારી તો એક જ વાત છે કે જે અનંતકાય હોય તે અભક્ષ્ય. પછી તે અનંતકાય જમીનની અંદર ઉગે તો ય અભક્ષ્ય ને તે કદાચ જમીનની બહાર ઊગે તો પણ અભક્ષ્ય.

જૈન શાસ્ત્રોમાં આવા ૩૨ અનંતકાય બતાડવામાં આવ્યા છે. જે આ પ્રમાણે છે. તેમાંના એક પણ અનંતકાયનો ઉપયોગ કરી શકાય નહિ.

(૧) સુરણનો કંદ-જેનાથી ત્રસ જીવોનો નાશ થાય છે. (૨) વજ્ર કંદ-એક કંદવિશેષ છે. યોગશાસ્ત્રની ટીકામાં તેનું વજ્રતરુ નામ કહ્યું છે. (૩) લીલી હળદર - દરેક જાતિની નહિ સુકાયેલી હળદર (૪) આદું - લીલી સૂંઠ (૫) લીલો કચૂરો - સ્વાદમાં તીખો હોય છે, (૬) શતાવરી - વેલડીવિશેષ, ઔષધમાં વિશેષ વપરાય છે. લીલી શતાવરીનો ત્યાગ કરવો. (૭) વિરાલી - વેલડીવિશેષ; તેને કોઈ 'સોફાલી' પણ કહે છે. (૮) કુમારી-કુઆરપાઠું પ્રસિદ્ધ છે. જેનાં પત્તાં બે ધારોમાં કાંટાવાળાં, લાંબા પરનાળના આકારનાં હોય છે. (૯) થોર-થોહરી, દરેક જાતના થોર જેવા કે હાથિયા, કાંટાળા અનંતકાય છે. જેનાથી ખેતર વગેરેની વાડ કરવામાં આવે છે. (૧૦) ગળો-ગડૂચી, દરેક જાતિની લીલી ગળોના વેલા, જે લીમડા વગેરે વૃક્ષો ઉપર જોવામાં આવે છે. (૧૧) લસણ - મસાલા - ચટણી દવામાં વાપરે છે તે. (૧૨) વંશકારેલા - કોમળ હોય છે, શાકમાં વાપરે છે. (૧૩) ગાજર - મીઠાશવાળું ભૂમિકંદ છે. (૧૪) લવણક - લુણી નામની વનસ્પતિવિશેષ, જેમાંથી સાજીખાર બને છે. (૧૫) લોઢક - પદ્મિની

નામની વનસ્પતિનો કંદ, (પાણીમાં પોયણાં થાય છે તે.) (૧૬) ગિરિકર્ણિકા - એક જાતની વેલડી, કચ્છમાં પ્રસિદ્ધ છે. જેને ગરમર કહે છે. જેનો અથાણામાં ઉપયોગ કરે છે. (૧૭) કિસલય - કોમળ પત્રો. નવા ઊગતા સર્વ ગુચ્છનાં પાંદડાં અનંતકાય હોય છે. તેમજ પ્રથમ બીજમાંથી ફૂટતાં અંકુરા પણ અનંતકાય હોય છે. મેથીની ભાજીના મૂળમાં રહેલાં જાડાં કોમળ પત્રો પણ અનંતકાય હોય છે. (૧૮) બરસઈઓ-કંદવિશેષ, જેને 'કસેરુ ખીરિંશુક' પણ કહે છે. તેને માત્ર લીલી-લીલી દાંડીઓ જ હોય છે. તેનું દૂધ વિષ-લક્ષણવાળું છે. (૧૯) થેગની ભાજી - તેનો પોંખ પણ થાય છે, જે જુવારના દાણા જેવો ચોમાસામાં વેચાય છે. (૨૦) લીલી મોથ - પ્રસિદ્ધ છે, જળાશયોમાં કાંઠે કાંઠે થાય છે અને પાકે ત્યારે કાળી થાય છે. (૨૧) લવણ નામના વૃક્ષની છાલ, તેને ભ્રમરવૃક્ષ પણ કહે છે. છાલ સિવાય બાકીનાં અંગો પ્રત્યેક વનસ્પતિ છે. (૨૨) ખિલ્લહડો - ખિલ્લુક નામે કંદ, ખિલોડી કંદ, (૨૩) અમૃતવેલ - એક જાતનો વેલો, જેને વિસ્તારમાં વધતાં વાર લાગતી નથી. (૨૪) મૂળા, - દેશી અને પરદેશી-ધોળા અને રાતા બંને અનંતકાય છે. મૂળાના કંદ તથા દાંડલી, ફુલ, પાંદડા, તેના મોગરા અને દાણા એ બધાંય અભક્ષ્ય ગણાય છે. આથી મૂળાનાં પાંચે અંગો ત્યાગ કરવાનાં છે. પાન, દાંડલી મોગરાદિ ન વપરાય. (૨૫) ભૂમિફોડા - વર્ષાઋતુમાં છત્રને આકારે ઊગતા બિલાડીના ટોપ. (૨૬) વિરુઢ - કઠોળમાંથી નીકળતા અંકુર, જ્યારે ચણા-મગ વગેરેને દાળ કરવા માટે પલાળવામાં આવે છે ત્યારે તે વધુ વખત પાણીમાં રહેતાં તેમાં સફેદ અંકુરાઓ નીકળે છે. જેથી તે અનંતકાય બની જાય છે. ફણગાવાળા સર્વે કઠોળ અભક્ષ્ય જાણવા. રાત્રિના કઠોળ પલાળતાં અંકુરા ફૂટે છે માટે ઉપયોગ રાખવો. (૨૭) ઢક્ક વત્થુલાની ભાજી - જેનું શાક કરાય છે. ઊગતી વખતે અનંતકાય છે. (૨૮) શુકરવલ્લી - એક જાતની વેલ, જંગલમાં થાય છે. (૨૯) પલ્લંક - પાલકની ભાજી (૩૦) કુણી આંબલી - જેમાં ઠળિયા-બીજ ન થયા હોય તેવા કુણી આંબલીના કાતરા અનંતકાય છે. (૩૧) આલુ - બટાટા રતાળુ કંદ કહેવાય છે. (૩૨) પિંડાળું - ડુંગળી નામે પ્રસિદ્ધ છે.

આ બત્રીશે પ્રકારના અનંતકાયમાં કણે કણે અનંતા જીવો હોય છે. જેનો સંપૂર્ણ ત્યાગ કરવાથી અનંતા જીવોને અભયદાન આપવાનો મહાન લાભ મળે છે. બટાટા-ડુંગળી-લસણ, તેની વેફર, લસણના મસાલા, લસણથી બનતા પાપડ વગેરે અતિ પાપકારી ધંધા કરવા નહિ. તેનો ઉપયોગ કરવાથી અશાતા વેદનીય, નરકાયુ વગેરે પાપપ્રકૃતિનો બંધ પડતાં અનેક પ્રકારની વેદનાઓ વેઠવી પડે છે.

(૧૨) જેણે ખાધું બોળ અથાણું તેનું બગડયું ભવ ભાણું

(૧૭) સંધાણ = બોળ અથાણું.

અન્ય ધર્મોમાં નરકના જે ચાર દરવાજા બતાડવામાં આવ્યા છે, તેમાંનાં એક દરવાજો છે : બોળ અથાણું.

બોળ અથાણું એટલે વ્યવસ્થિત રીતે તૈયાર નહિ કરાયેલું અથાણું. ઘણા જીવોની જેમાં ઉત્પત્તિ થઈ હોય તેવું અથાણું.

હકીકતમાં તો બોળ અથાણું હોય કે વ્યવસ્થિત રીતે તૈયાર કરાયેલું અથાણું હોય, બેમાંથી એકે ય અથાણું ખાવાની જરૂર નથી, આપણે જીવવા માટે ખાવાનું છે પણ કાંઈ ખાવા માટે જીવવાનું નથી .

પેટ ભરવા માટે અથાણું આવશ્યક નથી. તે તો સ્વાદની ચીજ છે. તેનાથી કાંઈ પેટ ભરાતું નથી. હા, ક્યારેક આખું શરીર હેરાન થાય છે, તે જુદી વાત ! આવા અથાણાનો જો ત્યાગ જ કરી દેવાય તો ખૂબ ઉત્તમ.

પરંતુ જો અથાણાનો ત્યાગ થઈ જ શકે તેમ ન હોય તો બોળ અથાણું તો ક્યારે ય ન લેવું. તે અભક્ષ્ય છે. કારણ કે તેમાં પુષ્કળ ત્રસ જીવોની ઉત્પત્તિ થઈ હોય છે. અનેક જીવોની કબર ઉપર મિજબાની શી રીતે મનાવાય ?

જેનું અથાણું બગડ્યું તેનું વર્ષ બગડ્યું વાક્ય જ જણાવે છે કે સામાન્ય રીતે અથાણું બનાવીને એક વર્ષ સુધી વપરાતું હતું. પરંતુ તે કયું અથાણું ? કેવી રીતે બનાવેલું અથાણું ? તેવું વિચાર્યા વિના જ આજે ગમે તે રીતે બનાવેલું અથાણું કે બજારમાંથી લાવેલું અથાણું ગમે ત્યારે વાપરવામાં આવે છે, તે જરાય ઉચિત નથી. કારણ કે મોટે ભાગે તે અથાણું અભક્ષ્ય બની ગયું હોય છે. તે ખાવાથી વર્ષ જ નહિ, આખું જીવન બગડે છે.

સામાન્યતઃ ત્રણ રીતે અથાણાં બને છે. (૧) તડકે નાંખીને (૨) ચૂલા ઉપર (૩) ખાટાં રસમાં.

(૧) તડખે નાંખીને બનાવાતા અથાણાં : કેરી, મરચાં, ગુંદા વગેરેનું અથાણું બનાવવા તેમાં મીઠું ઉમેરીને તડકે મૂકવામાં આવે છે. કારણ કે વનસ્પતિમાં પાણી હોય છે. આ પાણીના કારણે તેમાં જીવોત્પત્તિની શક્યતા વધી જાય છે. તેથી પાણીને સૂકવી નાંખવા તડકે મૂકાય છે.

જ્યાં સુધી પાણીનો અંશ સંપૂર્ણપણે તેમાંથી દૂર ન થાય ત્યાં સુધી તેને તડકા આપવા જોઈએ. ત્રણ, પાંચ, સાત, દસ તડકા આપ્યા પછી જ્યારે તે સુકાઈને કડક બંગડી જેવા બની જાય ત્યારે તેની ઉપર ગોળ, રાઈ વગેરે ચડાવીને સરસવના તેલમાં ગળાબૂડ ડૂબાડીને રાખવામાં આવે છે. આવા સાવ પાણી વિનાના, કડક થયેલાં તે અથાણાં લાંબો સમય ચાલી શકે છે.

પરંતુ જો બરાબર તડકા અપાયા ન હોય, પાણીનો ભેજ તેમાં રહી ગયો હોય, તો તે અથાણું બોળ અથાણું કહેવાય છે. પાણીના અંશના કારણે તેમાં જીવો ઉત્પન્ન થઈ શકે છે.

કેરીનો છૂંદો પણ ક્યારેક તડકા આપીને તૈયાર કરાય છે. સૌ પ્રથમ કેરીની છીણ કરીને, તેમાંથી ખાટું પાણી દૂર કરીને, તેમાં મીઠું ખાંડ ઉમેરીને તડકે મૂકવામાં આવે છે.

રહી ગયેલું પાણી તડકા દ્વારા સુકાયા કરે છે. ખાંડના કારણે ચાસણી બનતી જાય છે. જ્યારે ત્રણ તારની ચાસણી થાય ત્યારે જ તે છૂંદો તૈયાર થયો ગણાય. ત્રણ તારથી ઓછા તારવાળી ચાસણી કાચી ગણાય. તેવી કાચી ચાસણીવાળો છૂંદો બોળ અથાણું બની જાય. તેથી ઓછામાં ઓછી ત્રણ તારની ચાસણી ન બની હોય તેવા છૂંદામાં જીવોત્પત્તિ થઈ શકે છે.

(૨) ચૂલા ઉપર બનાવતા અથાણા : ક્યારેક કેરીની છીણનો છૂંદો તડકાના બદલે ચૂલા ઉપર મૂકીને પણ બનાવવામાં આવે છે. મુરબ્બો પણ કેરીના ટુકડા કરીને ચૂલા ઉપર ચઢાવીને બનાવવામાં આવે છે.

આમાં પહેલાં ખાંડને ચૂલે ચડાવીને, તેમાં કેરીની છીણ કે ટુકડા ઉમેરવામાં આવે છે. જ્યાં સુધી ત્રણ તારની ચાસણી ન થાય ત્યાં સુધી હલાવતાં રહેવું પડે છે. ત્યાર પછી જ તે અથાણું બન્યું ગણાય છે. ત્રણ તારથી ઓછા તારની ચાસણી બની હોય તો તે અથાણું લાંબે સમયે ચાલી ન શકે. કારણ કે તેમાં જીવોત્પત્તિ થઈ જાય છે.

(૩) ખાટા રસમાં બનાવાતા અથાણા : કેર, મરચાં વગેરેને કાચી કેરીના ખાટા પાણીમાં અથવા લીંબુના રસની ખટાશમાં ત્રણ દિવસ પલાળીને, કાઢીને, પુષ્કળ તડકામાં સૂકવવામાં આવે, તે બંગડી જેવા કડક બની જાય ત્યારે, તેમને સરસિયાના તેલમાં રાઈ વગેરે ફીણીને ગળાડૂબ ડૂબાડવામાં આવે ત્યારે તૈયાર થાય છે. પણ જો તેમાં થોડો પણ પાણીનો અંશ રહી જાય તો ફૂગ વળે છે. જીવોત્પત્તિ થાય છે. અભક્ષ્ય બની જાય છે.

તડકો આપ્યા વિના કે ચાસણી કર્યા વિના જે અથાણાં બનાવ્યાં હોય, તે લાંબા સમય સુધી ભક્ષ્ય રહેતાં નથી.

જે ફળ પોતે ખટાશવાળું છે, તેનું બનાવેલ અથાણું કે તેવી ખટાશવાળી વસ્તુમાં ભેળવીને બનાવેલું અથાણું ત્રણ દિવસ સુધી ભક્ષ્ય છે. ત્યારપછી તરત જ અભક્ષ્ય બને છે. તેમાં રહેલી ખટાશ ત્રણ દિવસ સુધી તેમાં જીવોને ઉત્પન્ન થવા દેતી નથી. પછી જીવોત્પત્તિ થવાના કારણે તે અથાણું અભક્ષ્ય બની જાય છે.

ગુવાર, ગુંદા, કાકડી, ચીભડાં, મરચાં વગેરેના અથાણાં બનાવ્યાં હોય, પણ જો તેમાં કેરી, લીંબુ વગેરે કોઈ ખટાશવાળા પદાર્થો ભેળવેલા ન હોય તો તે અથાણા એક રાત્રિ વીત્યે બીજે જ દિવસે અભક્ષ્ય બની જાય છે. કારણ કે તમાં પાણીના કારણે થતી જીવોત્પત્તિને અટકાવનાર કોઈ ખટાશદ્રવ્ય ત્યાં હાજર નથી. તેથી તેવાં અથાણાં જો બનાવ્યાં હોય તો તે જ દિવસે વાપરી દેવાં. પણ બીજા દિવસે વાપરવાં નહિ.

કેરી કે લીંબુની સાથે આપેલું અથાણું ત્રણ દિવસ સુધી ભક્ષ્ય હોવા છતાં પણ જો તેમાં મેથી, ચણાનો આટો કે દાળિયા નાંખ્યા હોય તો તે બીજા જ દિવસે અભક્ષ્ય બની જાય છે. બનાવ્યાના દિવસે જ તે વાપરી શકાય. પણ રાત વીત્યા પછી ખાઈ શકાય નહિ. વળી આ મેથી, ચણાનો આટો, દાળિયા વગેરે કઠોળ હોવાથી, તેજાનાવાળા અથાણા કાચા દૂધ-દહીં-છાશ કે તેમાંથી બનાવેલી વસ્તુઓ સાથે ખવાય નહિ. નહિ તો વિદળ નામનું અભક્ષ્ય થાય.

કેરી, ગુંદા, ખારેક, મરચા વગેરેને તડકા આપીને પણ અથાણું બનાવ્યું હોય, પણ જો તડકા બરોબર ન અપાયા હોય, ઓછા અપાયા હોય, તે બંગડી જેવા સુકાયા ન હોય, વાળ્યા વાળી શકાય તેવા હોય તો તેનું અથાણું પણ ત્રણ દિવસ સુધી ભક્ષ્ય બને. પણ ત્યાર પછી અભક્ષ્ય બની જાય છે. વાપરી શકાય નહિ.

જે અથાણા પૂરા તડકા આપીને કે પાકી ત્રણ તારની ચાસણી કરીને બનાવ્યા હોય તે પણ જ્યાં સુધી તેમના રંગ-ગંધ-સ્વાદ-સ્પર્શ વગેરે ન બદલાય ત્યાં સુધી જ ભક્ષ્ય ગણાય. તેના રંગ-સ્વાદ વગેરેમાં થોડોક પણ ફરક પડે તો તે અભક્ષ્ય ગણાય. વાપરી ન શકાય. તે જ રીતે જો તેમાં ફુગ વળે તો પણ તે અભક્ષ્ય થયું ગણાય. તેનો ત્યાગ કરવો.

ઘરે પૂરતા તડકા આપીને કે પાકી ચાસણી કરીને બનાવાયેલાં અથાણાનો ઉપયોગ કરતી વખતે ઘણી કાળજી રાખવી જરૂરી છે. જો તેવી કાળજી રાખવામાં ન આવે તો તેમાં જીવોત્પત્તિ થવાનો પૂરો સંભવ છે.

અથાણું જે બરણીમાં ભરવાનું હોય, તે બરોબર કોરી કરવી જોઈએ. જો તેમાં થોડો પણ પાણીનો અંશ રહી જાય તો અથાણું બગડી જાય. તેમાં ઘણા જીવો ઉત્પન્ન થાય છે.

બરણીમાં અથાણું ભર્યા પછી તેનું ઢાંકણું એકદમ ફીટ થાય તે રીતે બંધ કરવું જોઈએ. બરણીના ઢાંકણા ઉપર ચાર પડવાળું ઝીણું કપડું બાંધીને, તેના ગળે દોરી બાંધીને પેક કરી રાખવું જોઈએ. બરણીમાં હવાનો પ્રવેશ ન થવો જોઈએ. ચોમાસામાં ભેજવાળી હવા લાગવાથી લીલ-ફુગ થવાથી અભક્ષ્ય થાય છે.

જ્યારે પણ તે અથાણું કાઢવું હોય ત્યારે પ્રથમ હાથ લૂછીને ચોખ્ખા કરવા જોઈએ. ચમચો પણ જરા ય ભીનો ન હોવો જોઈએ. કપડાંથી ચમચાને લૂછીને અથાણું કાઢવું. ત્યારપછી તરત જ બરણી બરોબર ફીટ બંધ કરવી. ચમચા કે તેવા કોઈ સાધનથી અથાણું કાઢવું પણ હાથ વતી ન કાઢવું. વળી તે અથાણું જરૂર પૂરતું જ બહાર કાઢવું. જો વધારે કાઢી રાખવામાં આવે તો બહારની હવા લાગવાથી બીજા દિવસે બગડી જવાની શક્યતા છે.

ગાજર વગેરે કંદમૂળ, મલબારના મીઠાના પાણીવાળા લીલા મરી વગેરે પહેલેથી જ અભક્ષ્ય છે, માટે તેનું અથાણું બનાવવું નહિ.

ઘણી વાર અથાણા બનાવીને વરસથી પણ વધુ સમય સુધી વપરાય છે, પણ તેમ ન કરતાં વહેલાં પૂરાં કરવાં જોઈએ. કારણ કે લાંબા સમય સુધી તે અથાણું વાપરવાનો મોહ રાખતાં તે ગમે ત્યારે બગડી જાય છે. તેની ઉપર ફુગ વગેરે થઈ જાય છે. તે વાપરતાં ભયંકર હિંસા થાય છે. અને વાપરવાના બદલે તેનો નિકાલ કરો તો ય તે ફુગની હિંસા થાય છે. માટે ફુગ વગેરે ન થાય તે પૂર્વે જ તે અથાણું વાપરીને પૂરું કરી દેવું જોઈએ.

૧૩. સંયોગમાં જીવોત્પત્તિ (વિદળ)

૧૮. વિદળ (ઘોલવડાં)

હાઈડ્રોજન અને ઓક્સીજન; એ બે વાયુ ભેગા થાય તો તેમાં રાસાયણિક પ્રક્રિયા થઈને પાણી બને છે, એમ આજનું વિજ્ઞાન કહે છે.

તે જ રીતે વિદળ = કઠોળ અને કાચા ગોરસ (દૂધ-દહીં-છાશ) ભેગા થતાંની સાથે તે બે પદાર્થોમાં પરિવર્તન આવે છે. તેથી તરત જ તેમાં અસંખ્યાતા બેઈન્દ્રિય જીવો ઉત્પન્ન થાય છે, તેમ વીતરાગ ભગવંત ફરમાવે છે.

વિદળ એટલે દ્વિદળ. દ્વિ=બે. દળ=ભાગ. જેના બે ભાગ થાય છે, તે કઠોળ દ્વિદળ કહેવાય. તથા તે કઠોળ અને કાચા ગોરસનો જે સંયોગ થાય તેને વિદળ કહેવાય છે.

ગોરસ એટલે દૂધ, દહીં, છાશ કે ગરમ કર્યા વિના તેમાંથી બનાવેલ શ્રીખંડ વગેરે તમામ વસ્તુઓ. (૧) જેમાંથી તેલ ન નીકળતું હોય (૨) જે ઝાડના ફળ રૂપે ન હોય (૩) જેની બે સરખી ફાડ થઈને દાળ બની શકતી હોય અને (૪) જેની બે ફાડ વચ્ચે અન્ય કોઈ પડ ન હોય તેવા કઠોળ જો કાચા ગોરસની સાથે (૧) વાસણમાં (૨) હાથમાં (૩) ચમચીમાં કે (૪) મોઢામાં પણ ભેગા થાય તો તરત વિદળ થાય છે. તેમાં બેઈન્દ્રિય જીવોની ઉત્પત્તિ થાય છે.

મગફળી, રાઈ, સરસવ, તલ વગેરેમાંથી તેલ નીકળે છે. સાંગરી તો ઝાડના ફળ રૂપે છે. માટે આ બધાની સાથે કાચું ગોરસ ભેગું થાય તો પણ વિદળ થતું નથી.

પરંતુ તે સિવાયના તમામ કઠોળ, તેની લીલી ફળીઓ, દાળ કે આટામાંથી બનાવેલ વસ્તુઓ, તેની સુકવણી વગેરે બધું કાચા ગોરસ સાથે ભેગું થતાં જ વિદળ થાય છે.

મગ, ચણા, ચોળા, અડદ, વાલ, તુવેર, વટાણા, મઠ, લીલવા વગેરે તમામ કઠોળ, તેના પાંદડાની ભાજી, વાલોર, ચોળાફળી, લીલા ચણા, મેથીની ભાજી, તેની સુકવણી, મેથી, મેથીનો મસાલો, સંભાર, મગની દાળ, તુવેરની દાળ, અડદની દાળ, ચણાની દાળ, ચોળાની દાળ વગેરે બધી દાળ, કઠોળના આટામાંથી બનાવેલ સમોસા, ભજિયા, કટલેશ, ખમણ વગેરે ફરસાણ, પાપડ, ગાંઠિયા, સેવ, ચવાણું વગેરે નાસ્તો, દાળીયાની ચટણી, મેથીવાળા અથાણા વગેરેની સાથે કાચા દૂધ-દહીં-છાશ, શ્રીખંડ વગેરે ભેગા થતાં જ વિદળ થાય છે. તે અભક્ષ્ય છે.

જે દૂધ, દહીં કે છાશને એકપણ વાર ધગધગતા - આંગળી દાઝે તેવા - ગરમ ઉકાળ્યા નથી, તે કાચા કહેવાય. પરંતુ આંગળી બળે તેવા ધગધગતા ઉકાળેલા દૂધ-

દહીં-છાશ પાકા કહેવાય. તેમની સાથે કઠોળ ભેગું થવાં છતાં ય વિદળ થતું નથી. માટે તે વાપરી શકાય.

પરંતુ સામાન્ય ગરમ કર્યું હોય તેવું દૂધ-દહીં કે છાશ ન ચાલી શકે. ધગધગતાં ગરમ કરવા જરૂરી છે. જો દહીં-છાશને તેવું ગરમ કરવામાં ફાટી જવાનો ડર હોય તો તેમાં બાજરીનો આટો કે પાકું મીઠું નાંખીને હલાવીને સારી રીતે ઉકાળવામાં આવે તો તે ફાટશે નહિ.

ઘરમાં કે બહાર, જે કોઈ પદાર્થ ખાવાનો પ્રસંગ આવે ત્યારે ક્ષણ માટે અટકીને વિચારી લેવું કે આમાં કાચાં દૂધ કે દહીંનો ઉપયોગ તો નથી થયો ને ? જો દૂધ કે દહીંનો ઉપયોગ તે પદાર્થમાં થયેલો હોય તો તેમાં કોઈ કઠોળ, તેની દાળ કે તેના આટાનો ઉપયોગ નથી થયો ને ? અને જો ખબર પડે કે તે બંને પદાર્થનો ઉપયોગ થયો છે, તો તેને વિદળ સમજીને તેનો તરત જ ત્યાગ કરી દેવો, પણ મુખમાં તો તે પદાર્થ કદી ય નાંખવો નહિ.

તે જ રીતે ઘરમાં પણ મેનુ વગેરે બનાવતી વખતે તે રીતે જ ખાવાની વસ્તુઓ બનાવવાનું નક્કી કરવું કે જેથી ક્યાંય વિદળ થવાની શક્યતા ઊભી ન રહે.

ખાસ કરીને બહેનોએ પણ રસોઈ બનાવતી વખતે વિદળ ન થાય તેનું ધ્યાન રાખવું જોઈએ. તે માટે કઢી વગેરે કેટલીક ચીજો-વિદળ ન બને તે માટે - શી રીતે બનાવવી ? તે પણ જાણી લેવું જોઈએ.

વિદળ ન થવા દેવા નીચેની વાતો ખાસ ધ્યાનમાં લેવી જોઈએ :

ભોજનનું મેનુ બનાવતાં, તેમાં શીખંડ ન રાખવો. કારણ કે શીખંડ કાચા દહીંમાંથી બનાવવામાં આવે છે. દહીંને ફફડતું ગરમ કરવામાં આવે તો તેમાંથી શીખંડ બની જ ન શકે.

હવે આ શીખંડની સાથે જો મગની દાળ, કેળાવડા, ભજીયા, કટલેશ, ખમણ વગેરે ફરસાણ, ચોળાફળીનું કે લીલવા-વટાણાનું શાક, છેલ્લે પાપડ વગેરે બનાવાય તો તે બધી ચીજો કઠોળવાળી હોવાથી વિદળ થયા વિના ન રહે. તેથી શીખંડ ન બનાવવો તે ઉચિત જણાય છે.

છતાં ય જો શીખંડ રાખવો જ હોય તો તેની સાથે કઠોળની કોઈપણ ચીજ ન બનાવવી. કેળાની વેફર, ટીંડોળાનું શાક, ચોખાના ઢોકળાં વગેરે કઠોળ વિનાની વસ્તુ શીખંડ સાથે બનાવી હોય તો વાત જુદી.

વળી રસોડામાં કઠોળવાળી બીજી ઘણી વસ્તુઓ પડેલી હોય. તે લેતા-મુકતાં શીખંડ સાથે ભૂલમાં ય ભેગી થઈ જાય તો તરત વિદળ થઈ જાય. માટે ય શીખંડનો

પડછાયો પણ ન લેવો વિશેષ ઉચિત છે.

- દહીંવડાનો પણ બને ત્યાં સુધી ત્યાગ કરવો. કારણ કે વડા ચોળાના લોટમાંથી બનાવાય છે, જે કઠોળ છે. તેને કાચા દહીમાં નાંખતાં જ વિદળ થઈ જાય છે. તે શી રીતે વાપરી શકાય ?

હા ! ઘરે દહીંને ધગધગતું ગરમ કરીને, પછી તેનાથી દહીંવડા તૈયાર કર્યા હોય તો વાત જુદી, પણ બજારમાં જે તૈયાર દહીંવડાની ડીસ મળે છે, તેનું દહીં તો કોઈએ ય ગરમ કર્યું હોતું નથી. વળી તે દહીં કેટલા દિવસનું હોય છે ? તેની પણ તપાસ કોણ કરે છે ? તેથી બજારના દહીંવડા તો વાપરવા જરાય ઉચિત નથી.

- દહીંના બનાવેલા રાયતામાં જો ચણાના આટાની બુંદી વગેરે કઠોળમાંથી બનાવેલી વસ્તુ નાંખી હોય તો વિદળ થાય છે. પણ જો બુંદી વગેરેનું રાયતું બનાવવું જ હોય તો તે પૂર્વે દહીંને બરોબર આંગળી દાઝી જાય તેવું ફફડતું ગરમ કરવાનું ધ્યાન રાખવું જોઈએ.

- મેથી પણ કઠોળ છે. તેથી મેથી જેમાં આવતી હોય તેવી કોઈપણ વસ્તુ કાચા દહીં સાથે ન ખવાય. ખાખરા-મેથીનો મસાલો અને દહીં સાથે ન ખવાય, કારણ કે મેથીના મસાલામાં મેથી આવે છે.

- તે જ રીતે મેથીના થેપલાં ને દહીં સાથે ન ખવાય. કેટલાક લોકો ચા- ઢેબરાંની જેમ દહીં - ઢેબરાં ખાતા હોય છે. તે ઢેબરાંમાં મેથી નાંખેલી ન હોવી જોઈએ. જો દહીં-મેથીના ઢેબરાં ખાવાના જ હોય તો તે દહી ફફડતું ગરમ કરલું હોવું જરૂરી છે.

- મેથીના થેપલાં બનાવતી વખતે પણ વિદળ ન થઈ જાય તેની કાળજી રાખવી જરૂરી છે. મેથી કઠોળ હોવાથી, મેથીના થેપલાંનો લોટ બાંધવા જે છાશનો ઉપયોગ કરાય છે, તે સૌ પ્રથમ ફફડતી ગરમ થયેલી જરૂરી છે. નહિ તો તે કાચી છાશ અને મેથી ભેગાં થતાં જ વિદળ થઈ જશે. અસંખ્યાતા બેઈન્દ્રિય જીવોનો કચ્ચરઘાણ બોલાઈ જશે !

- ખાટાં ઢોકળાં, ઈડલી વગેરે બનાવતી વખતે પણ કઠોળનો આટો જે છાશમાં પલાળવામાં આવે છે તે છાશ પણ પહેલાં ફફડતી ગરમ કરવી જરૂરી છે. નહિ તો વિદળ થઈ જશે.

- સામાન્ય રીતે કઢી બનાવતી વખતે બહેનો તપેલીમાં છાશ ચડાવીને તેમાં ચણાનો આટો નાંખે છે. છાશ હજુ ફફડતી ઉકળી ન હોવાથી, તે ચણાના આટા રૂપ કઠોળની સાથે મીક્ષ થતાં જ તરત અસંખ્ય બેઈન્દ્રિય જીવો પેદા થઈ જાય છે ને થોડીવારમાં તે જીવો બળીને ખાખ થઈ જાય છે. શી રીતે આટલા બધા જીવોનો સંહાર થઈ શકે ? માટે કઢી બનાવતી વખતે ચણાના આટાનો ઉપયોગ ન કરતાં ચોખાના

આટાનો ઉપયોગ કરવો જોઈએ. તે કઠોળ રૂપ ન હોવાથી વિદળ થવાનો પ્રસંગ જ નહિ આવે. છતાં ય જો ચણાના આટાનો જ ઉપયોગ કરવાનો આગ્રહ હોય તો તે આંટો નાંખતા પૂર્વ છાશ ફફડતી ગરમ થઈ જવી જરૂરી છે. બને ત્યાં સુધી ચણાના આટાનો ઉપયોગ જ ન કરવો હિતાવહ છે.

- શીખંડ ખાધા પછી, તે જ વાટકીમાં કઢી પીરસાય છે; તે પણ બરોબર નથી. જો કઢીમાં ચણાનો આંટો નાંખેલો હોય તો શીખંડના કાચા દહીં સાથે ચણાના આટા રૂપ કઠોળનું સંયોજન થતાં જ વિદળ થઈ જાય છે.

કદાચ ચણાના આટાના બદલે ચોખાનો આટો કઢીમાં નાંખ્યો હોય તો ય જો છેલ્લે કઢીનો મેથીથી વઘાર કર્યો હોય તો મેથી કઠોળ હોવાથી, શીખંડ સાથે સંયોગ થતાં જ વિદળ થઈ જશે.

માટે કઢીમાં ચણાનો આંટો ન નાંખવો જોઈએ. તથા તેનો મેથીથી વઘાર ન કરવો જોઈએ. જો કઢી મેથીનાં વઘારવાળી હોય તો તેનો શીખંડ સાથે સ્પર્શ કોઈ સંયોગમાં ન થઈ જાય, તેની પૂરેપૂરી કાળજી રાખવી જોઈએ.

- મેથી જેમાં નાંખવામાં આવી હોય તેવા અથાણા, કાચા દહીંની શીખંડ જેવી વસ્તુ સાથે ન ખવાઈ જાય તેની કાળજી રાખવી જોઈએ. જો શીખંડના ભોજનમાં અથાણું લેવું જ પડે તો તે અથાણામાં મેથી તો નથી ને ? તેની ખાતરી સૌ પ્રથમ કરી દેવી જોઈએ.

- કેટલીક જગ્યાએ જમતી વખતે સાથે દહીં ખાવાનો રીવાજ હોય છે. ભોજનમાં જે દાળ હોય છે, તે તો કઠોળની જ હોય. તેની સાથે દહીં પણ ખાવાનું થાય તો વિદળ થયા વિના શી રીતે રહે ? તેથી ભોજનમાં દહીં ન ખાવું કે એકદમ ફફડતું ગરમ કર્યા પછી જ લેવું ઉચિત છે.

- કેટલાક લોકો ભોજન કર્યા પછી છેલ્લે છાશ પીતા હોય છે. આ છાશ જો ફફડતી ગરમ ન કરી હોય તો શી રીતે વપરાય ? કારણ કે પૂર્વે કરેલાં ભોજનમાં દાળ, ફરસાણ વગેરેમાં કઠોળ હોવાની પૂરી શક્યતા છે. મોઢામાં પણ જો કાચા ગોરસને કઠોળ ભેગા થાય તો વિદળ થાય. હા ! પેટમાં ભેગા થાય તો વિદળ ન થાય કારણ કે ગળાથી નીચે ઉતર્યા બાદ તેમાં એસીડ વગેરે ભળતાં ગોરસનું સ્વરૂપ જ બદલાઈ જાય. પછી તે ગોરસ રહેતું જ નથી. તેથી વિદળ પણ થતું નથી.

તેથી ભોજન પછી જો છાશ પીવી જ હોય તો તે છાશ ફફડતી ગરમ કરેલી હોવી જરૂરી છે. છતાં ય જો કાચી જ છાશ પીવાની હોય તો તે પીતા પૂર્વે મોઢું બરાબર સ્વચ્છ કરી દેવું જોઈએ. દાંતની વચ્ચે ક્યાંય કોઈ કણીયો ન રહેવો જોઈએ. હાથ-

વાસણ વગેરે પણ ચોખ્ખા કરેલાં હોવા જોઈએ. તે લેતાં તેનો છાંટો ક્યાંય કઠોળવાળી વસ્તુ પર ન પડે તેની પૂરી કાળજી લેવાવી જોઈએ.

વળી તે ખાધા પછી પણ કઠોળના સ્પર્શ વિનાનું ચોક્ખું પાણી પીને મુખશુદ્ધિ કરવી જોઈએ. છાશનું વાસણ પણ કઠોળવાળા વાસણની સાથે ન ધોતાં જુદું સાફ કરવું જોઈએ.

આટલી બધી ઝીણવટભરી કાળજી લેવાની શક્યતા ન હોય તો કાચી છાશ પીવાનો આગ્રહ છોડી દેવો જોઈએ. કાં તો ફફડતી ગરમ કરીને લેવી અથવા તો તેનો ત્યાગ જ કરી દેવો વધુ હિતકર છે.

(૧૯) રીંગણા : રીંગણા જમીનની અંદર થતાં નથી. તે કંદમૂળ નથી છતાં ય શાસ્ત્રકાર પરમર્ષિઓએ રીંગણાનો ત્યાગ કરવાનું જણાવેલ છે. ૨૨ અભક્ષ્યમાં તેનો ખાસ નંબર લગાડેલ છે.

જિનશાસનની આ એક વિશેષતા છે કે તે આધ્યાત્મિક વિકાસની જે જે પગદંડી બતાવે છે, તે દરેકમાં શરીરની પણ કાળજી આવી જતી હોય છે. ઉકાળેલું પાણી પીવાની વાત હોય કે કાયોત્સર્ગ કરવાની વાત હોય, દરેકમાં શરીરને નાહક કચડવાની વાત ન હોય. અરે ! જિનશાસન તો તપ પણ તેટલો જ કરવાનું કહે છે કે જેનાથી ઈન્દ્રિયોમાં, શરીરમાં કોઈ હાનિ ઊભી ન થાય.

શાસ્ત્રકાર પરમર્ષિઓએ જોયું કે રીંગણા શરીરને કે મનને, ભૌતિકજીવનને કે આધ્યાત્મિક જીવનને હિતકારી તો નથી, પણ અત્યંત નુકસાનકારક છે. આવી નુકસાનકારક ચીજનો ઉપયોગ કરીને જીવો પોતાના હિતથી વંચિત ન રહી જાય, તે માટે શાસ્ત્રકારોએ રીંગણા વાપરવાનો નિષેધ કરેલ છે.

રીંગણા ખાનારના શરીરમાં કફ વધે છે. વધુ પડતાં રીંગણાં ખાનારને થોડા થોડા દિવસોના અંતરે તાવ આવે છે. અને છેલ્લે તે ટી.બી. રોગનો દરદી બનીને અકાળે મોતને આમંત્રણ આપે છે. આ તો શારીરિક નુકસાનની વાત થઈ.

માનસિક નુકસાન પણ કાંઈ ઓછું નથી. રીંગણા તામસી છે. તે ખાનાર વ્યક્તિ ક્રોધી અને ચંચળ બને છે. તેના મનમાં ભયંકર કામવિકારો પણ ઊભરાય છે. તેના જીવનમાંથી શાંતિ-સુખ-સમાધિ વિદાય લેવા માંડે છે.

વળી રીંગણા ખાવાના કારણે તામસી સ્વભાવ થઈ જવાથી તે અનેક પ્રકારના કુકર્મો કરી બેસે છે. પુષ્કળ કર્મો બાંધે છે. પરલોકમાં દુર્ગતિમાં જવાની તૈયારી કરી બેસે છે. તેના ભવોભવ બરબાદ થાય છે.

આવા શારીરિક, માનસિક અને આત્મિક નુકસાનો જાણી લઈને રીંગણાનો સત્વરે

ત્યાગ કરવો જોઈએ. શિવપુરાણ નામના જૈનેતરશાસ્ત્રમાં પણ જણાવેલ છે કે, "હે પાર્વતી ! રીંગણા ખાનારો મૂઢ બને છે. મરણ સમયે મારું સ્મરણ તે કરી શકતો નથી."

(૨૦) અજાણ્યા ફૂલ-ફળ વગેરે : આ દુનિયામાં જાતજાતની ને ભાતભાતની વનસ્પતિ ઊગે છે. દરેકના ફૂલ-ફળ પણ જુદી જુદી જાતનાં હોય છે. બધાં ફૂલો કે ફળોને આપણે જાણતાં નથી હોતાં.

દરેક ફૂલ-ફળના ગુણો કે દોષો જુદા જુદા હોય છે કોઈ ફૂલને સૂંઘતા માણસ બેભાન બની જતો હોય છે, તો કોઈ ફળને ખાનારાને તરત વોમીટ થઈ જતી હોય છે. કો'ક ફળો ઘેન પેદા કરે છે તો કોઈ ફળ ઝાડા કરાવે છે. આવા દોષવાળા જે જે ફૂલો કે ફળો હોય, તે બધાનું જ્ઞાન આપણને કાંઈ હોતું નથી.

તેથી જે કોઈ ફૂલ કે ફળ દેખાય, તેનો ઉપયોગ કરવા મંડીએ તો ક્યારેક ઘણું મોટું નુકસાન થઈ જાય.અરે ! કિંપાક નામના ફળ તો દેખાવમાં ખૂબ જ આકર્ષક હોય છે. ખાવામાં ખૂબ જ મીઠા હોય છે. ખાવાથી તૃપ્તિ પણ થાય છે. પરંતુ થોડાક સમયમાં તે ફળ ખાનારને મોતને ઘાટ ઊતરવું પડે છે.

ધર્મની આરાધના અને સાધના કરવા નીરોગી શરીર તથા ખૂબ આયુષ્ય જરૂરી છે. જો ભૂલથી પણ રોગ પેદા કરનારા કે મોત અપાવનારા ફૂલ-ફળાદિનું ભોજન થઈ જાય તો પ્રાપ્ત થયેલું માનજીવન આરાધના-સાધનાની અધુરાશને કારણે નિષ્ફળ જાય.

તેમ ન થાય તે માટે શાસ્ત્રકારોએ અજાણ્યા ફૂલ કે ફળનો ઉપયોગ કરવાનો નિષેધ કર્યો છે. જે ફૂલ કે ફળના ગુણ-દોષની ખબર ન હોય, નામની ખબર ન હોય, તે ફૂલ કે ફળ અજાણ્યા કહેવાય. ક્યારે પણ તેવા અજાણ્યા ફૂલ-ફળ ખાવા નહિ.

માત્ર અજાણ્યા ફૂલ કે ફળ ખાવા નહિ; એમ નહિ, અજાણી કોઈપણ વસ્તુ ખાવી ન જોઈએ. જે વસ્તુ કેવી રીતે બની છે ? તેમાં શું શું છે ? તેના ગુણ-દોષ કયા કયા છે ? તે આપણે ન જાણતાં હોઈએ તે વસ્તુ આપણાથી ન ખવાય.

ક્યારેક તેમાં ઝેર ભેળવેલું હોઈ શકે છે. ક્યારેક તેમાં પ્રાણીજ તત્ત્વો પણ હોઈ શકે. જો બજારનું ને બહારનું ખાવાનું બંધ કરી દઈએ તો આવા ઘણા દોષોથી બચી શકાય.

અજાણ્યું ફળ નહિ ખાવાનો નિયમ કરવા માત્રથી વંકચૂલ મોતના મુખમાં જતો બચી ગયો હતો તે તો ખ્યાલ છે ને ?

ઢીંપુરી નગરીમાં પુષ્પસેન રાજાને પુષ્પચૂલ ને પુષ્પચૂલા નામના પુત્ર-પુત્રી હતા. પુષ્પચૂલ નાનપણથી તોફાની હતો. નગરજનોને પોતાના વાંકા કાર્યો દ્વારા તે ખૂબ હેરાન કરતો હતો. તેથી તેનું નામ વંકચૂલ પડી ગયું હતું.

મહાજન દ્વારા તેનાં તોફાનો અંગે ફરિયાદ થતાં, તેણે નગરી છોડવી પડી હતી. જંગલમાં ૫૦૦ લૂંટારાનો તે સરદાર બન્યો. લૂંટફાટ કરવી તે તેનો ધંધો બની ગયો.

રસ્તો ભૂલી ગયેલાં સાધુઓ અચાનક તેની પલ્લી પાસે આવી ચડ્યા. ચોમાસું નજીક હતું. આગળ વધાય તેમ નહોતું. ઊતરવાની જગ્યાની તેમણે વંકચૂલ પાસે માંગણી કરી.

સાધુઓને ઉતારો અપાય તો તેમના ઉપદેશથી લૂંટારાઓ લૂંટ છોડી દે. તો તો વંકચૂલનો ધંધો પડી ભાંગે. શી રીતે ઉતારો અપાય ? પરંતુ સાધુઓની પરિસ્થિતિ જોઈ તેણે એ શરતે ઉતારો આપ્યો કે ચોમાસાના ચારે ય મહિના મારી સરહદમાં કોઈને કાંઈ ઉપદેશ આપવો નહિ.''

શરતના સંપૂર્ણ પાલનપૂર્વક ચાર મહિના પૂરા થઈ ગયા. વંકચૂલના હૈયામાં અહોભાવ પેદા થયો. સાધુઓને વળાવવા ગયો. સરહદની બહાર નીકળ્યા ત્યારે શરત પૂર્ણ થઈ ગઈ હોવાથી સાધુઓએ તેને ઉપદેશ આપ્યો. તેનાથી થઈ શકે તેવા ચાર નિયમો લેવાની પ્રેરણા કરી. (૧) અજાણ્યું ફળ ખાવું નહિ. (૨) કોઈ ઉપર ઘા કરતાં પહેલા ૫-૭ ડગલા પાછા હટવું (૩) રાણી સાથે વિષયસુખ ભોગવવું નહિ અને (૪) કાગડાનું માંસ ખાવું નહિ.

વંકચૂલને આ ચારે ય નિયમો સહેલા લાગ્યા. તેણે ઉલ્લાસથી તે નિયમો લીધા અને પ્રાણના સાટે તેનું પાલન કરવાનો સંકલ્પ કર્યો.

એક વાર લૂંટફાટ કરીને પાછા ફરતાં તેઓ પુષ્કળ ભૂખ્યા થયા હતા. એક સાગરીત ક્યાંકથી ફળો લઈ આવ્યો. ઝાડ નીચે બેઠેલા બધા સાગરીતો ફળ ખાવા લાગ્યા. દેખાવમાં ખૂબ સુંદર અને ખાવામાં મધૂરાં ફળો આરોગવાની કયા ભૂખ્યા માણસને ઈચ્છા ન થાય ?

વંકચૂલની ઈચ્છા પણ ફળ ખાવાની હતી. તેના સાગરીતો ભાવથી તેને ખાવાનો આગ્રહ કરતાં હતાં. વંકચૂલને પોતાનો નિયમ બરોબર યાદ હતો. તેણે તરત જ બધા સાગરીતોને લાવેલા ફળનું નામ જણાવવા કહ્યું. પરંતુ કોઈ તે ફળનું નામ જાણતા નહોતા.

''શું ચોળીને ચીકણું કરો છો ? આપણને તો ખાવા સાથે કામ છે ને ? તેનું નામ શું છે ? તે જાણીને શું કામ છે ? ભૂખ લાગી છે, ભાવે છે, તો ખાઈ લેવામાં વિલંબ નહિ કરવો.''

પરંતુ વંકચૂલ પોતાના નિયમમાં અડગ હતો. બધાએ ફળ ખાધા પણ અજાણ્યા ફળો હોવાથી વંકચૂલે તો ન જ ખાધા. ફળો ખાઈને બધા સૂઈ ગયા.

ઘણો સમય થવા છતાં ય કોઈ ઊઠતું નથી, તે જાણીને વંકચૂલને નવાઈ લાગી.

બધાને ઢંઢોળીને ઉઠાડવાનો જ્યારે તેણે પ્રયત્ન કર્યો ત્યારે ખબર પડી કે બધાં મરી ગયા છે.

તે કિંપાકનાં ફળો હતાં. દેખાવમાં સુંદર ને ખાવામાં મધુર હોવા છતાં ય મોતનું દાન કરનારાં હતાં. વંકચૂલને થયું કે મેં પણ બધા મિત્રોની સાથે આ ફળો આરોગ્યાં હોત તો હું પણ મરી ગયો હોત. સારું થયું કે મને ગુરુદેવે આ નિયમ આપ્યો. આ નિયમ ગુરુદેવે ન આપ્યો હોત તો આજે મારું જીવન ન હોત. જો આટલો નાનકડો નિયમ પણ મોતમાંથી ઉગારતો હોય તો હવે બાકીના નિયમો બરોબર પાળવા છે.

પછી તો જુદા જુદા સમયે બાકીના ત્રણ નિયમોની પણ કસોટી થઈ. પરંતુ તે દરેક વખતે નિયમનું અડગતાથી પાલન કરવા દ્વારા વંકચૂલ અનેક આપત્તિઓમાંથી ઊગરી ગયો. તેની શ્રદ્ધા દરેક વખતે વધતી જતી હતી. નવા નવા નિયમો સ્વીકારીને તે ચુસ્ત શ્રાવક બની ગયો હતો. નિયમના પાલનના પ્રભાવે સમાધિમય મરણ પામીને તે બારમા દેવલોકના સુખનો સ્વામી બન્યો. વંકચૂલના આ પ્રસંગને નજર સમક્ષ રાખીને, કાયમ માટે અજાણી વસ્તુનો - અજાણ્યા ફૂલ-ફળાદિનો - ત્યાગ કરી દેવો જોઈએ.

(૨૧) તુચ્છ ફળ : આપણે જીવવા માટે ખાવાનું છે, પણ ખાવા માટે જીવવાનું નથી. જો ખાધા વિના પણ જીવી શકાતું હોત, દોષનાશની સાધના થઈ શકતી હોત તો ખાવાનું પણ જરૂર ત્યાગી દેત. પણ ખાધા વિના ચાલતું નથી તો ઓછામાં ઓછું, પેટ ભરવા પૂરતું ખાઈને ચલાવી લેવું જોઈએ.

કેટલાંક ફળો એવાં છે કે જેમાં ખાસ કોઈ તત્ત્વ નથી. જે ખાવાથી શક્તિ મળતી નથી, પેટ ભરાતું નથી, તૃપ્તિ મળતી નથી, થોડું ખાઈને ઘણુંબધું ફેંકી દેવું પડે છે, તેવાં ફળોને તુચ્છફળો કહેવાય છે. આવાં તુચ્છફળો અભક્ષ્ય છે. તે ખાવા જરાય ઉચિત નથી.

ઓછી મહેનતે વધારે લાભ મેળવવાની ઇચ્છાવાળા આપણને તુચ્છફળ ખાવા કોઈ રીતે ન પોષાય. કારણ કે તે ખાવામાં મહેનત ઘણી છે, ફેંકવાનું ઘણું છે, જ્યારે તેની અપેક્ષાએ લાભ ઘણો જ ઓછો છે. સમયની બરબાદી છે. પૈસાની નુકશાની છે, મહેનતની પણ બરબાદી છે, પેટ ભરાતું નથી, તે તેની મોટી કમનસીબી છે.

વળી આ તુચ્છફળો ખાતી વખતે વધારે પ્રમાણમાં જે કચરો ફેંકવો પડે છે, તેમાં પુષ્કળ વિરાધના થાય છે. તે કચરાની મીઠાશથી કીડીઓ આવે છે. મસી ચોંટે છે. વળી તેની ચીકાસથી કેટલાકના પગ પણ લપસી જાય તો ફેક્ચરથી મોત સુધીની તકલીફો પેદા થાય છે.

ચણીબોર, પીલુ, પીચું, ગુંદી, આંબલીની મહોર વગેરે તુચ્છફળો છે. તેનો ત્યાગ કરી દેવો જરૂરી છે.

(૧૪) EXPIRED DATE (ચલિતરસ)

(૨૨) ચલિત રસ : રસ=સ્વાદ. જેનો સ્વાદ બદલાઈ ગયો હોય તે ચલિતરસ કહેવાય. તે અભક્ષ્ય છે. વાપરી શકાય નહિ.

ત્રણ લોકના નાથ દેવાધિદેવ પરમાત્મા કેવળજ્ઞાનના પ્રકાશથી વિશ્વના સર્વ પદાર્થોને બરોબર જાણે છે. તેમણે પોતાના જ્ઞાનમાં જોયું છે કે ભોજનના દરેક પદાર્થને તે સ્થિતિમાં રહેવાની નિશ્ચિત સમયમર્યાદા છે, તે સમય પૂર્ણ થતાં ભોજનની તે વસ્તુઓનો રંગ - સ્વાદ - ગંધ - સ્પર્શ વગેરે બદલાઈ જાય છે. વાતાવરણની તેની ઉપર અસર થાય છે. પરિણામે તેમાં જુદા જુદા અનેક પ્રકારના જીવો ઉત્પન્ન થાય છે. તેથી તે પદાર્થો ખાવા માટે નકામા થઈ જાય છે.

કો'કમાં ફુગ વળે છે તો કો'કમાં ત્રસ જીવો ઉત્પન્ન થાય છે. કો'કમાં લાળીયા જીવો પેદા થાય છે તો કો'કમાં કીડા પડે છે. આવા જીવોવાળી ચીજો ખાનારનું આરોગ્ય બગડે છે, અંદર રહેલાં જીવોની કારમી હિંસા થાય છે. પાપોના પોટલા બંધાય છે. પોતાનો આલોક અને પરલોક સુધારવાની જેમની ઇચ્છા હોય તેમણે આ ચલિતરસનો ત્યાગ જ કરવો જોઈએ.

આપણા સૌનો અનુભવ છે કે દરેક નવી વસ્તુ જૂની થાય છે. વધારે સમય પસાર થતાં સડી જાય છે કે કોહવાઈ જાય છે. છેવટે એવું રૂપ ધારણ કરે છે કે જે કોઈ કામમાં આવતું નથી. અમુક સમય સુધી જ તે તે વસ્તુઓ પોતાનું કાર્ય કરવા સમર્થ હોય છે, પછી નહિ. દવા, ફર્નીચર, મકાન, કપડા વગેરે દરેકની પોતાની અવસ્થામાં રહેવાની કોઈ ને કોઈ સમયમર્યાદા છે જ. તે સમયમર્યાદા પૂર્ણ થયા બાદ બિન-ઉપયોગી થવા લાગે છે.

તે જ રીતે ભોજનના પદાર્થોની પણ કોઈક સમયમર્યાદા **(Expired date)** છે. તે સમયમર્યાદા પૂર્ણ થતાં જ તેના રંગ-સ્વાદ-ગંધ વગેરેમાં ફેરફાર થવા લાગે છે. આ ફેરફારવાળી અવસ્થાને ચલિતરસ કહેવામાં આવે છે. તે વસ્તુઓમાં કોહવાટ-જીવોત્પત્તિ વગેરે થવાના કારણે તે ખાઈ શકાય નહિ.

ક્યારેક કપડાં, ફર્નિચર, દવા વગેરે તેની એક્ષપાયર્ડ ડેટ પહેલાં પણ બગડી જાય છે. પછી તે કામમાં આવી શકતી નથી. તે જ રીતે શાસ્ત્રમાં જણાવાયેલી સમયમર્યાદા પહેલાં પણ જો તે વસ્તુના રૂપ રંગ-સ્વાદ-વાસ વગેરે બદલાઈ ગયેલાં જણાય તો તેને ચલિતરસ સમજીને તેનો ત્યાગ કરી દેવો જોઈએ.

કેટલાક ખાદ્ય પદાર્થો એક રાત પસાર થતાં જ અભક્ષ્ય બની જાય છે. કેટલાક

ખાદ્ય પદાર્થો ૧૫-૨૦ કે ૩૦ દિવસ પછી અભક્ષ્ય બને છે તો કેટલાક ખાદ્ય પદાર્થો ૪ કે ૮ મહિના પછી અભક્ષ્ય બને છે. તે તે પદાર્થોની સમયમર્યાદા જાણી લઈને, તે અભક્ષ્ય બને તે પહેલાં જ તેનો ત્યાગ કરી દેવાની કાળજી રાખવી જરૂરી છે.

(૧) એક રાત્રિ પસાર થતાં જ અભક્ષ્ય બનતાં ખાદ્ય પદાર્થો :

પાણીની તાકાત અપ્રતિમ કક્ષાની છે. જે પદાર્થમાં પાણીનો અંશ રહી જાય તે પદાર્થ એક રાત્રિ પસાર થતાં જ વાસી બની જાય છે. કારણ કે પાણી તે પદાર્થને કોહવે છે, સડાવે છે. કોહવાઈ ગયેલાં કે સડી ગયેલા તે પદાર્થને ખાવામાં સામે ચાલીને રોગોને નિમંત્રણ છે. પાણીનો સામાન્ય અંશ પણ જેમાં રહી ગયો છે, તે પદાર્થમાં રાત્રિ પસાર થતાં જ બેઇન્દ્રિય લાળિયા જીવો ઉત્પન્ન થઈ જાય છે. તે ખાવાથી આરોગ્યના બગાડાની સાથે ત્રસ જીવોની હિંસાનું ઘોર પાપ પણ લાગે છે. માટે વાસી પદાર્થોનો ત્યાગ કરવો જોઈએ.

રોટલો, રોટલી, લોચાપુરી, ભાખરી, પુડલા, વેડમી વગેરે આહાર; ભજિયા, સમોસા, હાંડવો, કચોરી, ઢોકળા, ઈડલી-ઢોંસા, વડા વગેરે ફરસાણો; દૂધપાક, શીખંડ, બાસૂદી, મલાઈ, ખીર, ફ્રુટસલાડ, જ્યુસ, વગેરે દૂધ-દહીંમાંથી બનાવાયેલી બનાવટો; ઘારી, કાચો માવો, રસગુલ્લા, ગુલાબજાંબુ, રસમલાઈ વગેરે મીઠાઈઓ; ફ્રુટના કરેલા ટુકડાઓ, બરફગોળા વગેરેના સરબતો, શેકેલો પાપડ, પાણીવાળી ચટણી વગેરે બધી વસ્તુઓ એક જ રાત્રિ પસાર થતાં વાસી બની જાય છે. તેથી તે પદાર્થો એક રાત્રિ પસાર થયા પછી પોતે ખવાય નહિ કે બીજાને ખવડાવાય પણ નહિ. ગરીબોને કે પશુ-પંખીને વાસી ચીજ ખવડાવવાથી તેમાં ઉત્પન્ન થયેલાં જીવોની હિંસા થાય છે. તેથી રાત્રિ પડતાં પહેલાં જ વધેલી તે વસ્તુઓ ગરીબો કે ગાય-કૂતરા વગેરેને ખવડાવી દેવી જોઈએ.

(૨) ૧૫-૨૦ કે ૩૦ દિવસ પસાર થતાં જ અભક્ષ્ય બનતા ખાદ્ય પદાર્થો :

કોઈપણ રીતે ગરમી આપીને જેનો પાણીનો અંશ દૂર કરી દેવામાં આવ્યો છે, જેને ઘણા સૂકાં બનાવી દેવામાં આવ્યા છે તેવા પદાર્થો સામાન્ય સંયોગોમાં શિયાળા-ઉનાળા અને ચોમાસામાં અનુક્રમે ૩૦-૨૦-૧૫ દિવસ પસાર થતાં જ અભક્ષ્ય બને છે. તેથી તેટલા દિવસ પસાર થયા પહેલાં જ તેનો યોગ્ય ઉપયોગ કરી દેવો ઉચિત છે.

કારતક સુદ-૧૫થી ફાગણ સુદ-૧૪ સુધીના સમયને શિયાળો ગણાય. ફા. સુદ-૧૫થી અષાઢ સુદ-૧૪ સુધી ઉનાળો ગણાય. અને અષાઢ સુદ-૧૫થી કારતક સુદ-૧૪ સુધી ચોમાસું ગણાય. તેમાં બનાવેલ વસ્તુઓ, બનાવ્યાના દિવસથી અનુક્રમે ૩૦-૨૦-૧૫ દિવસ પછી અભક્ષ્ય બનતી હોવા છતાં, જો તે સમય પહેલાં તેના રૂપ-રંગ-સ્વાદ

બદલાઈ જાય તો ત્યારથી જ તેને અભક્ષ્ય સમજીને તેના ત્યાગ કરી દેવો જોઈએ.

ખાખરા, ચણા, સીંગ, મમરા, ધાણી વગેરે શેકેલા પદાર્થો; મમરા, ચેવડો, વઘારેલો ખાખરાનો ભુક્કો વગેરે વઘારેલાં પદાર્થો; કડક પૂરી, ફાફડા, સેવ, ગાંઠિયા વગેરે તળેલા ફરસાણો; મોહનથાળ, બરફી, લાડુ વગેરે મીઠાઈઓ ૩૦-૨૦-૧૫ દિવસ પસાર થતાં અભક્ષ્ય બને છે.

(૩) ચાર-આઠ મહિના વગેરે પસાર થતાં અભક્ષ્ય બનનારા ખાદ્ય પદાર્થો :

કુદરતી રીતે ઊગેલા કે વિશિષ્ટ પદ્ધતિથી તૈયાર કરાયેલા કેટલાક ખાદ્ય પદાર્થો મહિના કરતાં પણ વધારે સમય પસાર થાય તો પણ અભક્ષ્ય બનતાં નથી. જ્યારે અમુક પ્રકારનું વાતાવરણ બદલાય ત્યારે તેમાં જીવજંતુઓ પેદા થઈ જાય છે, માટે ત્યારે તે અભક્ષ્ય બને છે.

વાતાવરણની અસર તો હોય જ છે. વાતાવરણ બદલાતાં ઘણી વ્યક્તિઓ માંદી પડતી હોય છે. કોઈક વ્યક્તિને સૂકી આબોહવા અનુકૂળ આવે છે તો કોઈક વ્યક્તિને ભેજવાળી આબોહવા માફક આવે છે. તે જ રીતે કેટલાક ખાદ્ય પદાર્થોને શિયાળાનું, કેટલાંકને ચોમાસાનું, કેટલાકને ઉનાળાનું તો કેટલાકને બે ઋતુનું વાતાવરણ અનુકૂળ આવે છે. તે દરમ્યાન તે પદાર્થો સારી અવસ્થામાં રહે છે. ત્યાર પછી તેમાં જીવોત્પત્તિ થતાં તે બગડવા લાગે છે. તેથી તે અભક્ષ્ય બને છે.

કોથમીર, તાંદળજા-મેથી વગેરે તમામ પ્રકારની ભાજી, પત્તરવેલીયાના પાન,ખજૂર, ખારેક, તલ, બદામ સિવાયનો મેવો વગેરે કા. સુદ-૧૫થી ફા. સુદ-૧૪ સુધીના શિયાળાના ચાર મહિના દરમ્યાન ભક્ષ્ય ગણાય છે. પછી અભક્ષ્ય થાય છે. ફાગણ ચોમાસી પહેલાં તલ ઓસાવ્યા હોય તો ઓસાવી દેવાના કારણે ફાગણ ચોમાસી પછી પણ તેમાં જીવોત્પત્તિ થતી નથી. મતાંતરે ખજુર, ખારેક સિવાયનો મેવો અષાઢ સુદ-૧૪ સુધી ભક્ષ્ય છે, ત્યાર પછી તે અભક્ષ્ય બને છે. ટોપરૂં, બદામ તો બારેય મહિના ભક્ષ્ય છે, પરંતુ ચોમાસા દરમ્યાન જે દિવસે ફોડેલ હોય તે જ દિવસે તે બદામ-ટોપરું ચાલે, બીજા દિવસે તે અભક્ષ્ય બને. વડી, પાપડ, ખીંચીયાં વગેરે બરોબર સૂકવીને બનાવેલી વસ્તુઓ કા. સુદ-૧૫ થી અષાઢ સુદ-૧૪ સુધીના આઠ મહિના સુધી ભક્ષ્ય છે. કેરી, રાયણ વગેરે પદાર્થો આર્દ્રાનક્ષત્રથી અભક્ષ્ય બને છે. આ બધી કાળમર્યાદા ધ્યાનમાં રાખીને, કોઈપણ અભક્ષ્ય ચીજ પેટમાં ન પહોંચી જાય તેની સતત કાળજી રાખવી જોઈએ.

ચલિતરસ અભક્ષ્યના દોષથી બચવા રાખવા યોગ્ય કાળજીઓ :

માવો : દૂધનો બનાવેલો માવો જે દિવસે બનાવ્યો હોય તે જ દિવસે ભક્ષ્ય છે. રાત્રિ પસાર થતાં તે વાસી થાય છે. અભક્ષ્ય બને છે. બજારનોં માવો તો ગમે તેટલા દિવસ પહેલાંનો બનાવેલો હોવાથી વાસી હોય છે. તેથી બજારનો માવો લાવીને ઘરે બનાવેલી મીઠાઈ પણ અભક્ષ્ય બને છે. માટે બજારનો માવો કે તેમાંથી ઘરે કે બજારમાં બનાવેલી તમામ વસ્તુઓ અભક્ષ્ય છે. વાપરવી નહિ.

જે દિવસે માવો બનાવેલ હોય તે જ દિવસે તેને ઘીમાં શેકીને એકદમ લાલ બનાવ્યો હોય તો તે માવો બીજા દિવસે ભક્ષ્ય છે. પોતાના કાળપ્રમાણે ૧૫-૨૦ કે ૩૦ દિવસ સુધી તે માવો અને તેમાંથી બનાવેલી મીઠાઈ ભક્ષ્ય છે. તે કાળ વીત્યા પછી અભક્ષ્ય બને.

માવો બનાવીને, પછી તેમાં બુરુખાંડ ભેળવીને પેંડા બનાવવામાં આવે તો તે પેંડા પણ રાત પસાર થતાં વાસી બની જાય છે. તેથી બીજા દિવસે અભક્ષ્ય બનવાથી વપરાય નહિ.

પરંતુ દૂધને ફાડીને કે ફાડ્યા વિના ચૂલા ઉપર જ બુરુ ખાંડ ભેળવીને હલાવતાં હલાવતાં જ પેંડા બનાવવામાં આવ્યા હોય તો તે પેંડા રાત પસાર થવા છતાં ય વાસી થતા નથી. તે જ રીતે દૂધને ફાડીને ચૂલા ઉપર જ ખાંડ ભેળવીને બનાવાતી માવાની બરફી પણ રાત પસાર થતાં અભક્ષ્ય બનતી નથી. ૧૫-૨૦-૩૦ દિવસનો કાળ પસાર થયાં પછી તે અભક્ષ્ય બને છે.

પોતાનો કાળ પૂર્ણ થયા પહેલાં પણ ભેજ વગેરેના કારણે તેની ઉપર ફુગ વગેરે થઈ જાય કે તેના રૂપ-રંગ-સ્વાદ બદલાઈ જાય તો તે વખતે જ તે અભક્ષ્ય બની જાય. પછી તે વપરાય નહિ.

બંગાળી મીઠાઈઓ : ગુલાબજાંબુ, રસગુલ્લા, રસમલાઈ વગેરે બંગાળી મીઠાઈઓનો માવો રાત પસાર થતાં વાસી થઈ જાય છે, કારણ કે પાકી ચાસણીમાં શેક્યો હોતો નથી. તેથી આ બધી વસ્તુઓ રાત પસાર થયા પછી વાપરી શકાય નહિ.

જલેબી : સામાન્ય રીતે જલેબી બનાવવા માટે રાત્રે જ આથો નાંખી દેવામાં આવે છે. તેથી તેમાંથી બનાવેલી જલેબી ચાલી શકે નહિ. રસોઈયાને ગમે તેટલું સમજાવવા છતાં ય તે રાત્રે આથો નાંખી દેતો હોય છે. તેથી બજારું જલેબી કે ઘરે સવારના બનાવેલી જલેબી અભક્ષ્ય હોય છે. પાકી ખાતરીપૂર્વક સવારે આથો નાંખીને સાંજે બનાવેલી જલેબી વાપરી શકાય, પરંતુ તે જોખમ ખેડવા જેવું નથી. જલેબીના બદલે રાત્રે આથો નાંખ્યા વિના બની શકતી અમરતીથી પણ કામ ચાલી શકે છે. તેથી મેનામાં જલેબીના બદલે અમરતી રાખી શકાય, પણ જલેબી રાખવાનો આગ્રહ કરવા જેવો નથી.

દશેરાના દિવસે સવારે ઘણાં લોકો જલેબી-ફાફડા વાપરતાં હોય છે. લગભગ તે બધી જલેબી અભક્ષ્ય હોય છે. માટે આ રીવાજ બંધ કરી દેવા જેવો છે.

દૂધની મલાઈ : દૂધની મલાઈ પણ રાત્રિ પસાર થતાં અભક્ષ્ય થાય છે. કેટલાક લોકો દૂધની મલાઈ રોજ ભેગી કરે છે. પછી તેમાંથી ઘી કાઢે છે, પણ આ રીતે દૂધની મલાઈ ઘણા દિવસ સુધી ભેગી કરતાં રહેવું જરાય ઉચિત નથી. ઘણાં લાળિયા જીવોની તેમાં ઉત્પત્તિ થાય છે.

ઘારી : બજારની ઘારી અભક્ષ્ય છે કારણ કે તેમાં માવો વાસી હોય છે. ઘીમાં શેક્યો હોતો નથી. પોતાની દેખરેખ હેઠળ, બરોબર કાળજી લઈને, ઘીમાં શેકેલા માવામાંથી બનાવેલી ઘારી તે જ દિવસે ભક્ષ્ય છે. પણ બીજા દિવસે નહિ. કારણ કે ઘીમાં ઝબોળીને કાઢી લીધેલું ઘારીનું ઉપરનું પડ રોટલીની જેમ ભેજવાળું રહે છે. તેથી રાત્રિ પસાર થતાં તે વાસી થઈ જાય છે. અભક્ષ્ય બને છે.

લીલો-સૂકો હલવો : બે-ત્રણ દિવસ સુધી લોટને સડાવીને હલવો બનાવાય છે. તેમાં ઘણા ત્રસ જીવો ઉત્પન્ન થાય છે. માટે અભક્ષ્ય છે. ખંભાતનું હલવાસન પણ ત્યાજ્ય ગણાય છે.

ચટણી : ચટણી બનાવતી વખતે તેમાં જો પાણી, મેથી, સંભાર, દાળીયા કે ચણાનો લોટ નાખ્યો હોય તો તે રાત પસાર થતાં વાસી થાય છે. ઉપરની કોઈ ચીજ નાંખી ન હોય પણ લીંબુનો રસ નાંખ્યો હોય તો તે ત્રણ દિવસ સુધી ભક્ષ્ય છે. પછી અભક્ષ્ય થાય છે. ત્રણ દિવસ સુધી લીંબુની ખટાશ તેમાં જીવોત્પત્તિ થવા દેતી નથી. પછી જીવો ઉત્પન્ન થતાં હોવાથી અભક્ષ્ય બને છે. ચટણી બનાવવા માટે કોથમીર, મરચાં વગેરે પાણીથી ધોયા હોય તો તે પાણી ચટણીમાં રહી જવાથી, નવું પાણી ન નાંખ્યું હોય તો ય રાત પસાર થતાં વાસી થઈ જાય. માટે કોઈપણ રીતે પાણીનો જરાક પણ અંશ ન રહી જાય તેની બરોબર કાળજી રાખવી જરૂરી છે.

ખાખરા : ખાખરા વગેરેનો કાળ ૧૫-૨૦-૩૦ દિવસનો હોવાથી, ત્યાર પછી તે અભક્ષ્ય બની જાય છે. ઘણીવાર રોજને રોજ શેકાતા ખાખરા ડબામાં ઉપર-ઉપર મૂકવામાં આવે છે. ઉપર-ઉપરથી ખાખરા રોજ ખવાતાં જાય છે, પરિણામે ૧૫-૨૦ - ૩૦ દિવસ પછી નીચેના ખાખરા ખવાય છે, જે ખરેખર તો **અભક્ષ્ય બની** ગયા હોય છે. તેથી કોઈપણ ખાખરા બનેલા દિવસથી **૧૫ - ૨૦ - ૩૦ દિવસ પહેલાં જ** પતાવી દેવા જોઈએ.જો વધ્યા હોય તો કાળ **પૂર્ણ થતાં પહેલાં જ તેનો ભુક્કો કરીને** વઘાર કરી દીધો હોય તો તે બીજા ૧૫-૨૦-૩૦ **દિવસ સુધી ચાલી શકે છે.**

આયંબિલશાળા - ભોજનશાળા વગેરે **સ્થળોમાં ક્યારેક વેચાતાં** ખાખરા **પણ** લાવવામાં આવે છે. તો તેમાં ખરીદીના દિવસથી કાળ નથી ગણવાનો પણ જ્યારે બન્યા

હોય ત્યારથી કાળ ગણવાનો છે, તે ધ્યાનમાં રાખવું.

આટો : ઘઉં-ચણા વગેરેનો આટો જે દિવસે દળાવ્યો હોય ત્યારથી તેનો કાળ ગણવાનો છે. ૧૫-૨૦-૩૦ દિવસથી વધારે તે ભક્ષ્ય રહી શકતો નથી. ઘણી વાર જે ડબામાં લોટ દળાયેલો ખાલી થયો હોય, તે જ ડબામાં નવો લોટ દળાવવામાં આવે છે. તેથી પહેલાં દળાયેલો લોટ અને નવો લોટ મીક્ષ થાય છે. આ પહેલાં દળાયેલા લોટનો સમય વીતી જતાં, બધો જ લોટ અભક્ષ્ય બની જાય છે, તેથી બે ડબા રાખીને, વારાફરતી ૧-૧ ડબામાં લોટ દળાવવો જોઈએ. તે પૂર્વે તે ડબાને વ્યવસ્થિત સ્વચ્છ કરવો જોઈએ કે જેથી પૂર્વના લોટનો એકાદ કણિયો પણ તેમાં રહી ન જાય.

પાપડ : ખાખરાનો કાળ ૧૫-૨૦-૩૦ દિવસનો હોવા છતાં ય શેકેલા પાપડનો કાળ તો માત્ર એક જ દિવસનો છે. રાત પસાર થતાં જ તે વાસી બને છે. અભક્ષ્ય છે. તેથી આજે શેકેલા પાપડ કાલે ખાઈ શકાય નહિ. પણ તળેલો પાપડ બીજા દિવસે ચાલી શકે છે.

કેરી - આમળાં વગેરેના મુરબ્બા : જો પાકી ચાસણી કરીને આ મુરબ્બા બનાવ્યા ન હોય તો તે અભક્ષ્ય બને છે. તેની ઉપર ફુગ વળે છે. તેથી પાકી ચાસણી કરવાનો ખ્યાલ રાખવો જોઈએ.

સરબત : બરફના ગોળા ઉપર છાંટવામાં આવતા સરબતના એસેન્સ અને કાચી ચાસણીના ભરી રાખવામાં આવતા લીંબુના રસ વગેરે અભક્ષ્ય છે.

પાઉં-બિસ્કિટ-બ્રેડ : આ બધાનો લોટ ઘણા દિવસ પહેલાંનો, કાળમર્યાદા વટાવી ચૂકેલો હોઈ શકે છે. વળી તેને ઘણા દિવસ સુધી પલાળીને સડાવવામાં આવે છે. ઘણાં ત્રસ જીવોની પણ તેમાં વિરાધના થાય છે. માટે અભક્ષ્ય છે. વળી તેનો મેંદો શરીરના આરોગ્ય માટે પણ અત્યંત નુકશાનકારક છે, તેમ આજનું વિજ્ઞાન કહે છે.

ચુરમાનો લાડું : ચુરમાના સીધા જ લાડુ બનાવ્યા હોય તો તે રાત પસાર થતાં અભક્ષ્ય થાય છે. ચુરમાના મુઠીયા બનાવીને તળ્યા હોય છતાં પણ જો તે અંદરથી કાચા રહી ગયા હોય તો રાત પસાર થતાં અભક્ષ્ય બને છે. તેથી ચુરમાના મુઠીયા બનાવીને, તેને તળ્યા પછી, તેનો ભૂકો કરીને શેકીને, પછી તેમાંથી લાડવા કે બરફી બનાવી હોય તો બીજા દિવસે પણ તે ભક્ષ્ય છે. ૧૫-૨૦-૩૦ દિવસ પસાર થતાં જ તે અભક્ષ્ય બની જાય છે.

દૂધ-દૂધની બનાવટ : દૂધ કે દૂધમાંથી બનાવેલી બનાવટ પણ રાત્રિ પસાર થતાં વાસી થાય છે. દૂધમાં બાંધેલી ભાખરી, દૂધપાક, બાસુદી, ખીર વગેરે પણ રાત્રિ પસાર થયા પછી વાપરી શકાય નહિ.

શીખંડ : વિદળ થવાની શક્યતા હોવાથી શીખંડ વાપરવો ઉચિત નથી. બધી કાળજી રાખવા પૂર્વક ઘરે બનાવાયેલો શીખંડ રાત્રિ પસાર થતાં અભક્ષ્ય બને છે. બીજા દિવસે વાપરી શકાય નહિ. બજારનો શીખંડ તો ક્યારે ય વપરાય નહિ કારણ કે ઘણા દિવસના ભેગા કરેલાં દહીંમાંથી તે બનાવેલો હોઈ શકે છે. દહીંનો કાળ કોણ પૂછવા જાય છે ? વળી બજારનો શીખંડ તો છ-છ મહિનાના વાસી પણ હોય છે. તેમાં શીખંડના કલરના જ સફેદ જીવો ખદબદતાં હોય છે. તેથી તેનો ત્યાગ કરવો જોઈએ.

બદામ-ટોપરું : ચોમાસામાં જે દિવસે ફોડેલ હોય તે જ દિવસે ચાલે. રાત પસાર થતાં જ તે અભક્ષ્ય થઈ જાય છે, તેથી કાળજી રાખવી. જો બીજા દિવસે રાખવા હોય તો તેને જે દિવસે ફોડેલ હોય તે જ દિવસે ઘીમાં જો તળ્યા હોય તો ૧૫ દિવસો સુધી તે ભક્ષ્ય રહી શકે છે. પછી અભક્ષ્ય થાય, વાપરી શકાય નહિ.

તલ અને તલની બનાવટ : તલ કે તલનો ઉપયોગ જેમાં થયો હોય તેવી તમામ વસ્તુઓ ફાગણ ચોમાસી પછી અભક્ષ્ય બને છે. તેથી ફાગણ ચોમાસી પછી જો તલ કે તલમાંથી બનાવેલી તલસાંકળી વગેરે વાપરવી હોય તો તે તલ ફાગણ ચોમાસી પહેલાં ગરમ પાણીમાં ચૂલે ચડાવીને ઓસાવેલાં હોવા જોઈએ. ઓસાવ્યા વિનાના તલ ફાગણ ચોમાસી પછી વાપરી શકાય નહિ.

વડી-પાપડ-ખીચીયા : એકદમ સૂકી હવા હોય ત્યારે શિયાળાના સમયે બનાવવા ઉચિત છે. ચોમાસામાં બનાવતાં ભેજ હોવાને કારણે ફુગ વળવાની પૂરી શક્યતા છે. ફુગ ન વળે ત્યાં સુધી ચોમાસા પૂર્વના સમયે તે ભક્ષ્ય છે.

દહીં : સવારે મેળવેલા દહીંનો કાળ ૧૬ પ્રહર અને સાંજે મેળવેલા દહીંનો કાળ ૧૨ પ્રહર છે. જેટલા વાગે દહીં મેળવ્યું હોય તેટલા વાગ્યાથી પ્રહર ગણવાના નથી પણ સૂર્યોદય કે સૂર્યાસ્તથી જ પ્રહર ગણવાના શરૂ કરવાના છે. સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીના દિવસના ચાર પ્રહર ગણાય છે. સૂર્યાસ્તથી સૂર્યોદય સુધીની રાત્રિના પણ ચાર પ્રહર ગણાય છે.

મેળવણ નાંખ્યા પછી બે રાત પસાર થવા દઈ શકાય નહિ. કારણ કે તે પૂર્વે જ તે દહીં અભક્ષ્ય બની જાય છે. તેમાં પુષ્કળ જીવો ઉત્પન્ન થઈ જાય છે.

જો સોમવારે દહીં મેળવ્યું હોય તો તે દહીં સોમવાર દિવસ (૪ પ્રહર), સોમવાર રાત્રિ (૪ પ્રહર) મંગળવાર દિવસ (૪ પ્રહર) તથા મંગળવાર રાત્રિ (૪ પ્રહર), મળીને ૧૬ પ્રહર પસાર થઈ જતાં બુધવારે સૂર્યોદય સમયે અભક્ષ્ય બની જાય તેથી તે દહીં બુધવારે વાપરી શકાય નહિ.

તેથી મંગળવારની રાત્રિ પસાર થયાં પહેલાં જ તે દહીં ઉપયોગમાં લઈ લેવું જોઈએ. પણ જો તે શક્ય ન હોય તો તેની છાશ બનાવી દેવી જોઈએ.

દૂધમાં મેળવણ નાંખતાં તેમાં બેક્ટેરીયા ઉત્પન્ન થાય છે, અને તેથી જ દહીં જામે છે, એમ આજનું વિજ્ઞાન કહે છે, પરંતુ તે વાત જરા ય યોગ્ય જણાતી નથી. જો તેમાં બેક્ટેરીયા જીવો ઉત્પન્ન થતાં હોય તો તે દહીં ખાવાનો નિષેધ પરમાત્માએ કર્યો હોત.

હકીકતમાં તો એક દ્રવ્ય (દૂધ)માં બીજું દ્રવ્ય (દહીં) મીક્ષ થવાથી તેમાં રાસાયણિક ફેરફારો થવાથી તેના પરમાણુઓમાં જે ઊથલ-પાથલ તોફાનો થાય છે, તેને વૈજ્ઞાનિક બેક્ટેરીયા માની લેતાં હશે, પરંતુ હકીકતમાં તે જીવો નથી પણ પૌદ્ગલિક પરાવર્તન છે. પરમાણુઓની ચહલપહલ છે, એમ લાગે છે.

જે હાલે, ચાલે, તે બધા જીવ જ હોય તેમ નહિ. અજીવ વસ્તુઓ પણ અનેક કારણોસર હાલતી - ચાલતી જોવા મળે છે. તેમ અહીં પણ અજીવ દૂધ-દહીંના પરમાણુઓનું હલનચલન જોવા મળે છે. તેને બેક્ટેરિયા માનવાની ભૂલ કોઈએ કરવા જેવી નથી. છતાં ય જો ખરેખર બેક્ટેરિયા ઉત્પન્ન થતાં જ હોય તો ય દહીં જામી જતાં પહેલાં જ તેઓ મરી જતાં હોય છે. તેથી જામી ગયેલા દહીંમાં તો કોઈ જીવો હોતા નથી, માટે જામેલું દહીં ખાઈ શકાય.

પરંતુ મેળવણ નાંખ્યા પછીથી બીજી રાત્રિ પસાર થતાં જ તેમાં દહીંના કલર જેવા જ પુષ્કળ જીવો ઉત્પન્ન થાય છે. તેથી તે વપરાય નહિ.

બજારમાંથી ખરીદાતાં જૈન ઈડલી-ઢોંસા વગેરેમાં પણ ઘણા દિવસનું વાસી દહીં હોઈ શકે છે, તેથી તે વપરાય નહિ.

છાશ : દહીંમાં પાણી નાંખીને, પૂરું મથન કર્યા વિના ઉતાવળે ઉતાવળે જે છાશ બનાવી હોય તે છાશ તે જ દિવસ ચાલે. રાત્રિ પસાર થતાં અભક્ષ્ય બની જાય.

પરંતુ જે વલોણાની છાશ હોય અથવા સારી રીતે ઝેરીને જે છાશ બનાવી હોય, જેમાં પાણી સાથે દહીંનો અંશેઅંશ મળી ગયો હોય તેવી છાશ બનાવ્યા પછી બે રાત્રિ પહેલાં જ તેનો ઉપયોગ કરી દેવો જોઈએ. જો તેનો ઉપયોગ કરવો શક્ય ન જ હોય તો બીજી રાત્રિ પસાર થતાં પહેલાં જ તેમાંથી થેપલા વગેરે બનાવી દેવા જોઈએ.

છાશનાં થેપલાં : પાણીથી લોટ બાંધીને બનાવેલાં થેપલાં તો રાત પસાર થતાં જ અભક્ષ્ય બની જાય. પરંતુ વલોણાની છાશ કે બરોબર ઝેરીને-દહીં-પાણીના અંશે અંશ એકરસ થાય તે રીતે બનાવેલી તે છાશમાંથી બે રાત્રિ પસાર થયા પહેલાં જ - જો થેપલાં બનાવ્યાં હોય તો તે થેપલાં વળી બે દિવસ ચાલે છે. એટલે કે બીજી રાત્રિ પસાર થતાં જ તે થેપલાં અભક્ષ્ય બની જાય છે. તેથી બીજી રાત્રિ પસાર થયા પૂર્વે જ તે થેપલાં વાપરી દેવા જોઈએ.

જો તે થેપલાં બે રાત્રિ પસાર થયા પહેલાં પૂરા થઈ શકે તેમ ન હોય તો તેને ખાખરાની જેમ એકદમ શેકી દેવા જોઈએ. તેવા થેપલાંના બનેલા કડક ખાખરાં ૧૫-

૨૦-૩૦ દિવસ (ખાખરાનો કાળ) સુધી ચાલી શકે છે. ત્યાર પછી તે અભક્ષ્ય બની જાય છે.

ભાત-ઘેંસ-ઘાટ-કાકડીનું રાયતું : રાંધેલા ભાત દાણે-દાણો છૂટો થઈ જાય તે રીતે છાશમાં ચાર આંગળ ડુબાડેલા રાખવામાં આવે તો બીજા દિવસે વઘારીને ઉપયોગમાં લઈ શકાય છે. છાશમાં રાંધેલી ઘેંસ અને ઘાટ પણ બીજા દિવસે વાસી થતી નથી. દહીંની સાથે કાકડી મીક્ષ કરીને જે રાયતું બનાવાય છે તે ૪૮ કલાક પછી અભક્ષ્ય બને છે.

ચલિતરસ અંગેની વિશેષ માહિતી ગુરુગમથી જાણી લઈને, ભૂલથી પણ અભક્ષ્ય પેટમાં ચાલી ન જાય તેની કાળજી રાખવી જોઈએ.

૨૨ અભક્ષ્યમાંથી કોઈપણ અભક્ષ્ય ન આવી જાય, તેની કાળજી લેવા પૂર્વકનું ભોજન કરતી વખતે એકપણ ચીજ એંઠી ન મૂકાઈ જાય તેનું શ્રાવક ધ્યાન રાખે. જરૂર હોય તેટલું જ લે. ભોજન લેવાનું પૂર્ણ થયા પછી તે થાળી - વાટકીઓ વગેરેને પાણીથી ધોઈને પી લે. જો તેલ - ઘી વગેરેની ચીકાશ હોય તો ગરમ દૂધ, કઢી, દાળ વગેરેથી પહેલાં ધોઈ લે. પછી પાણીથી ધોઈને પી જાય. પછી સૂકા - સ્વચ્છ વસ્ત્રોથી લૂછી લે. થાળી - વાટકીઓ - ગ્લાસ વગેરે એવા તો સ્વચ્છ કરે કે જો કોઈને જમવું હોય તો - વગર ઉટકે - તેનો ઉપયોગ કરી શકાય.

મનુષ્યોના મળ, મૂત્ર, શ્લેષ્મ, થૂંક, લાળ વગેરે ગંદી ચીજો શરીરથી છૂટી પડે તો ૪૮ મિનિટ પછી તેમાં સંમૂર્ચ્છિમ મનુષ્યો પેદા થઈ શકે છે. તે મનુષ્યો પરિપૂર્ણ પાંચ ઈન્દ્રિયોવાળા હોય છે. તેમનું શરીર એટલું બધું નાનું હોય છે કે આપણી આંખોથી ન દેખાય. આવા મનુષ્યો એક, બે નહિ, કરોડો કે અબજો નહિ; પણ અબજોના અબજો કરતાં ય વધારે, જેને સંખ્યાથી રજૂ ન કરી શકાય તેટલાં અસંખ્યાતા પેદા થાય છે. એ જમ્યા પછી થાળી વાટકીમાં જો કોઈ ચીજ એંઠી રહી જાય તો તેને પોતાની લાળ લાગેલી હોવાથી ૪૮ મિનિટ પછી અસંખ્યાતા સંમૂર્ચ્છિમ મનુષ્યો ઉત્પન્ન થઈ જાય. વળી તે સંમૂ. મનુષ્યો સતત જન્મ - મરણ કર્યા કરે. તે બધાનું પાપ એંઠું મૂકનારને લાગે. તેથી જમતી વખતે કોઈપણ ચીજ એંઠી મૂકવી નહિ.

ભલે એંઠું ન મૂકો, છતાં થાળી જે ભોજનથી ખરડાયેલી છે, તેને પણ લાળનો અંશ લાગેલો છે. કારણ કે એંઠા હાથે જ વારંવાર કોળીયા ખવાયા છે. તેથી તે ખરડાયેલી ખાલી થાળી - વાટકીમાં પણ સંમૂર્ચ્છિમ મનુષ્યો ઉત્પન્ન થઈ શકે છે. માટે માત્ર એંઠું ન મૂકો એટલા માત્રથી ન ચાલે. તે વાસણોને પાણીથી બરોબર ધોઈને તે પાણી પી લેવું જોઈએ. ત્યારબાદ તે થાળીને સ્વચ્છ વસ્ત્રથી લૂછી લેવી જોઈએ. તેમ કરવાથી ઘણી મોટી જીવહિંસામાંથી બચી જવાય છે.

(૧૫) સામાયિક કરીએ સમતા ધરી

શ્રાવક એટલે સાધુપણાનો સાચો ઉમેદવાર. તે સતત સાધુજીવનને ઝંખતો હોય, "ક્યારે બનીશ હું સાચો રે સંત, ક્યારે થશે મારા ભવનો રે અંત" એ તેના હૃદયના ઉદ્ગારો હોય. "સસનેહી પ્યારા રે, સંયમ કબ હિ મિલે" નો અજપાજપ ચાલતો હોય. પણ પરિસ્થિતિવશ પોતે સાધુજીવન સ્વીકારી નથી શકતો તેનો ત્રાસ હોય. અને તેથી જ દિવસ દરમ્યાન જ્યારે પણ અનુકૂળતા મળે ત્યારે તે સાધુજીવનનો રસાસ્વાદ માણવા સામાયિક કર્યા વિના ન રહે. બે, ત્રણ, ચાર, પાંચ; જેટલી અનુકૂળતા હોય તેટલાં સામાયિક તે કરે. તે સામાયિક પણ વિધિ અને જયણાપૂર્વક કરે. કારણકે જિનશાસનની તમામ આરાધનાઓનો પ્રાણ વિધિ અને જયણા છે.

સમ = સમતા; આય = લાભ. જેનાથી સમતાની પ્રાપ્તિ થાય તે સામાયિક કહેવાય. સામાયિક કરતી વખતે સમભાવની પ્રાપ્તિ કરવાનું લક્ષ રાખવું જોઈએ. જો તે લક્ષ જ ન રખાય, સમભાવ આવે છે કે નહિ ? તેની કાળજી પણ ન રખાય; સમતા નથી આવતી તેનો ત્રાસ પણ ન હોય તો સમભાવ પ્રાપ્ત શી રીતે થાય ? કરેલું સામાયિક સફળ શી રીતે ગણાય ? તેથી સમભાવ - સમતાની પ્રાપ્તિનું ધ્યેય રાખવા પૂર્વક સામાયિક કરવું જોઈએ. સામાયિકની તાકાત અસીમ છે. વાસનાઓ નો ખાત્મો બોલાવનાર તે અમોઘ એટમબોમ્બ છે. અલૌકિક શક્તિ ધરાવતાં આ સામાયિકને શાસ્ત્રોમાં જુદી જુદી અપેક્ષાએ આઠ નામે ઓળખાવાય છે.

(૧) સમભાવ સામાયિક (૨) સમયિક સામાયિક (૩) સમવાદ સામાયિક (૪) સમાસ સામાયિક (૫) સંક્ષેપ સામાયિક (૬) અનવદ્ય સામાયિક (૭) પરિજ્ઞા સામાયિક અને (૮) પ્રત્યાખ્યાન સામાયિક

(૧) સમભાવ સામાયિક : આ સંસારમાં સતત રાગ - દ્વેષની હોળી ભડકે બળી રહી છે. સંસારીજીવો તે હોળીમાં સતત સળગે છે. આ હોળીમાંથી બચવું બધાના માટે ખરેખર મુશ્કેલ છે. સીધી વાત છે કે આગમાં જે પડે તે દાઝે જ. જે આગમાં પડે નહિ તે દાઝે પણ નહિ જ. બળ્યા વિના હેમખેમ બચી જાય.

પણ સંસારમાં રહે અને રાગ - દ્વેષની હોળીમાં ન પડે તે તો શી રીતે બને ? આગમાં પડે ને દાઝે જ નહિ તે તો શી રીતે બને ? છે કોઈ તેનો ઉપાય ?

હા ! આ વિશ્વમાં એક ચન્દ્રકાન્ત નામનો મણિ આવે છે. આ મણિની તાકાત અજબગજબની છે. જે વ્યક્તિ ચન્દ્રકાન્ત મણિને હાથમાં લઈને આગમાંથી પસાર થાય તે વ્યક્તિને આગ રસ્તો આપે. જરા ય બળ્યા વિના તે વ્યક્તિ હેમખેમ પેલે પાર પહોંચી જાય.

રાગ - દ્વેષની આગમાં પડવા છતાં ન દાઝવું હોય તો વિશિષ્ટ ચન્દ્રકાન્તમણિ હાથમાં લઈ લેવો પડે. તે ચન્દ્રકાંત મણિનું નામ છે સમભાવ સામાયિક ! જેની પાસે આ સમભાવ આવ્યો, તેની પાસેથી રાગ - દ્વેષ દૂર થયા વિના ન રહે. રાગ - દ્વેષની આગ તેને કાંઈ જ કરી શકે નહિ. આ સમભાવ સામાયિક સંસારસમુદ્રને પેલે પાર પહોંચાડવામાં અત્યંત સહાયક છે. આ સમભાવ સામાયિક અંગે શાસ્ત્રોમાં દમદંતમુનિનું દૃષ્ટાંત જણાવેલ છે.

(૨) સમયિક સામાયિક : ચૌદે રાજલોકના સર્વજીવો પ્રત્યે ઉત્કટ કરુણાભાવ ધારણ કરવો, દયા ભરપૂર હૃદય બનાવવું, ક્રૂરતા - કઠોરતાને તિલાંજલી આપીને કોમળતાની પરિણતિ પ્રાપ્ત કરવી તે સમયિક સામાયિક છે.

આ સમયિક સામાયિક માટે શાસ્ત્રોમાં મેતારજ મુનિનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે. મેતારજ મુનિવર વહોરવા નીકળેલા. સોની સોનાના જવલા ઘડતો હતો. મુનિવરને જોતાં જવલા ઘડવાનું બંધ કરીને હરખભેર વહોરાવવા ઘરમાં ગયો. તે વખતે કૌંચપક્ષી આવીને તે જવલાં ચણી ગયું. મુનિની નજરથી તે છાનું ન રહ્યું.

ઘરમાંથી બહાર આવેલાં સોનીએ જ્યાં જવલા ન જોયા ત્યાં તેનો પીત્તો ગયો. મુનિને પૂછ્યું કે, "હે સાધુડા ! મારા જવલાં ક્યાં ગયા ? હમણાં તો અહીં હતા ! તારા સિવાય તો કોઈ આવેલ નથી. તેં લીધા હોય તો પાછા આપી દે."

મુનિવર તો જાણતા હતા કે જવલાં તો કૌંચપક્ષી ચણી ગયું છે. પણ જો તે વાત કહે તો આ સોની પોતાના સોનાના જવલાં પાછા મેળવવા પેલા કૌંચપક્ષીને મારી નાખે; તે મુનિથી શી રીતે સહન થાય ? કારણ કે તેમના રોમરોમમાં તો વિશ્વના સર્વજીવો પ્રત્યે અપરંપાર કરુણા વહેતી હતી. તેઓ તો સમભાવ સામાયિકમાં મસ્ત હતા. જાન ગુમાવીને પણ જીવમાત્રની રક્ષા કરવાની તાલાવેલીવાળા હતા. તેઓ મૌન રહ્યા.

મુનિ પાસેથી કાંઈપણ જવાબ ન મળતા તે સોની વધુ ગુસ્સે ભરાયો. તેણે મુનિના માથે ચામડાની વાધર વીંટાળી. સૂર્યના તાપથી માથાની ચામડી તડ તડ તુટવા લાગી પણ મુનિવરને કોઈ અફસોસ નથી. તેઓ તો સમભાવ સામાયિકમાં લીન છે. પરિણામ કર્મો પણ તડ તડ તુટવા લાગ્યા. મુનિવરે શુકલધ્યાનની ધારા વડે ક્ષપકશ્રેણી માંડી. ઘાતીકર્મો ખપાવીને કેવળજ્ઞાન પામ્યા. આયુષ્ય પૂર્ણ થતાં અંતગડ કેવલી થઈને મોક્ષે સિધાવ્યા.

(૩) સમવાદ સામાયિક : વાદ એટલે બોલવું. સમતાપૂર્વકનું બોલવું. રાગ અને દ્વેષની પરિણતિ તે વિષમતા છે. તે રાગ - દ્વેષને છોડીને જેવું હોય તેવું સત્યવચન ઉચ્ચારવું. પ્રાણાન્તે પણ અસત્યવચન ન બોલવું તે સમવાદ સામાયિક કહેવાય. આ અંગે કાલકાચાર્યનું દૃષ્ટાંત શાસ્ત્રોમાં જણાવેલ છે.

(૪) સમાસ સામાયિક : સમાસ એટલે ટૂંકાણ. ખૂબ જ થોડાક શબ્દોમાં

ઘણો ભાવ સમજી લઈને આત્મસમાધિમાં લીન બનવું તે સમાસ સામાયિક.

પેલા ચિલાતીપુત્રની વાત તો ખબર છે ને ? હતો તો તે ચિલાતી નામની દાસીનો પુત્ર. પોતાના જ શેઠની દીકરી સુસીમા પાછળ મોહાંધ થયો. શેઠે કાઢી મૂક્યો તો ખૂંખાર ડાકુ બન્યો. એકવાર પોતાના સાગરીતો સાથે તે શેઠને ત્યાં જ ધાડ પાડી. સાગરીતોને કહી દીધું, લૂંટો લૂંટાય એટલું. ધન તમારું ને સુસીમા મારી.''

તેણે સુસીમાને ઊંચકી. તેના પિતા - ભાઈઓ પાછળ પડ્યા. એક હાથમાં સુસીમા ને બીજા હાથમાં તલવાર ! તે સડસડાટ નાશી રહ્યો છે. શેઠ નજીક આવી રહ્યા છે. અંતર ઘટી રહ્યું છે. ''જો સુસીમા મને મળવાની ન હોય તો તેના પિતાને પણ નહિ જ મળે !'' ક્રોધના આવેશમાં તેણે ધડ કરતી તલવાર ઉગામી. સુસીમાનું મસ્તક તેના હાથમાં રહ્યું. બાકીનું શરીર જમીન પર પટકાઈ ગયું.

એક હાથમાં લોહીવાળી તલવાર ને બીજા હાથમાં સુસીમાનું મસ્તક લઈને તે ભાગ્યો. મન બેચેન છે. વિહ્વળ છે. જીવતી સુસીમા ન મળી તેનો ત્રાસ છે. સુસીમાના પિતા તથા ભાઈઓ તો સુસીમા મરાતા પાછા ફર્યા. પણ ચિલાતીપુત્રને ચેન નથી. તેનું અશાંત મન શાંતિને ઝંખે છે. તે આગળ ને આગળ વધી રહ્યો છે.

રસ્તામાં ઝાડ નીચે જૈનશાસનના શણગાર એવા મુનિવર કાઉસ્સગ્ગ ધ્યાનમાં લીન છે. મુખ પર ફાટ ફાટ પ્રસન્નતા ઉભરાય છે. જીવન શાંત જણાય છે. નક્કી શાંતિ તો એમની પાસે જ છે. સુખી તો આ જ છે. લાવ તેમને શાંતિ અને પ્રસન્નતાનો માર્ગ પૂછું.''

''હે સાધુડા ! બોલ ધર્મ કોને કહેવાય ? શાંતિ શી રીતે મળે ? પ્રસન્ન શી રીતે બનાય ? બોલે છે કે નહિ ? નહિ તો તને આ તલવારથી ઉડાવી દઈશ.''

મુનિવર તો ચારણલબ્ધિવાળા હતા. 'ઉવસમ, વિવેગ, સંવર' ત્રણ શબ્દો બોલીને ચારણલબ્ધિના પ્રભાવે આકાશમાં ઉડી ગયા. ચિલાતીપુત્રે માત્ર ત્રણ શબ્દો સાંભળ્યા. અને તે ઊંડા ચિંતનમાં પડી ગયો.

સુસીમાનું મસ્તક અને તલવાર તેણે ફેંકી દીધા. ચારણમુનિની જેમ તે પણ કાઉસ્સગ્ગ ધ્યાનમાં લીન બન્યો. મનમાં 'ઉવસમ - વિવેગ - સંવર' એ ત્રણ શબ્દો ઉપર વિચારણા ચાલી. નવી નવી સમજણ તેને પ્રાપ્ત થવા લાગી. તે આત્મસમાધિમાં લીન બન્યો. સમાસ સામાયિકનો સ્વામી બન્યો. તેણે આત્મકલ્યાણ સાધી લીધું.

થોડા જ શબ્દોમાં તત્ત્વના સમસ્ત સારને ગ્રહણ કરવાની - પચાવવાની તાકાતની પ્રાપ્તિ એ સમાસ સામાયિકની દેન છે.

(૫) સંક્ષેપ સામાયિક : દ્વાદશાંગી એટલે બાર અંગ. પરમાત્માએ આપેલી ત્રિપદી (ઉપ્પન્નેઈ વા, વિગમેઈ વા, ધુવેઈ વા) ઉપરથી ગણધર ભગવંતો દ્વાદશાંગીની રચના કરે છે. તેના બારમા દૃષ્ટિવાદ નામના અંગમાં ચૌદ પૂર્વોનો સમાવેશ

થાય છે. આ દ્વાદશાંગીના ઘણા ભાવને માત્ર થોડા જ શબ્દોમાં ગ્રહણ કરી લેવા તે સંક્ષેપ સામાયિક.

(૬) અનવદ્ય સામાયિક : અવદ્ય એટલે પાપ. અનવદ્ય એટલે પાપ વ્યાપારોનો ત્યાગ. પાપવ્યાપારોના ત્યાગ રૂપે જે સામાયિક તે અનવદ્ય સામાયિક. આ સામાયિક માટે ધર્મરુચિ અણગારનું દૃષ્ટાંત ઉપયોગી છે.

માસક્ષમણના પારણે વહોરવા ગયેલા આ ધર્મરુચિ અણગારને નાગીલા નામની બ્રાહ્મણીએ કડવી તુંબડીનું શાક વહોરાવી દીધું. ગોચરી વહોરીને મુનિવર ઉપાશ્રયે આવ્યા. ગુરુમહારાજને ગોચરી બતાડી. ગોચરી જોતાં જ ગુરુમહારાજે કહ્યું, "આ શાક ખાવા યોગ્ય નથી. તમે તેને પરઠવી દો."

ગુરુમહારાજની આજ્ઞા શિરોમાન્ય કરીને ધર્મરુચિ અણગાર તે શાક પરઠવવા નદી કિનારે ગયા. કિનારે જ્યાં પાત્રા મૂક્યા, ત્યાં તો એકાદ છાંટો પડતાં જે કીડી નજીક આવી તે બેહોશ થઈ ગઈ.

અરરર.....આ શું ? હજુ તો શાક પરઠવ્યું પણ નથી, માત્ર તેની ગંધથી કીડીની આ હાલત થઈ તો જયારે આ શાક પરઠવાશે ત્યારે શું થશે ? મારા સુખ ખાતર હજારો કીડીઓનો સંહાર ! ના, મારાથી તે સહન નહિ થાય. હું આ પાપ કરી શકું જ નહિ. તો શું કરું ? શું આ શાક હું વાપરી જાઉં ? પણ તો તો મારું મોત આવે ? ધર્મરુચિ અણગારની વિચારણા આગળ ચાલી, "ભલે મોત આવે. મોત સ્વીકારવાની મારી તૈયારી છે પણ આ કીડીઓના મોતનું પાપ કરવાની તો કોઈ સંયોગમાં તૈયારી નથી. તો લાવ, આ શાક હું વાપરી જાઉં."

અને આ પાપવ્યાપારનો ત્યાગ કરવા રૂપ અનવદ્ય સામાયિકમાં તેઓ લીન બન્યા. બધું શાક વાપરી ગયા. મોત આવ્યું તો તેને વધાવી લીધું. પોતાનું આત્મકલ્યાણ તેમને સાધી લીધું.

(૭) પરિજ્ઞા સામાયિક : પરિ = ચારે બાજુથી, સર્વ પ્રકારે. જ્ઞા = જાણવું., બોધ કરવો. વસ્તુતત્ત્વનું સર્વ પ્રકારે જ્ઞાન પ્રાપ્ત કરવું તે પરિજ્ઞા સામાયિક. આ સામાયિકને સમજવા ઈલાચીકુમારનું દૃષ્ટાંત શાસ્ત્રોમાં જણાવાય છે.

શેઠનો સંસ્કારી દીકરો ઈલાચીકુમાર. અત્યંત વૈરાગી ને વિનયી. શેઠને લાગ્યું કે, મારો દીકરો નક્કી એક દી સાધુ બની જશે ! ના, ના, તે તો મારથી શે સહેવાય ? ગામના દીકરાને સાધુ બનાવું, કોઈ દીક્ષા લેતું હોય તો તે પ્રસંગે હાજરી આપીને અનુમોદના કરી લઉં. પણ મારા દીકરાને તો દીક્ષા ન જ આપું ! કેવું ઘોર અજ્ઞાન ! કેવી મોહનીય કર્મની પરાધીનતા ! આવા વિચારે મોક્ષ શે થાય ?

તેના દીક્ષાના ભાવ પડી જાય તે માટે પિતાએ ખરાબ મિત્રોની સોબતે ચઢાવી દીધો. પરિણામે તે સ્વચ્છંદી બનવા લાગ્યો. એકવાર નટનો નાચ જોવા ગયો તો નટડીના

મોહમાં પડી ગયો. "પરણું તો આ નટડીને જ, બીજી બધી સ્ત્રીઓ મારા માટે મા - બહેન સમાન" તેવો તેનો નિર્ણય થઈ ગયો.

ખાનદાની, કૂળવટ બધું ભૂલીને નટડીની પાછળ ભટકવા લાગ્યો. "તું નાચ કરીને, રાજાને રીઝવીને પુષ્કળ ધન મેળવે તો મારી દીકરી તને પરણાવું' તેવું તેના પિતા પાસેથી જાણીને નટકળા શીખવા લાગ્યો. પારંગત બન્યો.

એકવાર કોઈ નગરમાં રાજાને રીઝવવા દોરડા પર નૃત્ય કરી રહ્યો હતો ત્યારે તે રાજા પણ તે જ નટડી પર મોહોયો. તે વિચારે છે કે "આ નટ પડીને મરી જાય તો નટડી મને મળે" ઈલાચી વિચારે છે કે "રાજા રીઝે તો ઘણું ધન મળે, નટડી પણ મળે ! પણ અફસોસ ! કોઈને કોઈ બહાના કાઢીને રાજા તેને ફરીને ફરી દોરડા ઉપર નાચ કરવા ચઢાવે છે, જેથી પડીને તે મરી જાય !

ઈલાચીકુમાર પણ રાજાનો ભાવ જાણી ગયો છે. દોરડા પર ચઢીને નાચ નાચી રહ્યો છે, ત્યાં તેની નજર દૂરના કોઈ ઘરમાં પડી. રૂપ - રૂપની અંબાર, સોળે શણગાર સજેલી કોઈ યુવાન સ્ત્રી વહોરવા પધારેલા મુનિવરને લાડવા વહોરવાની વારંવાર વિનંતી કરી રહી છે, પણ પેલા યુવાન મુનિવર તો આંખો નીચી ઢાળીને, ના - ના કરી રહ્યા છે. પેલી સ્ત્રીની સામે જોવા પણ તૈયાર નથી ! આ દૃશ્ય જોઈને ઈલાચીકુમારના મોહના પડલ દૂર થવા લાગ્યા. "અરે ! હું આ નટડી પાછળ પાગલ છું, આ રાજા ય તેની પાછળ પાગલ છે, જ્યારે ત્યાં પેલા ઘરમાં તો આ નટડી કરતાં ય અનેકગણી રૂપવાન સ્ત્રી છે, અનુકૂળતા છે, એકાંત છે, છતાં ય પેલા મુનિવરને કાંઈ નથી થતું ? કમાલ છે તેમને ને ધિક્કાર છે મને !" ચિંતનમાં ગરકાવ થયેલા ઈલાચીકુમારને સ્ત્રી અને સંસારનું સંપૂર્ણ જ્ઞાન થવા લાગ્યું. જાત પ્રત્યે ધિક્કાર થવા લાગ્યો. પાપો ધ્રૂજવા લાગ્યા. કર્મો ખપવા લાગ્યા. પરિજ્ઞા સામાયિકમાં લીન થયેલાં તેમણે ત્યાં દોરડા ઉપર જ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લીધું !

(૮) પ્રત્યાખ્યાન સામાયિક : પ્રત્યાખ્યાન = ત્યાગ, પચ્ચક્ખાણ. ત્યાગ કરવા યોગ્ય વસ્તુનો ત્યાગ કરવો, તે ત્યાગ કર્યા પછી ફરી તેનો સ્વીકાર કરવો નહિ તે પ્રત્યાખ્યાન સામાયિક છે. તેતલીપુત્રનું દૃષ્ટાંત આ સામાયિકભાવ માટે ઉપયોગી છે.

સામાયિકના પર્યાય સ્વરૂપ આ જુદા જુદા આઠ નામો અને તેનો અર્થ વિચારતાં આપણને પ્રાપ્ત થયેલ સામાયિક કેટલું બધું મહાન છે, તે સમજાય છે. કેવળજ્ઞાન અને મોક્ષ આપવાની સામાયિકની તાકાત છે.

સામાયિકમાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનો ત્યાગ કરીને ધર્મધ્યાનમાં લીન થવાનું છે. પ્રતિજ્ઞા લેવાપૂર્વક સંસારના તમામ પ્રકારના પાપ વ્યાપારો કરવાનો અને કરાવવાનો ત્યાગ કરવાનો છે. સાંસારિક બાહ્યભાવોથી અલિપ્ત બની જઈને આત્મરમણતામાં

ખૂંપી જવાનું છે. રાગ - દ્વેષ વગેરે વિષમતાઓને દૂર કરીને સમભાવમાં મહાલવાનું છે. શત્રુ હોય કે મિત્ર હોય, બધા પ્રત્યે મૈત્રીભાવ જગાવવાનો છે.

શાસ્ત્રોમાં આ સામાયિકના ચાર પ્રકાર બતાવાયેલા છે.

(૧) સમ્યકૃત્વ સામાયિક (૨) શ્રુત સામાયિક (૩) દેશવિરતિ સામાયિક અને (૪) સર્વવિરતિ સામાયિક.

(૧) સમ્યક્ત્વ સામાયિક : સમ્યકૃત્વ એટલે પરમાત્માના વચનો ઉપર અવિહડ શ્રદ્ધા. ભગવંતે જે કહ્યું છે, તે સાચું જ છે; શંકા વિનાનું છે; તેવી અવિચલ શ્રદ્ધા. સુદેવ - સુગુરુ - સુધર્મ પ્રત્યે ઉછળતો અહોભાવ. "સાચા છે વીતરાગ, સાચી છે વાણી, આધાર છે આજ્ઞા, બાકી ધૂળધાણી' એવો અંતર્નાદ. સંયમજીવન લેવા માટેનો તલસાટ. સંસારની અસારતાનું ભાન. દુઃખમાં દીનતા નહિ, સુખમાં લીનતા નહિ. પોતાના દ્વારા સેવાઈ જતાં દોષો બદલ સતત રૂદન વગેરે સમ્યકૃત્વ સામાયિકના લક્ષણો છે. શ્રેણિક મહારાજા શ્રીકૃષ્ણ મહારાજા વગેરે સમ્યકૃત્વ સામાયિકના સ્વામી હતા.

(૨) શ્રુત સામાયિક : શ્રુત એટલે સમ્યગ્જ્ઞાન. વ્યાખ્યાનવાણી સાંભળવા બેસતી વખતે નિર્ણય કરાય કે જયાં સુધી વ્યાખ્યાન પૂરું નહિ થાય ત્યાં સુધી હું અહીંથી ઊઠીશ નહિ અથવા પોણો કલાક, ૧ કલાક વગેરે સમય સુધી હું વ્યાખ્યાન સાંભળીશ પણ ઊઠીશ નહિ; તો તેટલો સમય શ્રુતસામાયિકમાં રહ્યા ગણાય.

આટલો સ્વાધ્યાય કે આટલી ગાથા ગોખ્યા પછી જ હું અહીંથી ઊઠીશ એવા સંકલ્પપૂર્વક ભણવું, સ્વાધ્યાય કરવો તે પણ શ્રુત સામાયિક છે.

(૩) દેશવિરતિ સામાયિક : દેશ - થોડું, અમુક અંશે. વિરતિ = વિરામ. થોડા અંશે પાપોથી અટકવું, શ્રાવકના બાર વ્રત સ્વીકારવા, તે દેશવિરતિ સામાયિક, અથવા, ૪૮ મિનિટનું જે સામાયિક કરવામાં આવે છે, તે પણ દેશવિરતિ સામાયિક છે. તેમાં ૪૮ મિનિટ સુધી પાપવ્યાપારોનો ત્યાગ કરીને સમતાભાવમાં રહેવાનું છે.

(૪) સર્વવિરતિ સામાયિક : સર્વ = સર્વ પ્રકારે વિરતિ = વિરામ. બધા જ પાપોથી અટકવા રૂપ સામાયિક તે સર્વવિરતિ સામાયિક કહેવાય. સાધુ ભગવંતો જીંદગીભર જે સામાયિકની આરાધના કરે છે, તે સર્વવિરતિ સામાયિક છે. તેમાં તેઓ પરિષહો અને ઉપસર્ગોને સહન કરે છે. સંસારનો ત્યાગ કરે છે. પાંચ મહાવ્રતોનું પાલન કરે છે. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન કરવામાં તત્પર હોય છે. પાંચ પ્રકારના આચાર પાળવામાં ઉદ્યમી હોય છે. બ્રહ્મચર્યનું પાલન કરે છે.

આ ચાર પ્રકારના સામાયિકમાં સમ્યકત્વ સામાયિક અત્યંત મહત્ત્વનું છે. તે સામાયિક વિનાના બીજા સામાયિકોની કોઈ જ કિંમત નથી. તે સામાયિક હોય તો જ બીજા સામાયિકો સાર્થક બને છે. સમ્યકત્વ સામાયિકની સાથે બીજા જે જે સામાયિકની

સાધના થાય તે મોક્ષને વધુને વધુ નજીક લાવનારી બને છે. તેના વિના થતી અન્ય સામાયિકની આરાધના કાયક્લેશ કે અકામ નિર્જરાનું સાધન ન બને તો નવાઈ ! તેથી સૌ પ્રથમ સમ્યક્ત્વ સામાયિકને જીવનમાં લાવવાનો વિશેષ પ્રયત્ન કરવો જોઈએ.

આ ચારેય સામાયિક કોઈ એક જીવને એકી સાથે હોઈ શકે નહિ. કોઈ એક જીવને એકી સાથે વધુમાં વધુ ત્રણ સામાયિક હોઈ શકે છે. દેશવિરતિ સામાયિક અને સર્વવિરતિ સામાયિક; બંને સાથે હોઈ શકે નહિ. જે દેશથી પાપોથી અટક્યા હોય તે જ જીવ સર્વ પાપોથી અટક્યો શી રીતે કહેવાય ? તેથી કોઈ એક જીવને એકી સાથે વધારેમાં વધારે (૧) સમ્યક્ત્વ સામાયિક (૨) શ્રુત સામાયિક અને (૩) દેશવિરતિ સામાયિક, અથવા (૧) સમ્યક્ત્વ સામાયિક, (૨) શ્રુત સામાયિક અને (૩) સર્વવિરતિસામાયિક; એ રીતે ત્રણ પ્રકારના સામાયિક હોય.

આ ચાર પ્રકારના સામાયિકમાંથી આપણે અહીં દેશવિરતિ સામાયિકની વિચારણા કરવી છે.

મોક્ષ મેળવવા સર્વવિરતિ સામાયિક (સાધુ જીવન) જ સ્વીકારવું જોઇએ. પણ જ્યાં સુધી તે લઇ ન શકાય ત્યાં સુધી તે સાધુજીવન મેળવવાના તલસાટ સાથે શ્રાવકજીવન જીવવું જોઇએ. તેમાં દેશવિરતિ સામાયિક વારંવાર કરવું જોઇએ.

મન અને ઈન્દ્રિયો રૂપી ઘોડાઓ તો આ સંસારમાં બેલગામ થઈને દોડ્યા કરે છે. તેમને કંટ્રોલમાં લેવા માટે આ સામાયિક ૪૮ મિનિટનું દેશાવિરતિ છે. તે માટે આ સામાયિક ગમે તે સ્થળે ન કરાય. આત્માની શાંતિ જ્યાં આપોઆપ મળી જાય, સાંસારિક કોઈ અંતરાયો જ્યાં ન આવે, ટેન્શનો જે જગ્યાએ ન સતાવે તેવા સ્થળે જઈને સામાયિક કરવું જોઈએ. જ્યાં કોલાહલ ચાલતો હોય, સાંસારિક કાર્યો થતાં હોય, સાંસારિક વાતો ચાલતી હોય તેવા સ્થળે સામાયિક કરનારનું મન સ્વસ્થ શી રીતે રહી શકે ? બિલાડીને દૂધની તપેલી આપવી છે, અને કહેવું છે કે 'તારે દૂધ પીવાનું નહિ !' શું આ શક્ય છે ?

બને ત્યાં સુધી ઉપાશ્રયમાં જઈને ગુરુમહારાજની નિશ્રામાં જ સામાયિક કરવું જોઈએ. કદાચ ગુરુમહારાજની હાજરી ન હોય તો ય સામાયિક તો ઉપાશ્રયમાં જ કરવાનો આગ્રહ રાખવો જોઈએ. તેમ કરવાથી ઘણા લાભો થાય છે. મન પવિત્ર રહે છે. ઉપાશ્રયનું વાતાવરણ આરાધના - સાધના દ્વારા ચાર્જ થયેલું હોય છે. તે આરાધના - સાધનાથી પવિત્ર બનેલાં અણુ - પરમાણુઓનો આપણા આત્માને સ્પર્શ થતાં આપણી આરાધના જીવંત બનવા લાગે છે.

ઉપાશ્રયમાં સામાયિક કરવાથી ગુરુભગવંતોનો સત્સંગ થાય છે. જેનાથી નવા નવા વ્રત - નિયમોમાં આત્મા જોડાય છે. હૃદયપરિવર્તન થાય છે.

ઉપાશ્રયમાં સાંસારિક ડીસ્ટર્બન્સ નથી. તેથી ચિત્ત આરાધનામાં લીન બને છે.

ટેન્શનરહિત અવસ્થા પ્રાપ્ત થતાં માનસિક પ્રસન્નતા ઉભરાય છે.

સંઘના ઘણા લોકો ઉપાશ્રયમાં સામાયિક કરવાનું નક્કી કરે એટલે ઉપાશ્રયના દરવાજા ૨૪ કલાક ઉઘાડા રહે. કારણ કે સૌ પોતપોતાના અનુકૂળ સમયે સામાયિક કરવા આવતા હોય. પૂજા તો દિવસ દરમ્યાન જ કરાય. પણ સામાયિક તો ૨૪ કલાકમાં ગમે ત્યારે - દિવસે કે રાત્રે - પોતાની અનુકૂળતા મુજબ ગમે તેટલી વાર કરી શકાય છે. આમ દરવાજા ઉઘાડા રહેવાના કારણે ગમે ત્યારે વિહાર કરીને અચાનક સાધુ - સાધ્વીજી ભગવંત આવી જાય તો તેમને ઉપાશ્રય ખોલાવવાની કે ગોચરી - પાણીના ઘર શોધવાની તકલીફ પડતી નથી. સામાયિક કરનારને અનાયાસે ગુરુભક્તિનો લાભ મળે છે.

તે જ રીતે ક્યારેક અચાનક સાધુ - સાધ્વીજી બિમાર પડી જાય, ડોકટરની કે દવા વગેરેની જરૂર પડે તો તે વખતે કોને શોધવા જાય ? ઉપાશ્રયમાં જો સામાયિક કરનાર હાજર હોય તો તેને આવી કટોકટીના સમયે પુષ્કળ લાભ મળી જાય.

આવા આવા તો અનેક લાભો ઉપાશ્રયમાં સામાયિક કરવાથી મળે છે.તેથી દરેક ગામમાં આવી સામાયિક શાળા ઉભી કરવી જોઈએ. તેમાં સામાયિક ઉપાશ્રયમાં જ કરવાનો આગ્રહ હોવો જોઈએ. આખા દિવસમાં ગમે ત્યારે-ગમે તેટલા સામાયિક ઉપાશ્રયમાં કરવાના. તેની નોંધ કરવાની. સૌથી વધારે સામાયિક કરે તેમનું બહુમાન કરવાનું. અન્ય બધાને પ્રોત્સાહિત કરવાનાં. આ બધું વર્તમાન કાળે ઠેર ઠેર કરવાની જરૂર છે.

કદાચ ઉપાશ્રયે સામાયિક કરવાની અનુકૂળતા ન હોય તો ઘરમાં એક અલાયદા રૂમને સામાયિકખંડ બનાવવો જોઈએ. તે રૂમમાં માત્ર સામાયિક કે પ્રતિક્રમણ કરવાનું. સારા પુસ્તકો વાંચવાના. જાપ કરવાનો. પણ કોઈ સાંસારિક કાર્યો ત્યાં નહિ કરવાના. તેમ કરવાથી તે ખંડનું વાતાવરણ પવિત્ર બનશે. ત્યાં સામાયિક કરનારનું મન સામાયિકભાવમાં લીન બની શકશે. તેનું સામાયિક સફળ થશે.

શાસ્ત્રમાં તો કહ્યું છે કે, સામાયિકમાં જે ઘરના કામની ચિંતા કરે છે, આર્ત - રૌદ્રધ્યાનને વશીભૂત થાય છે, તેનું સામાયિક નિરર્થક = નકામુ બની જાય છે.

"સામાઈયં તુ કાઉં, ગિહિકજ્જં જો ય ચિંતએ સડ્ઢો,
અટ્ટવસટ્ટોવગઓ, નિરત્થયં તસ્સ સામાઈયં"

કોઈ નિંદા કરે કે પ્રશંસા કરે; કોઈ માન આપે કે અપમાન કરે, પોતાનો સ્વજન - સંબંધી હોય કે અજાણી વ્યક્તિ હોય; સામાયિકમાં બધામાં સમભાવી બનવાનું છે. શાન્ત - પ્રશાન્તભાવ કેળવવાનો છે.

નિંદપસંસાસુ સમો, સમો અ માણાવમાણકારીસુ ।
સમસયણ - પરયણ મણો, સામાઈય સંગઓ જીવો ॥

આવું સામાયિક અભ્યાસ કરવાથી આવે. આવું સામાયિક કરવાનું લક્ષ રાખીને,

તે રીતે વારંવાર સામાયિક કરવાનો પ્રયત્ન કરવામાં આવે તો ચોક્કસ શુદ્ધ સામાયિકની પ્રાપ્તિ થયા વિના ન રહે.

કોઈ એક વ્યક્તિ દરરોજ સોનાની એક લાખ ખાંડીનું દાન કરે અને કોઈ એક વ્યક્તિ માત્ર એક જ સામાયિક કરે તો તે દાન એક સામાયિકની તોલે આવી શકે નહિ. આવો વિશિષ્ટ પ્રભાવ સામાયિકનો છે.

"દિવસે દિવસે લક્ખં, દેઈ સુવન્નસ્સ ખંડિયં એગો ।
એગો પુણ સામાઈયં, કરેઈ ન પહુપ્પએ તસ્સ ॥"

શાસ્ત્રમાં કહ્યુ છે કે દ્રવ્યથી પણ એક સામાયિક કરવામાં આવે તો ૯૨, ૫૯, ૨૫, ૯૨૫ પલ્યોપમનું દેવલોકનું સુખ મળે તેવું શાતાવેદનીયકર્મ બંધાય છે. સામાયિકની પ્રત્યેક મિનિટે લગભગ પોણા બે પલ્યોપમ દેવલોકના સુખનો લાભ થાય છે પણ ભાવથી લાભ સામાયિક કરાય તો અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે.

આ દુનિયાની કોઈ વ્યક્તિની ચાર પેઢી પોતાના જીવનના ૨૦ થી ૮૦ વર્ષ સુધીના ૬૦ વર્ષ સુધી આ સંસારમાં પૈસા કમાવવા માટે રાત દિન જોયા વિના પોતાની તમામ બુદ્ધિનો ઉપયોગ કરીને કમાય તો કુલ કેટલા રૂપીયા કમાઈ શકે? અબજોના અબજોના અબજો રૂપિયા? તમે કહેશો કે ના મહારાજ સાહેબ ! આટલા બધા તો શી રીતે કમાય?

ચાર પેઢીના ૬૦-૬૦ વર્ષ મળીને ૨૪૦ વર્ષની ગદ્ધા મજૂરી કર્યા પછી પણ જેટલા રૂપિયા કમાઈ શકાતા નથી તેના કરતાં અનેક ગણા વધારે રૂપિયાના એકેક રત્ન જે મોજડીમાં છે,તેવી મોજડીવાળા દેવ તરીકેનું તેવા દેવલોકના લગભગ સાડા બાણું કરોડ પલ્યોપમનું સુખ એક જ સામાયિક કરવાથી મળતું હોય તો કયો ડાહ્યો માણસ રોજ સામાયિક કર્યા વિના રહે? વાણીયો તેને કહેવાય કે જે ઓછી મહેનતે વધારે પરિણામને ઈચ્છતો હોય. નોકરી, ધંધો વધારે મહેનતે ઓછો લાભં કરાવે છે. જ્યારે માત્ર ૪૮ મીનીટનું સામાયિક ઓછી મહેનતે વધારે લાભ કરાવે છે. હવે રોજ ઓછામાં ઓછું એક સામાયિક કરવાનો નિર્ણય કરી જ લેવો જોઈએ ને? સૌ કોઈ આવું દેશવિરતિ સામાયિક કરવા દ્વારા છેલ્લે સર્વવિરતિ સામાયિક રૂપ સાધુજીવન પામે તેવી શુભભાવના.

સમગ્ર પુસ્તકમાં ક્યાંય પણ વીતરાગ પરમાત્માની આજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છા મિ દુક્કડમ્.


સ્વાધ્યાય


સામાયિક


પ્રભુભક્તિ


માતાપિતાને
વંદન


ગુરુવંદન


સુપાત્રદાન


અભયદાન


અનુકંપાદાન


ભાવના